# યજન ભજન વિધિ

# યજનભજનવિધિ

રચનાર

ારમવિશેષ પરમગુરૂ

ગવાન કરૂણાસાગર

પ્રકાશક:

ામહંસ સુખાનંદજી

દરવાજે : સત્કૈવલ મંદિર

વડોદરા

કિંમત રૂા. ૧-૦-૦

આવૃત્તિ ૧ લી     પ્રત ૧૦૦૦
સંવત ૧૯૯૫     સને ૧૯૩૯



આ યજન ભજન વિધિ છપાવવાની પ્રવૃત્તિ વખતે ગામ કુંઢેલાનાં રહીશ બેન કાશી તરફથી રૂા. ૫૦૦) ની મદદ મળી છે તે બદલ હું તેમનો આભાર માનું છું.

---

પુસ્તક મળવાનું ઠેકાણું:
પરમહંસ સુખાનંદજી
ગોયા દરવાજે : સત્કૈવલ મંદિર—વડોદરા

---

મુદ્રક :
મણિલાલ કલ્યાણદાસ પટેલ
ધી સૂર્યપ્રકાશ પ્રિન્ટિંગ પ્રેસ,
પાનકોર નાકા : અમદાવાદ

ભગવાન કરૂણાસાગરની ઉપાસના કરવાથી જ જીવને પરમગતિ પ્રાપ્ત થાય છે એ લક્ષ ખ્યાલમાં રાખવા અને યજન ભજન વિધિ સમજાવવા આ મહાપુરૂષોના દાખલા ભગવાન કરૂણાસાગરે પોતે શ્રીમુખે આપેલા છે. તેની નોંધ નીચે પ્રમાણે મુકવામાં આવેલી છે જેથી દરેક પરમગુરૂના ઉપાસકે જોવાનું, વિચારવાનું, અને અનુભવ કરવાનો છે.

# પૂજ્ય અચરતબાનું પરમ તપ
## અને
# ભગવાન કરુણાસાગરનો સાક્ષાત્કાર

---

પૂજ્ય અચરતબાને ભગવાન કરુણાસાગર સાથે એવો એકતાર લાગેલો કે તેઓ કૈવલ્ય જ્ઞાનને જ પોતાનું પરમજ્ઞાન જાણતાં. એ કારણે જ તેમણે સંસાર વાસનાનો ત્યાગ કરેલો, ઘર-બારને તિલાંજલિ દઈ દીધેલી અને ઐહિક લોકો કહે છે તેમ ઘર બાળી તીરથ કરવા નીકળેલાં. તેમણે ચાલતી રૂઢિને અવગણી કાઢેલી. અને તન-મન-ધનથી પરમ પ્રભુ ભગવાન કરુણા-સાગરનું શરણ શોધેલું.



પરમદયાળુ ભગવાન કરૂણાસાગર અને પરમ-
જ્ઞાની અચરતબા.



અનવરતમાનું પરમતપ જોઈ સાક્ષાત પોતે દર્શન આપે છે

ભગવાન કરુણાસાગરનો આશ્રમ ગામથી દૂર હતો. ગામથી આશ્રમ તરફ જવાના રસ્તામાં બાવળોની ગીચ ઝાડી હતી, સૂર્યનો પ્રકાશ પણ તે ઘાડી ઝાડીમાં પ્રવેશ પામી શકતો નહિ. વળી ઊનાળાના દિવસોમાં રસ્તા પરની રેત પણ ખૂબ જ તપી જતી તેમજ ચોમાસામાં આખો રસ્તો જળજળાકાર થઈ રહેતો. આવી વિકટ પરિસ્થિતિમાં પણ અચરતબા કૃપાળુ ભગવાન કરુણા-સાગરના આશ્રમે નિત્ય જતાં. આવી આવી અનેક મુશ્કેલીઓનો સામનો કરીને પણ એ પ્રભુનો સત્સમાગમ પ્રાપ્ત કરવા તે ચૂકતાં નહિ. તેમના મનથી આ મુશ્કેલીઓ વિસાત વગરની હતી.

આ પ્રમાણેના અચરતબાના નિત્ય નિયમ અને સત્સંગના પ્રતાપે તેમની ગતિ–મતિ અને બુદ્ધિમાં જ્ઞાનનો ઉચ્ચ પ્રકાશ પથરાયો, અને પરિણામે તેમનામાં રહ્યું સહ્યું અજ્ઞાન પણ નાશ પામતાં પરમ કૈવલ્ય જ્ઞાન પ્રાપ્ત થયું; ઉચ્ચ કુળનું અભિમાન નષ્ટ થયું અને **જીવોઽસ્મિ, દેહોઽસ્મિ** એ ભાવના ભુંસાઈ ગઈ; આખરે પરિણામે **શિવોઽસ્મિ** ની શુષ્કતા અને જડતા સમજાતાં તેઓ સ્વરૂપ સ્થિતિને પામ્યાં.

દિનપ્રતિદિન પૂજ્ય અચરતબા આવી ઉચ્ચ સ્થિતિ પ્રાપ્ત કરતાં જતાં હતાં, અને સંસારવ્યવહારથી તેમજ બ્રાહ્મણ-પણાના મિથ્યાભિમાનથી વેગળાં જતાં

હતાં, તે, ગામના બ્રાહ્મણોથી સહન થઇ શકયું નહિ. એટલે તેમણે તેમના પર દુઃખ વરસાવવાની શરૂઆત કરી દીધી. તેમણે પૂજ્ય અચરતબાને અનેક રીતે સંતાપવા માંડયાં. ગાળોના વરસાદ વરસાવવા લાગ્યા, અને વિવિધ રીતે દુઃખ દેવા લાગ્યા. તેઓ તેમને ઘરની અંદર બંધ કરી, બારણે તાળાં વાસી એકાંતવાસ કરાવ્યો. આ ઉપરાંત જ્ઞાતિ એકઠી કરી તેમને જ્ઞાતિ બહાર કર્યાં, અને તેમના ઘરને ઘેરો ઘાલી બેઠા. આ બધામાં મુખ્ય કારણ તેમનો ભગવાન કરુણાસાગરનાં નિત્ય દર્શનનો નિયમ એજ મુખ્ય હતું.

આથી પૂજ્ય અચરતબા હતાશ

થયાં, નિરાશ અને નિરુપાય બન્યાં, પરંતુ મનની દૃઢતા આગળ આ બધાનું કંઈ જ ચાલ્યું નહિ. પૂજ્ય અચરતબાએ ભગવાન કરુણાસાગરને અંતરના ઊંડાણથી પોકાર્યા અને પરિણામે શું થયું ? ઘરને વાસેલાં તાળાં જેમનાં તેમજ રહ્યાં અને ભગવાને અંતરિક્ષરૂપે તેમને સાક્ષાત્કાર કરાવ્યો.

જ્યારે અચરતબાના આ સાક્ષાત્કારની વાત પેલા બ્રાહ્મણોએ જાણી ત્યારે તેમના હાથ હેઠા પડયા અને પશ્ચાત્તાપ કરવા લાગ્યા. આખરે ભગવાન કરુણાસાગરને પગે પડ્યા, પાઘડીઓ ઉતારી અને કહેવા લાગ્યા કે, આપની ભક્તિ જ સત્ય હોઈને સર્વોપરિ સાધનરૂપ છે; છતાં

છેલ્લો પાસો અજમાવતા કેટલાકો પૂજ્ય અચરતબાને કહેવા લાગ્યા:—

બ્રાહ્મણકુલ સબતે અધિકાઈ,
શો લજવો સંતનપે જાઈ;
ઋષિકુલના સંતસુ આદ્યલરાઈ,
સત્ દેખત પણ રોષ ન જાઈ.

અર્થાત્ અચરતબા ! આપણું બ્રાહ્મણ કુળ સર્વ વર્ણોમાં શ્રેષ્ઠ છે. તમે આ સંતની પાસે જઈને બ્રાહ્મણના કુળને શા માટે લજવો છો ? આપણા ઋષિ કુળના બ્રાહ્મણોને અને આ સંત વર્ગને તો અનાદિકાળથી વિરોધ છે.

એમની આવા પ્રકારની અનેક વિચક્ષણ વાતો સાંભળવા છતાં પૂજ્ય અચરતબા તો એમની ભક્તિમાં દૃઢ

રહ્યાં અને બ્રાહ્મણો વીલે મોઢે પાછા ફર્યા. આખરે તેઓ સૌ ભગવાન કરુણા સાગર સમક્ષ પોતાની હાર કબૂલ કરી ભગવાન પ્રત્યે વિનમ્રભાવે કહેવા લાગ્યાઃ

" હે ભગવાન કરુણાસાગર ! અમારી અજ્ઞાનતાને કારણે અમે અચરતબાને અનેક પ્રકારનાં દુઃખ દીધાં છે. અમે આપના પરમ ઐશ્વર્યને ઓળખી શકયા નહિ. હવે અમને સમજાયું કે આપ પરમેશ્વર હોઇને હંસ સ્વરૂપ છો, દેવાધિદેવ છો, ત્રિલોકના નાથ છો, અમોએ આપના અનેક ગુન્હા કર્યા છે તે માટે ક્ષમા કરો."

આ બ્રાહ્મણોની આવી વિનમ્ર વાણી છતાં, વળી એક ઠોઠ ડાહ્યો બ્રાહ્મણ

પૂજ્ય અચરતબાને કહેવા લાગ્યો: "બહેન! આ સત્ કૈવલ્ય સત્ય છે એમ આપણે જાણીએ છીએ, છતાં બ્રાહ્મણોની ઈજ્જત-આબરૂને ખાતર, તમો આપણા બ્રાહ્મણકુળને અનુરૂપ એવા ઋષિપ્રણીત ગ્રંથો વાંચો, વિચારો, અનુભવો અને તેમાંથી જ્ઞાન પ્રાપ્ત કરો. આ પ્રાકૃત મનુષ્યના ઉપદેશથી કશું નહિ વળે."

આના ઉત્તરમાં પૂ. અચરતબાએ સચોટ રીતે સમજાવ્યું કે, "તમારૂં જ્ઞાન કર્તવી છે, તે કર્તા પદે પહોંચાડનારૂં નથી. માટે હે પંડિત! પશુબુદ્ધિને પરહરી પાછા ફરો અને તમારા નિજઘરમાં આવીને જુઓ એટલે સમજાશે કે આવી શબ્દજાળમાં જગતના જીવો ફસાએલા છે અને એમને કર્તા

ભગવાન કૈવલ્યનું પદ વેદશાસ્ત્ર કે પુરાણોમાં નથી; કારણકે ચૈતન્ય અંશ આત્માનો બોધ અને તેની ગતિ સમજાવી, અને આત્મપદમાં સ્થિર થઈ કૈવલ્ય કર્તાને ઓળખવાનું જ્ઞાન વેદમાં નથી. કારણ કે વેદ તો "નેતિ, નેતિ" પોકારે છે. માટે હે પંડિત ! તમે પણ ભગવાન કરુણાસાગરનું શરણ ગ્રહણ કરો."

પૂજ્ય અચરતબાના જ્ઞાનનો આ ઉપદેશ :એ પંડિતના હૃદયમાં સોંસરો ઊતરી ગયો અને પરિણામે તેને સત્ કૈવલ્યનું પરમજ્ઞાન પ્રાપ્ત થયું.

## ભગવાન કરુણાસાગરને પરમહંસનો ભેટો થયો.

દીનદયાળુ કૃપાસાગર ભગવાન



ભગવાન એક સંન્યાસીને પરમહંસની દીક્ષા આપે છે.

ભારતવર્ષમાં સર્વ સ્થળે વિચરતા સર્વત્ર જ્ઞાનોપદેશ આપતા હતા. આ પર્યટન દરમિયાન તેમની પાસે એક પરમહંસ આવી ચઢયા. આ પરમહંસ ચૂસ્ત વેદાંતી હોઈને ધ્યાન–ધારણામાં પણ સ્થિતિચૂસ્ત હતા. વળી ત્યાગી હોઈને પરબ્રહ્મનાં પરમતત્ત્વોમાં મગ્ન રહેતા હતા. આ પ્રમાણે રહેતા છતાં તેમના અંતરમાં એક ઉંડી શંકા હતી. તે શંકાનું સમાધાન તેઓ પોતે વા અન્ય કોઇ પણ કરી શકેલું નહિ. તે શંકા આ પ્રમાણે હતીઃ—

**ब्रह्म सत्यं, जगन्मिथ्या** એ ભ્રાન્તિ પંચભૌતિક ઘાટના યોગે છે કે સ્વરૂપને છે? જો સ્વરૂપમાં હું આ ઘટના ઘટાવું

તો સ્વરૂપ દોષિત દેખાય; અથવા ઘાટના યોગે છે એમ માનું તો ચૈતન્ય સિવાયનો ઘાટ કાંઇ કરી શકતો નથી. આ દેહ ઘાટે કરીને ક્રિયાવાળો દેખાય છે; પણ ચૈતન્યના અભાવ વખતે તે ક્રિયા દેખાતી નથી. અગર એમ માની લઉં કે ચૈતન્યયુક્ત ઘાટમાં ભ્રાન્તિ થઈ. આ ભ્રાન્તિ થવાનું કારણ અજ્ઞાન છે. આ અજ્ઞાન ચૈતન્ય વસ્તુથી પર નથી. તો પછી મને વા ચૈતન્યને એમ વિભાગ જુદા પાડું તો અજ્ઞાન કોને થયું લેખાય! દેહયુક્ત ચૈતન્ય કે ચૈતન્યયુક્ત દેહ અજ્ઞાની છે? આ વિષે ખાસ ચોકસાઇ-વાળો ખુલાસો પોતાથી ન મેળવી શકાયો. જો કે એના ખુલાસા કરનાર તેમને ઘણા મળેલા; પણ જેમ જેમ



રામદાસને ભગવાન પરમમોક્ષ આપે છે.

ખુલાસા આપનાર મળતા, તેમ તેમ તેમની શંકામાં વધુને વધુ ઉમેરો થતો જતો; કારણકે દરેકના જવાબો ભિન્ન ભિન્ન મળતા. એટલે સંતોષકારક સમાધાનના અભાવે આ પરમહંસ મહારાજ જે તે સ્થળે શંકાશીલ વર્તતા. તેવામાં તેમને ભગવાન કરુણાસાગરનો ભેટો થયો. તેમને તેમણે પ્રથમ ઉપરની શંકા જણાવી અને એ પ્રશ્નોના ભગવાન કરુણાસાગર પાસેથી એવાં સમાધાનો મેળવ્યાં કે તેઓની સર્વ શંકાઓ નિર્મૂળ થઇ ગઈ અને પરમજ્ઞાન પ્રાપ્ત થતાં અત્યંત સંતોષ પામ્યા.

## ભગવાન કરુણાસાગરનો રામદાસને ઉપદેશ.

ભગવાન કરુણાસાગર પંચમ

સ્વસંવેદનો ઉપદેશ કરતા જગતની ભિન્નભિન્ન ભૂમિ પર પર્યટન કરતા હતા. તે દરમિયાન અનેક સંત–સાધુઓ તેમના શરણે આવતા, સત્સંગ પ્રાપ્ત કરતા અને પરમ મોક્ષમાર્ગના જ્ઞાનની યાચના કરતા. તેઓ સઘળા ભગવાન કરુણાસાગરને અજોડ દિવ્ય પુરુષરૂપ જાણી તેમનું વંદન કરતા; પરમ કૃપાળુ ભગવાન કરુણાસાગરની વિશાળ ખ્યાતિ તેઓ જ્યાં જ્યાં જતા ત્યાં ત્યાં તેમની પાછળ ને પાછળ ફરતી. તેમના સમાગમમાં અનેક સંત–સાધુઓ આવતા છતાં પરમપદના સાચા અધિકારી અને પરમજિજ્ઞાસુ એવા તો કોઈ કોઈજ મળતા.

કેટલીક વાર તેઓ વિચારતા કે, મારી આસપાસ આટલી મોટી વિશાળ માનવમેદની ભેગી મળે છે. છતાં તેમાં સાચો જિજ્ઞાસુ તો કોઈકજ પ્રાપ્ત થાય છે. આ લોકો જે તે પુરુષની પાછળ દોરવાય છે, પણ ખરા આંતરિક ભૂખ જાગેલા તો કોઈકજ આવે છે. આમ તેઓ આવા વિચારમગ્ન બેઠા હતા. ત્યાં તેમને જાણે કંઈ યાદ આવ્યું હોય તેમ બોલી ઉઠ્યા કે,

જેહિ મતલબ આયે હમ ભવમેં,
પતિ પરમ પઠવાયે;
તેહી મતલબકે લહન સંત જે,
સો હમસે રત લાયે.

અર્થાત્ મારા પરમ પતિએ જે

કારણે મને આ જગતમાં મોકલ્યો છે તેને તો માત્ર સંતપુરુષોજ જાણી શકે છે. જો આવા સંત આ મહાન અર્થને જાણવાની ઈચ્છા રાખતા હોય તો તેમણે સારા સ્વરૂપમાં તલ્લીન થઈ જવું જોઇએ.

આમ વિચાર કરતા હતા તેટલામાં-

સંત એક રમતા રતિવંતુ,
આઈ ચઢે અનુચિતહી;
રામદાસ જિનુ નામ સગુન ઘન,
સાચે સુખન સુમિતહી.

અર્થાત્ સકર્તા સર્જનહારની પ્રાપ્તિ અર્થે પરમ વૈરાગ્યના વિરહમાં જેનું અંતઃકરણ અતિ તાલાવેલીવાળું થઇ ગયું હતું તેવા એક રામદાસ નામના

મહાપુરુષ અચાનક અણચિંતવ્યા મારી પાસે આવી ચઢયા. મેં તેમને ઉચ્ચ જિજ્ઞાસુ કોટિના જોયા. વળી–

નિજકે સંતશિરોમણિ તેહી સમ,
પાગે પ્રીત પરમહી;
મેરે અગમ અલોકિત અનુભવ,
સુણતાં ભયે આરામહી.

અર્થાત્ મારી પાસે જે સંત રહેતા હતા તેમાં સંત–દશાના જે જે શિરોમણિ સંત હતા તેવા આ રામદાસ હોઈ મારા અગમ્ય અને અલૌકિક અનુભવ સાંભળતાની સાથેજ તેમનાં અંતઃકરણ સ્થિરતાને પામ્યાં.

પીછે કરી તવ ખોજ ગ્રંથકી,
રમલીત રલિત સકલમેં;

પાયે મરમ પુરાતન પતકે,
સમઝે કલિત વિકલમેં.

જ્યારે અંતઃકરણમાં સ્થિરતા આવી ત્યારે તે મહાપુરુષે ગ્રંથોની ખોજ કરવા પાને પાન અને લીટીએ લીટી તપાસી આ ગ્રંથની અલૌકિક ધારા અને તેમાં રહેલી પરમ જાણ વિષે આ સંત ખૂબ ખુશ થયા; અને તેમને એ વિષેનું વધુ ને વધુ જ્ઞાન થતું ગયું, તેમ તેમ તેમનો આંતરિક પરમ આનંદ ખૂબ જ વધતો ગયો અને ગ્રંથમાં તલ્લીન રહેવા લાગ્યા.

પછી સર્વ લોકના અંતે જે પુરાણ પરમ પતિ છે તેમને શોધી પ્રાપ્ત કરવામાં તથા નિજ ગતિની કળ-કૂંચીઓ

( યુક્તિ-પ્રયુક્તિઓ ) સમજીને પરમ પતિનો ખરો મર્મ પ્રાપ્ત કર્યો.

એ પહેલાં તેમણે પોતાના જીવન પર્યંટન દરમિયાન અનેક ગ્રંથો, અનેક મહાપુરુષો અને અનેક મતપંથના વિવિધ મતમતાંતરો ખૂબ જોયેલાં. આ બધું જોવા જાણવા છતાં તેમના અંતરને સંતોષ થયેલો નહિ. આ કારણને લીધે જ્યારે તેમને સાચું મિલન પ્રાપ્ત થયું ત્યારે તેમના અંતઃકરણમાં પરમ સુખની પ્રાપ્તિ થઈ. ખરૂં છે કે, જે પુરુષ જે ઇચ્છે છે તેને તે પ્રાપ્ત ન થાય ત્યાં સુધી તેના અંતઃકરણને સંતોષ પ્રાપ્ત થતો નથી. આ ન્યાયે આ રામદાસ નામના મહાપુરુષ વૈરાગ્ય

વિરહના અગ્નિમાં તપતા તપતા અને પરમ પતિની ખોજ કરતા કરતા જ્યારે મને મળ્યા ત્યારે તેમનું અંતઃકરણ પરમ દૈવી સંપત્તિવાળું જ્ઞાન મેળવવાથી પીગળી ગયું. અને આ પ્રમાણે વૈરાગ્ય રૂપી સાંજના આભૂષણુથી સજજ થયેલો જો કોઇ ભગવજ્જન આ જગતમાં હશે તેજ પુરુષને મારાં વચન યોગ્ય છે. વળી વહીતળ વા વિતંડાવાદીને આ સુખની પ્રાપ્તિ થશે નહિ. આ મહા-પુરુષનાં બાહ્ય તેમજ આભ્યંતર બન્ને ચિન્હો આંતરિક દૃષ્ટિએ તપાસી જોતાં મને શ્રેષ્ઠ જણાયાં. હેતુ તેમજ પ્રીતિ મુક્ત તેમનું ચિત્ત એક માત્ર મારામાંજ પરોવાયેલું હોઇ તેઓ પળ માત્ર પણ

મને વિસરતા નહિ. આ પ્રકારે એમનો અધિકાર જોઈ મેં પણ તેમને મારા ઉરમાં ધારણ કર્યા. પછી મારા અમર મંત્રનો પરમ નાદ તેમના કર્ણદ્વારા તેમને સમજાવવા યોગ્ય તે ઉપદેશ આપ્યો. પરિણામે તેમનાં સર્વ કાર્યો સિદ્ધ થયાં.

આ સંત-તે રમતા રામ-મારા આશ્રમમાં આવીને બીજા સંતો સાથે મારા શરણપૂર્વક હળીમળીને રહેતા હતા. તેમનું અંતઃકરણ જગતનાં વૈભવશાળી તત્ત્વો જોવા છતાં જરા પણ ચલાયમાન થયું નથી. તેઓ તો હમેશાં એમજ માનતા કે, હું અશરણના શરણરૂપ, એકમાત્ર આધારરૂપ, પરમ

ગુરુ ભગવાન કરુણાસાગર સિવાય અન્ય કોઇ નથી. વળી ભગવાન કહે છે કેઃ—

બહોરૂ સંત સમોરૂ સંત રખી સજમુખ
કહી કરુણાય કરીનકે;
તુમ હમ જોગ મિલન એહી અવસર,
પુનિ ન પાય ફરીનકે.

ઉપર પ્રમાણે સમજાવતાં મારા સંતસમૂહસહ નામદાસને ઉદ્દેશી કરુણા કરી કહું છું કે, તમારા અને મારા આ મિલનનો ઉત્તમ અવસર ફરી ફરીને મળશે નહિ એમ કહી ખૂબ રીતે સર્વ સંતસમૂહને સમજૂત આપી. એથી તેમનો વૈરાગ્યરૂપ વિરહાગ્નિ વધુને વધુ જાગ્રત થતો ગયો. જેમ જેમ એ વિરહાગ્નિ વધુ વધતો ગયો, તેમ તેમ

મારા આ સંતજનો યજન-ભજન વિધિ વિષે પુષ્કળ પાઠ કરવા ઉપરાંત તેઓ ઉપાસના યુક્ત વિચારોમાં મગ્ન રહેતા હતા. તેમણે પોતાના જીવનના અંત પર્યંત હાથમાંથી પુસ્તક હેઠે મૂક્યાં નથી. વાંચતા પણ ખૂબ અને વિચારતા પણ એટલુંજ. આ વાંચવું અને વિચારવું એજ પરમ તપ છે, એમ તેઓ સમજવા લાગ્યા. અને મારો આદેશ પણ એજ છે.

સાચે જ, કહ્યું છે કે, જ્યાંસુધી આવું જ્ઞાન ન થાય ત્યાંસુધી દેહતત્ત્વો તથા ઇન્દ્રિયોમાં રહેલું અજ્ઞાન કદી પણ હાંકી કાઢી શકાશે નહિ. જો અંતઃકરણનું અજ્ઞાન દૂર કરવું હોય તો તેમણે વારંવાર ગ્રંથો વાંચવા. હે અંશો!

ગ્રંથોના વાચનથી, વિચારવાથી, તેમજ મનનપૂર્વક નિત્ય પ્રતિ અભ્યાસ કરવાથી જેમ રામદાસ પરમ ગતિને પામ્યા તેમ તેમના જેવીજ ગતિ પ્રાપ્ત થશે, એવું મારૂં વચન છે.

## વેદવાદી પંડિતોનો વિતંડવાદ

ભગવાન કરુણાસાગરે જોયું કે, જગતના જીવો માત્ર વેદમાર્ગ સુધી જઈ ને જ અટકી ગયા છે અને જરા પણ આગળ વધેલા નથી ત્યારે આ અવનીપરનાં માનવીઓ પર દયા કરનાર પ્રભુ કરુણાસાગરે અતિ દયાપૂર્વક સૌ જીવોનું કલ્યાણ કરવાની ઈચ્છાથી સત્ય અને પરમ માર્ગદર્શક એવા પંચમ સ્વસંવેદનું જ્ઞાન પ્રતિપાદન કર્યું. તથા



ભગવાન અનેક પંડિતોમાં આત્મવેદ દૃઢ કરાવે છે.

અનેક જિજ્ઞાસુ મહાપુરુષો તેમજ ભગવજ્જનોને તે જ્ઞાન સમજાવવા લાગ્યા. તેમના આ પુણ્યશાળી કાર્યથી એમની કીર્તિ ચારે દિશાએ પ્રસરી ગઈ. જ્યાં ને ત્યાં તેમનાં યશોગાન ગવાવા લાગ્યાં.

તેમનું આ જ્ઞાન સૂર્યપ્રકાશની માફક સૌ કોઇને માર્ગદર્શક થઈ પડયું. એમાં તેમણે જણાવ્યું કે "આ પંચમ વેદનો જ્ઞાનમાર્ગ કર્મકાંડનાં બંધનોથી મુક્ત હોઇને પરમપદ પ્રાપ્ત કરાવનાર છે.

આવા આશારહિત નિહંગ, અદ્વૈત, એકેશ્વરવાદનું ખૂબ સચોટ રીતે પ્રતિપાદન થતું જોઈને વાકચતુર પુરુષો–જેવાકે–પંડિતોને–આ વાત રુચી નહિ. કારણ કે તેમને તો તેમનો પોતાનો

આશાવાદ નાશ પામતો હતો અને પરિણામે આર્થિક જીવિકામાં અડચણ આવે તેવી પરિસ્થિતિ ઉભી થતી હતી. આથી તેમણે વિચાર્યું કે "જો આ જ્ઞાન સંપ્રદાયનો પ્રચાર વધુ થશે તો કર્મક્રિયા વગેરે દ્વારા આપણને જે કંઈ પ્રાપ્ત થાય છે તે બંધ થઈ જશે." આવા આવા અનેક વિચારોનાં એ પોથાં પંડિતોના મસ્તકને ભમાવવા લાગ્યાં.

ત્યાર પછી તો તેમણે એવો વિરોધ આદર્યો કે ગામેગામ આ વિષે વિરોધ સભાઓ અને ચર્ચાઓ થવા લાગી. વળી ભગવાન કરુણાસાગર ઉપર અનેક જાતના આક્ષેપો મૂકવા લાગ્યા. અને ભિન્ન ભિન્ન પ્રકારે તેમના માર્ગમાં

મુશ્કેલીઓ ઉભી કરવા લાગ્યા. છતાં આવા કોઈ કારણથી ભગવાન કરુણા-સાગર સહેજ પણ ચલિત થયા નહિ. તેઓ તો દૃઢનિશ્ચયી હતા. એટલે જગતનાં લાભાલાભ કે માનાપમાન વિષે સહેજ પણ દરકાર ન કરતાં, એક સકર્તા સત્કૈવલ્યની દૃઢતાપૂર્વક સ્થાપના કરવા વિષે લાગ્યા જ રહ્યા. તેમના આવા અડગ ધૈર્યથી પેલા પંડિતોનો દ્વેષાગ્નિ દિનપ્રતિદિન વધુ ને વધુ સતેજ થતો ગયો. અને પરિણામે અનેક પ્રકારના અંતરાયો ઊભા કરવા લાગ્યા.

આખરે, દૂર દૂર મુલકના પંડિતોએ આવીને પણ ભગવાન કરુણાસાગરને હેરાન કરવા માંડયા. છેલ્લે તેમના

અંતરમાં તેઓને સમજાયું કે, આ તો કોઈ મહાન અલૌકિક વિભૂતિ છે. તેમની વિરુદ્ધ વર્તવાની આપણી ગુંજાશ નથી. તેમની વિરુદ્ધ આપણે કંઈજ કરવું ન જોઈએ. અને આ પ્રમાણે તેમનાં અંતઃકરણમાં પરિવર્તન થયું.

આ રીતે જે જે પંડિતોનાં ચિત્ત પરિવર્તન થયાં તે તે પંડિતો આ ચિત્રમાં દેખાતી સભામાં ઉપસ્થિત છે. તેઓ પ્રેમ અને નિષ્ઠાપૂર્વક પરમ દયાળુ પરમ ગુરુને પ્રશ્ન કરે છે અને કહે છે કે જગતનો દ્રષ્ટા એકજ છે તો પછી સુખ–દુઃખ ઉપસ્થિત થવાનું કારણ શું ? આ પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર આપી ભગવાન કરુણાસાગર પંડિતોની શંકાનું

સમાધાન કરે છે. કૃપાળુ પ્રભુએ તેમને કહ્યું કે " જગતનો દ્રષ્ટા એક નથી, પણ બે છે. એમાંનો એક દ્રષ્ટા અલ્પજ્ઞ હોઈ જગતમાત્રના દરેકે દરેક પંચદેહનો સાક્ષી છે; જ્યારે સર્વજ્ઞ સકર્તા સકૈવલ્ય હોઈ ચૌદ લોકના સઘળા અંશોના દ્રષ્ટા છે. આ દ્રષ્ટા સમસ્ત લોકની ઉપાધિથી મુક્ત અને અલગ હોઈ જેણે આ સમસ્ત જગત રચ્યું છે તેમનાથી રચાયેલા જગતમાં આવેલા ભૌતિક દેહમાં જે દ્રષ્ટાનું પ્રતિપાદન કરવામાં આવે છે તે દ્રષ્ટાનું નામ અંશ છે. આ અંશને જન્મ મરણનાં પાપ-પુણ્ય, સુખદુઃખનાં દ્વંદ્વનું આચ્છાદન લાગે છે. એથી તે ઘાટવશ હોઈ આ ઘાટથી અલગ થઈ શકતો નથી. આ આચ્છાદનરૂપ પડદો

હઠાવી શકે એવો કોઈ સમર્થ ગુરુ નથી; જ્યારે ચતુર્વેદે એકજ દ્રષ્ટાનું પ્રતિપાદન કર્યું. અને સ્વસંવેદે બે પ્રકારના દ્રષ્ટા વર્ણવ્યા છે; તેમાં એક સર્વજ્ઞ અને એક અલ્પજ્ઞ. અલ્પજ્ઞ દ્રષ્ટા દેહનો હોઇ સર્વજ્ઞ દ્રષ્ટા સર્વ અંશોના છે. આ ભેદને લીધે સઘળા સિદ્ધાંત બદલાઇ ગયા છે, બે દ્રષ્ટાનું પ્રતિપાદન એ આશ્ચર્યકારક છે; કારણ કે આ વિષે કોઈની શાખ મળે તેમ નથી. જ્યારે શિષ્યને વા શ્રોતાને સ્વસંવેદનું જ્ઞાન થાય અને તે તેનો અભ્યાસ કરે ત્યારે જ તે સમજી શકે.

કર્મ માત્રથી વાસના બળવાન થાય છે, વળી યોગથી પણ વાસના બળવાન

થાય છે, જ્યારે જ્ઞાન ઉપાસનાથી વાસનાનો ત્યાગ થાય છે, એ ઉપાસના કઈ અને ત્યાગ કેવી રીતે થાય ? એ વિષે આ ગ્રંથમાં પુષ્કળ ખુલાસા કરેલા છે.

મનુષ્યમાત્રનું લક્ષ્યબિન્દુ કોઇ કર્મ કરવાથી વા કોઇ યોગ કરવાથી સ્થિર થતું નથી; પણ વક્તાના કથન ઉપર ધ્યાન આપનાર વા તેમના મુખેથી સ્રવતા શબ્દોનું આલોચન કરતાં મનની જે સ્થિરતા થાય છે. તેવી સ્થિરતા જપ, તપ કે સાધન કરનારની થતી નથી. "હું દેહમાં છું કે દેહની બહાર છું" એ નહિ સમજનારાઓ મુખ-જિહ્વાના યોગ વડે કાલ્પનિક ફાંફાં મારે છે. મનુષ્યને કયા સંયોગે અને

ક્યારે જ્ઞાન થાય એ આ પ્રમાણે કરનાર સમજી શકતો નથી.

દેહનાં તત્ત્વોના સ્વામી થવું એ અતિ મુશ્કેલ વાત છે; કારણ કે દરેક જ્ઞાન સ્થળ દેહમાં થાય છે, સૂક્ષ્મ દેહમાં થતું નથી. અંશ ને સ્થૂળ દેહ સ્વતંત્ર છે, જ્યારે બીજા બધા દેહો પરતંત્ર છે. તેથી તે દેહનું જ્ઞાન અંશને થતું નથી. પણ ઊલટો તે દેહમાં જાય તો ગુંચવાય છે. દાખલા તરીકે સ્વપ્ના-દિની અવસ્થામાં વાઘ, નહાર કે ચોર જોઇને મનુષ્ય ભયભીત થઈ ગભરાઈ ઊઠે છે. જ્યારે જાગ્રત અવસ્થામાં જોતાં તે હેરાન થતો વા ગભરાતો નથી. કારણ કે તેને બીજી સહાય તરત મળી આવે છે. અથવા પોતાનો

બચાવ શોધી શકે છે, તેમજ તેને તે વિષેનું સાચુ જ્ઞાન હોય છે તેવું જ્ઞાન વા તેવી જાણુ બીજા કોઇ દેહમાં નથી. અર્થાત્ સૂક્ષ્મકારણાદિ દેહોથી સ્થૂલદેહ અને જાગ્રત અવસ્થા શ્રેષ્ઠ છે. આ જાગ્રત અવસ્થા ચૂકનાર પોતાની પરમ જાણુને ગુમાવે છે. આ જાણુ વડે જે જ્ઞાન થાય છે અને તેનો લાભ તેને મળે છે તેવો અને તેટલોજ લાભ બીજી અવસ્થામાં મળતો નથી. આ જાગ્રત અવસ્થા જેટલા પ્રમાણુમાં સાવધ અને સુસજ્જિત હોય છે તેટલાજ પ્રમાણુમાં તેઓ પરમજ્ઞાન પ્રાપ્ત કરી શકે છે, જ્યારે કર્મ કરનારાઓ, જપ જપનારાઓ, તપ તપનારાઓ

તેમજ ધ્યાન ધારણા આદિ સાધન સાધનારાઓ આ જાણને ગુમાવે છે. અને ભળતીજ અવસ્થાને તાબે થઈ ગમે તે અવસ્થામાં સુષુપ્તિઅવસ્થા-વત્ થઈ જાય છે આ સુષુપ્તિઅવસ્થાને ચતુરવેદવાળાઓએ શ્રેષ્ઠ ગણી છે. પણ ખરી રીતે સુષુપ્તિઅવસ્થા શ્રેષ્ઠ ન હોતાં સર્વ જાણને ગુમાવનારી છે આ જડ-વત્ સુષુપ્તિઅવસ્થા બહેર-શૂન્યની માફક અચેત હોઈ બીજી સર્વ અવસ્થાને તેનો પટ લાગી જાય છે. એથી કરી જ્ઞાનની, જાણની વા ભાગ-ત્યાગ આદિ લક્ષણાની કોઇ સ્મૃતિ રહેતી નથી. જેમ ઑપરેશન કરતા પહેલાં ડૉકટરો દરદીને કલોરોફોર્મ સુંઘાડી બેભાન બનાવતાં દરદીને કશાની જાણ હોતી નથી.

માટે આ અવસ્થાથી સાવધ રહેવું. આ વિષે પરમ ગુરુએ પોતે રચેલા ગ્રંથોમાં પુષ્કળ વ્યાખ્યા કહેલી છે. આ પદ પામવાની ઈચ્છાવાળા જિજ્ઞાસુએ એ ગ્રંથો જોવા ચૂકવું નહિ. જો કે, ગ્રંથમાં ખૂબ ખુલાસા છે એટલે અહીં વિસ્તાર પૂર્વક લખ્યું નથી. પણ હું ભારપૂર્વક કહું છું કે મારા પરમ આશયને સમજવા માટે તેમણે સ્વસંવેદની આદ્ય લેઈ દરેક ગ્રંથ જોવા. એ ગ્રંથો એજ મારા સકર્તા સ્વામીનો સંદેશો છે.

# વૈરાગ્યવિરહથી પીડાતા સાધુ પ્રેમદાસને ભગવાન કરુણા-સાગરનો મેળાપ

ગુજરાતના ભાલેજ નામના ગામમાં પ્રેમ-દાસ નામે એક મહાપુરુષ થઈ ગયા. તેઓ પોતે વિદ્વાન હતા, કંઇક યોગસમાધિ પણ જાણતા, તેમ જ ધ્યાન–ધારણામાં અતિ સ્થિર, ગંભીર હૃદયવાળા અને વિશાળ બુદ્ધિશાળી એવા આ મહાપુરુષ સંતસમૂહમાં રહીને સદા સત્સંગમય રહેતા હતા

આ પ્રેમદાસના ગુરુ પ્રીતમદાસ હતા. તેઓ ગુર્જરાદિ દેશવિદેશોમાં વિખ્યાત હતા. તેઓ જ્ઞાન–ધ્યાનના પણ સારા જ્ઞાતા હતા. તેમની ગતિ સગુણ અને નિર્ગુણ સાથે ઓત-પ્રોત હોઈ દીર્ઘ દૃષ્ટિવાળા અને રજે રજ વસ્તુના પૂરા અનુભવી હતા. એજ પ્રેમદાસના



ભાલેજના મહારાજ પ્રેમદાસજી પોતાના શિષ્ય સહ
ભગવાન પાસે સતસંગ કરે છે

ગુરુ પ્રીતમદાસ જેઓની કીર્તિપતાકા સમસ્ત દેશ પર પ્રસરી હતી તેમના પર પ્રેમદાસનો પૂર્ણ વિશ્વાસ હતો. આવા અનુભવી પુરુષની સેવા કરતાં પ્રેમદાસનામાં પણ તેમના જેવી બુદ્ધિશક્તિ ઉત્પન્ન થઈ. આવા ઉત્તમ પ્રકારે જ્ઞાનથી સુસજ્જિત, અનુભવી, રોમરોમ અને રગેરગ–નખશિખપર્યંત સર્વાંગે સાધુ પ્રેમદાસ, ગુરુસમક્ષ અધિકારપૂર્વક ગુરુપરાયણ રહેતા હતા.

ભાલેજપુરમાં તેમનો આશ્રમ હતો. આ આશ્રમમાં ચારે સંપ્રદાયના મહાપુરુષો આવતા, અને તેમની તેઓ સેવા કરતા. આમ એ સંતજનોની સેવાશુશ્રૂષા અને સત્સંગમાં તેમ જ નિત્યાનિત્ય વિચારમાં દિવસો નિર્ગમન કરતા. જોકે તેઓ યોગી પણ હતા, છતાં જ્ઞાન ને ગુરુઉપાસનાને અગ્રસ્થાન આપતા. આમ પોતાની સઘળી જિંદગી વીતાવતાં એક દિવસ તેમને પોતાને ભાસ થયો કે હવે મારૂં આ શરીર ચાર માસ અને પંદર દિવસ રહે-

વાનું છે. આથી તેમના અંતઃકરણમાં ખૂબ ચિંતા થવા લાગી, વૈરાગ્યરૂપી વિરહાગ્નિ પ્રજ્વલિત થયો અને પ્રભુપદની પ્રાપ્તિ પાછળ તેમના અંતઃકરણને ખૂબ તાલાવેલી લાગી. ક્યારે અને કઈ પળે હું મારા સર્જનહારને મળું એવો પ્રબળ વૈરાગ્ય તેમનામાં પ્રકટ્યો, પણ આ કઠણ સંજોગોનો ઉકેલ થાય તેવું કોઈ સાધન તેમને પ્રાપ્ત થયું નહોતું. આથી તેમના અંતઃકરણમાં જબરૂં મંથન જાગ્યું. પણ કરે શું ? આખરે આ બધી અકળામણ પોતાના જ્ઞાન વડે શમાવી દઈ સમાધિપૂર્વક વ્યાપક દૃષ્ટિએ સમસ્ત જગત પર નજર ફેરવીને જોયું તો, સારસા નામક ગામમાં ભગવાન કરુણાસાગરનું તેમને સાક્ષાત્ દર્શન થયું. પછી સમાધિ ઉતારીને સ્વસ્થ થઈ પોતાના સઘળા શિષ્યમંડળને એકત્ર કર્યું. તેઓ સમક્ષ તેમણે નિવેદન કર્યું કેઃ—

આ અવનિ પર આ શરીર હવે ચાર માસ અને પંદર દિવસ રહેવાનું છે. એટલા ટૂંક સમય દરમિયાન ઉચ્ચાતિઉચ્ચ એવા કોઈ મહાપુરુષનો સત્સંગ સેવવો જોઈએ. એવા ઉચ્ચ અને શ્રેષ્ઠ મહાપુરુષ મારી સમાધિ દશામાં મેં જોયા. આપણે તે મહાન વિભૂતિ પાસે જઈએ અને તેમનો સત્સંગ સેવીએ. આ અવશેષ રહેલી જિંદગી માત્ર સત્સંગમાં ગુજારી તેમની પાસે પરમ દાનની માગણી કરીશું.

આ પ્રમાણે પોતાના શિષ્ય મંડળને સમજાવી ત્યાંથી તેઓ ચાલી નીકળ્યા.

આ પ્રેમદાસ પોતાના શિષ્યોને લઈને એવે સ્થળે ગયા કે જ્યાં ભગવાન કરુણાસાગર વિરાજમાન હતા. આ પ્રમાણે ભગવાન પાસે જતાં, પ્રેમદાસને પોતાના સમાધિ સમયમાં જે સ્વરૂપ દેખાયું હતું તે જ અહીં વિરાજમાન જોયું. આથી તેમના અંતરમાં જાણે હર્ષનો

મહાસાગર ઊભરાયો, ઉત્સાહનો પાર ન રહ્યો. તેઓ તો ભગવાનને જોતાં જ વેગપૂર્વક દોડી ગયા, અને તેમનાં શ્રી ચરણોમાં મસ્તક ઝુકાવી પોતાની સર્વ હકીકત નિવેદન કરી. તેમણે જણાવ્યું:

"પ્રભો! હું જન્મ મરણથી કંટાળેલો એવો એક અલ્પ દુઃખી માણસ આપના શરણે આવ્યો છું. ગુરુદેવ! મારું પરમ કલ્યાણ આપના આશ્રય અને શરણ સિવાય અન્ય નથી, એમ ખાત્રી થવાથી અહીં આવી આપની સેવામાં હાજર થયો છું."

આ પ્રમાણે સાધુ પ્રેમદાસે ગદ્ગદ કંઠે ભગવાનની સ્તુતિ કરી; અને પ્રભુ કરુણાસાગરે તેના પર કૃપાવંત થઈ તેને ધીરજ આપી. પછી તો પ્રેમદાસે પોતાના મનની અનેક ગૂંચો ભગવાન કરુણાસાગર સમક્ષ રજૂ કરી અને ભગવાને તે સર્વના સ્પષ્ટ ખુલાસા આપ્યા કે

સાધુ પ્રેમદાસના અંતરની સર્વ ગ્રંથિઓ કપાઈ ગઈ; અને અંતર આ પૂર્ણ પ્રકાશથી પરમોજ્જવલ બની ગયું. અને ભગવાનનાં સર્વ વચનોનું વારંવાર આલોચન કરવા લાગ્યા.

ભગવાન કરુણાસાગર સ્વમુખે કહે છે કે

પોતાના સાત શિષ્યો સહિત સાધુ પ્રેમદાસ મારી સમક્ષ આવ્યા, મારું શરણ શોધ્યું, પ્રણિપાતપૂર્વક મને મળ્યા–ભેટયા, અને મારા અન્ય સંત સમૂહમાં હળી ગયા. તેમને જ્ઞાન–ભજન–ઉપાસના કરવાનો ઉપદેશ કરવામાં આવતો. વળી અગમ અને અગોચર વસ્તુ જેની ગમ વેદને પણ નથી તે વસ્તુરૂપ મુદ્દો મેં કરુણા કરીને તેમને સમજાવ્યો. તેમાં પણ જડ અને ચૈતન્ય બન્નેને અલગ કરી ભિન્નભિન્ન રૂપે સમજાવવા ઉપરાંત સકર્તા સત્કૈવલ્યનો નિજલક્ષ તેમને આપ્યો. વળી આ પ્રેમદાસ મને અનેક પ્રશ્નો પૂછતા. જેમ જેમ તેઓ પ્રશ્નો

પૂછતા ગયા, તેમ તેમ હું દરેકે દરેક પ્રશ્નોના ઉત્તર સરળ અને સ્પષ્ટ સમજાય તેવી રીતે આપતો ગયો."

આ પ્રમાણે સત્સંગ કરતાં કરતાં ચાર માસ અને પંદર દિવસ વીતી ગયા. તેમના શરીર ત્યાગનો એ દિવસ આવી લાગ્યો. સૌ સંતો એકત્ર થઈ વાતો કરવા લાગ્યા કે આજે પ્રેમદાસનો છેલ્લો દિવસ છે. આપણે સૌ ગુરુની સન્નિધિમાં બેસો અને શું થાય છે તે જુઓ.

આ પ્રેમદાસ સહ સર્વ સંતસમૂહની મધ્યમાં ભગવાન કરુણાસાગર વિરાજમાન હતા. તે પ્રસંગે તેમણે જ્ઞાનબોધ અને સત્ વસ્તુની શોધ વિષે જે સમજૂતી આપી પ્રધાન શક્તિને જાગ્રત કરી. મરણના અંતકાળ સમયે જે ગતિનું જ્ઞાન જોઇએ તે જ્ઞાન, ભગવાન કહે છે કે મારી સન્મુખ આ સંતસમૂહને રાખી મેં તેમને કહ્યું અને સમજાવ્યું કે

અલખ લક્ષ્યમાં એકતા કરાવીને પ્રેમદાસ નામના મહાપુરુષમાં રહેલા હંસનો હલકારો સંકેત કર્યો. જેમ કરોળિયો પોતાના મુખમાં-થી નીકળતા તારના તાંતણે અંતરિક્ષ આધાર સિવાય ચાલે છે, એ તારને લે છે અને મૂકે છે, એ બધી ક્રિયા કરોળિયો પોતે કરે છે, તેજ પ્રમાણે ચૈતન્ય રૂપ અંશ જે ખેલ ખેલી રહ્યો છે તે ખેલનો ખેલાડી એવો હંસ કરોળિ-યાના તારની માફક જે ગમન કરી રહ્યો છે તેને પ્રણવરૂપ શ્વાસને મસ્તકે બેસવાને સમજ આપી. પછી આ સોહં તારરૂપ શ્વાસને અંદર ખેંચી લેવાની યોગ્યતા સમજાવી અને કહ્યું કે, જેમ કામઠાની પણછ જેટલા પ્રમાણમાં ખેંચવામાં આવે તેટલાં જ વેગથી તીર ઉછળે છે, તેમ અને તેવી જ રીતે નાભિથી છૂટતા શ્વાસને જોરથી ખેંચી લેવાની કળ-કૂંચીઓ સમજાવી એટલે તરત જ મહાપુરુષ પ્રેમદાસ પદ્માસને બેસી ગયા, શરીરને સીધું કરી, શ્વાસ પર સ્વાર

થતાં તરત જ તેમણે પ્રાણને છોડી દીધા. આમ પ્રાણ છૂટતાં ભગવાન કરુણાસાગરને અને સર્વ સંતમંડળને પોતાના શુદ્ધ સ્વરૂપ-ની સાવધ સ્થિતિમાં સર્વ સભાને અતિ દીનતા-પૂર્વક નમન કરી જયજયકાર કરતા કૈવલ્ય-ધામને પામી ગયા.

જે દિવસે તેમણે કૈવલ્યવાસ કર્યો તે દિવસ સં. ૧૮૮૨ ના માહ માસના શુક્લ પક્ષની એકાદશીને ગુરુવાર હતો.

આ સઘળોય પ્રતાપ ઉપાસનાનો છે. એ ઉપાસનાના પ્રતાપે આવા મહાપુરુષો પરમ પદને પામ્યા છે. આ યજન–ભજનવિધિ એ જ મારૂં હાર્દ છે; મારા શરીરના વિલયબાદ મારા કાયમ પંથમાં આવનારે આ પ્રમાણે કરવા મારી આજ્ઞા છે. જે પંથે પ્રેમદાસ ગયા, તે જ પંથે જવાની ઈચ્છા રાખનારે યજન–ભજનવિધિના ગ્રંથને અંતરમાં કોરી રાખવો.



પરમપદનો અધિકાર વિષ્ણુઆનંદજીને ભગવાન સમજાવે છે.

# ભગવાન કરુણાસાગરને દંડી સ્વામી વિશુદ્ધાનંદ સન્યાસીનો મેળાપ

આ સંન્યાસી વેદ-શાસ્ત્રોના સારા વિદ્વાન હતા; તેમ જ તેઓ સમજતા હતા કે, વેદ-શાસ્ત્રના વિદ્વાનોથી અનુભવસિદ્ધ જ્ઞાન પર છે. અને તે સહેલાઇથી પ્રાપ્ત થાય તેમ નથી. અભ્યાસના યોગે વિદ્વાન થઈ શકાય છે, જ્યારે ઉત્તમ પુરુષોના સહવાસ તેમ જ સત્સંગથી અનુભવ-જ્ઞાન પ્રાપ્ત થાય છે. દશ્યજ્ઞાન એ જ પદાર્થ જ્ઞાન હોઈ વેદદ્વારા પ્રાપ્ત થાય છે. અને અદશ્ય જ્ઞાન તત્ત્વજ્ઞ પુરુષોદ્વારા પ્રાપ્ત થાય છે. એવા પુરુષો ન મળે ત્યાંસુધી પરમજ્ઞાનની આશા રાખવી વ્યર્થ છે. વેદશાસ્ત્રોથી શબ્દજ્ઞાન થાય છે, આ શબ્દજ્ઞાન પરમ પદની પ્રાપ્તિના અર્થમાં લેશમાત્ર કામ આવતું નથી.

આ પ્રમાણે આ સંન્યાસીના વિચારોમાં ગડમથલ તથા અથડામણ થયા કરતી હતી. તેવામાં ભગવાન કરુણાસાગરની કોઈ સંતદ્વારા પરમ ખ્યાતિ સાંભળવા મળતાં આ સંન્યાસીને તેમનું શરણ શોધવાની ઈચ્છા જાગ્રત થઈ. તેઓ ત્યાં ગયા. ભગવાનનું જ્ઞાનમય વિશાળ સ્વરૂપ જોઈ તેમનું અંતઃકરણ તેમનું મિલન થતાં જ દ્રવી ગયું અને મનમાં વિચારવા લાગ્યા કે, જે મહાપુરુષની હું શોધ કર્યાં કરૂં છું તે જ સાક્ષાત્ આ મહાપુરૂષ છે.

તેઓ દીર્ઘદૃષ્ટિવાળા હોઇને ઉચ્ચ કક્ષાવાળા હતા. વળી તેઓ એક આદર્શ સંન્યાસી હતા. તેઓ સામાન્ય પોથાં પંડિતો જેવા વિદ્વતાના ઘમંડી નહોતા, છતાં ઈશ્વરપ્રાપ્તિની ત્રુટિઓ તેમના અંતરને ખૂંચતી હતી. એથી ભગવાન કરુણાસાગરનો તેમને ભેટો થતાં તેમની સર્વ વાસનાઓ નિર્મૂળ થઈ ગઈ અને

પરિણામે પરમપદમાં સ્થિર થયા. જો કે તેમણે ભગવાન પરત્વે અનેક પ્રશ્નો પૂછેલા અને જે તે પ્રશ્નનો સંપૂર્ણ ખુલાસો કરી ભગવાને તેમના અંતરને અજવાળેલું. આથી તેઓ પરમજ્ઞાનમાં ગરકામ થઈ ગયેલા અને પછી રાતદિવસ ગ્રંથોના સતત ચિંતનને પરિણામે તેમને પરમ માર્ગ લાધેલો.

# પુણ્ય પવિત્ર ક્ષેત્ર બદરીકાશ્રમમાં ભગવાન કરુણાસાગર

જગતકર્તાના આ વિશાળ જગતના અનેક દેશ–પ્રદેશો તેમજ છએ દ્વીપો અને નવે ખંડોમાં વિચરતા વિચરતા ભગવાન કરુણાસાગર જંબૂદ્વીપના ભરતખંડ વિષે બદરીકાશ્રમમાં જઈ ચઢ્યા.

એ બદરીકાશ્રમમાં અનેક ઋષિમહર્ષિઓને પરમજ્ઞાનનો ઉપદેશ દેતા ભગવાન કરુણાસાગર આ ચિત્રમાં દૃષ્ટિગોચર થાય છે. તેઓ શ્રોતા વર્ગને પંચમસ્વસંવેદનું જ્ઞાનદાન દઈ રહ્યા છે.

આ ઋષિ–મહર્ષિઓએ પંચમસ્વસંવેદને પહેલા જ શ્રવણવખતે સ્વીકારેલો નહિ; પરંતુ જેમ જેમ પરમકૃપાળુ ભગવાન કરુણાસાગરના સ્વમુખે તેઓ એ જ્ઞાન વધુ ને વધુ સાંભળતા ગયા, તેમ તેમ તેમનાં અંતર્ચક્ષુ ખુલતાં ગયાં અને પરમજ્ઞાનને પ્રાપ્ત કરતા ગયા.



ભગવાન બદ્રિકાશ્રમમાં પ્રગટ થયા ત્યારે અનેક મહર્ષિઓને પારંગત કરેલા છે.

બદરીકાશ્રમમાં રહેતા આ મહર્ષિઓ પોતાનું અંતિમ જીવન પરમ તપશ્ચર્યામાં વીતાવતા હતા, કારણકે તેઓ પરમ વૈરાગ્યવાન હોઈ ને તેમણે પોતાનાં શરીરોને મહાન ધનની પ્રાપ્તિમાં સમર્પણ કરેલાં, એવા અધિકારી જનોને ભગવાન કરુણાસાગરનો ભેટો થતાં તેમને પરમજ્ઞાનની પ્રાપ્તિ થઈ.

તેઓને ઉપદેશ દેતાં ભગવાને કહ્યું કે "તમે જેને શોધો છો, તે હું પોતેજ છું. પરંતુ તમારી આ રીતે તમે મને પ્રાપ્ત કરી શકશો નહિ. એ પરમમાર્ગ તો આ તપના અંતે મળે છે. એ માર્ગ તો સત્સંગ અને તેને લગતી ઉપાસના વડેજ પ્રાપ્ત કરી શકાય છે. આ દેહનાં સઘળાં પરિવર્તનોમાં જે સાધનરૂપ છે તે ઉપાસના વડેજ પરમદશાને પ્રાપ્ત કરી શકાય છે. અને એ રીતે સ્થિરતા પ્રાપ્ત કરો. આ સ્થિરતા સમાધિ વડે નહિ મળી શકે;

કારણકે સમાધિ કોઈ એક વસ્તુનું આલોચન કરવા પાછળજ રોકાય છે. અને બહેર શૂન્યમાં સુષુપ્તિ અવસ્થા ઘણો લાંબો કાળ ભોગવે છે. એથી કદાચ તેઓ લાંબા કાળ સુધી જરા–મરણને જીતી શકે–દીર્ઘ આયુષ ભોગવી શકે, પરંતુ તેનાથી જરા–મરણને નષ્ટ કરી શકાતાં નથી; એ તો વાસનાને મજબૂત–દૃઢ કરનાર છે. એટલે પંચભૌતિક એવા આ દેહનાં સઘળાં કાર્યો જે ઇંદ્રિયોદ્વારા સ્ફૂરે છે તેને, પરમગુરુએ સમજાવેલી એ મહાન વસ્તુ તરફ વાળો અને તેમાં જ સ્થિર થાઓ.

આ વિષે ભગવાને ત્યાં હાજર રહેલા સૌ મહર્ષિઓને વિસ્તારપૂર્વક સમજૂતી આપી તેમને ચિત્તશાંતિ અર્પણ કરી. ત્યારથી તેઓ પરમ ગુરુની યજન–ભજનવિધિમાં સંપૂર્ણ ચિત્ત પરોવી નિત્ય પ્રતિ પઠનપાઠનપૂર્વક આ-લોચન કરવામાં રોકાયા છે. આ અભ્યાસ

એ જ તેના અભ્યાસીને પરમ માર્ગે લઈ જનાર છે.

એ વિષે પાઠમાં સઘળા ખુલાસા છે તેનું ધ્યાનપૂર્વક મનન કરજો. એથી કરીને તમારા મુશ્કેલ માર્ગ સરળ થઈ જઈ તમારૂં લક્ષ્ય સકર્તા સ્વામી તરફ દોરાશે. આ પ્રમાણે નિત્ય પ્રતિ અભ્યાસ કરવો એ જ ખરૂં તપ છે.

આમ અનેક મહર્ષિઓને ઉપદેશ દેતા ભગવાન કરુણાસાગર બદરીકાશ્રમમાં વિચરતા હતા. તેમના આ પર્યટન દરમિયાન તેમને જે જે મહર્ષિઓ મળ્યા તે તમામને તેમણે પરમ જ્ઞાનનું દાન કર્યું અને પરમકલ્યાણનો મોક્ષ માર્ગ દર્શાવ્યો.

# ભગવાન કરુણાસાગરનું પ્રાકટ્ય

જ્યારે જ્યારે આ અવનિ પરનાં મનુષ્યો ક્રાન્તિને કિનારે આવે છે અને અનેક મૂંઝવણોમાં અથડાય છે આમ જગત અવ્યવસ્થીત થાય છે ત્યારે ભગવાન કરુણાસાગર પોતે પ્રગટ થઈ દેહ ધારણ કરે છે. ભગવાન કરુણાસાગર પોતે આ અવનિ પર કેવી રીતે પ્રગટ થયા તેમનું આગમન કેવી રીતે થયું એ વિષે તેઓ પોતે સ્વમુખે કહે છે કેઃ—

હાવે કહું ઉતપન સુનો મમ તન અંદેશી
હંમ હે પુરુપ અનાદ્ય ઉપાધિતે વર્જિત વેશા.
કોટિ કલ્પ પરજંત અંત નહીં વ્યાપત માયા;
હાડમાંસ નહીં રુદ્ર ઉદ્ર હંમહી નહીં આયા.
ઉપન્યો આપોઆપ વ્યાપ મોઈ સકલ સહીરા;
અવિગત અંગ હમાર બિંદુ કે નહીં શરીરા.
બિંદુકે નહીં શરીર ધીર દ્દઢ પુરુષ પુરાના;
રૂપ અરૂપી ખેલ કુવેર અકેલ નિદાના.



ભગવાન પ્રગટ થાય છે તે સમયનું દ્રષ્ય.

અર્થાત્ હું અનાદિ પુરુષ હોઈ વેશરૂપ ઉપાધિથી પર છું વળી કરોડો કલ્પોના અંતે પણ માયા મને વ્યાપી શકે તેમ નથી. મારૂં આ શરીર હાડ-માંસ તેમજ રુધિરના યોગે ઉત્પન્ન થયું નથી. કારણ કે ઉદરવાળા ગર્ભમાં મારો જન્મ થયો નથી. પરંતુ હું તો આપો આપ આ અવનિ પર અવતરેલો હોઈ મારૂં પોતાનું જ સહીર (વિભુરૂપ ગતિ) સર્વત્ર વ્યાપક છે; તેમજ મારૂં આ અંગરૂપ સ્થૂલ શરીર અવિગતરૂપ હોઈ બિંદુ વડે બંધાયેલું નથી. હું અનાદિકાળથી દૃઢ, ધૈર્યવાન તેમજ પુરાણપુરુષ હોઈ બિંદુથી ઉત્પન્ન થતાં શરીર-વાળા જેવો નથી.

આગળ ચાલતાં પોતાની વધુ ઓળખ આપતાં દયાળુ પ્રભુ પોતે કહે છે કે, રૂપ અને અરૂપ એ બન્ને ખેલમાત્ર છે; છતાં એ ખેલના મૂળ કારણરૂપે હું એકલો જ છું.

અને આ કારણે જ જગતના જીવોના ઉદ્ધારને અર્થે એક એવો શુભ યોગ આવી લાગ્યો. એ ધન્ય દિવસ તે સંવત ૧૮૨૯ના માહ માસની શુકલ દ્વિતીયાનો પરમ મંગળ પુણ્યશાળી દિવસ. એ દિવસે એક માતા પોતાના બાળકને લઈ એના પિયર જતી હતી. એના માર્ગમાં વિશાળ વન પથરાયેલું હતું. એ વનમાં થઈને જતાં જતાં રસ્તામાં એને તૃષા લાગી. પરંતુ નજીકમાં કોઈ જળાશય નહોતું. આ તૃષિત અવસ્થામાંજ તેણે કેટલોક માર્ગ કાપ્યો હશે. તેટલામાં એક સરોવર તેની નજરે પડ્યું. એ જળાશયને જોઈ રાજી થતી એ માતા પોતાના પુત્રને પાસેજ જમીનની લીલી હરિયાળી પર સુવાડી પાણી પીવા ગઈ. જળાશય પર જઈ પોતાની તૃષા છીપાવી માતા પાછી ફરતાં તેણે જોયું તો પોતે સુવાડેલું બાળક ન મળે. આથી તે અત્યંત વિમાસણમાં

પડી ગઇ, અને રોકકળ કરવા લાગી. દરમિયાન તેની નજર બીજી દિશામાં ફરતાં તેણે જોયું તો એક નહાર ( વરૂ ) પોતાના બાળકને લઈ દોડતું ચાલ્યું જતું તેણે જોયું. આ દૃશ્ય જોતાંજ તેનું હૃદય હાથ ન રહ્યું. ને હૈયાફાટ રુદન કરવા લાગી, અને દીન નિરાશ થઈ ગઈ. છતાં અનેક નિરાશાઓમાં પણ એકાદ આશાનું કિરણ હોય છે તેમ તેને પણ આશાકિરણ નજરે ભડયું. તેને જાણે દિવ્ય ચક્ષુ પ્રાપ્ત થયાં હોય તેમ, તેણે જોયું તો જણાયું કે એક પરમ ઓજસ્વી બાળક જાણે પોતાને કોઈ મહાન આદેશ દઈ રહ્યું છે ! આ પ્રસંગ પરમકૃપાળુ ભગવાન કરૂણાસાગરે સ્વમુખે આ પ્રકારે વર્ણવ્યો છેઃ—

દેખત કિયા વિલોચ કહે આ બાલક કિનકા;
મોહેજે મિલ્યો સંજોગ યોગ મહી બીજકે દિનકા.
કહે મેરે સુત સાટ માટે દીનો કિરતારા;

ચેસો ધરી મનમોદ બોધ ઉર કરે વિચારા.
હંમ બોલ્લે કયોં બેર લગાવત ધર્મકી માતા;
લેઈ જા તોઈ મોઈ ઘેર જગતમેં કરૂં વિક્ષાતા.
કરૂં વિક્ષાતા જગત વિગત વિધવિધ કે જ્ઞાના;
કુહેં કુવેર જુગમાંહી કછુ નહીં રખુ અયાંના.

અર્થાત્ ભગવાન કરુણાસાગર કહે છે કે, જ્યારે એ માતાએ મને જોયો ત્યારે તે આશ્ચર્ય પામી વિચારવા લાગી કે (ઓહો!! મારા બાળકને તો પેલું નહાર લઈ ગયું અને) અહીં આ બાળક વળી કોનું ?! આ પ્રમાણે મને જોવાનો માતાને સહજ સ્વભાવે જ સંજોગ મળી ગયો. વળી તેણે વિચાર્યું કે, મારા બાળકને પેલું નહાર લઈ ગયું હતું તેના બદલામાં કીરતારે તો મને આ બાળક નહિ આપ્યું હોય ? આમ તે પોતના અંતરને વિષે વિવિધ પ્રકારના અનેક તર્ક–વિતર્ક કરવા લાગી. માતાના હૃદયમાં આવી ધડમથલ ચાલતી હતી

તેને મારા અન્ય દિવ્ય સ્વરૂપે અંતરિક્ષથી આશ્વાસન આપતાં પછી મેં કહ્યું: " હે માતા ! આમ વિચારમાં શું પડી ગયાં છો ? વિલંબ શા માટે કરો છો ? મને તમારે ઘેર લઈ જાઓ. હું તમારો ધર્મ પુત્ર છું. હું તમને જગતભરમાં વિખ્યાત કરીશ. વળી આ અવનિ પરનાં મનુષ્યોને વિવિધ પ્રકારનુ જ્ઞાનદાન દઈને કોઈ જ વસ્તુ અજાણી રાખીશ નહિ.

આ ઉપરાંત માતાને વધુ ઓળખ આપતાં તેમણે કહ્યું કે:


બોહોરૂ કિયો હંમ બેન યેન અવિગત ગત ધરકે;
હુતે અકેલે રાન જ્ઞાનધર અજર અમર કે:
હે માતા જેહિ મરમ કહું સુણ સુરત ધરીનકે;
પૂરવકે તપ તોય કીન અતિકષ્ટ કરીનકે.

અર્થાત્ હે માતા ! અવિગત ગતિને ધારણ કરી અદલ વચનો બોલું છું. તમને લાગે છે કે આ વનને વિષે હું એકલો છું. પરંતુ મારૂં નિજ

ઘર તો અજર અમર છે. મને એનું સંપૂર્ણ જ્ઞાન છે અને એ ઘરને વિષે સ્થિતિ કરીને જ રહું છું. હે માતા! તેં પૂર્વજન્મમાં અનેક કષ્ટો સહન કરીને જે તપ કર્યું છે તેને લીધે મારી તને પ્રાપ્તિ થઈ છે.

આજ પરમ કૃપાળુ ભગવાન કરુણાસાગરનાં માતા હેતળા!

પછી ભગવાને માતાને તેના પૂર્વજન્મની સઘળી વાત કહી સંભળાવી એટલે તેને પોતાનું પોતાપણું સમજાયું.



# મહંત મોહનદાસજી અને પરમ-હંસ સુખાનંદજીનો સંવાદ

[ સ્થળ: **અમદાવાદ** ]

**મોહનદાસ:** ભગવાન કુવેર સ્વામીને આપણા સંપ્રદાયના કેટલાક અનુયાયીઓ ભગવાન કહેવા ના પાડે છે: તેઓ કહે છે કે કુબેર સ્વામી ભગવાન નહોતા; આમ કહેવામાં તેમનો શું ઉદ્દેશ હશે? અને એ મહાન વિભૂતિ ભગવાન ખરા કે નહિ?

**સુખાનંદજી:** આવી મહાન પ્રતિભાશાળી વિભૂતિને ભગવાન કેમ ન કહેવા જોઈએ? તેઓ સાક્ષાત્ ભગવાન હતા. ભગવાનનાં જે લક્ષણો જણાવાયાં છે તે સૌ વિશ્વવંદ્ય ભગવાન કુવેરસ્વામીમાં હતાં. અને "ભગવાન" શબ્દનો

વ્યુત્પત્તિપૂર્વક જે અર્થ નીકળે છે તે પણ શું સૂચવે છે? *भग+वान्=भगवान्=જેનામાં છ પ્રકારનાં ભગ છે તે ભગવાન કહેવાય છે. ભગવાન કુવેર સ્વામીમાં સઘળી વિભૂતિઓ- સર્વ પ્રકારનાં સત્વો હતાં. તો પછી તેમને ભગવાન કહેવામાં શું હરકત ભલા? પ્રાચીન કાળમાં થઈ ગયેલા વિભૂતિવાન મહર્ષિઓ અને તપસ્વીઓ પણ ભગવાન સ્વરૂપ ક્યાં નહોતા? દાખલા તરીકે મહર્ષિ વ્યાસને પરમ જ્ઞાતા શાસ્ત્રકારોએ ભગવાન વ્યાસ-**भगवान् बादरायण** એવાં સંબોધનો સ્થળે સ્થળે કરેલાં છે. સ્મૃતિકાર કહેવાતા મહર્ષિ મનુને પણ જનતા ભગવાન મનુ તરીકે ઓળખે છે; અરે, અન્ય સંપ્રદાયવાળાઓને પણ જુઓને! બુદ્ધ ધર્મના અનુયાયીઓ ગૌતમ બુદ્ધને **ભગવાન બુદ્ધ** કહે છે; જૈન ધર્મને અનુસરનારાઓ તેમના તીર્થંકરને **ભગવાન મહાવીર** તરીકે

પૂજે છે. તો પછી સર્વથી મહાન અને શ્રેષ્ઠ એવી અતુલ્ય અને વિરણ વિભૂતિને પરમ મોક્ષદાતા ભગવાન કહેવામાં શા માટે કંઈ જ અડચણ હોવી જોઈએ? ભગવાન કુવેરસ્વામી કરુણાસાગર હતા અને કરુણાસાગર કોણ હોય? મહાન કરુણાના સાગરસ્વરૂપ એક માત્ર ભગવાન જ હોઇ શકે. એટલે પરમદયાળુ સકર્તા સ્વામી ભગવાન કુવેરસ્વામી સાક્ષાત્ ભગવાનસ્વરૂપ જ હતા એ તદ્દન નિઃશંક વાત છે.

**મોહનદાસજી:** આ વાત આટલી સૂર્ય સરખી સ્પષ્ટ છતાં અને ભગવાન કરુણા-સાગરનો આવો પ્રકટ અને સર્વસ્પર્શી ભગવત્પરાયણ અણમૂલ ઉપદેશ છતાં એવા એવા માનવીઓ આવી શંકાજાળમાં શાથી અટવાતા હશે વારૂ ?

**પરમહંસ સુખાનંદજી:** તમારો આ

પ્રશ્ન યથાર્થ છે. આજે "સાપ ગયા અને લીસોટા રહ્યા" જેવી પરિસ્થિતિ પ્રવર્તે છે. ભગવાન કરુણાસાગરે જગતના કલ્યાણ અર્થે જે સન્માર્ગ દર્શાવ્યો હતો તે મહામાર્ગને વેગળો મૂકી ખુદ તેમના જ અનુયાયી હોવાનો દાવો કરનારા–તેમના જ આદેશો અનુસાર સંપ્રદાય ચલાવવાનો દાવો કરનારાઓ ખરી રીતે ભગવાન કરુણાસાગરના આદેશ અનુસાર વર્તતા નથી. તેઓ સર્વત્ર પોતાનો સ્વાર્થ સાધનારા જ હોય છે. જ્યાં સ્વાર્થ આવ્યો કે ભગવાનને વેગળા મૂકી દે છે. આ બધી ભગવાનને ભગવાન ન કહેવાની બાજી એ સ્વાર્થીઓની જનતાને ઊંધે રસ્તે દોરવાની ચાલાકી માત્ર છે. કારણ કે જો તેઓ ભગવાન કરુણાસાગર કુવેર સ્વામીને ભગવાનસ્વરૂપે સ્વીકારે તો તેમના ઐહિક ભોગ–વૈભવો માણ-વામાં અંતરાય આવે છે. તેઓ ભગવાનના

નામે-સંપ્રદાયના હિતાર્થે નિયત થયેલાં માલ-મિલકતોનો પોતે ઉપભોગ કરી શકતા નથી; તે માલ-મિલ્કતોના પોતે માલિક થઈ શકતા નથી. આવી મહાન વિભૂતિને-સાચા છ ભગ યુક્ત ભગવાનને ભગવાન ન કહેવામાં એ સ્વાર્થસાધુઓની ઊલટી ચાલ હોય છે.

**મોહનદાસજી:** આપણા સંપ્રદાયના તિલકનું માહાત્મ્ય સમજાવશો ?

**પરમહંસ સુખાનંદજી:** હા, જરૂર. તિલક એ આપણા સંપ્રદાયના એક માર્ગદર્શક ભોમિયાની ગરજ સારે છે. તિલકની આવશ્યકતા હું સ્વીકારૂં છું, પરંતુ જેઓ આપણા આ સંપ્રદાયથી અજાણ છે-જેઓને ભગવાન કરુણાસાગરની મહાન વિભૂતિઓનો કંઈ જ ખ્યાલ નથી એવી વ્યક્તિઓને માર્ગદર્શનરૂપ આ તિલક છે એવું ભાન ક્યાંથી હોય! વળી જેણે સંપ્રદાયનાં સર્વ અંગોનો સાંગો

પાંગ અભ્યાસ કર્યો છે, જેની રગેરગમાં સંપ્રદાયના આદેશો ભર્યા પડ્યા છે, જેને સંપ્રદાયની એક પણ વાત અવિગત રહી નથી, તેને માટે તિલક કરે યા ન કરે એ સૌ સરખું છે. જેમ કોઈ યોગમાર્ગનો ઇચ્છુક એકદમ યોગી થઈ શકતો નથી, પરંતુ તેને એ માર્ગની સર્વ ભૂમિકાઓ વટાવવી પડે છે, તેમ આપણા સંપ્રદાયમાં પ્રવેશ પામવાની અને તેના આદેશોનો સર્વાંગ અભ્યાસ કરવાની ઇચ્છા ધરાવનાર માટે તિલકની આ પ્રાથમિક ક્રિયા આવશ્યક છે. પરંતુ ભગવાન કરુણાસાગરે દર્શાવેલા સઘળા આદેશોને અપનાવનાર માટે તો તે તિલક કરે વા ન કરે, તે સઘળું સરખું જ છે; કારણ કે તેને માટે કંઈજ કરવાપણું રહેતું નથી.

**મોહનદાસજી :** ત્યારે કેટલાકો શિખાસૂત્ર માટે અતિ આગ્રહ સેવે છે એ વિષે

આપનો શું અભિપ્રાય છે? અને આપ નથી રાખતા તેમાં શું કારણ છે?

**પરમહંસ સુખાનંદજી** આપણા સંપ્રદાયને સારી રીતે સમજનાર અને તે પ્રમાણે અનુસરનાર હરકોઈ વ્યક્તિ જાણે છે કે, આપણો સંપ્રદાય ભક્તિપ્રધાન છે. ભક્તિ એ પરમ પુરુષને પામવાનું એક માત્ર સાધન છે. અને ક્રિયાકાંડનો તો આપણા ગ્રંથોમાં ક્યાંય પણ ઉલ્લેખજ નથી; એટલે એવા ક્રિયાકાંડમાં આવશ્યક ગણાતાં શિખાસૂત્રની ખાસ આવશ્યકતા નથી દર્શાવાઇ. આથી કોઈ શિખા-સૂત્ર રાખે વા ન રાખે તેમાં કોઈ જાતનો પ્રત્યવાય આવતો નથી. કહો, જનોઇધારીઓને જનોઈનો શું ઉપયોગ છે? જેનો કંઈજ ઉપયોગ નથી, તેને અંગ પર ધારણ કરવાનો અર્થજ શું છે? એ તો માત્ર માલ-મિલ્કતને સાચવનાર તાળાંઓની કુંચીઓ ભરવવાનું

સાધનજ છે. એ સિવાય ઉપવીતનો બીજો ક્યો ઉપયોગ થયો તમે જાણ્યો છે? વૈદિક માર્ગમાં જનોઈને પ્રધાનસ્થાન અપાયું છે. એમાં જનોઇનો ઉપયોગ સંધ્યા ગાયત્રીના કર્મકાંડમાં સૂચવાયેલો છે. કહો, તમો સંધ્યા–ગાયત્રી કરશો? ઉપવીતના તંતુઓ શામાટે ભેગા કરવામાં આવે છે? તે આપણા સંપ્રદાયના મહારાજોને પૂછો, એટલે ખબર પડશે. વળી મને પૂછો છો તેવું જ તેમને પણ પૂછો કે તમો આ જનોઇનો શું ઉપયોગ કરો છો? આનો જવાબ ભાગ્યેજ કોઈના તરફથી મળે!!

**મોહનદાસજી:** ભગવાન વિષે આટલો બધો દ્રોહ તથા તમે જે જે પારાયણો કર્યાં તે તે વિષે આ પંથના કેટલાક લોકો આક્ષેપ મૂકે છે કે, આ તો હતું જ નહિ અને ક્યાંથી કાઢ્યું? એ વિષે આપનો આંતરિક–મૂળ આશય શું છે તે સમજાવશો?

**પરમહંસ સુખાનંદજીઃ** ભાઈ ! “ પેટનો બળ્યો ગામ બાળે ! ” દિન પ્રતિદિન સુખાનંદની પ્રતિષ્ઠા વધતી જાય છે તે આ સંપ્રદાયના કેટલાક ઢોંગી, ધૂર્ત પુરુષોને ગમતું નથી. વળી સુખાનંદજીની આવી પ્રવૃત્તિથી જનતામાં જાગ્રતિ વધતી જાય છે. એને લીધે એ આડંબરીઓએ ભોળા ભક્તોને ધૂતવા માટે બિછાવેલી જાળ તૂટતી જઈ ખુલ્લી પડતી જાય છે. તેઓ સંપ્રદાયના ભક્તો પર જીવતા હોવાથી તેમને ધર્મને નામે મોટી મોટી વાતો સમજાવી તેમનાં ધન પોતાનાં કરવા પાછળ લાગી રહ્યા હોય છે, જ્યારે સુખાનંદનું આ શરીર સ્વપુરુષાર્થ વડે એ મૂર્ખ ધમંડીઓની પાશ–જાળ છિન્નવિચ્છિન્ન થતી જાય છે. અને હરિભક્તોની દૃષ્ટિમાં આ સત્ય હકીકતો સ્પષ્ટ દેખાતાં તેઓ ચેતી જાય છે. એ જોઇ આ મહારાજોના અંતરમાં

જ્વાળાઓ ભભૂકી ઊઠે છે, તેમનાં દિલ ચચળે છે; અને પરિણામે તેઓ શોક કરે છે કે, ભક્તજનો અમારી આ લીલાને ઓળખશે તો અમારાં રોટલાપાણી અને એશઆરામ નિઃશેષ થઈ જશે. કારણ કે ભક્તને કંઈક પણ કહેવા જતાં તેના તરફથી સામો જવાબ મળશે.

વળી આ વિષે એક વધુ વાત કહું. આવા મહારાજો માને છે કે, ભક્તો એ તો મહારાજોને ચરી ખાવાના ખેતરરૂપ છે. ખેડૂત જેમ ખેતર ખેડીને પાક પકવે છે અને તે પાકનો ઉપભોગ કરે છે, તેમ આ મહારાજો પણ ભક્તજનોરૂપી ખેતરને લીધે લીલા-તાજા રહે છે. અને એમને અંધારામાં રાખે તો જ પોતે એ ખેતરોનો ઉપભોગ કરી શકે. આથી આ ખેતરોની આસપાસ તેઓ કાંટાળી વાડની માફક અંધાર પીછેડો પાથરે છે. કદાચ કોઈ

ભક્તજન તેમની ખબર લે છે તો તેને એવી એવી વાતોથી ડરાવે છે કે "અરરર ! ગુરુની સામે તો હરગીજ ન થવાય ! એક પણ અક્ષર ન ઉચ્ચારાય !! તેમની સામે ઊંચે સાદે સહેજ પણ ન બોલાય ! શિવ, બ્રહ્મા અને વિષ્ણુ સરખા સમર્થ દેવતાઓ પણ ગુરુના ચરણે ઝૂકતા હતા ! ગુરુનું આવું શ્રેષ્ઠ સ્થાન છે. એવા ગુરુપદે અમે વિરાજમાન છીએ. તેમની વિરુદ્ધ તમારાથી કંઈ પણ પૂછી જ કેમ શકાય ? તમારે તો અમારા પગે પડવું જોઈએ." આવી આવી ભૂરકી નાખનારી વાણી વડે ભક્તજનોને ભોળવી તેમનામાં અનેક પ્રકારના વહેમો ઘુસાડે છે અને પરિણામે બિચારા હરિજનો તેમના દાસ થઈ જઈ તેઓ જેમ કહે તેમ કરવા લાગી જાય છે. આ બધી પોપલીલાઓ ભગવજ્જનોને લૂંટવા માટે જ ચલાવવામાં આવે છે; બાકી ભક્તોને

સકતી સત્કૈવલ્યનું ખરૂં જ્ઞાન આપવાની તો તેઓની દાનતજ હોતી નથી.

**મોહનદાસજી:** આપણા સમસ્ત સંપ્રદાયમાં માત્ર આપે જ આ મહાન સાહસ ઉપાડયું; બીજા કોઇએ કેમ કંઇ ન કર્યું ?

**સુખાનંદજી:** ભાઇ ! સાહસિકો પણ એ સૌની અંદર જ હોય છે; કંઇ જુદાં ગામ વસતાં નથી.

**મોહનદાસજી:** પરંતુ મહારાજ ! સંપ્રદાયના કેટલાક સાધુઓ ભક્તજનોને જણાવે છે કે, કોઇએ સુખાનંદજીએ છપાવેલાં પુસ્તકો વાંચવાં નહિ, તેમ જ એ પુસ્તકો પૈકી એકેય લઇને મંદિરમાં આવવું નહિ. છતાં સ્વાચાર–પત્રિકાદિ ગ્રંથો લઈને અહીં આવશો તો મંદિરમાં પેસવા દઈશું નહિ. આ પણ કેવી વાહિયાત વાત ! !

**પરમહંસ સુખાનંદજી:** જેમ કોઈ

કંજુસને કામધેનુ ગાય પ્રાપ્ત થઈ હોય અને રખેને કોઈ તેને લઈ જશે એવી ભ્રાંતિ તેના મનમાં રહ્યા કરે, અને તેથી તેને ઘેર આવનાર હરકોઈનાથી તેને છુપાવવા પ્રયત્ન કરે અને સાચવ્યા જ કરે—ગમે તે કામ કરતાં તેનું ધ્યાન તો તે કામધેનુ તરફ જ હોય છે તેમ આવા માણસો, આવા ગ્રંથોની કિંમત જાણતા હોવાથી, રખેને અન્ય ભક્તજનો પણ આ મહામૂલા જ્ઞાનથી વાકેફ થઈ જશે અને પોતાની પોપલીલા આગળ નહિ ચલાવી શકાય એવા ડરથી આવાં પુસ્તકો પર તેઓ પ્રતિબંધ મૂકે છે. આથી તેઓ ભક્તજનોને સમજાવે છે કે "જુઓ, ગાદીને નહિ માનનાર નરકે જાય છે. આવા ગાદીને ન માનનારાઓ ગુરુ-દ્રોહી હોઈ ને નુગરા છે." આ રીતે સમજાવી જેમ ભેંસની કોટે ડેરો બાંધવામાં આવે છે તે પ્રમાણે તેઓ ભક્તજનોતે માત્ર ગાદીનું જ

મહત્ત્વ સમજાવે છે, અને પરમજ્ઞાનનું એક બિંદુ પણ પામવા દેતા નથી ! વળી તેઓ કહે છે કે, જો ગાદીનું યજન-પૂજન ત્યજી દેશો તો નરકે જશો. આવા ડરને લીધે ભક્તજનો સારા વિદ્વાન સત્સંગીઓનો લાભ લઈ શકતા નથી.

આવા આચાર્યો અજ્ઞાનમાં ગળાબૂડ ડૂબેલા હોય ત્યાં સત્સાહિત્યના પ્રચારની આશા જ ક્યાંથી રખાય ! !

**મોહનદાસજી:** આપના આ પુસ્તક-પ્રચારનો હેતુ શો છે ? અને એથી શું ફાયદો થશે ?

**પરમહંસ સુખાનંદજી:** કેટલોક વખત થયાં-આ કાયમપંથની વિદ્વાન વ્યક્તિઓના વિદેહ થયા પછી-કુસંપ પેઠો છે. એના પરિણામે અજ્ઞાને ઘર ઘાલ્યું. આથી આ સદ્ ગ્રંથોના સાચા અભ્યાસી કોઈ રહ્યા નહિ.

અને જેમ જેમ આ મહાગ્રંથોનો અભ્યાસ
ટતો ચાલ્યો તેમ તેમ સ્વાર્થજાળ પોતાનો
વિસ્તાર વધારતી ચાલી. અને પછી તો પૂછવું
જ શું! જ્યાં સ્વાર્થનો પગપેસારો થયો
એટલે મમ્મત વધ્યો, મારા-તારાના ભેદ-
ભાવો પેદા થયા!! આથી ધર્મ પણ
કારાણે મુકાવા માંડ્યો! પરિણામે ધર્મના
પ્રચારકો કોઈ રહ્યા નહિ. આ પ્રમાણે ધર્મના
સાચા સિદ્ધાંતો સમજાવનાર કોઈ ન રહેતાં
પછી ધર્મની મહત્તા તો કોણ જ સમજાવે?
આવી પરિસ્થિતિમાં—જ્યારે ધર્માચાર્યો સ્વાર્થ-
જાળમાં સપડાય અને મોજ એશઆરામમાં
પડે ત્યારે—એવે પ્રસંગે સત્ય હકીકત કહેનાર
કોઈ મળતું નથી. આવા વિપરીત સમયે
સદ્ધર્મ પ્રચારની મારી ફરજ બજાવવા મારે
પ્રતિબદ્ધ થવું પડ્યું. મેં આ કાર્ય હાથ ધર્યું
ન હોત તો સ્વાર્થસાધકોએ પોતાના મનફા-

વતા અર્થો કર્યા હોત. જે અર્થ વડે એમના સ્વાર્થ સધાય તેવા જ અર્થો તેમણે પ્રચલિત કર્યાં હોત. આ ઉપરાંત કથા કરનારાઓ પણ પોતપોતાને મનગમતા અર્થો કરતા થઇ ગયા. આ પરિસ્થિતિમાં પરમપુરુષ ભગવાન કરુણા-સાગરના સદ્દુપદેશના સાચા અર્થો પ્રગટ કરવા કોઈ શક્તિમાન ન થયું. આથી આપણા ગ્રંથોની ચોપાઈઓની ટીકાઓ આપવાની મને ફરજ પડી. વળી આમ ટીકા કરવામાં મારો બીજો પણ હેતુ હતો અને તે એ કે, આવા ગ્રંથો છપાયેલા હોય તો પંથની હરકોઈ વ્યક્તિને એનો અભ્યાસ કરવો સુગમ થઈ પડે, અંદરનો સાર સહેલાઇથી સમજી શકે અને એ રીતે પરમગુરુના મહાન આદેશને અનુસરી શકે.

**મોહનદાસજી:** આપ સતત પરિશ્રમ ઉઠાવી આપણા સંપ્રદાયના સત્સાહિત્યથી ભરપૂર

સ્તકો છપાવી તેનો પ્રચાર કરો છો તેમાં
ટલાક મહારાજોની નારાજી જણાય છે. આ
ાહિત્યપ્રચારની વાત સાંભળતાંજ તેઓ
ભકવા લાગે છે, તેમનાં નસ્કોરાં ચઢી જાય
અને આવી પ્રવૃત્તિ પ્રત્યે અત્યંત ઘૃણા
ખવે છે તથા જ્યાં ને ત્યાં કહેતા ફરે છે કે
સ્તકો છપાવીને એમણે પંથને ખૂબજ નુકસાન
ર્યું છે!! તેમની આવી વાતો વિષે આપનું શું
તવ્ય છે?

**પરમહંસ સુખાનંદજીઃ** ખરેખર! એવા
ાંખના આંધળા અને ગાંઠના (સ્વાર્થના)
ા માનવીઓ એવું ન બકે તો બીજું કરે
ણ શું? કંઇક સત્કાર્ય કયારે થાય? પોતાની
સે કંઈક પણ-કોઈ પણ સત્સંપત્તિ-પૂરું
ન હોય ત્યારેજ! સાચેજ, જેને કમળો થયો
ય તેને જગત્‌માત્ર પીળુંજ ભાસે છે. આ
ાચે, એ બિચારા દયાપાત્ર માનવીઓ જેટલાં

પણ તેમનાથી બને તેટલાં જુઠ્ઠાણાં ચલાવે છે. તેઓ સારી રીતે સમજે છે કે, આ પુસ્તકોનો આ પ્રમાણે પ્રચાર થશે તો આપણે જે મોહ-જાળ પાથરીએ છીએ તે છિન્નવિચ્છિન્ન થઈ જશે. તેઓ આમ સમજતા હોવાથી "પેટનો બળ્યો ગામ બાળે" એ કહેવત અનુસાર, તેમનું દુઃખતું હોય છે પેટ, અને કૂટે છે માથું ! ! તમે ખાત્રીપૂર્વક માનજો કે મારી આ પ્રવૃત્તિ તેમના હઠાગ્રહને હઠાવવા માટેની નથી, પરંતુ આ કાર્ય તો સંપ્રદાયના સાધુ તરીકેની મારી ફરજ સમજીને કરૂં છું; પછી મારી આ પ્રવૃત્તિ તેમને રૂચે વા ન રૂચે તે બાબતથી હું તદ્દન નિર્લેપ છું–એ જોવાનું કામ મારૂં નથી. બાકી ખરૂં પૂછો તો, ભગવાન કરુણાસાગરના સાહિત્યને પ્રસિદ્ધ થતું જોઈ તેમના દિલમાં જે જ્વાલાઓ ભડકી ઉઠે એજ એમનાં કૃત્યોનું પ્રાયશ્ચિત્ત છે. ભગવાન કરુણાસાગરના આ

અમૂલ્ય ઉપદેશગ્રંથોની તેમને પેટ ભરીને નિંદા કરવી હોય તો ભલે તેઓ તેમ કરે; એ જોવાનું કામ મારૂં નથી. અને તેઓ મારા પ્રત્યે ઘૃણા દાખવે છે તેમાં ખરૂં કારણ તપાસશો તો જણાશે કે મારૂં સ્પષ્ટવક્તાપણુંજ એમને ખૂંચે છે, જે એમને ગમતું નથી. આથી જ તેઓ ભક્તજનોને ઊલટું જેમ ફાવે તેમ સમજાવે છે.

આ પુસ્તકપ્રકાશનના કાર્યથી તો ભક્તજનોનાં અંતરમાં; અજવાળું થાય છે અને તેથી સંપ્રદાયનું સાચું જ્ઞાન પ્રાપ્ત કરવાને તેઓ શક્તિમાન બને છે. આ વસ્તુ એ કાળા મનના માનવીઓના ગળે ક્યાંથી ઊતરે? ખરેખર, કહેવત છે કે ચોરને અજવાળી રાત ગમતી નથી, વારાંગના સ્ત્રીને સતીની વાતો સાંભળવામાં સૂગ આવે છે તેમજ ઘુવડ તથા વાગોળ અને ચામાચીડિયાંને સૂર્યનો પ્રકાશ ગમતો

નથી. વળી જુવાસના છોડને સઘનઘનની મેઘગર્જનાયુક્ત વરસાદ પણ સારો લાગતો નથી. આજ પ્રમાણે આ પામર માનવીઓ, અનંત, અપાર જ્ઞાનકિરણોથી ભરપૂર પરમ જ્ઞાનના પ્રકાશથી અંજાઈ જઈ ઘુવડ જેવા બની જાય છે! બનવાજોગ છે કે પાપપંકમાં ખૂંતી ગયેલા એ અલ્પ પ્રાણીઓને આ જ્ઞાનમય પ્રકાશ ન પણ પ્રાપ્ત થાય!!

**મોહનદાસજીઃ** ભગવાન કરૂણાસાગરે સ્વાચાર પત્રિકા યા શિક્ષાપત્રિકા કયા સમય પર રચેલી અને શા માટે? તે વિષે આપ ખુલાસો કરશો?

**સુખાનંદજીઃ** જી, હા. જરૂર, જાણું છું તે પ્રમાણે કહું છું તે સાંભળો. આપણા જ્ઞાન સંપ્રદાયના ગ્રંથો પૈકી 'અગાધ બોધ' નામના પુસ્તકમાં સ્વાચાર પત્રિકા વિષે પુષ્કળ પુરાવા છે. વળી આ અગાધબોધ નામના ગ્રંથની એક

હસ્તલીખિત નકલ સંવત્ ૧૮૮૨ ની સાલની સુરતજીલ્લામાં ઉમરા ગામે છે. તેમાં આ સ્વાચાર પત્રિકા વિષે લખાણુ છે. તે ઉપરથી સિદ્ધ થાય છે કે અગાધબોધ રચાતા પહેલાં સ્વાચાર પત્રિકા રચલી હોવી જોઈએ. એટલે આશરે સો વર્ષ પહેલાં આ સ્વાચાર પત્રિકા રચાયેલી હોવી જોઇએ. તેમાં લખેલું છે કેઃ—

'અમારા સાધુઓએ રંગેલું વસ્ત્ર પહેરવું, અંગ ઉપર અલ્લફી (સાદુ પહેરણુ) પહેરવી. રેશમી વસ્ત્ર તેમજ દરદાગીના ધારણ કરવા નહિ. કોઈ પણ સાધુએ બીજા સાધુની સોબત સિવાય ક્યાંય જવું નહિ. તેમજ મહંત, મહારાજ વા આચાર્ય એવી અથવા એવી જ જાતની બીજી કોઈ પદવી ધારણ કરવી નહિ. તેમાં ખુલાસો છે કે મારા બધા સાધુઓમાં ડાહ્યા ગણાતા હોય, જ્ઞાનમાં સમજ્યા હોય, મારાં સારધાર વચનો પાળતા હોય, એટલે કે રહેણીકહેણીમાં રહેતા હોય, તેમને મોટા

ગણવા અને બીજાઓએ મારા સમાન ગણી તેમનાં વચન પાળવાં.

અમારા સાધુઓએ સ્ત્રીઓનાં મુખ જોવાં નહિ. કદાચ કથા પ્રસંગે સ્ત્રીઓને કથા સાંભળવી હોય તો કથા કહેનારની પાછળ બેસીને સાંભળવી. તેમજ સત્કૈવલની આદ્ય લઇ નમસ્કાર કરે તો હાથ વડે ઝીલવા પણ મુખથી બોલવું નહિ. આ પ્રમાણે પરમગુરુની આજ્ઞા છે.

આ સિવાય આ સંબંધી બીજી કોઇ જાતની છૂટ મૂકેલી નથી. આવું સખત નિયમનું બંધારણ હોવાથી જ સારસાના મહારાજે આ સ્વાચાર પત્રિકાને અમારા ધર્મની નથી એમ જ જણાવ્યું છે. પરંતુ આ પત્રિકાના ભગવાન કરૂણાસાગરે પોતે જ પંથના નિયમો તથા રહેણીકરણી માટે રચેલી છે.

**મોહનદાસજીઃ** જયારે વડોદરા મુકામે સંવત્ ૧૯૮૧ ની સાલમાં તમારા ઉપર સારસાના મહારાજે તમે આ સ્વાચાર પત્રિકાને

અનુસરીને એક જાહેરાત કરેલી તેથી પોતાની આબરૂના બચાવ માટે ફોજદારી કરેલી તેમાં તેમણે પોતાની જુબાનીમાં જણાવેલું કે સ્વાચાર પત્રિકા નામનું પુસ્તક અમારા ધર્મનું નથી તેની સામે તમે શા પુરાવા રજુ કરેલા?

**સુખાનંદજી:** સને ૧૯૦૯-૧૦ ની સાલમાં સારસાના પટેલ રણછોડભાઈ તળશીભાઈએ સ્વાચાર પત્રિકા છપાયેલી તે સમયે સારસાની ગાદીએ કામચલાઉ મહંત દામોદરદાસજી નારાણદાસજી હતા તેમણે આ પત્રિકા છપાયાના સમાચાર જાણતાં જ મનાઈ હુકમ કઢાવવા જે અરજી કરેલી તેમાં જણાવેલું કે આ સ્વાચાર પત્રિકા માત્ર અમારી ગાદીના મહારાજને પોતાની પાસે રાખવા માટેની છે છપાવી જાહેર કરવાની નથી. એ સબંધમાં પાછળથી પરસ્પર માંડવાળ થયેલી તેની એક નકલ ખેડાની કોર્ટમાંથી લાવીને મેં રજુ કરેલી. બીજું મારા દરેક સાક્ષીઓ કહી

ગયેલા કે સ્વાચાર પત્રિકા એ અમારા ધર્મનું જ પુસ્તક છે.

**મોહનદાસજીઃ** ત્યાર પછી આ સંબંધમાં કંઈ ખાસ વાત જાણવા જેવી છે?

**સુખાનંદજીઃ** જી હા, જરૂર, છે. સારસાના મહંતને પદભ્રષ્ટ કરવા માટેનો દાવો જે હાલમાં પણ ચાલે છે તેમાં એક જુબાની એવી પડેલી છે કે જ્યારે વડોદરાનો કેસ ચાલુ હતો ત્યારે કદાચ હું મંદિરમાં જપ્તિ લાવી ને બધાં પુસ્તકો જપ્ત કરાવું તો તેમાંથી આ પત્રિકા નીકળી આવે. માટે મહંતે પોતેજ ચાર પુસ્તકોમાંથી આ પત્રિકાવાળો ભાગ એક સાધુ પાસે ફડાવી નંખાવેલો તે ફાડનારે પોતેજ આ જાતની જુબાની આપેલી છે.

આ ઉપરથી જણાશે કે આ પુસ્તક આપણા ધર્મનું હોવા છતાં પોતાની પર બંધન આવતાં હોવાથી જ સ્વાર્થીઓએ આનો બહિષ્કાર કરેલો છે.



શું જેમની ધૈર્યતા! શું જેમનું અચળ આસન! શું જેમનું
પરમ જ્ઞાન! શું જેમની મધુર વાણી! શું જેનું વિશાળ
હૃદય! આવા અનેક વિભૂસહ ભગવાન કરૂણાસાગર
બીરાજેલા છે.

# અનુપમ

૯૯ અને સ્થિર આસને બિરાજેલા, પરમજ્ઞાનના મહાસાગર, ધીરજ અને દયાના ભંડાર વિશાળ અંતઃકરણવાળા, અનેક રિદ્ધિ-સિદ્ધિઓના એકમાત્ર સ્વામી, જ્ઞાનદાન દેતી વખતે જાણે અમૃતનો સ્રોત વહાવતી હોય તેવી મધુર કોમળ વાણી, વચને વચને ગંભીર જ્ઞાન અને પરમપદના માર્ગદર્શનનું માહાત્મ્ય, સાગરોના મહાસાગર સમા ગંભીર, દીનવત્સલ ભક્તોના જન્મભયહારક ભગવાન, અનેકોના નાથ, ભક્તજનોના એકમાત્ર આરાધ્ય, ઇષ્ટ ચિંતનના એકજ આદર્શ, એવા અનુપમ પરમ કૃપાળુ દયાસાગર ભગવાન કરુણાસાગરનો સદા કાળ જય જયકાર હો !

# તપસ્વી રઘુવીર

આગળના ચિત્રમાં જોયું તેમ ભગવાન કરુણાસાગરની કૃપા પ્રાપ્ત કરી પરમપદનો માર્ગ મેળવવા માત્ર યતિ-સંન્યાસીઓ જ આતુર રહેતા એવું નહતું, પરંતુ અન્ય સાધુ સંતો પણ તે મહાન પ્રભુનું શરણ શોધતા. એવાજ એક સાધુ મહાવીર તપસ્વી રઘુવીર પણ હતા. તેમને પણ પરમજ્ઞાનની લગની લાગેલી, તેઓ પણ મોક્ષ માર્ગના મુમુક્ષુ હતા એટલે "જે જેવું શોધે તેને તેવું મળે" એ ન્યાયે આ તપસ્વી રઘુવીરની પણ, પરમગુરુ પામવાની ઇચ્છા પ્રબળ થઈ આવતાં તેમણે ધ્યાન-ધારણા-સમાધિથી પણ શ્રેષ્ઠ એવી ઉપાસના આરંભી અને "કોઈનો પણ પ્રયત્ન પ્રભુ વ્યર્થ જવા દેતા નથી" એ ન્યાયે તેમને પણ તેઓ જે વસ્તુના ઇચ્છુક હતા તે તેમને પ્રાપ્ત થયું. ધન્ય ભગવાન! તમારી કૃપા! તમારી દયાના ઓઘ વરસતાં કોણ શાંતિ પામી પરમ સુખ અનુભવતું નથી!



મહાવિર તપસ્વિ રઘુવીર તે પરમ ગુરૂની ઉપાસના કરતા દેખાય



પોતાના સહકુટુંબને પરમ ગુરૂની ઉપાસના ભણાવતા દેખાય છે તે મા. અમૃતલાલ.

# મા. અમૃતલાલ તેમના કુટુંબને ઉપદેશ દે છે

આજે ભગવાન કરુણાસાગરની યશઃ પતાકા જગવિખ્યાત છે. અનેક જિજ્ઞાસુ મુમુક્ષુઓ તે ભગવાનનો જ્ઞાનોપદેશ પ્રાપ્ત કરી કૃતાર્થ થયા છે, એવાજ જ્ઞાનામૃતને પ્રાપ્ત થયેલા મા. અમૃતલાલ એ જ્ઞાનનો ઉપભોગ પોતે એકલા જ નથી કરતા, પરંતુ પોતે પ્રાપ્ત કરેલું પોતાનાં કુટુંબીજનોને પણ આપે છે.

આ ચિત્રમાં તેઓ પોતાનાં સ્વકીય મંડળને જ્ઞાનદાન દઈ રહ્યા છે !

આવો જ્ઞાનદાનનો પ્રચાર ઘરે ઘર થાય તો અજ્ઞાનઅંધકાર નાશ પામી સર્વત્ર પૂર્ણ પ્રકાશ પથરાય અને દુઃખમાત્રની આત્યંતિકી નિવૃત્તિ થાય !

## ભગવાન કરુણાસાગરના કૃપાપાત્ર શિષ્યો કવિ છોટમ અને ઇનામદાર ભિખુભાઉ

આજે લોકોમાં એવી વદંતા ચાલે છે કે કવિ છોટમે નર્મદા કિનારે વસતા એક સંન્યાસી પાસે ગુરુદીક્ષા લીધેલી, પરંતુ એ કથન તદ્દન ખોટું હોઈને સત્યથી વેગળું છે. કારણ કે કવિ છોટમ પોતે બ્રાહ્મણ–નાગર કોમના હતા, અને પૂજ્ય અચરતબાના સંબંધમાં બન્યું હતું તેમ, ક્ષત્રિયકુળમાં ઉછરેલ વ્યક્તિ બ્રાહ્મણ જાતિના ગુરુ કેમ જ હોઈ શકે ? એવો વિરોધાભાસ તેમની હયાતી બાદ તેમના સગા ભાઈ મંજલાલ શાસ્ત્રીએ ઉઠાવેલો. અને એના સમર્થનમાં તેમણે જ્યાં જ્યાં કવિ છોટમે ભગવાન કરુણાસાગરને ઉદ્દેશી સ્તુતિ–પ્રાર્થના લખેલી તેવે તેવે સ્થળેથી–તેવાં ભજનો પદોમાંથી તેમણે તે તે ભાગ પોતાની મનફાવતી રીતે



પરમભક્ત ભાખુભાઉ કવિ છોટમ

આ બન્ને ગ્રંથો વિષે સતસંગ વિનોદ કરતા દેખાય છે.

ગોઠવી કાઢેલો અને આને પરિણામે પાછળથી ઉપર જણાવ્યા મુજબની કિંવદંતી ચાલુ થયેલી; પરંતુ નીચેનું પદ વાંચનારને ખાત્રી થશે કે કવિ છોટમ ભગવાન કરુણાસાગરના જ એક કૃપાપાત્ર શિષ્ય હતા:

મરમ લહે નહીં મંદમતિરે. ઓળખે અક્કલવંત;
છોટમ કુવેર કિરપાથકી, ઉઘડે નેત્ર અનંત

વળી છોટમ કવિએ રચેલા મહિનામાં પણ એણે અંતે ગાયું છે કે

એ કરતા ઓળખ્યા વિનારે. સહુ આળ પંપાળ;
જન છોટમ તે જીવની, ન ટળે જનમ જંજાળ.

આ ઉપરાંત એક આરતીમાં કવિ છોટમે ગાયું છે કે

આરતી કરૂં પરમ કુવેર, ટાળ્યા ભવફેર;
અજ્ઞાને અંધેર, પરમ ગુરુની આરતી.

× × ×

અતિ અગાધ છે પરમ ગુરુ,
કહીએ અલ્પ ઉપમાય રે,
જન છોટમ આ જગતમાંરે,
શ્રીમત કુવેરસમોવડ નહીં કોય,
આરતી કરૂં ગુરુ પરમ કુવેર,
ટળ્યા ભવફેર અજ્ઞાન અંધેર પરમ.

માત્ર આટલાં વચનો પરથી જ વાચકને ખાત્રી થશે કે કવિ છોટમ ભગવાન કરુણાસાગરના એક કૃપાપાત્ર શિષ્ય હતા. વળી પોતે ગૃહસ્થાશ્રમી છતાં ભગવાન કરુણાસાગરની સાથે જ રહેતા. અને જ્યારે તેમને પોતાનો અંતકાળ સમીપ આવેલો જણાયો ત્યારે તેઓ, એક ત્યાગી પાસે પોતાની સેવા-ચાકરી ન કરાવવી પડે માટે પોતાને ઘેર ચાલી ગયેલા. એજ કવિ છોટમ આ ચિત્રમાં ભગવાન કરુણાસાગર પાસેથી ઉપદેશ પામતા નજરે પડે છે.

ત્યારે આ ચિત્રમાં આ બીજી વ્યક્તિ કોણ છે, તે વિષે હવે કહું. એ છે નવસારી પ્રાંતના ગાયકવાડ સરકારના તે સમયના ઇનામદાર ભિખુભાઉ.

ભિખુભાઉ નવસારી પ્રાંતના, ગાયકવાડ સરકારને મહેસૂલ ઉઘરાવી આપનાર ઇનામદાર હોઈને તે સમયના ગાયકવાડ સરકારના એક સ્તંભરૂપ હતા. તેમનું મુખ્ય મથક કિલ્લે સોનગઢ વ્યારામાં હતું.

ભગવાન કરુણાસાગર આ અવનિ પરનાં પામર માનવીઓને ઉપદેશ આપતા આપતા પર્યટન કરતા વ્યારા ગયેલા. ત્યારે તેમના ભાઈ રામભાઉને ભગવાન કરુણાસાગરની અલૌકિક્તા અને મહત્તા વિષે સઘળી વાત કરી એટલે આવી વિરલ વિભૂતિનો દર્શન—સત્સંગનો લાભ પોતાને પણ પ્રાપ્ત થાય એવી ઇચ્છાથી તેઓ

પણ ભગવાન કરુણાસાગરને શરણે ગયેલા. અને તેમના કૃપાપાત્ર શિષ્ય થયેલા. ત્યારથી તેમને ભગવાન કરુણાસાગરનીજ લગની લાગેલી. તેથી કરીને તેઓ જીવનના અંતપર્યંત ભગવાન કરુ-ણાસાગર સાથે જ રહેલા.તેમણે ભગવાન કરુ-ણાસાગરના ઉપદેશગ્રંથો મરાઠીમાં ઉતારેલા છે.

# આ ગ્રંથનો નિત્યપાઠ શા માટે કરવો ?

કાયમપંથી બંધુઓ ! આ ગ્રંથનો નિત્ય-પાઠ શા માટે કરવો એનાં કારણો આ નીચે જુઓ:

સત્ય અને પરમજ્ઞાન પામવું હોય તો પુસ્તક વાંચો;

નીતિ, નિયમ અને ન્યાયનું અનુસરણ શીખવું હોય તો આ ગ્રંથનું સેવન કરો;

આ શરીરમાં રહેલી ઇંદ્રિયોનું જ્ઞાન મેળવવું હોય તો આ ગ્રંથ વાંચો;

પંચભૌતિક દેહમાં રહેલી ઇંદ્રિયો એટલે શું અને તેના દ્વારા શાની પ્રાપ્તિ થશે, એ સમજવું હોય તો ગ્રંથનું અધ્યયન કરો;

વળી શરીરમાં કયાં કયાં તત્ત્વો શું શું કામ કરે છે અને એ ક્રિયા શાથી થાય છે એ

જાણવાની જિજ્ઞાસા હોય તો આ ગ્રંથનો સાંગોપાંગ અભ્યાસ કરો;

પરમ વિભુની પ્રાપ્તિનો માર્ગ મેળવવો હોય તો આ ગ્રંથ વાંચો;

આલોક તેમજ પરલોકમાં જવા માટેની સીડીનાં સાચાં પગથિયાં ઓળખવાં હોય તો આ ગ્રંથના એકે એક પૃષ્ઠને વાંચી જાઓ;

ભારતવર્ષના વિવિધ ગ્રંથોનું દોહન જોઇતું હોય તો આ ગ્રંથમાંથી મળશે;

તમારા જન્મદાતા જગન્નિયંતા પરમ પ્રભુને ઓળખવા હોય તો આ ગ્રંથના શબ્દે શબ્દનું મનન કરજો;

ધ્યાન એટલે શું, ભજન શું છે, જ્ઞાન કોને કહે છે, એ બધાની સાચી ઓળખ કરવી હોય તો આ ગ્રંથનો નિત્ય પ્રાપ્તિ પાઠ કરો.

કૈવલ અને તેના અંશનો સાક્ષાત અનુભવ

મેળવવો હોય તો આ ગ્રંથના પઠન–પાઠનથી તમને તે પ્રાપ્ત થશે.

પાપમુક્ત થવા માટે પ્રાયશ્ચિત્તનું ઝરણું પ્રાપ્ત કરવું હોય તો આ ગ્રંથના સાચા સારને ગ્રહણ કરો.

ભગવાન કરુણાસાગર સાથે ચિત્ત જોડવામાં આ ગ્રંથ તમને સાચો સહાયક થઈ પડશે.

આ ગ્રંથ તમારા ચિત્તને શાની કરશે, પરમપતિ સકર્તા સત્કૈવલ્ય પ્રતિ તમારું ચિત્ત ચોંટશે; તેમજ તમારાં ગાત્રો અને ઇંદ્રિયોને પાણી પાણી કરી મૂકશે.

આ ગ્રંથ તમને શરીરમાં રહેલાં સઘળાં તત્ત્વોનું જ્ઞાન આપશે.

વળી મરણકાળે મનુષ્યની કેવી સ્થિતિ હોવી જોઈએ તે જાણવું હોય તો આ ગ્રંથમાંથી મળી આવશે;

ભવસાગરમાં ભૂલા પડી પાપપુણ્યના સોદા

ફરી ભાવટમાં ભટકો છો તેમાંથી મુક્ત થવા માટે આ ગ્રંથનું મનન કરો;

મહાપુરુષો, યોગીઓ, તપસ્વીઓ વગેરે જેમને મેળવવા માટે રાતદિવસ પરિશ્રમ સેવે છે છતાં તેમને તે પતિ મળતા નથી એવા પણ ગ્રંથનો આશ્રય લેનાર આ સકર્તા આ ગ્રંથનો નિત્યપાઠ કરનાર પ્રાપ્ત કરી શકે છે.

આ શરીરના સ્વામીને ઓળખવો હોય તો આ ગ્રંથનું ગાન કરો;

વર્તમાનયુગના ઢોંગી ગુરુઓથી બચવું હોય તો આ ગ્રંથનો નિત્યનિયમપૂર્વક અભ્યાસ કરવો.

મઠ–મંદિરોના મહંતો અને સંપ્રદાયના સાધુઓની ખરી લીલા જાણવી હોય તો તેમને આ ગ્રંથ આપશો;

આ ગ્રંથ તમારા અંતરનાં કમાડ ખોલી નાખશે; તમારા જન્મસાફલ્યનો સાચો રાહ

દર્શાવશે; તમને પરમપદના અધિકારી બનાવશે;

આ જમાનાના ગુરુની આગળ દીનભાવે યાચના કરવા છતાં જે જ્ઞાન તમને નથી મળતું તે તમને આ ગ્રંથમાંથી મળશે;

જીંદગીનું સાર્થક કરવા માટે આ ગ્રંથ વાંચો;

આ ગ્રંથ તમને મૃત–સંજીવિની વિદ્યા આપશે;

આ ગ્રંથમાંથી દેવ–દાનવ અને માનવીની ગતિનું જ્ઞાન પ્રાપ્ત થશે;

વળી એકાન્તે બેસી શું ધ્યાન કરવું તેની સમજ તમને આ ગ્રંથ આપશે;

ભજન કરવાથી, મંત્ર જપવાથી, જે પાપો ભસ્મીભૂત થતાં નથી તે આ ગ્રંથના નિત્ય સેવનથી નાશ પામે છે.

અષ્ટાંગયોગ અને સમાધિ સાધનાર જે મનોનિગ્રહ કરવાને નિષ્ફળ નીવડે છે તેને આ

ગ્રંથના પઠન–પાઠનથી ચિત્તનિગ્રહનું જ્ઞાન પ્રાપ્ત થાય છે.

પોતાની આસપાસ માણસોની મેદની છતાં પોતે જાણે એકાન્તે બેઠા હોય તેવો અનુભવ કરવા માટે આ ગ્રંથને તમારા અંતરમાં ઉતારો; તેમ જ ઘોર અરણ્યમાં છતાં જાણે હજારો માણસોની વચ્ચે ઊભા રહેવાનો અનુભવ પ્રાપ્ત કરવા માટે આ ગ્રંથ તમને કળ–કૂંચીઓ બતાવશે.

પરમગુરુની સાચી ઓળખ મેળવવા માટે આ ગ્રંથને અનુસરે;

આવા મહાન ગ્રંથનો નિત્યપાઠ કરનારની પાસે યમદૂતો જઇ શકતા નથી.

સારાંશ કે, જેણે આ ગ્રંથનો નિત્યપાઠ કર્યો છે, એમાંનું અનુભવજ્ઞાન મેળવ્યું છે, અને એમાં તન્મય થયો છે તેનો જન્મ સફળ થાય છે.

## સકર્તા સત કૈવલના પરમ વિષેસ અંશ પરમ ગુરૂ ભગવાન કરૂણાસાગરની

# યજન ભજન વિધિ

( પંચમ સ્વસંવેદમાંથી )

હે અંશ ! તું તારા સ્વદેહ સ્વરૂપને ભૂલ્યો એ કારણને લીધે પ્રથમ જે ઘરથી તું આ બાજુ આવ્યો તે ઘર હવે તું પ્રાપ્ત કરી શકીશ નહિ. કદાચ આ નિજઘરની પ્રાપ્તિ અર્થે આપનપુ જાણ-વાની ઈચ્છા કોઈ કરે તો નિજ સદ્દગુરૂનો સંગ વા મેળાપ કરવો; એજ ભવસાગર

તરવાની તરણી (હોડિ) બતાવશે. (૪૫)

હે અંશ ! તું પોતે શુદ્ધ ચૈતન્ય છે એવો ભાવ ભરી સરલતાપૂર્વક મુમુક્ષુ ભાવે તારાં તનમન પરમગુરૂના ચરણમાં અર્પણ કરજે. વળી બન્ને હાથ જોડી, અહો ! હે નાથ ! તમો કિરતાર જેવા છો એમ માની હું આપના ચરણમાં આવ્યો છું તો, હે સ્વામી ! દયાભરી કૃપાળુ દૃષ્ટિએ હું પતિતની સામું જુઓ એમ કહી કલ્યાણની માગણી કરજે. (૪૬)

હે કૈવલના ભગવતિજન ! તને પોતાને પરમપદ પામવાની ઇચ્છા હોય તો તું સર્વાંગે બાળકના જેવી દશાવાળો થજે અને અતિ કોમળ શીતળતાવાળાં વચન બોલી કહેજો કે, હે ગુરૂદેવ ! પાહી પાહી એટલે હું પતિતને આપ પાવન કરી બચાવો. આપના ચરણ-કમળમાં મારા અનેકવાર પ્રણામ છે.

વળી આપ સર્વથા જયરૂપ છો. હે ગુરૂદેવ! આપ પરમપદના નિદાનરૂપ હોઈ સદા સર્વદા જયરૂપે છો, આ કારણને લીધે હે પરમ દયાના સાગર! મને ઘોર અજ્ઞાનના ત્રાસદાયક ફાંદામાંથી મુક્ત કરો. આ ભવસાગરમાં ડૂબતા અંશને આપ સિવાય કોણ બચાવી શકશે.! (૪૭)

હે પરમગુરૂ! આપ પોતે સર્વ દેવોના દેવરૂપ હોઈ હે પરમકૃપાળુ! હે દયાના સાગર! તમારા સિવાય સહાય કરનાર ચૌદલોકમાં આ બાજુ અને તે બાજુ કોઈ નથી. (૪૮)

હે પરમકૃપાળુ પરમગુરૂદેવ! આપ પોતે કહી ગયા છો કે અંશોનું સ્વરૂપ પંચભૌતિક શરીરોથી પર આવેલું છે તો તે સંબંધી ગમ અને સ્વરૂપપ્રાપ્તિનો સાક્ષાત્કાર કેવી રીતે કરવો તે

સંબંધીનો લક્ષ મારા ઉપર કરૂણા-દૃષ્ટિ પ્રસારીને જેમ છે તેમ દર્શાવશો. વળી નિજઘરના નિવાસી સકર્તા સતકેવલ કે જેનું તમો અઢળક વર્ણન કરી ગયા છો તે ઘરનો લક્ષ દયાભરી નજરે બતાવશો. જે ઘરથી હું આ બાજુ આવ્યો છું તે ઘરની પ્રાપ્તિ માટે મારા ઉપર, હે અનંત દયાળુ! દયા કરજો. (૪૯)

હે કેવલના અંશ! આ ઉપર પ્રમાણે ગુરૂના પદરૂપ ચરણકમળમાં મજબૂત પ્રેમને ધારણ કરીને સ્તુતિ કરજે. આ પ્રમાણે સ્તુતિ કરતાં જો ગુરૂદેવની રીઝ થાય તો અગમ્ય ગમ-ગતિના તેઓશ્રી મહાન દાતાર છે એટલે તેઓ આ લક્ષ આપીને જરૂરથી તને સુખશાન્તિરૂપ પરમપદની પ્રાપ્તિ કરાવશે. (૫૦)

## પરમગુરૂનું વચન

ઉપર પ્રમાણે શિષ્યનાં મધુર વચન સાંભળી સર્વજ્ઞ પરમગુરૂ વદે છે તે સાંભળો. હે ભગવતિજન! તું જે પદ પામવાની ઈચ્છા કરે છે તે પદરૂપ નિજઘર પક્ષરહિત હોઈ સર્વ સિદ્ધાન્તના સારરૂપ છે. આ સિવાય જેટલા જેટલા પક્ષ છે તે આ બાજુના હોઈ નિજઘરના લક્ષમાં રેખમાત્ર ઘટતા નથી. નિજઘરના પરમ લક્ષ સંબંધી જે પક્ષ જેમ છે તેમ સમજાવવા તથા તેને લગતી ઉપાસના કરાવવા ભગવાન કરૂણાસાગર કહે છે તે સાંભળો. (૫૧)

હે અંશ! આ જગતભરના કૈવલપદ પામવાની ઉપાસના કરતા હોય એવા ચાતકવૃત્તિના ભગવતિજનોનાં લક્ષણ અને ચલણ કેવાં હોવાં જોઈએ તેનો

હું પ્રકાશ કરીને કહું છું તે સાંભળો. ખરૂં છે કે સકર્તા સતકૈવલના ધામની અતિ અગમ્ય ગતિનું વર્ણન સુગમ રીતે થઈ શકે તેમ નથી. એટલા જ માટે કહું છું કે આ પરમપદ પ્રાપ્તિની ઈચ્છાવાળો ભગવતિજન ત્રણ ગુણ, શક્તિ અને જ્યોતિ નારાયણ વગેરેના પદની પ્રાપ્તિઅર્થે કદીયે અટકશે નહિ. (પર)

હે કરૂણેશના અંશ! ચૌદ લોકમાં વસતા સર્વ દેવો પતિપક્ષની ઉપાસના આગળ ક્ષુદ્ર છે. આ ક્ષુદ્ર દેવોની ઉપાસના કરનાર જે જે કોઈઉપાસક હશે તે અલ્પજ્ઞાનને જાણનારા અલ્પજ્ઞ છે. વળી અંશને લપટાયેલાં પાંચે શરીરો પ્રપંચથી ભરેલાં હોઈ જે જે અંશો આ શરીરના સંગમાં રહ્યા છે તે બધાય અંશોને આ શરીરનો અહમેવ રહે

છે; માટે આ દેહવડે આ લોકથી તે પરલોક સુધી જે જે પ્રાપ્ત કર્યું છે તે તે તમામ પરમપદની પ્રાપ્તિમાં રેખમાત્ર કામ આવશે નહિ. (૫૩)

હે કરૂણેશના અંશ! નિજ કૈવલક-ર્તાના જે અંશ તેજ તું આપનપુરૂપ પોતે છે. આ સ્વરૂપની સંપૂર્ણ પ્રાપ્તિ કરવી હોય તો તારા ઉરમાં અગણિત યુગોથી તે આજ સુધી જે જે કંઈ કર્મકાંડ ભર્યું છે તે તે તમામને કાઢી નાખ. જ્યાંસુધી કર્મકાંડરૂપ વાસનાનો પદાર્થ ભર્યો હશે ત્યાંસુધી તેટલો નીકળશે. આમ શરીરનું શોધન કરતાં વાસનાનો મળ નીકળતો જશે ત્યારે અજરામર વસ્તુનો લક્ષ પ્રાપ્ત થશે. આ લક્ષ અજરામર છે એટલે નીકળી જશે નહિ કારણકે અચળ છે. વળી આ મુદ્દારૂપ લક્ષ્યબિંદુમાં રેખમાત્ર

ચલિતપણું નથી એજ તારૂં સ્વરૂપ છે એમ માનજો. ( આ ઉત્તમવસ્તુ સાંપડે તેમાં, હે અંશ! તું દરકાર કરતો નથી અને ચલિત ધર્મ એટલે કે થોડા દિવસમાં નાશ થવાનો છે તેમાં તું શોધન કરે છે. ભલા! જો તો ખરો. આમ ફુશકા ફેંદવાથી હાથમાં શું આવવાનું છે? આ શરીરમાંથી પ્રાણ સાથે જે અજંપો આવે છે એ બધાય અજંપા ચૌદલોકનાં ખાંડાંમેડાં દેવતાઈ ઠીકરાં ખરીદનારા છે, માટે આ વાસનાની સામે થા. અડગ નિશ્ચય રાખીને મજબૂત થા. રેખમાત્ર તારા અંતરૂપટમાંથી નીકળી બહાર જઈશ નહિ. બ્રહ્મા, ઈંદ્ર, વરૂણ, દેવતાઓનો ખજાનચી તથા શિવ વિષ્ણુની આદ્ય લઈ મહામાયારૂપ શક્તિ તથા આદિપુરૂષ નિરંજન. આ બધાય ભેગા થઈ કદાચ

તારે આંગણે આવે અને કહે કે આ ચૌદલોકનું શહેનશાહીપદ તને આપીએ છીએ, એમ કહે તોપણ તું તેના સામું જોઈશ નહિ. તારા સ્વસ્વરૂપના જ્ઞાન સંબંધી રેખમાત્ર ચુકાદો તેમના તરફથી મળશે નહિ; માટે પાછો વળ. દેહથી ઉપરાંત થા. અંતર્પટમાં જા. નિર્હંગ પ્રણવમાં રસબસ થઈ જા. ત્યાં તને તારા મૂળ અંકુરનો ભાસ થશે. આ પ્રણવ કોઈ કાળે મહદ્બ્રહ્મની સાથે એકમેક થાય તો એકમેક થતાની સાથેજ તત્કાળ તને કૈવલને ખોળે બેસવાનું મળશે. આથી વધારે અહોભાગ્ય ક્યાંથી હોય ? જ્યારે આ પ્રમાણે થતાં અને તે પ્રમાણે કરતાં કૈવલ નજીક જવાય છે ત્યારે મંત્રતંત્રના ધાગા ધૂંટાધૂટ કરવાથી શો ફાયદો છે ? કદાચ મજબૂત ચાદર ઓઢીને ધ્યાન ધરવા

એસો તો એથી કેવલ ક્યાં જઉ તેમ છે ? કેવલનું શોધન એ પુરૂષો કરી શકશે જે પુરૂષો રોમેરોમ જ્ઞાનમાં જાગ્રત છે અને સતત પરમદયાળુભગવાન કરૂણાસાગરના ગ્રંથની ખોજ કરનારા છે. તેજ આ મહાન દીર્ઘ કેવલપદની પ્રાપ્તિ કરી શકે, સિવાય આ બાજુના ઢીંગલાઢીંગલી રમાડનારાઓને તથા મોટા પુરૂષોના નામે હાથ લાંબા કરીને માગનારાઓને તથા તેમના નામપર મોટાં મોટાં મંદિરોની જગ્યા, જાગીરી કે જમીન વગેરેનો જમાવ કરનારા-ઓથી સકર્તા સતકેવલનું પદ ખર્વનિ-ખર્વ માઇલ દૂર છે ). જો તમો ગુરૂના ચરણકમળમાં આવો તો આ પરમલક્ષ સદ્‌ગુરૂ સમજાવશે. (૫૪)

હે અંશ ! કોઇ ભગવતિજન પરમ-ગુરૂના ચરણરૂપ કમળમાં ચિત્તવૃત્તિનો

નિગ્રહ કરી સદ્દગુરૂએ આપેલા લક્ષનું લક્ષપૂર્વક ધ્યાન ધરે તો કલ્યાણનો માર્ગ નજીક છે એમ જાણવું. વળી કહું છું કે સંદેહ રાખ્યા સિવાય આ લક્ષનો જાપ જપતાં જપતાં પરમગતિની પ્રાપ્તિ થશે અને છેવટે કૈવલમોક્ષ મળશે. પરમગુરૂના સમજાવ્યા મુજબ ભાલતિલક કે જેનો સબંધ સકર્તા સતકૈવલના પદ સાથે જોડાયેલો છે તે સંબંધી શ્વસંવેદમાંથી સંપૂર્ણ ખુલાસો કરેલો છે છતાં સ્પષ્ટ વાત કરૂં છું તે સાંભળો. (૫૫)

હે અંશ! ભાલતિલક સમજવું અને લક્ષમાં લેવું મુશ્કેલ છે, કારણકે તેનું સ્વરૂપ અકળ અને અનુપમ છે. તથાપિ, હે અંશ! તને સમજાવું છું કે તું પોતે અણિઅગ્રરૂપ હોઈ અણિયાળી ગતિવાળો છે. આજ ન્યાયે

ભાલતિલક જે કરવાનું કહું છું તે તારા મૂળ સ્વરૂપના નમુના મુજબ છે એમ માનજો. આ તિલકના નમુના ઉપરથી તમો તમારા અંતરસ્વરૂપની ખોજ કરજો. તમારી ગતિ તે પણ અણિયાળી છે. સ્થૂલદેહથી લઈ પરમ કારણદેહ સુધીની તત્ત્વસામગ્રીની રચના તે પણ અણિયાળી છે. અર્થાત્ અસંખ્યલોકની રચના તથા તબક્કા તબક્કાઓ મહીમંડ–ઈંડ પર્યંત અ બધાય અણિયાળી લક્ષણાએ ગોઠવાયેલ છે. માટે હે અંશ ! તું તારા અંતરપટમ એકાંતવાસ કર અને હૃદયકમળમ રહેલાં ચારે અંતઃકરણ તપાસીને જે તો જરૂરથી દેખાશે કે આ પણ અણિ યાળાં છે. આ અણિયાળાં અંતઃકરણ વડે આ પંચભૌતિક દેહો તથા તે લગતી અવસ્થાઓ તારા અંતરપટન

તર્કવડે નિહાળી નિહાળીને જો. આ પ્રમાણેનો અભ્યાસ જેમ જેમ કરતા જશો તેમ તેમ અંતઃકરણની પકડ છૂટતી જશે. જ્યારે અંતઃકરણની પકડ છૂટી જાય છે ત્યારે ચિત્ત નિવૃત્તિ પામે છે. આ નિવૃત્તિ પામેલું ચિત્ત અવસ્થાઓમાં શું શું પરિવર્તન થાય છે તે તાદૃશ્ય જુએ છે. તેમાં તેને નિત્ય અનિત્ય દેખાય છે. આમ કરતાં અનિત્ય વસ્તુઓ છૂટી જશે અને નિત્ય વસ્તુની પ્રાપ્તિમાં વધારો થશે. આમ કરતાં છેવટે લક્ષમાં બળ વધી જાય છે, કારણ કે જે કોઈ માણસ કંઈ પણ કરતો નથી તે માણસનો લક્ષ અનેક પદાર્થ-પ્રાપ્તિની પાછળ રોકાયો છે, ત્યારે આ અંતરપટના હિમાયતીનો લક્ષ માત્ર હૃદયકમળમાં સ્થિર છે અને એક છે. જેમ ઘણા તાંતણા મળીને કોઈ

ભારે વસ્તુને ખેંચી શકે છે તેમ સંસારભરના પદાર્થો ઉપર વિધ વિધ પ્રકારે પડેલી ચિત્તવૃત્તિઓને પાછી ખેંચી લાવી એક જ સ્થાનમાં જમાવ કરવાથી પરિણામે આ ચિત્તવૃત્તિઓમાં ખુબ બળ વધી જાય છે. આ વધી ગયેલા બળનો ઉપયોગ અવસ્થાની સામે કરવાનો છે, કારણ કે કયા કયા વખતે કયી કયી અવસ્થાનું પરિવર્તન થાય છે તે અંતર્લક્ષ સાચવનારે સુષુપ્તિઆદિ અવસ્થાને વર્તવા દેવી ન જોઈએ; કારણ કે આ અવસ્થા જાગ્રત આદિ દરેક અવસ્થાને દબાવી દે છે. આ સ્થાને બળવાન કરેલો લક્ષ મજબૂત રાખવો જે અવસ્થા ડગાવી શકે નહિ. વળી સુષુપ્તિ–અવસ્થાના અંતરપટમાં બહેરશૂન્ય રહેલું છે માટે આ અવસ્થાથી સાવધ રહેજો; કારણ કે

ભલભલાઓને પાછા પાડનાર આ અવસ્થા છે એટલે કે સુષુપ્તિ-અવસ્થા ઉપર સતત અભ્યાસે જીત મેળવી શકશો. કદાચ સદ્‌ગુરૂની મદદે અને તમારા અભ્યાસે બહેરશુન્યસમ સુષુપ્તિ અવસ્થાને જીતી શકો તો તુર્યાવસ્થાનું ઘર આ અવસ્થા નજીક છે; જો કે તુર્યાનો પટ પામતાં દરેક વસ્તુની જાણ વિસારે પડે છે. વળી સુષુપ્તિ અવસ્થા કરતાં તુર્યાવસ્થા કરતાં હજારોઘણી બળવાન છે. માત્ર ફેર એટલો જ છે કે સુષુપ્તિમાં જડતા છે અને તુર્યામાં જ્ઞાન છે તથાપિ આ બન્ને અવસ્થાનું આલોચન જાગ્રત-અવસ્થામાં થાય છે. આ જાગ્રત-અવસ્થા કરતાં સુષુપ્તિ-અવસ્થા અતિ બળવાન છે, એથીજ ભલભલા જાગ્રત-અવસ્થા ભોગવનારાઓને આ સુષુપ્તિ-અવસ્થાએ ઢાળી પાડયા છે પણ ઉપર કહેલા બળ-

વાન લક્ષણવાળાઓ આ અવસ્થાની સામા થઈ શકે છે. હે અંશ ! આ વર્ગ અભ્યાસીનો છે માટે તું અભ્યાસ કર. આમ અભ્યાસ કરતાં છેવટે અવસ્થાઓનાં ગાત્રો નરમ પડશે એટલે પ્રાણમાં સ્વયં ધીમે ધીમે સ્થિરતા આવી જશે, એટલે કે અવસ્થાઓ અને અંતઃકરણો એકમુખી ક્રિયાવાળાં થાય ત્યારે પ્રાણમાં શબ્દ આદિ ધ્વનિ ઊઠતો નથી એટલે કોઈનું આલોચન કરવા ચિત્ત મંજુર કરતું નથી. આ સ્થાને આ પ્રકારે ચિત્ત નિવૃત્તિ પામ્યું છે એમ માનવું. ચિત્ત નિવૃત્તિ પામતાં પ્રણવ નિઃસંસર્ગી થાય છે. આ પ્રાણ આ સમય પર એક અદ્વૈત ગણાય, કારણ કે ચિત્ત સિવાય બાવન અક્ષર પૈકી એક પણ અક્ષર ઊઠતો નથી. ચિત્તજ અક્ષરોની માળાને ઉત્પન્ન કરનાર

છે. ઉત્પન્ન કરનાર ચિત્ત નિવૃત્ત દશાને પામે ત્યારે પ્રણવ નિહંગ થાય છે. નિહંગ પ્રણવનો અર્થ એ થાય છે કે પ્રણવની ગતિ ધીમે ધીમે ગમન કરવાની હતી તે ઓછી થઈ જાય છે. જ્યારે સંપૂર્ણ ઓછી થાય ત્યારે પ્રણવ પોતાના ઘરમાં જાય. આ પોતાના ઘરમાં ગયેલો પ્રણવ એજ શુદ્ધ નિહંગ છે. આ સ્થાને શબ્દ આદિ રચના રહેવા પામતી નથી અને પ્રણવમાં નીચેનાં તત્ત્વો સંબંધી કોઈ જાતનો વિકાર રહેવા પામતો નથી, તેવા સમયનો શુદ્ધ પ્રણવ બ્રહ્મની સાથે રસબસ થઈ રહે છે. જે પ્રણવ બ્રહ્મની સાથે રસબસ રહ્યો એજ અંશનું ઘર છે. આ ઘરનું નામ શુદ્ધ અહંગ શરીર સ્વયમેય અંશ અને બ્રહ્મ અધિષ્ઠાન સર્વથા એકમેક રહે છે. આ સ્થિતિ વિદેહમુક્ત જીવનોથી

અધિક છે. આનુંજ નામ મોક્ષ. આ અંશ સ્વરૂપે થયો ગણાય. આ સ્વરૂપ પ્રાપ્ત કરવું સદ્‌ગુરૂને હાથ છે. માટે હે અંશ! સર્વદા નિરંતર અભ્યાસી થા અને તારા પતિ તરફ દૃષ્ટિ રાખીને અમરમંત્રનો જાપ જપ. (૫૬)

હે અંશ! તારૂં મૂળસ્વરૂપ ભાલતિલકરૂપ છે. આ તિલકની નિશાની જે કોઇ ભગવતિજનના અંતરપટમાં સંપૂર્ણ છે એજ ભગવતિજન સકર્તા સતકૈવલની ભક્તિને જાણી શકશે. આ ભાલતિલક સંબંધીનો લક્ષ ચારવેદની ગતિથી પર આવેલો છે. વળી તિલકના દૃઢ નિશ્ચયાત્મક સ્વરૂપની સ્થિતિ લક્ષપક્ષથી રહિત છે. આ વિષયના ભેદની ખબર વેદને પણ નથી. જે કોઇ ભગવતિજને આ ભાલતિલકરૂપ લક્ષને દૃઢ કર્યો છે અને તે સંબંધી સંપૂર્ણ

સમજ મેળવી છે જે સમજનું મૂળ અજરામર છે, એજ ભગવતિજન આ ભાલતિલકના ખરા સ્વરૂપને ઓળખી તેનું ભજન કરી શકે છે. અને તેનેજ સમજાશે કે ભાલતિલકનો ભેદ લક્ષપક્ષથી રહિત છે. (૫૭)

હે અંશ! જેનો સંબંધ પરમપદ સાથે છે તેનું અંતર્‌હૃદય અતિ ઉદાર હોય છે, એટલે કે કોઈ જાતના પદાર્થની તેના હૃદયમાં પકડ રહેતી નથી. વળી જગતના લોકો સાથે મળી વર્તનને રાખે છે તથાપિ તેના ધ્યાનમાં, તેના વિચારમાં પરમદયામય પરમગુરૂના ધ્યાનમાં પરમદશા ભોગવે છે. નિત્યપ્રતિ આ પ્રમાણે ધ્યાન ધરનારો ભગવતિજન પોતાના ઉદાર જીવને કરી અલ-મસ્ત રહે છે. સર્વ સંસારમાં સર્વ લોકો સાથે હળીમળીને રહેવા છતાં

તજ્જ્ઞ એટલે પોતાની મૂળ જાણને ભૂલી જતો નથી. પોતાના અંતરૂપટમાં અલગનો અલગ અને સંસારશ્રેણિમાં સળંગસુત્રવત્ દેખાય છે. આ ભગવતિજનનું અંતઃકરણ ભગવાન સાથે છે એવું ઓળખે કોણ? ધ્યાનીની ગતિ ઓળખાય પણ જ્ઞાનીની ગતિ ઓળખાય નહિ. થાકીને કહેવું પડે કે જ્ઞાનીની ગતિ જ્ઞાનીજ જાણે. (૫૮)

હે અંશ! તને પોતાને સમજાવવા અને સકર્તા સતકૈવલના પદની ઓળખાણ કરાવવા આ ભાલતિલકરૂપ નિજલક્ષનું વર્ણન કર્યું છે. આ લક્ષનું વર્ણન, હે અંશ! શબ્દો વડે ઉપલક વર્ણવ્યું છે પણ તેનું ખરૂં સ્વરૂપ વા અંતરગતિની પરમ અગાધ લક્ષણા તારા મૂળસ્વરૂપમાં સ્થિર છે તેને પ્રાપ્ત કરવા નિજ કૈવલપતિના સરલતાપૂર્વક જાપ

જપ અને આરાધન તે પણ તું તેમનુંજ કર. આમ કરતાં છેવટે અંતરપટમાં જવાશે ત્યારે ત્યાં જેમ છે તેમ તને દેખાશે. પરમગુરૂ પોતે કહે છે કે હું કૈવલનો ઉપાસક છું અને અંતરગતિએ પરમ અગાધ છું તેમજ નિજ કૈવલનો જાપ સરલતાપૂર્વક આરાધું છું તે પ્રમાણે, હે ભગવતિજનો! તમે પણ કરજો. (૫૯)

હે અંશ! સમારા એટલે દુરસ્ત ચોકખી રીતે સમજાયેલું નિજપદ જે છે તે લક્ષ અને પક્ષની પકડ રહિત છે. આમ તું થઈશ ત્યારે તારી એકતા કૈવલ સાથે થશે. આ વિષયની જુક્તિ વિષેનો મર્મ જગતના કોઈ પણ માનવીઓ જાણી શકતા નથી માટે, હે અંશ! તને સમજાવેલા લક્ષનું નિષ્કામ ધ્યાન ધરજો. (૬૦)

હે ચૈતન્ય અંશ! જે પ્રણવ અવસ્થાઓ અને અંતઃકરણોથી રહિત થયો છે તે રહિત થયેલો પ્રણવ એકલમલ અદ્વૈતરૂપે છે, આ પ્રણવરૂપ ધ્વનિ સમસ્વરૂપના ઘરમાં સ્થિરરૂપે રહ્યો છે આનું નામ ગુપ્ત જાપ. સદાય એની મેળે બિનજપે ઊઠે છે. વળી આ જાપ જે મૂળ ઘરમાં બતાવ્યો તે બ્રહ્મનો અંશ હોઈ બ્રહ્મ સાથે એકરસ સળંગ સૂત્રવત્ માપ સિવાય અમાપરૂપે રહે છે. આનું નામ અલખ લક્ષ. કહો, ખલકના માનવીઓ કેવી રીતે શોધી શકશે! માત્ર સદ્‌ગુરૂ જાણે છે અને સદ્‌ગુરૂએ જેને બતાવ્યું હોય તે જાણે છે. અર્થાત્ આ અંતરલક્ષને સદ્‌ગુરૂ જાણે છે કેમકે સકર્તા સતકૈવલે સમસ્ત ઘાટોની રચના જે પ્રમાણે જેવી રીતે કરેલી છે તે સંબંધી સઘળી કળકુંચીઓ

સકર્તાએ પરમગુરૂને બક્ષિસ આપેલી છે. આ ન્યાયે બ્રહ્માંડભરની સઘળી રચના માત્ર પરમગુરૂ જાણે છે; એથીજ આ જગતને પરમપદ જાણવાનો લાભ તેમની મારફત વખતોવખત મળે છે.(૬૧)

હે અંશ! તારૂં પોતાનું જે અંતર્સ્વરૂપ તે અતિ ગુપ્ત હોઈ જાણી શકવું મુશ્કેલ છે તથાપિ પરમગુરૂએ સર્વ અંશો ઉપર કરૂણા કરીને પ્રગટ લક્ષની વ્યાખ્યા કરી બતાવી છે. આ લક્ષ એ પુરૂષના કામનો છે કે જે પુરૂષ પરમપદની અપેક્ષાવાળો છે અને તેનેજ માટે કહેલો છે. આ ગતિની પરમલક્ષણા માત્ર સંતજનો પુરતી છે અને તેમણે તે પ્રમાણે કરવાનું છે. આ જ ગતિની અંતર્દશામાં સંતજનોએ રહેવાનું છે. જે જે સંતજનો કૈવલપદના ઉપાસી હશે તેમને આ અમૂલ્ય લાભ લેવાનો

છે. તેમના હૃદયનો વિકાસ કરનાર આ ઉપદેશ છે. (૬૨)

હે નિજાનંદ સ્વરૂપમાં મસ્ત રહેનાર અંશ! સંસારભરની સઘળી ઉપાધિઓથી મુક્ત થઈ જેનાં જીવન પવિત્ર દશામાં ગુજરે છે તેનાજ માટે આ મારી અરૂઢ ગતિની મતલબ કહી છે તો તેમણે પરમપદની અંતરદશામાં રહી અહોરાત્રિ આ લક્ષનું આલોચન કરવું. હવે સંસારમાં મળીને રહેનારા જે જે ભગવતિજનો હોય તેમણે પરમદયાળુ પ્રભુરૂપ પરમગુરૂ ઉપર પ્રેમ તથા નિયમ કેવી રીતે રાખવો તે સમજાવું છું જે સર્વજનો સાંભળો. (૬૩)

હે ભગવતિ જન! મારા કાયમપંથના માર્ગ ઉપર ઉભા રહેનારે કામ, ક્રોધ તથા મનમાં કોઈ જાતનો વિરોધ લાવ્યા સિવાય માત્ર સહેજ સ્વભાવે સદાય

શુદ્ધ ભાવે વિચરવાનું છે. વળી જગતના સંગમાં રહેવા છતાં જળકમળના ન્યાયે વર્તન રાખવાનું છે. જેમ શરદઋતુની માણેકઠારી પુનમે દરિયાઈ માર્ગમાં વરસાદ પડે છે, આ પ્રમાણે પડતાં બુંદ અનેક માછલીઓ અંતરિક્ષ ઉછળીને ઝીલી લે છે અને આ ઝીલેલું બુંદ પોતાના અંતરપટમાં એવું તો ગોઠવી દે છે કે સમુદ્રનું ખારૂં પાણી આ બુંદને સ્પર્શ કરી શકતું નથી. અર્થાત્ બુંદ લઈને મોઢું બીડયું તે બીડયું ફરી ક્ષુધા પિપાસાની અનેક આપદા પડવા છતાં મુખ ખુલ્લું કરે નહિ ત્યારે જ તેના અંતરપટમાં ઉત્તમ પ્રકારે મોતી પાકે છે. જો કે આ બુંદ અનેક માછલીઓએ લીધું હતું પણ જેના મુખમાં દરિયાનાં ખારાં પાણી પેઠાં તે મોતી ન પાકતાં ફટાકીયાં–છીપલાં

થઈગયાં તેવીજ રીતે, હે ભગવતિજન ! ગુરૂલક્ષજ્ઞાનનું બિંદુ તારા અંતરહૃદયમાં સ્થિર કરવાનું છે. હવે પછી સંસારિક વાસનારૂપ ખારાપાણીના પટ તને પોતાને લાગવા ન જોઇએ તો મોતીની માફક તું પણ ઉત્તમ પાકીશ.(૬૫)

सकल वहेवार वर्ततही जगतका,
उर अंतर दृढ कैवल्मतका;
स्वप्न समानजानी जग हेता.
रहत उदास तासही हमेता. ॥६५॥

સંસારી ભગવતિજનો પોતાના વહેવારોમાં વર્તવા છતાં અને રહેવા છતાં તેના ઉર–અંતરના આશયમાં સકર્તા સતકૈવલનો મત દૃઢ નિશ્ચયાત્મક રાખે છે. વળી જગતમાત્રનું હિત અને તે વિષેની માન્યતા સ્વપ્ન સમાન ગણીને રાતદિવસ ઉદાસવૃત્તિ રાખે છે એટલે કે

મારા ગુપ્ત અમરમંત્રમાં રાતદિવસ રસબસ રહે છે. (૬૫)

ज्यौं कोहु पुरुष पकडेहु बेगारी,
वहे तीनु बोज अंतर नहि यारी;
त्यौं निजजन भुगततही भवपारा,
उपल्हेही मन नहि अंतर विकारा. ॥६६॥

જેમ કોઈ અમલદાર બેગારી પુરૂષને (વેઠિયાને) વેઠમાં પકડી લાવી બોજો ઊંચકાવરાવે છે; આ બોજો કિંમતી છે છતાં લાભ વા હાનિની એને પરવા નથી અને મનમાં એવું રાખે છે કે થાણું ક્યારે આવે કે આ બોજાને ઉતારી મૂકી ઘેર જાઉં. આ પ્રમાણે એના મનમાં રહે છે તેવીજ રીતે બેગારીના ન્યાયે સંસારી ભગવતિજનને સંસારનો વહીવટ નિભાવવો જોઇએ. આમ કરતાં અચાનક કોઈ સંસારી બોજાની

વિપત્તિ આવી પડે તો બેગાર પુરૂષની માફક વેઠ ગણી ઉપાડી લેવી જોઇએ, પણ અંતરમાં રેખમાત્ર વિકાર રાખવો નહિ. વળી જે જે સંસારિક આવરણો આવે તેમાંથી હસતે મોઢે પસાર થવાનું છે પણ હૃદયને કલુષિત કરવું નહિ. (૬૬)

रेणदिवस रसबस भरपुरा,
प्रेम अनंग अंग चकचुरा;
हर्ष शोक नहि करत मेलापु,
त्रिविधी ताप नहि तप तन तापु. ॥६७॥

હે અંશ! તું રાતદિવસ તારા અંતર્સ્વરૂપમાં ભરપૂર રસબસ રહેજે અને ગુરૂ તરફ જવાની ઉત્સુક બુદ્ધિ રાખી પ્રેમ–અનંગના આવેશમાં હમેશાં ચકચૂર રહેજે, આથી કરી તને હરખ તથા શોકનો મેળાપ થશે નહિ. વળી

આધ્યાત્મિક, આધિભૌતિક અને આધિદૈવિક, આ ત્રણ તાપ તને પીડા વા દુઃખ આપશે નહિ. (૬૭)

सुचीत कर्म अति परम पवितु,
वरते एही जुगतमे विगत सहितु;
अंतर जतमतकी रतिही भीना,
जाने कोहु सज्जन जन एहुझीना. ॥६८॥

હે અંશ! ઉપર પ્રમાણેના નિયમ મુજબ સંસારી ભગવતિજને રહેવું જોઇએ. વળી શારીરિક નિયમનાં શુચિ એટલે પવિત્રમાં પવિત્ર કર્મ કરવાં જોઇએ. આ શુચિકર્મ મુજબ જુક્તિથી સંસારમાં વર્ત્તણુંક રાખવી જોઇએ જેથી કરી તમારા અંતર્લક્ષને હાનિ પહોંચે નહિ. આ પ્રમાણે ઉપલક વર્ત્તન વર્ત્તવા છતાં અંતરમાં જતમત રહી રતિયુક્ત આરતવડે તરબોળ

રહેજો. આ અંતરની દશાને કોઈ શાંત સજ્જન પુરૂષ જાણે છે. (૬૮)

प्रगट जाप केवल मुख जपही,
गुप्तमंत्र गुरुध्यान धरपही;
वरणी एही विगत जगतमे जे जनकी,
एही विधि रहत रेहेश तनमनकी.॥६९॥

હે અંશ! હરતાં ફરતાં ઊઠતાં બેસતાં સાંસારિક જે જે કામો કરો તેમાં મુખવડે રાતદિવસ કેવલ કેવલ એમ જાપ જપજો અને ગુરૂએ જે ગુપ્તમંત્ર આપ્યો છે તેને અંતરહૃદયના એકાંતમાં આ ગુપ્તમંત્રનો આશય સમજીને તમે તેનું ધ્યાન ધરજો. આ વિગતવાર જે લક્ષણો વર્ણવી તે સંસારી ભગવતિજનને માટે છે. આ પ્રમાણે તનમનયુક્ત રહેણી પાળીને રહેજો. (૬૮)

सोही निज्जन कैवळपद पावही,
रहे जांही अचळ बोहरु नहि आवही;
धर्म अनेक जगतमही जेता,
आप आपनेही देवनके जु हेता. ॥७०॥

ઉપર પ્રમાણે જતમત રહેણી પાળનારાઓ તેમજ ગુપ્તમંત્રનું આરાધન કરનારા તથા સ્વરૂપમાં રસબસ રહેનાર સંસારી ભગવતિજન જરૂરથી કૈવલપદની પ્રાપ્તિ કરી શકશે. વળી પરમપદના અચળ પ્રદેશમાં ગયા તે આ ફાની જગતમાં કદીયે આવશે નહિ. હે અંશ! કંઈક વધુ પડતું સમજાવવા તને કહું છું કે આ જગતભરમાં અનેક ધર્મ નીકળ્યા અને નીકળવાના છે અને તે તે ધર્મના દેવતાઓમાં જગતના લોકોનાં દિલ વાળેલાં છે. હે અંશ! ધ્યાન રાખ. તારૂં પોતાનું

દિલ બહારની કોઇ દેવતાઈ વસ્તુનુ આલોચન કરવા જાય તો આલોચન કરનાર પોતાનું દિલ ખાલી કરે છે એ ન્યાયે જગતમાત્રના મનુષ્યોનાં દિલ કોઈ દેવતાઈ વસ્તુ બતાવીને હરી લીધ છે' આ પ્રમાણે હેરાઈ ગયેલા જગતમ હૃદયનો અંતર અવાજ કોઈ ઠેકાણે સાંભળવામાં આવશે નહિ માટે એ જગતથી સાવધ રહેજે અને તાર અંતરહૃદયમાં અહોરાત્રિ રહી લક્ષનુ આલોચન કરજે. (૬૯)

जेही जाकु जजत भजत तांही जावे,
कैवलपद गत कोहु नहि पावे;
जेही पदश्रेष्ठ सकलमे आन नथी,
लहे कोहु संत कैवल निजपंथी ॥७१

હે અંશ! તૃષ્ણાળુ જગત કોઈ વિશેષ વસ્તુ મેળવવાની ઈચ્છા પાછળ

અનેક દેવી દેવતાઓને શોધે છે. આ પ્રમાણે શોધ કરનારા જે તે દેવના ઉપાસકે જે તે દેવની પાછળ જાય છે. આવી રીતની ઉપાસના કરનાર ઉપાસકો કદીયે સકર્તા સતકૈવલની ગતિને પામી શકતા નથી. આ સકર્તા સતકૈવલ જેવું શ્રેષ્ઠપદ જગતભરમાં છે જ નહિ; પણ કૈવલના પંથે ચાલનાર કોઈ સંતજન હશે તેજ તે પદને ઓળખશે. (૭૦)

कैवलपंथ कायम निज आदु,
कीयेहु प्रगट हम हुता जे अनादु;
सोही कैवलपद इच्छतही कोई,
लेही सत नेम लखावु जवी मोई।।७२।।

હે અંશ ! ચૌદલોકની આદ્ય લઈ અસંખ્ય લોકના સર્જનહાર સકર્તા સત્‌-કેવલ છે. આ સર્જનહારથી સર્જાયેલું

પંચભૌતિક જગત, આ જગતની પરમ પ્રભાવવાળી ધારાનાં દ્રવ્યો એક પાછળ એક એમ અનેક નીકળતાં જાય છે. આનું નામ જ કાયમપંથ છે, એટલે કે સકર્તા સતકૈવલની બાહ્યદૃષ્ટિ જેથી કંઈ ઉત્પન્ન થયું તે પંચભૂતાદિ દૃશ્ય–અદૃશ્ય બધાં દ્રવ્યો છે અને આ દ્રવ્યોનો સંચાલક જે સકર્તા સતકૈવલની અંતર્વૃત્તિથી ઉત્પન્ન થયેલો હોઈ તેનું નામ અંશ છે. આ અંશ અનંત દ્રવ્યોનો સંચાલક છે. આ સંચાલક અંશ એનું જ નામ કાયમપંથ છે. જ્યાંસુધી અંશ છે ત્યાંસુધી આ બધાં દ્રવ્યો ચાલતાં દેખાય છે. દ્રવ્યો નિત્ય અને ચૈતન્ય પણ નિત્ય અને બન્નેની એકતા તે પણ આદિથી છે. આ પ્રમાણે પરંપરાથી ચાલતા આવેલા પંથનું

નામ કાયમપંથ છે. આ પંથના પ્રણેતા સકર્તા સતકૈવલ છે જેમનાથી જ આ થયું છે અને આ આદિપંથના માર્ગદર્શક અનાદિના શ્રી પરમગુરૂ ભગવાન કરૂણાસાગર છે અને તેમણે આ પંથ તથા કૈવલને જગજાહેર જણાવ્યા છે. પંથની કોઈ પણ વસ્તુનો નાશ ન થાય એનું નામ કાયમપંથ; તેવી રીતે પંચભૌતિક તત્ત્વો ઈંદ્રિચંદ્રની આદ્ય લઈ ચૌદલોક, જળસ્થળ આદિથી લઈ સાતપાતાળ તથા સ્થાવર અને જંગમઆદિ ચોરાસી લક્ષ પ્રકારના ઘાટ તેમજ ચાર ખાણ વગેરે આ બધાંય નામ ચાલતી ધારાને સુચવનારાં છે અને કાયમ છે. આ બધાય સમૂહનું નામ કાયમપંથ છે. આમાંનું કોઈ નષ્ટ થતું નથી પણ એકમાંથી એક

એમ પારાવાર એક પાછળ એક એમ અનેક નીકળતાં જાય છે. કર્તાનાજગતમાં જે કંઈ છે તે નિત્ય છે, માત્ર સ્થૂલ આદિ ધર્મ વાળાંમાં પરિવર્તન વખતોવખત બદલાય છે પણ પરિણામ નિત્ય છે. દેવતાઇના સૂક્ષ્મ આદિ ધર્મમાં પરિવર્તન થાય છે પણમૂળ સ્થિતિ કાયમ રાખીને છે; તેમજ કારણ જગતનો ધર્મ ગુણ છે. આ ગુણ વસ્તુએ વધઘટવાળા દેખાય છે પણ પરિણામે ગુણકાયમ છે. વળી મહાકારણ જગત તે જગતનો અધિષ્ઠાતા પ્રકૃતિ છે. આ પ્રકૃતિ ત્રણ ગુણની માતા છે અને ગુણ ઈંદ્રિયોના સ્વામી છે એટલે આ સળંગ સૂત્રવત ત્રિગુણાત્મક જગતનો નાશ ક્યાંથી હોય ! એટલે કે એ પણ કાયમ છે. પરમકારણ જગત નિ:સં-

સર્ગી છે એટલે કાયમ છે. આ કૈવલનો કાયમપંથ તો જુઓ. જેના સ્વભાવમાં શાંતિ તેનામાં ગરમી લાવવી મુશ્કેલ છે અને ગરમીવાળાં શરીરોમાં શાન્તિ લાવવી મુશ્કેલ છે. અપવાદ તરીકે કોઇ ક્રોધી પુરૂષ શાન્ત થયો પણ દેહની રચનામાં તેવી શાન્તિ નથી માત્ર ક્રોધજ છે અને પ્રસંગ આવે પોતાના પોતનો પ્રકાશ કરે છે; આથી કહેવાનો હેતુ એ છે કે જે દ્રવ્યોનો જે સ્વભાવ તે બદલાતો નથી, કાયમ જ છે. એકંદરે આ બધી વસ્તુ કાયમ છે. આ કાયમના કર્તા સકર્તા સતકૈવલ છે એટલે કર્તા કાયમ છે અને જગત પણ કાયમ છે. આ ઉપરથી કોઇએ એમ સમજવાનું નથી કે કોઈ કાળે પણ જગતનો નાશ નથી. કારણ કે નાશ તો

જરૂર છે પણ તેની મુદ્દત અનિયમિત છે. મુદ્દત કોઇ નથી. જ્યાંસુધી જગત કાયમ છે ત્યાંસુધી આ બધુંય કાયમ છે. જગતનું રૂપાંતર થાય છે એથી જરામરણ દેખાય છે; વાસ્તવમાં અંશ અવિચ્છિન્ન છે એટલે તેને તો મરણ હોયજ શાનું! પણ અંશ જે સ્થુલ આદિ ઘરમાં તે સ્થુલ આદિ ઘરનું રૂપાંતર થાય છે પણ પરિણામરૂપ અંશ તેનું રૂપાંતર થતું નથી. કારણ કે અંશના મૂળ સ્વરૂપમાં રૂપાંતર કરે એવાં કોઈ દ્રવ્ય નથી. દાખલા તરીકે જેમ એક આંબો તેને જે ફળ આવે છે તેનો રંગ લીલો હોય છે. આ ફળનો રંગ બદલાઇ જવો તેનું નામ રૂપાંતર. આ રૂપાંતર થયેલું પરિણામને પામે એટલે પીળો રંગ થાય છે. આ પીળોરંગ

થયા પછી તેનો લીલોરંગ થતો નથી. આ ન્યાયે રૂપાંતરનું પરિણામ થયાજ કરશે પણ પરિણામનું રૂપાંતર નહિ થાય. જેમ એક પુરૂષ એક કાળ ઉપર જુવાન હતો તે પોતાની પુખ્ત વય સુધી ખૂબ ખેલ્યો, ખૂબ રમ્યો અને જમ્યો પણ ખૂબ. આમ કરતાં વૃદ્ધાવસ્થારૂપ પરિણામને પહોંચ્યો. શરીર ઉપર કરચલી પડી વાળ સફેદ થયા; અર્થાત્ સર્વાંગ શરીર જીર્ણ થયું એ પરિણામનું સ્વરૂપ છે. હવે કોઇ ઉપાય નથી કે આ જીર્ણાવસ્થાને કિશોરવયની સુંદર બનાવીએ. અપવાદ તરીકે પાછલા જમાનાના ઋષિઓ કોઇ જડી-બુટ્ટી ખાઇને વૃદ્ધ હોવા છતાં જુવાન થયા હશે, એ અપવાદ છે. દરેક વસ્તુની વ્યાખ્યા અપવાદને બાદ કરીને

થાય છે એ ન્યાયે કહું છું કે કાયમની વસ્તુ તો કાયમજ છે. આ કાયમપંથમાં આગ્રહ કરૂં છું કે તમે આવો. આથી એમ ન સમજશો કે આ પંથનો જમાવ કરવા સર્વને સંબોધું છું. તમે કાયમપંથમાં તો છોજ. જ્યારે તમે કાયમપંથમાં ઊભા રહેતાં શીખશો ત્યારે અસંખ્ય લોકની ઉત્પત્તિ કાયમ દેખાશે. તમે પોતે કાયમ દેખાશો અને તમારા વિચારો પણ કાયમજ છે. આ કાયમ વિચારે કરી તમારો પુનર્જન્મ થાય છે, જ્યાં તમારા કરેલા વિચારોનાં ફળ મળે છે. વિચારો તમોને શોધી કાઢે છે પણ તમે તેને શોધી શકતા નથી! ખેર! આ તમારી અલ્પજ્ઞતા છે, જેથી કાયમપંથનો લાભ તમે નહિ મેળવી શકો! એક ઝાડ તળે બેશો, તેને

પૂછો કે આ ભૂમંડળ ઉપર પેદા થયે તને કેટલા યુગ થયા! વૃક્ષ તરફથી ઉત્તર નહિ મળે પણ દિલ ઉત્તર આપશે કે આ ઝાડને સોએક વર્ષ થયાં હશે. આ સો વર્ષના પરિણામ ઉપર વિચાર કરીશુ તો આ આંબાનું ઝાડ નહિ દેખાતાં ગોટલો દેખાશે, જ્યારે ગોટલાનું આલોચન કરશો ત્યારે તેની પૂર્વે આંબો દેખાશે; એમ આંબો દેખતાં ગોટલો અને ગોટલો દેખતાં આંબો, કહો આનું છેવટ પરિણામ લાવવાને કોણ સમર્થ છે! આપણે તો થાકીને કહી દઇશું કે કુદરત જાણે અને ઊઠીને રસ્તે પડીશું. એવાં પારાવાર દ્રવ્યો આ રીતે ગોઠવાયેલાં હોઇ પારાવાર છે; એટલા જ પુરતા ભગવાન કહે છે કે તમે કામપંથમાં આવો, એટલે કે

માનસિક વાતાવરણમાંથી નીકળવા પ્રયત્ન કરે અને નેચરલ-ખરૂં કુદરતી જીવન ગાળવાનો અભ્યાસ કરો. આનું નામ કાયમપંથ. આ કાયમપંથમાં ઊભા રહી કર્તા કોણ છે એવો અવાજ કરતાં શીખો. એમ કરતાં તમારામાં હોશિયારીઆવશે. કુદરતી તત્ત્વોની જાણનાલાલા બનશો. આવું ફાંકડું જીવન ગાળવાનું મૂકી પંથના વાદમાં તર્કવાદ શા માટે કરો છો? વળી કાયમપંથમાં ઊભા રહેતાં ન શીખો ત્યાંસુધી કોઇ ઉપાયે કર્તા કૈવલને ઓળખી શકશો નહિ. હવે જેને કૈવલપદ પ્રાપ્ત કરવાની ઇચ્છા હોય, તે અને તેમના જ માટે હું પ્રત્યક્ષ સત્ય નિયમ લખાવું છું, તે સાંભળો. (૭૧)

सकल जीवनकी कैवलपद आशी,
गुप्त उपास प्रगट नहि प्रकाशी;
कहुं जेही गुप्त उपासना सबकी,
अणिअग्रेव तनु भये जीव जबकी.॥७३॥

સંસારભરના જીવમાત્રની આશા કૈવલપદ પામવાની છે, પણ આ ગુપ્ત ઉપાસનાનો ભેદ કોઇ પ્રગટ કરી શક્યું નહિ; એથી જગત ડાળપાંખરૂ વળી ગયેલું છે. હવે હું આ ગુપ્ત ઉપાસનાના ભેદનો પ્રકાશ કરૂં છું જે આ ઉપાસનામાં સર્વ લોકનું હિત રહેલું છે. હે અંશ! ઉપાસના એટલે પ્રથમ સકર્તા સત્‌કૈવલથી અણિઅગ્રવત અંશો ઉત્પન્ન થયા, તેનું નામ ઉપાસના છે; પુન: તેમની પાસે જવું એ ઉપાસના. વળી આ અંશોરૂપઅંકુરો ત્યાંથી સ્ફુર્યા છે અને છેવટે સમાય પણ ત્યાં; તે

દહાડે નિવૃત્તિ. પ્રથમ અંશો ઉત્પન્ન
થયા, તે અણિઅગ્રવત્ અંકુરોવાળા
થયા છે. આ મૂળ ઉપાસનાનો ભેદ
અંકુરવત અંશની આદ્ય લઈને ખબર
નથી તો પછી આ ઉપાસનાનો ભેદ
કોણ કહે ! જ્યારે અંશ સદ્‌ગુરૂને પામી
પોતાના મૂળપદમાં જાય, ત્યારે છેવટ
આશયનું શું પરિણામ છે તે સમજાય
અને આ ઉપાસનાનો મર્મ ત્યારે જ
હાથ લાગશે. સકર્તાપતિથી અણિયાળો
અંશ ઉત્પન્ન થયો, ત્યારથી પતિને
ભૂલ્યો છે; એથી કરી એક ઉપાસના
નહિ પણ અનેક ઉપાસનાને ખરીદી.
આ બાજુના કોઇ દેવની ઉપાસના
કરવી એટલો જ ઉપાસનાનો અર્થ થતો
નથી; પણ જે તે વર્ણમાં કામ માત્ર
ઉપાસના છે. વેપારીએ વેપાર કરવો

તે ઉપાસના છે, ખેડુતે ખેતી કરવી એ ઉપાસના, પંથીએ પંથ ઉપર ચાલવું એ ઉપાસના છે, મજુરે મજુરી કરવી એ ઉપાસના છે. વાતચિતની આદ્ય લઈ કોઈ માણસ સાથે વાતમાં મશગૂલ થઇ જવું એ ઉપાસના છે. રાજા રાજ્ય કરે છે તે ઉપાસના, નોકરો નોકરી કરે છે તે ઉપાસના. યોગી, જતિ, સતી અને સંન્યાસીના ભાવ છે તે પણ ઉપાસના. તીર્થ, વ્રત, જપ, તપ અને સાધન સાધે છે એ પણ ઉપાસના. વાત કરનાર જુઠું બોલે છે છતાં મજબૂત રીતે સાચું છે એમ સમજાવવું એ પણ ઉપાસના છે. ખાવા કરવું ને ખાવું તે પણ ઉપાસના. સૂવું, બેસવું, ઊઠવું, હાલવું, ચાલવું, એ બધાં ઉપાસના છે. વળી ચિત્ત જે જે પદાર્થ પ્રાપ્તિ

અર્થે જાય તે તે તમામ ઉપાસના છે. મરી જવું તે ઉપાસના અને જન્મવું તે ઉપાસના સ્વર્ગે જવું તે ઉપાસના અને નર્કે જવું તે ઉપાસના. આવી અનેક ઉપાસનાઓ કરવા મારો અંકુ-રવત્ અંશ રોકાયો અને હું કેમ કરીને મળું! અગર અંશ રોકાયો એ મને કેમ કરીને મળશે! આ ઉપાસનાનો ભેદ ભલભલાઓ પણ ઓળખી શકયા નહિ, એથી જ સકર્તા સતકૈવલને પામવાની વાત ગુપ્ત રહી ગઈ. પરમ દયાળુ પરમગુરૂનો કહેવાનો આશય એ છે કે અંશના ઉરમાં ઉપાસના સંપૂર્ણ ભરેલી છે. આ ઉપાસના અંશમાં ભરવાનું કારણ એજ કે આ ઉપાસના વડે પતિને ત્યાં જઈ શકે અને તેમને ઓળખી શકે. પણ અંશને તત્ત્વોનો

સંસર્ગ થયો, એટલે તત્ત્વોની ઉપાસના કરવા લાગ્યો. તત્ત્વોની ગતિ વિધ વિધ પ્રકારની છે, એથી અંશ પણ વિધ વિધ પ્રકારની વાસના પાછળ રોકાયો. આમ કરતાં અનેક કાળ વહી ગયા છતાં અંશ તત્ત્વોનો નિવેડો લાવી શકયો નહિ. ઉપાસના અંશમાં પોખાયેલી છે એટલે અનંત દુઃખે પણ સંસારના વ્યુહમાં વધુને વધુ વધતો જાય છે પણઅટકતો નથી. કેમ કરીનેઅટકે? ખરો માર્ગ બતાવનાર કોઇ મળે ત્યારે ને! હવે તો અંશ થાકે અને ખરા સદ્દગુરૂ પાસે જઈ આ બાજુની પોતાની સઘળી પકડો છોડી દે, ત્યારે સદ્દગુરૂ અંશનું પૂર્વ વતન અંશને પ્રાપ્ત કરી આપે.

गुप्त भाव सर्व कही उर आसे,
निज घरसे द्वैत भये जब्री जासे;

**याहीसे सकल तनु अग्रअणिका,**
**जेही नमुना घर ठेठ धणीका. ॥७४॥**

પરમદયાળુ પરમગુરૂ કહે છે કે સકર્તા સતકૈવલનો ગુપ્ત આશય જે દરેક અંશમાં ભરેલો હતો તે મેં તમોને સમજાવ્યો. હું કહી ગયો કે અંશોનું ઉર એજ અંશોનાં અંકુરો બંધાયાં તે છે. એજ અણિમાંથી સર્વ અંશોના ઘાટ રચાયેલા છે. આ અંશનો ઉરરૂપ અણિયાળો નમુનો ધણીના ઘરથી દ્વૈત થયો ત્યારનો છે અને એજ ધણીને ઘેર ઠેઠ લઈ જવાવાળો છે. આ અણિયાળા અંશોનો પટ પામી અઢારલક્ષ સ્થાવર જાતિની આદ્ય લઈ ચૌદ લોક સુધીના સ્થૂલ, સૂક્ષ્મ, કારણની આદ્ય લઈ બધુંયે જગત ડાળ, ફુલ, ફળ, પાંદડાં વગેરે બધાંય અણિયાળાં છે.

तेही नमुने हम तिलक बनाये,
हुती अगम सो सुगम जनाये;
ओरु सर्व तिलक जगतमांही जेता,
मनमुखीयुं गत कीयेहु सब तेता. ॥७५॥

હે અંશ! તારૂં જે સ્વરૂપ છે તેની તને પોતાને ખબર નથી. તું ગતિએ અણિયાળો છે, એથી તત્ત્વોની ઓથે તારી અણિયાળી ગતિનો પ્રકાશ થાય છે. આ અણિયાળા સ્વરૂપને સમજાવવા અને તે તું કદીયે ન વિસરે એટલા માટે રોજપ્રતિ કાયમ રાખવા બાહ્ય ચિન્હ તરીકે મેં અણિયાળું તિલક બનાવ્યું છે; તેને તું રોજ કરજે. આ તિલક કરતી વખતે અંદરના ગુપ્ત ભાવનું આલોચન કરજે. બ્રહ્માંડભરની સઘળી રચના તિલકરૂપે જ ઉત્પન્ન કરી છે. જે આકૃતિ

બહાર દેખાય છે એજ આકૃતિ તારા અંતરપટમાં છે. તારા શરીરનાં બોતેરે તત્ત્વો અણિયાળાં છે, પરંતુ સમવત્ હતાં તેને તારી ચૈતન્ય અણિનો સ્પર્શ થતાં સ્ફુરણાને પામ્યાં. આ સ્ફુરણા તે પણ અણિયાળી. અને બાહ્ય ઉપચિન્હ તરીકે તિલક તે પણ અણિયાળું છે. આ તિલકની ઉપાસના તે મારા તરફ નજીક લાવવાવાળી છે, માટે તિલકનો અંતરભેદ સમજીને તિલક કરજે. વળી ઇંગળા અને પિંગળા તે શરીરના એક એક ભાગમાં રહેલી છે, એટલે કે શરીરના ડાબા અંગમાં ઇંગળા રહેલી હોઇ માદા તરીકેનાં તત્ત્વો ઉત્પન્ન કરવાવાળી છે અને તેમાં છત્રીસ હજાર નાડીનો સમાવેશ છે; આ છત્રીસે હજાર નાડીનાં મૂળનો સમાવેશ ભ્રકુટિસ્થાને થાય છે;

તેવીજ રીતે શરીરના જમણા અંગમાં પિંગળા નાડી છે અને તે પુરૂષ તત્ત્વનાં અંકુરો ઉત્પન્ન કરે છે; તેમાં છત્રીસ હજાર નાડી છે અને છેવટે આ નાડીનો સમાવેશ ભ્રકુટિસ્થાને થાય છે. આ પ્રમાણે બોતેરે હજાર નાડીનું સંગ્રહ-સ્થાન ભ્રકુટિ છે. આ પ્રમાણે શરીરની બન્ને બાજુની નાડીઓ સુષુમણામાં મળી જાય છે, ત્યારે ત્યાં બધીએ નાડીઓ સુષુમણાનો પટ પામી સુષુમ-ણારૂપ થઈ જાય છે. આ સુષુમણાના છેડા બ્રહ્મરંધ્રમાં ચૈતન્ય અંશનો નિવાસ છે; એટલે કે સુષુમણા નાડીનો છેડો ચૈતન્યઅંશને સ્પર્શ કરીને રહેલો છે. આ કારણને લીધેજ ચૈતન્ય અંશ શરીરના રોમેરોમ અને રગેરગને જાણે છે. આ જાણ ગુપ્ત છે, એથીજ બાહ્ય

ચિન્હ તરીકેનું ભાલતિલક શરીરની રચના મુજબ યથાયોગ્ય તૈયાર કર્યું છે; માટે હે શિષ્ય ! તિલક કરવામાં લેશ-માત્ર આળસ રાખીશ નહિ. હે અંશ ! અન્યાચાર્યે તિલક વિષેની જે અગમ્ય ગમગતિ હતી તે મેં તને સુગમ રીતે સમજાવી છે; માટે તેનું તું અહર્નિશ આલોચન કરજે અને તેજ પ્રમાણે એટલે કે તિલકના નમુના મુજબ શરી-રમાં શોધન કરજે. આમ કરતાં તત્ત્વો આદિની ગતિ ઓળખાશે. જેમ જેમ તત્ત્વોનું ઓળખાણ થતું જશે, તેમ તેમ તારી ગતિમાં વધારો થશે અને છેવટે ચૈતન્ય પ્રદેશ પ્રાપ્ત થશે. આ તિલક સિવાય જગતના વિદ્વાનોએ જે જે તિલકોની રચના કરી છે તે મન-મુખીયાં—કાલ્પનિક ગોઠવી બેસાડેલાં છે

તે તરફ, હે અંશ ! તારો લક્ષ લઇ જઈશ નહિ.

आद्य अंत कोहु नाहिनां विचारी,
आप मतको गति लीयेहु समारी;
ज्यौं कोइ पुरुष जंखनी जपे जाइ,
होह गइ सोइ बात कहत सुनाई. ॥७६॥

હે અંશ! દેશના આગવાજનો મનમતલબિયા હોવાને લીધે આદિથી અંત સુધી કોઇએ વિચાર કર્યો નથી. આ પ્રમાણે વિચાર ન કર્યો, એથી તેમણે મનસ્વી પંથોની સ્થાપના કરી. જેમ કોઇ પુરૂષ એકાંતવાસ સેવી જક્ષણીનું સાધન કરવા જાપ જપે છે, આમ કરતાં ઘણે કાળે સિદ્ધિને પામે છે, ત્યારે જગતના લોકો આગળ ભૂતકાળમાં થઇ ગયેલી વાતો કરે છે.

होनेकी अगम अब सोही नहि जाने,
जदपि कहत तेही जग सत माने;
यौं सिद्धिबल जने जगत जन गाये,
देखाइ सांम्रथ पीछु क्रतव द्रढाये. ॥७७॥

હે અંશ! જે વાત ભવિષ્યમાં થવાની છે તે વાત યક્ષણીના સાધકો જાણતા નથી, છતાં અટકળે અટકળ લગાવીને કહે છે તેને જગત સાચું માની લે છે. આ પ્રમાણે સિદ્ધિબળ જગતના લોકો આગળ ખૂબ જોરથી જણાવે છે. આ પ્રમાણે સિદ્ધિબળમાં ફસાવી લે છે. જ્યારે જગતના લોકો પૂરેપૂરા ફસાય છે ત્યારે પાછળથી કૃત્રિમ કર્તવ્ય અજ્ઞાનીજનોને દૃઢ કરાવે છે. આ પ્રમાણે 'હાહાવાક્ય પ્રમાણમ્' એ ન્યાયે મોટા પુરૂષ બોલે તે ખરૂં છે એમ વિશ્વાસે

જગતમાત્ર જે તે પંથમાં ફસાયું છે.

क्रतव पंथ गुन भजन जननके,
प्रकृति पुरुष ब्रह्म अधिक तीननके;
एही मत सकल विकल कीये जगकु,
फंदे सर्वे जीवही रोकेहु निज मगकु. ॥७८॥

હે અંશ! જગતના વિદ્વાનોએ પ્રપંચજાળના પાશા નાખી જગતને ફસાવી કૃત્રિમ પંથની સ્થાપના કરી છે અને જે ઇશ્વરને સંબોધી તેમનું ભજન કરાવ્યુ છે તે પણ કૃત્રિમ છે. તેમાં ખરા સર્જનહાર કોઇ નથી. કોઇ પ્રકૃતિને તો કોઇ આદિ પુરૂષને ભજાવે છે કદાચ કોઈ એથી પણ વિશેષ ગતિમાં જાય તો પરબ્રહ્મ સુધી લઇ જાય છે અને એનેજ અધિકાધિક પદ તરીકે સમજાવે છે. આ પ્રમાણેના મતના સિદ્ધાન્તોમાં જગતના

સર્વ લોકોને વૈકલ કરી નાખ્યા છે. હે અંશ! તારો ખરો નિજ માર્ગ રોકી દીધો અને સ્વાર્થી આચાર્યોએ તેમની પોતાની વાસના તૃપ્ત કરવા ફાંદામાં નાખ્યા છે.

ताहीते खलक घर अलख न पेखु,
रहेहु ठगही बटपड धरी भेखु;
जेही घर अलख खलक कुल पंथु,
आयेहु वांहोसे सर्व भूले इतपंथु. ॥७१॥

હે અંશ! સંસારબુદ્ધિના આચાર્યોએ જગતને પતિ તરફ જતાં રોકયું છે, એથી જગમાત્ર અલખ ઘરને ઓળખી શકયું નથી. કેમ કરીને ઓળખે! ઓળખાવનાર જોઇએને! કદાચ કોઈ ભગવતિજનને પતિ પ્રાપ્તિની ઈચ્છા

થાય તો વાટપાડુની માફક વચમાં બેઠેલા આચાર્યો ઠગી લે છે. જેમ ચોર રસ્તાનું નાકું સાચવીને બેઠા તે રસ્તે જતો કોઇ વટેમાર્ગુ સહીસલામત કેવી રીતે પહોંચી શકશે ? અર્થાત્ માર્ગમાં લુંટાવાનો જ. તેવીજ રીતે સકર્તા સતકૈવલના પંથે જનાર ભગવતિજનોને વાટપાડુ જેવા આચાર્યો વચ્ચે બેઠા છે તે પોતાની પ્રપંચજાળમાં ફસાવી લે છે અને પછી તેને ધર્મની વાતો કહી દેવને નામે તેના જીવનરૂપ આર્થિક દોલત ઠગી લે છે. જગતમાત્રના સર્વ અંશો અલખ ઘરથી આવ્યા છે પણ ખલકભરના કોઈ પંથમાં ફસાઇ જવાથી પોતાનો ખરો માર્ગ ભૂલી ગયા છે. (૭૯)

आयेहु जेही ना गति रहेहु ना कोइ,
विविधी भात वर्तत कहुं सोइ;

**जीव सकल अंश एकही सरीनु,**
**अधिकन्युन तत्त्व निश्चे भये भीनु. ॥८०॥**

હે ! અંશ ! તું પોતે ઊપજણ તથા અંકુરયુક્ત આ બાજુ આવ્યો છે પણ તને તેનું જ્ઞાન રહ્યું નહિ એટલે સંસારના પદાર્થોમાં વિધવિધ પ્રકારનું વર્તન રાખીને વર્તવા લાગ્યો હે અંશ ! સ્થાવર આદિના જીવો અને જંગમ આદિના અંશો વસ્તુતઃ એક જ છે, પણ નિશ્ચે કહું છું કે તત્ત્વોના ભેદે કરી અધિકન્યૂન દેખાઓ છો. જ્યારે તમે પતિને ત્યાંથી આવ્યા ત્યારે તમે નિરુંગ ગતિએ આવ્યા હતા. તે ગતિ આજે તમારી પાસે નથી. આ કારણને લીધે પાપપુણ્ય આદિ કર્મવડે નાનાં મોટાં શરીરોમાં ફરતા થયા છો, એટલે કે

યાવત્ દુઃખને તમે પોતેજ ખરીદ્યું છે. (૮૦)

तेही गति अकल सकलमही रहेउ,
सुनो ताही मर्म अबही मम कहेउ;
अवनी तोय तप गगन समीरा,
रहेही जीव तामे तेहुसे शरीरा, ॥८१॥

હે અંશ! તું ઘાટે કરીને ભિન્ન દેખાય છે; કારણ તત્ત્વોની ગતિ અકળ છે અને સર્વની અંદર રહેલી છે. આ વિષે સ્પષ્ટ મર્મવાળો ખુલાસો કરૂં છું તે તું સાંભળ. પૃથ્વી, પાણી, અગ્નિ, વાયુ અને આકાશ હે અંશ! આ પાંચે તત્વોમાં તું જે તે તત્વ પ્રમાણે થઈને રહે છે એટલે કે આકાશી શરિરનો ઘાટ આકાશ પ્રમાણે હોઈ તે ઘાટમાં તું તેવો થઈને મહાલે છે. વળી

વાયુના શરિરનો ઘાટ વાયુ પ્રમાણે હોઈ તું જ્યારે તેમાં જાય છે ત્યારે તે પ્રમાણે બેલે છે તેમજ અગ્નિતત્ત્વના શરીરનો ઘાટ અગ્નિ પ્રમાણે છે. જ્યારે આ ઘાટમાં તું જાય છે ત્યારે તું તે પ્રમાણે થઈને ત્યાં તેવું રમણ કરે છે. જળતત્ત્વના શરીરનો ઘાટ જળતત્ત્વ પ્રમાણે છે અને જ્યારે તું તેમાં જાય છે ત્યારે તારૂં જીવન તે પ્રમાણે દેખાય છે. પૃથ્વીતત્ત્વના શરીરનો ઘાટ પૃથ્વીતત્ત્વ પ્રમાણે છે. આ ઘાટનું નામ સ્થૂલ શરીર છે એટલે જ્યારે તને આ ઘાટ પ્રાપ્ત થાય છે, ત્યારે તું સ્થૂલ શરીરના ધર્મ પ્રમાણે ચેષ્ટા કરતો દેખાય છે. એથીજ કહું છું કે આ તત્ત્વો પણ અકળ ગતિનાં છે. આ અકળ ગતિનાં તત્ત્વોને કેમ કરીને જાણવાં

અને તેને ઠીક ઠીક ઓળખવાં તથા તારે પોતાને આ તત્ત્વોમાંથી કેવી રીતે બહાર નીકળવું, એ વિષેનો સંપૂર્ણ સ્પષ્ટ ખુલાસો કરૂં છું તે સાંભળ. (૮૧)

सोही विधि विगत जुगत तत्त्वनकी,
विभूति विभाग भिन्न कहुं तीनकी;
भाग जुगल खट अत्वनी समेहु,
तत्त्वनी चतुरके जुगलही मीलेहु. ॥८२॥

હે અંશ! જે તે લોકમાં જે તે તત્ત્વ પ્રમાણે દેહ રચાયા છે, તે તે દેહનાં તત્ત્વ પ્રમાણે વર્તન દેખાય છે અને છે પણ તેમજ. ચૈતન્યનું વર્તન હોઈ શકે નહિ; માત્ર ઘાટનું વર્તન છે. હવે જે તે ઘાટના વર્તનની સમજ આપું છું તે તું લક્ષ દઈને સાંભળ. જગતમાત્રના વર્તનની જુક્તિ તત્ત્વોવડે

રચાયેલી છે અને તત્ત્વોના ઓછાવત્તા વિભાગે કરીને ઘાટમાત્ર નાનામોટા દેખાય છે. પૃથ્વીતત્ત્વના આઠ ભાગમાં બાકીનાં ચાર તત્ત્વોનો અડધો અડધો ભાગ મેળવીને આ દશ ભાગનું સ્થૂલ શરીર રચાયું છે. (૮૨)

भयेउ शरीर भाग माली तन एते,
रहेउ स्थावर तरुवर भार जेते;
भाग चतुरद्ध अवनी त्रिभागा,
चतुर तत्त्व के चतुर महो पागा, ॥८३॥

ઉપરના દશ ભાગ મળીને જે ઘાટ તૈયાર થયા તે અઢારલક્ષ સ્થાવર-જાતિના છે એટલે કે અઢાર લક્ષ સ્થાવરજાતિ રચાઇ છે. પૃથ્વીતત્ત્વના છ ભાગ લઈ તેમાં બાકીનાં ચાર તત્ત્વોના એક એક ભાગ મૂકીને, (૮૩)

एही दश तत्त्व भये जीनुं तनसारा,
होही थलचर रहे अवन्य आधारा;
त्रिभाग चतुर छेही अपके अमीता,
ओरु चतुरके चहु मीलेहु समीता. ॥८४॥

ઉપરના દશ ભાગનાં જે શરીર રચાયાં તે સ્થલચર જંગમજાતિનાં હોઈ પૃથ્વીને આધારે રહે છે. જળ-તત્ત્વના છ ભાગમાં બાકીના ચાર તત્ત્વોના એક એક ભાગ મેળવી (જળ-ચરજાતિના ઘાટ રચેલા છે.) (૮૪)

एही दश भाग मीलेहु तन जोनका,
सदाही विलास तोयमही तीनका;
तेज तत्त्वके लीयेहु खटभागा,
चतुरके चतुर मेलाये अनुरागा. ॥८५॥

ઉપર પ્રમાણે દશ ભાગ મળીને જે

શરીર રચાયાં છે, તે શરીરો સદાય પાણીમાં રહે અને વિલાસ પણ પાણીમાં જ કરે. અગ્નિતત્ત્વના છ ભાગમાં બાકીનાં ચાર તત્ત્વોના એક એક ભાગ મૂકી જે શરીરો રચાયાં છે તે શરીરો અગ્નિમાં જ રહે છે. (૮૫)

एही खट चतुर भयेहु तन भेसा,
करत जीव तेही अगन प्रवेशा;
कहेहु जीव ताही प्रगट नीहोरा,
भखत अगन होई मगन चकोरा. ॥८६॥

હે અંશ ! જેનાં શરીર ઉપર કહેલા દશ ભાગે રચાયેલાં છે તે જીવ અગ્નિમાં પ્રવેશ કરે અને રહે પણ અગ્નિમાં જ. દાખલા તરીકે ચકોર પક્ષીનો ખોરાક અગ્નિ છે. તે અગ્નિનું ભક્ષણ કરી

આનંદમાં રહે છે તે તમે પ્રગટ નિહાળીને જોજો. (૮૬)

भाग खट पुनी पवन परमेती,
चतुरके चतुर वैभाग समेती;
भये तन ताही खग गगन पसारा,
उडही उडही फेरो अवन अधारा. ॥८७॥

પવન તત્ત્વના છ ભાગમાં બાકીનાં ચાર તત્ત્વોના ચાર ભાગ મેળવીને જેનાં શરીરો રચાયાં છે તે તે શરીરોવાળાં પક્ષીઓ આકાશ આદિ પ્રદેશમાં ગમન કરી શકે અને છેવટે પાછાં પૃથ્વી ઉપર આવીને રહે. (૮૭)

व्योम विभाग अमल खट होइ,
चतुरके चतुर लीयेहु मांहे सोइ;
मीलित भाग एही भये तनु जेहा,
रहत वास करी शुन्य सनेहा. ॥८८॥

આકાશ તત્ત્વના છ ભાગમાં બીજાં ચાર તત્ત્વોનો એક એક ભાગ મૂકીને જેનાં શરીરો રચાયાં છે તે પક્ષી શૂન્ય સાથે સ્નેહ કરીને શૂન્યમાંજ રહે છે. ( ૮૮ )

मसत न पोम व्योम रहे जेही,
अनल हमाहु आद्य खग तेही;
कारण तत्व चौ गुण घग भागा,
लीयेहु सकल सम करी अनुरागा.॥८९॥

આ શરીરનાં પક્ષીઓ પૃથ્વીને સ્પર્શ કર્યા સિવાય આકાશમાં રહે છે તે અનલ અને હુમાહુ આદિ પક્ષીઓ છે. મહાતત્ત્વ, આનંદતત્ત્વ, ધનંજયતત્ત્વ અને પ્રકૃતિતત્ત્વ, આ ચાર કારણ તત્ત્વોમાં ત્રણ ગુણ અને ગણની સરખે ભાગે મેળવણી કરીને જે શરીરો રચાયાં છે તે પ્રેમમય હોઇ વિલાસી છે. ( ૮૯ )

एतेही तत्व मीलित तन देवा,
तेत्रीश करोड आद्य अहंमेवा;
पंचतत्व महाभूत विभागा,
अब तेही कहुं सुनो धरी अनुरागा. ॥९०

હે અંશ! ઉપર પ્રમાણેનાં તત્ત્વો મળી જે શરીર રચાયાં છે તે શરીર મોટા અભિમાનવાળા તેત્રીશ કરોડ દેવ આદિનાં જાણવાં. હવે પંચ મહાભૂતોનો વિભાગ કહું છું તે અનુરાગ ધારણ કરીને સાંભળજો. (૯૦)

विभाग चतुरपंच अवनही आपु,
ओरु चतुरके मीली एक समापु;
मीली एते भाग अवन्य निज आदु,
त्रिगुण स्त्राध जेही भये हे अनादु. ॥९१॥

પૃથ્વીતત્ત્વના પોતાના નવ ભાગમાં

બાકીનાં ચાર તત્ત્વો પૈકી દરેકનો પા પા ભાગ મૂકીને જે રચના કરવામાં આવી છે તે પૃથ્વીતત્ત્વ હોઈ આ પૃથ્વી ત્રણ ગુણયુક્ત થઈને રહેલી છે. (૯૧)

पुनी अपके खट विभाग मेलनतु,
ओरु चतुरके मीली एकही तंतु;
एतेही विभाग मीलित तन तोइ,
रहत अमीत सदा शीतल समोइ. ॥९२॥

જળતત્ત્વના નવભાગમાં બાકીનાં ચાર તત્ત્વો પૈકી દરેકનો પા પા ભાગ મૂકીને જે જળતત્ત્વ તૈયાર કર્યું છે તે સદા શીતળ હોઈ અમીરૂપે રહેલું છે. (૯૨)

भाग चतुरपंच अग्नि विशेषु,
चतुरके मीली एक ताहीमे मीलेसु;

एही दशु भाग मीलित तन तेजु,
रहत प्रकाश सदा तपत हमेजु. ॥९३॥

અગ્નિતત્ત્વના નવભાગમાં બાકીનાં ચાર તત્ત્વોના પા પા ભાગ મૂકીને આ દશ ભાગે અગ્નિતત્ત્વ થયેલું હોઈ સદાય પ્રકાશરૂપે રહે છે. (૯૩)

विभाग मारुत निजु नव परमाना,
ओरु चतुरके मीली एक मीलाना;
भयेहु पवन एते तत्वहीसे ताइ,
रहत सर्व सचर गगन पसाइ. ॥९४॥

પવનતત્ત્વના નવભાગમાં બાકીનાં ચાર તત્ત્વોના પા પા ભાગ મેળવીને પવનતત્ત્વ રચાયેલું છે. આ પવનતત્ત્વ આકાશમાં સચરાચર વ્યાપક રહેલું છે. (૯૪)

व्योम खट पुनी त्रीयेहु विभागा,
ओरु चतुरके एक मीली अनुरागा;
भये ताही शून्य तत्व मीली एते,
अधर अव्यक्त व्यक्त कहुं केते. ॥९५॥

આકાશતત્ત્વના નવ ભાગમાં બાકીનાં ચાર તત્ત્વોના પાપા ભાગ મેળવીને આ દશ ભાગે આકાશતત્ત્વનું બંધારણ કરેલું છે. આ આકાશતત્ત્વ અદ્ધર હોઈ અવ્યક્ત છે. આ તત્ત્વનો વ્યાપક વિસ્તાર ક્યાં સુધી છે, એ કહેવું મુશ્કેલ છે. (૯૫)

वारपार विनु अमर सनादि,
चतुर तत्त्वनकी जे आद अनादि;
एही परकार विभाग पंचभूता,
भयेहु वैराट ताय अति अद्भुता. ॥९६॥

હે અંશ! આ અમરરૂપ આકાશ પારાવાર હોઈ સનાતન છે અને બાકીનાં ચારે તત્ત્વોની આદ્યે હોઈ અનાદિ છે. આ પ્રકારે અવરનવર તત્ત્વોનો વ્યૂહ રચી સર્વ લોકને ચકિત કરે એવું અદ્ભુત વિરાટતનુ રચાયેલું છે. (૯૬)

## વિરાટની અવસ્થાઓ તથા અંતઃકરણ વિષે.

चोहोरु तीनकी अवस्था पुनी सोइ,
अंतसकरण सहित कहुं जोइ;
जाग्रत अवन सुपन अप सेती,
समोपति अगन पवन तुर्येति. ॥९७॥

હે અંશ! વિરાટની અવસ્થા તથા અંતઃકરણ કહું છું તે તું સાંભળ. જાગ્રત—અવસ્થા પૃથ્વીરૂપે, સ્વપ્નાવસ્થા

જળરૂપે, સુષુપ્તિ—અવસ્થા અગ્નિરૂપે અને તુર્યાવસ્થા પવનરૂપે છે. (૯૭)

उनमुनी शून्य सदाइ शमदमही,
कहेहु अवस्था पंचतत्त्वनकी गमही;
अंतसकरण रहेहु तेही तीनमे,
सुनहो मरम अब कहु जेही जीनमे. ॥९८॥

ઉન્મની—અવસ્થા શૂન્યરૂપ હોઈ સદાયશમદમરૂપે રહી છે. ઉપર પ્રમાણે જે તે તત્ત્વ સાથે અવસ્થા રહી છે તે કહી. આ અવસ્થાઓના પેટા—અંતરમાં અંતઃકરણ રહ્યાં છે, તે વિષેનો મર્મ કહું છું તે, હે અંશ! ધ્યાન દઈને સાંભળ. (૯૮)

मनोमय अन्नन्य बुद्धि अप हीरा,
अगन अहंकार चित्त रहत समीरा;

व्योम तत्त्व पंचमो सर्व शेषा,
अंतःकरण तायमे चिद तेसा. ॥९९॥

હે અંશ ! મન પૃથ્વી સાથે, બુદ્ધિ પાણી સાથે, અહંકાર અગ્નિ સાથે અને ચિત્ત વાયુ સાથે, આ પ્રમાણે અંતઃકરણ તત્ત્વો સાથે મળીને રહેલાં છે. પાંચમું આકાશતત્ત્વ સર્વ તત્ત્વોને માથે હોઈ તેના પેટામાં અંતરચીદ્દ અંતઃકરણ રહેલું છે. જેમ આકાશ દશે દિશામાં વ્યાપક છે તેમ ચિદ્દઅંતઃકરણ વ્યાપક છે. આ ચિદ્દઅંતઃકરણ પરમગતિરૂપ છે. (૯૯)

जाही तुम कहत सकल चिद्ब्रह्म,
ताही हम लहत अंतःकरण परमः
अंतःकरण अवस्था कही जेही,
मोक्ष मोक्ष पंचतत्त्वनकी तेही. ॥१००॥

હે અંશ ! તને હું ચિદ્અંતઃકરણ સમજાવું છું. તે ચિદ્અંતઃકરણને વિદ્વાનો ચિદ્બ્રહ્મ કહે છે, પરંતુ અંશને આલોચન કરવાનું તથા છેવટ વિશ્રામ લેવાનું અંતિમ સ્થાન હોઈ આ અંતિમ સ્થાનને પરમગતિરૂપ ચિદ્અંતઃકરણ કહું છું. આ પ્રમાણે પંચતત્ત્વોનાં અંતઃકરણ તથા અવસ્થા વિષે મુખ્ય મુખ્ય હકીકત સંક્ષેપમાં કહી છે. (૧૦૦)

## અંતઃકરણ અને અવસ્થાની ઓતપ્રોત ક્રિયા વિષે.

आन्य अवस्था अंतसकरण ओरु,
रहेहु सुक्ष्म अंतर सर्व ठोरु;
पंच अवस्था पंच तत्त्वनकी मांही,
जेही विधि वर्तत कहहु बताही. ॥१०१॥

હે અંશ! અંતઃકરણ તથા અવસ્થા સૂક્ષ્મ રીતે પંચતત્ત્વયુક્ત વિરાટના સર્વ વિભાગમાં જે જે પ્રમાણે વર્તન રાખે છે તે તે પ્રમાણે કહું છું તે તું સાંભળ. (૧૦૧)

जाग्रत अवन्य बीजग अंकुरा,
करत सकल तीनु उदित सफुरा;
जाग्रत अवस्था अवन कही जबही,
हिरण्य अंकुर बीज जगवत तबही.॥१०२॥

હે અંશ! જાગ્રત—અવસ્થારૂપ પૃથ્વીતત્ત્વ છે. આ પૃથ્વીતત્ત્વ વિરાટની દશે દિશામાં દૃશ્ય અને અદૃશ્યરૂપે વ્યાપક રહેલું છે. હે અંશ! તું ઉભો છે એ દૃશ્ય પૃથ્વી છે અને તું જેને જોઈ નથી શકતો તે અદૃશ્ય પૃથ્વી છે. આ અદૃશ્ય પૃથ્વી અમાપ છે અને

સૂક્ષ્મ પરમાણુરૂપે રહેલી છે. આ દશ્ય-અદશ્ય સઘળી પૃથ્વીમાં જાગ્રત—અવસ્થાનું પરિવર્તન થયે જાય છે. બીજરૂપ અંકુરો વિરાટમાં સઘળે વ્યાપક હોય છે તે વિરાટમાં જાગ્રત—અવસ્થાનું પરિવર્તન થાય એટલે દરેક અંકુર સ્ફુરી ઊઠે છે. આ ન્યાયે જાગ્રત—અવસ્થા પૃથ્વી રૂપ કહી છે. આ અવસ્થા હિરણ્યગર્ભરૂપ અંકુરોને વખતો વખત જાગ્રત કરે છે. (૧૦૨)

स्वप्न अवस्था नीरही निरमयेउ,<br>
प्रसव बीजग उदवीत गति भयेउ;<br>
ससोपति अगन रहेहु कही जेही,<br>
करही परले पद द्रष्ट सबेही. ॥१०३॥

સ્વપ્ન-અવસ્થાનું પરિવર્તન જળ-તત્ત્વમાં નિર્માણ કરેલું છે. આ જળ,

દૃશ્ય માપક રૂપે છે અને અદૃશ્ય સઘન-ઘનરૂપે વ્યાપક છે, તેમાં સ્વપ્નાવસ્થાનું પરિવર્તન થાય છે. આ પરિવર્તને કરીને પૃથ્વી—તત્ત્વની જાગ્રત—અવસ્થાએ કરી જે અંકુરો સ્ફુર્યા છે તેને જળરૂપ સ્વપ્નાવસ્થા પોષણ આપી ઉગાડે છે. આ પ્રમાણે ઊગીને વૃદ્ધિ પામેલા ઘાટ-માત્ર વિરાટના અગ્નિતત્ત્વની સુષુપ્તિ-અવસ્થાનું પરિવર્તન ચાલે ત્યારે નાશ પામે છે. આમ જળતત્ત્વની સ્વપ્ના-વસ્થાથી પોષાયેલા પદાર્થ માત્રનો નાશ કરે છે એટલે કે જે જે પદાર્થરૂપ ઘાટમાં સુષુપ્તિ—અવસ્થાનું પરિવર્તન થાય છે તે સુકાઈ જાય છે; કારણ કે સ્વપ્નાવસ્થા પદાર્થના પોષણરૂપ છે, ત્યારે સુષુપ્તિ—અવસ્થા પોષણનો નાશ કરે છે, એથી ઘાસની આદ્ય લઈને

સુકાઈ જાય છે. [ આ વિષયનો પૃથક્ પૃથક્ રીતે આગળ ઉપર આ ગ્રંથનો વાતળ વિષય ( ગદ્ય વિભાગ ) શરૂ થશે તેમાં સંપૂર્ણ ખુલાસો થશે. ] એટલે કે આ અવસ્થામાં દૃષ્ટિ રૂંધન પામે છે એથી ઘાટોમાં થતી ક્રિયાની સમજ પડે નહિ. આ પ્રમાણે સુષુપ્તિ—અવસ્થા ચાલે ત્યારે પ્રલયની માફક શૂન્ય થઈ જવાય છે. (૧૦૩)

तुरीपद पवन रहत निज भेदा,
साक्षी सकलनो विमल अकलेदा;
उनमुनी शून्य सदोदित उदारी,
ब्रह्मविद्‌भाव सात्र अविकारी. ॥१०४॥

તુર્યાવસ્થા પવનતત્ત્વમાં રહેલી છે. સર્વ ઘાટનો સાક્ષી જે ચૈતન્ય અંશ તે વિમળ અને કળી ન શકાય તેવો

હોઇ આ તુર્યાવસ્થાના ભેદને જાણે છે. ઉન્મનિ અવસ્થા શૂન્યરૂપ હોઇ આકાશમાં વ્યાપક રહેલી છે, તેમજ સહાય ઉદાર સ્થિતિએ હોઇ સર્વથા વિકાર રહિત છે અને બ્રહ્મવિદ ભાવવાળી છે; તેમજ નીચેનાં ચાર તત્ત્વો તથા અવસ્થાઓનો અમલ આ ઉન્મનિ અવસ્થામાં રેખમાત્ર રહેવા પામતો નથી કારણ કે આ અવસ્થામાં કોઇ જાતની પકડ નથી. (૧૦૪)

तत्त्वनो अवस्था कीयेहु सर्व सेती,
विभूति विभाव फाव जीनुं जेती;
एही अनुकरम कहेहु द्वैतनके,
तत्त्वपंच सप्त जीव विधि तनके. ॥१०५॥

પાંચતત્ત્વના પ્રભાવમાં આ પાંચે અવસ્થાનું પરિવર્તન થાય છે તે તમોને

ઠીક રીતે સમજાવ્યું છે તથાપિ હે અંશ! જે ઘાટમાં જેટલી વિભૂતિના વિભાગ પોષાયા હશે તેમાં તે પ્રમાણે વર્તન થશે. ઉપર મુજબ અનુક્રમવાળો મર્મ સકર્તા સતકૈવલથી દ્વૈત જગત રચાયું તે વિષેનો છે. આ દ્વૈત જગતમાં પંચતત્ત્વો અને સાત ધાતુ (રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર) યુક્ત જે તે શરીર રચાયેલાં છે, તેમાં જીવ આવીને નિવાસ કરે છે. (૧૦૫)

भयेहु उपाध विभ्रांति भाति एहु,
याही विचरणे अंश आप भूलेहु;
सजाति विजाति भरे भर्म अनेका,
रहेहु ना लक्ष निज आद्य घर छेहेका.
॥१०६॥

હે અંશ! ઉપર પ્રમાણે 'તત્ત્વો, દેહો, અંતઃકરણો અને અવસ્થાઓએ તને ગિરફ્તાર કર્યો. તું તેમાં રોકાયો અને રૂંધન પણ પામ્યો, એટલે તું આગળ વધી શકયો નહિ અને આખરે તારી ઉદ્દાર અવસ્થા નષ્ટ થતી ગઈ; આથી અવસ્થાના ભેદ ઉપાધિ વધી અને ભ્રાન્તિ થઈ. આ પ્રમાણે વર્તન વાળા તમે પોતે થઈ ગયા, એથી હે અંશ! તું પોતાના સ્વરૂપને ભૂલી ગયો. જ્યારે તને પોતાના સ્વરૂપનું ભાન ન રહ્યું ત્યારે સ્વજાતિ, વિજાતિ સંબંધી અનેક ભ્રમરૂપ ભ્રાન્તિને તેં તારામાં ભરી. આ લક્ષણોએ કરી સકર્તા સત્‌-કૈવલનો છેવટ લક્ષ તું લક્ષમાં લઈ શકયો નથી. કારણ આ સમયપર તને સ્વજાતિ કે વિજાતિ સંબંધી ભાન રહ્યું

નહિ, માત્ર તત્ત્વપ્રવૃતિના પ્રવાહમાં દિનપ્રતિદિન તણાતો ગયો છે. (૧૦૬)

बिनहु निज लक्ष पक्ष न पागा,
जांही तांही उतइत जीततीत लागा;
अंधाधुंध युं सकल बोहाये,
रही ना समप्रती जेही घरसेजु आये.
॥१०७॥

હે અંશ! મેં તને આગળ સમજાવેલું કે તું શુદ્ધ એને સ્વરૂપે હતો પણ બાહ્યતત્ત્વો આદિ અવસ્થાઓની ઉપાધિએ તું ભિન્ન દેખાય છે. હવે પરમગુરૂના નિજલક્ષનો પક્ષકાર ન થાય ત્યાંસુધી પરમપદ પહોંચી શકીશ નહિ. જ્યાંસુધી તું નિજ લક્ષનો પક્ષકાર નહિ થયો ત્યાંસુધી જ્યાં ત્યાં એટલે જે તે ઘાટમાં આ બાજુ વા તે બાજુ

રખડતો થયો છે. આ પ્રમાણે તું તથા જગતમાત્રના સર્વ અંશો અંધાધૂંધ વહ્યા જાય છે, કારણ કે જે ઘેરથી તું આવ્યો તે ઘરની સ્મૃતિ—જાણ રહી નહિ. ( ૧૦૭ )

एतेही भरम परेहु जीव घोरा,
छुटन न पावही आप मति जोरा;
ताहीते कहत हम वारंवारु,
ग्रहो सतगुरु संग करे भरपारु ॥१०८॥

હે અંશ! તું પોતે અનેક ભ્રમ ભરીને ભયંકર ઘોર અંધકારમાં પડયો છે. હવે તું તારી દેહગતિએ કદી છૂટી શકીશ નહિ. માટે હે અંશ! તને હું વારંવાર કહું છું કે તું સદ્દગુરૂનો સંગ કર. તેઓ તને જરૂરથી ભવપારંગત કરશે. ( ૧૦૮ )

अगम बोध अनुभव गति आपा,
दरशावही निज आद्य अद्यापा;
सोही आपा अविगत निज हंसा,
जेही कैवलसे आयेहु बीज अंशा. ॥१०१॥

અહો! હે અંશ! તમે સદ્‌ગુરૂનું શરણ ગ્રહણ કરો. તેઓ તમોને અગમ્ય બોધની અગમગતિ આપશે. વળી આદિ અનાદિનું તમારૂં નિજ સ્વરૂપ તમોને દર્શાવશે. આ દર્શાવેલું નિજ સ્વરૂપ તમારૂં અવિગત આપનપુરૂપ અંશ હોઈ સકર્તા સતકૈવલથી આ બીજરૂપ અંશ સ્વરૂપે આ બાજુ આવેલા તેનો તમોને તેઓ સાક્ષાત્કાર કરાવી આપશે. (૧૦૯)

तेही बीजग निजस्वरुप सबनका,
चढेहु पडल इत पंच तत्त्वनका;

**सोही पडलनके वैदक गुरुदेवा,**
**काढे ततकाल सुझही सर्वं भेवा. ॥११०॥**

હે અંશ ! આ બીજરૂપ સર્વ અંશોનું સ્વરૂપ છે. આ સ્વરૂપરૂપ અંશો જ્યારે આ બાજુ આવ્યા ત્યારે તેમને પંચતત્ત્વનાં પડલ ચડી ગયાં. આ પ્રમાણે અંશ ઉપર તત્ત્વોનાં ચઢેલાં પડલને વૈદરૂપ કોઈ સમર્થ સદ્દગુરૂ મળે તો જરૂરથી કહું છું કે તત્કાળ કાઢી નાખશે. આ પડલ નીકળી જતાની સાથે જ તત્ત્વો આદિની સર્વ સમજનો ભેદ તને દેખાવા લાગશે એટલે કે તારી સજાણજાણનો તને પોતાને પ્રકાશ થશે. (૧૧૦)

**अगम निगम ओरु आद्य अंतनकी,**
**निजकैवलपद अंश आप तनकी;**

परही सूझ एही विधि जबी आदु,
करही बोध गुरु करुणा सनादु. ॥१११॥

હે અંશ ! તને પોતાને તારી જાણનો પ્રકાશ થતાં અગમનિગમ તથા આદ્ય અને અંતની જાણ થશે તેમજ, હે અંશ ! તારૂં પોતાનું સ્વરૂપ નિજકૈવલપદમાં એકતાવાળું છે એમ તને દેખાશે. આવા પ્રસંગે પરમગુરૂ તારી પાસે છે જ અને પોતે પોતાના ઉત્તમ કરૂણારૂપ નાદવડે બોધ આપતાજ રહેશે. (૧૧૧)

सुनत बोध सतगुरु मुख बानी,
जेही आप अकल सो कलही निदानी;
कलेहु आप अविगत निज सोइ,
स्वयंग स्वरुप कैवल अंश मोइ. ॥११२॥

હે અંશ ! તું પોતે સદ્દગુરૂના મુખની વાણીનો બોધ સાંભળવા ચિત્તનો નિગ્રહ

કરજે; જેથી કરી તું પોતે કળી શકે એવો નથી છતાં પરમગુરૂ પોતાના બોધ વડે, નિશ્ચયાત્મક કહું છું કે, તને તારા પોતાના અકળ સ્વરૂપને જાણવાની કળ આપશે. આ કળ વડે તું પોતાને કળી શકીશ ત્યારે તને જણાશે કે તું સકર્તા સતકૈવલનો સાક્ષાત્ નિજ અવિગતરૂપ અંશ હોઈ તું પોતે સ્વયં સ્વરૂપે છે. (૧૧૨)

भयेहु मोय सोही अनुभव जागे,
निज कैवलपद जबी लक्ष लागे;
लागत लक्ष चक्ष दिव्य पाइ,
कैवलपद आप अंश एकताइ. ॥११३॥

આ પ્રમાણે પરમગુરૂના કરૂણાળા નાદ વડે, હે અંશ! તું પોતે જે સ્વરૂપે છે તે સ્વરૂપ સંબંધીનો તારા ઘટમાં

રોમ રોમ અનુભવ જાગ્રત થશે એટલે નિજ સકર્તા સતકૈવલમાં તારો લક્ષ પહોંચી શકશે. હે અંશ! આ પ્રમાણે સજાણજાણનો લક્ષ સકર્તા સતકૈવલમાં પહોંચતાની સાથે જ તું દિવ્ય ચક્ષુવાળો થઈશ. આ પ્રમાણે દિવ્યચક્ષુ પ્રાપ્ત થતાં તને પોતાને સમજાશે કે કૈવલપદમાં તારી એકતા છે જ. (૧૧૩)

**सकल सजात भात मम भेसा,**
**दरशपरही घर मर्म सदेसा;**
**एक अनेक अनंत अपार**
**मम स्फुरनसे भयेहु विस्तारा. ॥११४॥**

પરમગુરૂદેવ કહે છે કે બ્રહ્માંડભરના સર્વ અંશો તારી સ્વજાતિના છે અને પંચભૌતિક શરીરોના ઘાટો એ તારો વિજાતિ વેશ છે. આમ ગુરૂના પરમ

ઉપદેશ વડે અને તારા સતત અભ્યાસે તારા પોતાના પ્રથમ સદેહરૂપ અંતર્-સ્વરૂપનો મર્મ તને સમજાશે. વળી હે અંશ ! ભૌતિકઘાટની લાલચે, આ એક ઘાટ ફરીને હું પાછો આવું છું, એમ કરતાં બીજા ત્રીજા ઘાટની લાલચ થઈ; એમ અનેક અને અનંત પારાવાર ઘાટોનો વિસ્તાર, હે અંશ ! તેં તારી પોતાની સ્ફુરણા પામીને કર્યો એવું તને સમજાશે. (૧૧૪)

सकल सायुज संजुकतही समेवा,
सोही समजन हंग आप ममेवा;
तेही हंग आप व्याप जेही वस्तु,
समज स्वरूप कैवल अंश मस्तु. ॥११५॥

હે અંશ ! સર્વ ઘાટની રચના વિષેની ગતિ અમૃતસમ બનાવી છે અને

આ ઘાટની બધીય રચનામાં તું ઓત-પ્રોત વ્યાપક હોઈ સંયુક્ત સમાઇને રહેલો છે, આ વિષેની સંપૂર્ણ સમજ તારા પોતાના હંગવડે સમજાશે. આ તારા હંગ વડે સકર્તા સતકૈવલના વ્યાપક હંગનું તું ભજન કરજે. આ વ્યાપક હંગ એ કૈવલનું સ્વરૂપ છે અને અંશ તે પણ તેમનો છે. ( ૧૧૫ )

मस्तु ममेति जाण तन निजु,
जेही कैवलसे उदित व्रजबीजु;
सोही व्रजबीजुके जाण जीनुं अंगा,
ताही जाननके तनही असी हंगा. ॥११६

હે અંશ ! સકર્તા સતકૈવલથી વ્રજ-બીજ ઉદય થયાં છે, આ વ્રજબીજ એજ તારૂં પોતાનું શરીર છે. જે

શરીર આ મજબીજનાં છે તેને યથાર્થ ઓળખનાર અને જાણનાર, હે અંશ! તારૂં પોતાનું હુંગ છે. (૧૧૬)

**स्वजाण स्वरूप करताही सो अद्यापा,**
**जाही अंश जाण इत सर्वनका आपा;**
**सोही तनु जाण आपनपु जेही बुजे,**
**क्रतव सकलही कर्ताहीका सुजे. ॥११७॥**

હે શુદ્ધ બુદ્ધિવાળા અંશ! સર્વજ્ઞ સજાણજાણ રૂપ સ્વરૂપ તે જ સકર્તા સતકૈવલ પોતે છે અને આ બાજુ આપનપુરૂપ અંશો છે તે બધા તેમના જ જાણજે. આ આપનપુરૂપ અંશના ઘાટને ઓળખે તો ચૌદલોકનું કૃતમાત્ર કર્તાનું બનાવેલું છે એમ સમજ પડશે. (૧૧૭)

तेही आप अकल सकलमे समयेउ,
बिनु सतगुरु परख परखव न पयेउ;
ताहीते कहत सतगुरु किरतारा,
आद्य अंत मध्य सर्जनहारा. ॥११८॥

હે કૃપાળુ કરૂણેશના અંશ ! તું પોતે અકળ સ્વરૂપે હતો પણ ઘાટના સંસર્ગ કરીને તું ઘાટમાં સમાઈ ગયો. હવે સદ્‌ગુરૂ સિવાય તેમજ સદ્‌ગુરૂનો પક્ષકાર બન્યા સિવાય ઘાટનો પરીક્ષક થઈ શકીશ નહિ. એટલા જ માટે કહું છું કે, સદ્‌ગુરૂ એ જ કિરતાર છે અને આદ્ય, અંત અને મધ્યની સઘળી સામગ્રીના રચનાર પોતે છે. (૧૧૮)

चौदेइ लोक ब्रह्मांड अनंता,
कुल चकवे पत सतगुरु माहंता;

सजाणस्वरुप कर्ताही जेही गाये,
सोही सतगुरुतनु जुग दरसाये. ॥११९॥

હે અંશ ! ચૌદલોક અને અનંત બ્રહ્માંડના ચક્રવે પતિ મહા સમર્થ સદ્‌ગુરૂ છે. હે અંશ ! લક્ષ દઈને સાંભળ. સકર્તા સર્જનહારનું સજાણજાણ સ્વરૂપ સર્વજ્ઞ ગતિએ છે એવું મેં વર્ણન કર્યું છે, તે જ સાક્ષાત્ સદ્‌ગુરૂસ્વરૂપે દેહ ધારણ કરીને આ જગતમાં આવ્યા છે. હે અંશ ! આ જગતમનાં સદ્‌ગુરૂનાં દર્શન થયાં એ જ સકર્તા સર્જનહાર છે એમ માનજો. (૧૧૯)

रचेहु स्त्रष्ट जीने विविधी विभावा,
सोही खुद खावन देखन बोहोरु आवा;
बीछरेहु अंश जबी शेष बीज जगता,
भयेहु विसर्जन आप बीज वगता.॥१२०॥

હે પરમપદના ઉત્સાહી અંશ
જેણે વિધવિધ પ્રકારે ઉત્તમ ભાવયુ
સૃષ્ટિ રચી છે તે જ ખુદખાવંદ સદ્ગુરૂ
પોતાનું જગત જોવા પધાર્યા છે. ‍
બધા અંશો પોતાનો શ્રેષ્ઠ અધિક
ભૂલ્યા અને બીજરૂપ અંકુરનો વગ
પોતાને જાણવાનો હતો તે રહ્યો નિ
આ કારણને લઈ આ બધાય અં
મને તથા પોતાને વિસરી ગયા
(૧૨૦)

ताहीते सकल सर्व फरत बेहाल
आपनी योंगत विधि निखेद नीकाल
खट नव चतुर कथेहु जे अठार
बके बुज बीनु सर्व आपन विसारी.१

હે અંશ! તમે તમારી મહદ

તિને ચૂકયા એ કારણને લીધે સંસાર-
ભરના સર્વ અંશો બેહાલ હાલતમાં
ફરતા અને રખડતા થયા. આ પ્રમાણે
પોતાની શુદ્ધ બુદ્ધિ ગુમાવી એટલે તું
તારી પ્રબળ ગતિવાળો હોવા છતાં
રૂંધન પામ્યો; આથી કરી વેદરચયિતાની
ગોઠવેલી પ્રપંચજાળમાંથી તમોને કો-
ઈએ પતિ તરફ જવા દીધા નહિ. જેમ
જેમ જમાનો આ ધાર્મિક પ્રપંચજાળમાં
આગળ વધતો ગયો, તેમ તેમ તે સમ-
યના ભગવતિજનો ઉપર વધુ આચ્છાદન
નાખવા શાસ્ત્રો, વ્યાકરણ અને વેદની
આધ લઈ અઢાર પુરાણો કહેનારાઓએ
પોતપોતાની આત્મસ્વરૂપની જાણ ગુ-
માવીને આ બાજુના લોકોમાં એક
જાતનો બકવાદ ઊભો કર્યો છે. (૧૨૧)

कोहु निराकार शून्य निर्गुणही ठांना,
कोहु पंचतत्त्व गुन सगुन बखांना;
याही विधि सकल नकल कृत ठाना,
कुल कर्ता काहु समज न आवा.॥१२२॥

કેટલાકોએ ગુણયુક્ત પંચભૌતિક શરીરના અવતારી પુરૂષોને સગુણ બ્રહ્મ છે એમ વર્ણવી તેમની તે લોકોએ સ્થાપના કરી છે. આ પ્રમાણે બનાવટી પરમેશ્વરોને સર્જનહાર છે એમ મનાવ્યા. વળી બીજા મોટી ગતિના સિદ્ધાંતીઓએ નિરાકાર નિઃસત્ત્વ શૂન્યસમ સિદ્ધાન્ત સ્થાપીને જગતના અજ્ઞાની લોકોને વાળ્યા છે. કહો, આવા સંજોગોમાં ખરા સર્જનહારને કેવી રીતે ઓળખવા! (૧૨૨)

सगुन निगुनके जानन जाण पदही,
रह्युं सर्व मध्य चीने बिनु अदवदही;
देखीत सकल जुग फरत अचेता,
जबी करतार सदगुरुतन लेता. ॥१२३॥

સગુણ અને નિર્ગુણ બન્ને પદને જાણનાર અંશ હોઈ આ અંશને ચીન્યા કે જાણ્યા સિવાય અદબદ રહી ગયેલો છે, અર્થાત્ સગુણ અને નિર્ગુણ બન્નેનો મધ્યસ્થ, નિવેડો કરનારને ઓળખ્યા કે ઓળખાયા સિવાય આખુંયે જગત અચેત ફરે છે. આ પ્રમાણે બધુંય જગત અચેત ફરતું સકર્તા સર્જનહારે જોયું, ત્યારે તેમને સદ્ગુરૂનું શરીર લઈ આ બાજુ આવવાને કારણ બન્યું છે. ( ૧૨૩ )

धरी तन सुगम जुगमे जशवंतु,
दर्शावही निज आप रहे जे सचंतु;
सचेत स्वरूप आप दर्श करही,
बोहोरु निज घरही प्रसावे जेही घरही. १२४

હે અંશ! જેના જશ જગતભરમાં ગવાય છે એવું ઉત્તમ સ્વરૂપ ધારણ કરીને સદ્‌ગુરૂ આ બાજુ આવ્યા છે. આ સદ્‌ગુરૂ તમારા રોમેરોમને સચેતન કરી શુદ્ધ જાગ્રત કરવાવાળા છે, તેમજ તમારા ઘટમાં વસ્તુરૂપ જે આપનપુ રહ્યું છે તેને દર્શાવનાર છે. જ્યારે તમે પોતે સ્વયં સ્વરૂપે સચેતન થશો ત્યારે તમો જે ઘેરથી આવ્યા છો તે ઘેર પહોંચાડશે. (૧૨૪)

घर घर सघर अघरही अनुपा,
स्वमेव सनातन जेही सजाण स्वरूपा;

सोही कैवलपति पुरुष पुरंजना,
स्वजन सकलके अकलकर कंजना.१२५

આ સદ્‌ગુરૂનું ઘર ઉપમા ન આપી શકાય તેવું, અદ્ધર હોઈ સર્વલોકને ધારણ કરીને રહેલું છે. આમ ધારણ કરીને જે પદ રહ્યું છે તે સ્વયં સનાતન સર્વજ્ઞ સજાણજાણરૂપે છે. આ જ કેવલ-પતિ પુરૂષ પુરંજનરૂપ છે, તેમણે પોતાના સ્વજન અંશોને વસાવવા કળી ન શકાય તેવા સુંદર ઘાટો રચ્યા છે. (૧૨૫)

अजर अरस पर तख्त विज्ञाना,
निरसत्व खग मध्य अटल अस्थाना;
थकित लगत गीरा तख्त समा जही,
निजपति परम कैवल तहां विराजही.१२६

નિઃસત્ત્વ ખગના મધ્ય ભાગે અટલ

જેનું સ્થાન આવેલું છે એવા અજરા-
મર વિજ્ઞાનરૂપ સકર્તા સતકૈવલ હોઈ
આ અરસ તખ્તમાં બિરાજેલા છે.
તેમનું વર્ણન કરતાં ગીરારૂપ વાણી
સમાઈ જાય છે એટલે કે વર્ણન કરી
શકતી નથી. ( ૧૨૬ )

कैवल नाम ताही काही हुसे भयेउ,
सुनहो मरम जीनु मरम उपयेउ;
बिनु वल वट पट प्रसिद्ध प्रमोघा,
न वल जांहां कवल सो कैवल अमोघा.
॥ १२७ ॥

જેનું વર્ણન વાણી વડે થઈ શકતું
નથી અને કદાચ કરવા જાય તો વાણી
ઓગળી જાય છે એટલે કે સમાઈ જાય
છે, તો પછી કૈવલ એવું નામ બહાર
કોણ લાવ્યું અને પાડયું કોણે, આ

વિષે જેને ભ્રમ થયો છે તેનું નિવારણ કરવા યથાર્થ કહું છું તે સાંભળો. કૈવલમાં કોઈ જાતનો વળ નથી. વળી વળ કે કોઈ જાતના પટ સિવાયના પ્રસિદ્ધ છે, પણ તેમનું વંદન કે પ્રાર્થના કેવી રીતે કરવી ! જોકે તેમાં કોઈ જાતનો વળ નથી, વાસ્તવિક સ્વરૂપે જેમ છે તેમના તેમ છે, તદપિ અચાનક કોઈ કાળે ઊપજણ ઊપજી એજ કૈવલની નિશાની છે; આ ઊપજણમાં કંઈક છે, આ ઉપરથી પરમગુરૂએ કૈવલ નામ નક્કી કર્યું છે, પણ પોતે સાક્ષાત્ જે સ્વરૂપે છે તે અમોઘ હોઈ એકલમલ સ્વરૂપે છે. આ ઊપજણ એ જ જગતના આદિ કારણરૂપ છે.

एही निजपति गत त्रिगत त्रिशालु,
कीयेहु आरोपन नाम कैवल त्रमालु;

कुनहीके दुलहा वा कुन दुलहानी,
जाहीकी कैवल नाम माल पहेलवानी.
॥ १२८ ॥

આ પ્રમાણે નિજપતિની ગતિ પારાવાર છે. આ કૈવલમાંથી, હે અંશ! કંઈક ઊપજણરૂપે ઉદ્ભવ્યું એ જ દુલ્હિનરૂપ હોઈ કૈવલ દુલ્હારૂપ છે. આ કૈવલમાંથી જે દુલ્હિનનો ઉદ્ભવ થયો એ જ પરમગુરૂનું સ્વરૂપ છે. તેમણે જ વરમાળારૂપ કૈવલ નામ આરોપણ કર્યું છે. (૧૨૮)

याहीकी जाण अंश ऊलट सुलीटा,
फानी नाम माल भइ गरक समीटा;
जवी दुलहा दुलही सवीज कर जोगा,
ताही न परत कछु वरमाल परोगा. १२९

હે નિજજ્ઞાનના અધિકારી અંશ! આ પ્રમાણેની સર્વ જાણ પરમવિશેષ પરમગુરૂને સંપૂર્ણ છે. જ્યારે પરમગુરૂ જગતરચનાની આ બાજુ દૃષ્ટિ કરે ત્યારે જગતને રચે છે, પાળે છે, પોષે છે અને તેનું રક્ષણ કરે છે. જ્યારે પાછા સૂલટ એટલે પતિ તરફ દૃષ્ટિ કરે છે ત્યારે આ સઘળી રચનામાંથી નિવૃત થાય છે જેથી જગતનો નાશ થાય છે. આમ નિવૃત થઈ જ્યારે પરમગુરૂ પતિમાં એકમેક ગરક રહે છે, ત્યારે વરમાલા તરીકે કેવલ નામનું જે આરોપણ કર્યું હતું, તે નાશવાન હોઈ સમેટાઈ જાય છે. આ સમય પર નામ સંબંધી ભાંજગડ લેશમાત્ર રહેતી નથી. નિવૃત્તિ પામેલા પરમગુરૂ પતિની દુલ્હિન બની પતિ સાથે સબીજ જોગ કરે છે ત્યાં

નામની વરમાળા વિષે કોઈ જાતનું પ્રયોજન નથી. હે અંશ! જેમ પરમગુરૂએ સઘળી સામગ્રી સમેટી લઈ પતિના ઘર તરફ જતાં તમામ ફના કરી દીધું છે ત્યારે તેઓ નિઙંગરૂપે પતિને ભેટયા, તેવી જ રીતે હે અંશ! તારો આ માનસિક પંચભૌતિક ચોલા ઉતારી છૂટો થઈશ તે દહાડે પતિ તારી ભેટ લેશે. જેમ પત્ની પતિ પાસે જતાં વસ્ત્ર ઉતારી એકમેક થાય છે તે સમયે નામ, ઠામ, ઠેકાણાની ભાંજગડ નથી તેમ, હે અંશ! તારા દેહરૂપ પાંચ ચોલા છે અને અંશની સાથે જડાયેલા છે તેને તું ઉતારતાં શીખ. આ ચોલા ઉતારવાનો અભ્યાસ કરીશ તો જરૂરથી તું તે તરફ જઈ શકીશ અને તારી ભેટ પણ લેશે. જ્યારે કર્તાપદની પ્રા-

સ્મિમાં એકમેક થઈશ ત્યારે તને કોઈ મંત્રની વા કોઈ ઉપાસનાની વા કોઈ સાધનની વા કોઈ સિદ્ધિની કોઈ જરૂર રહેશે નહિ. (૧૨૯)

तेहु दुल्हानी जाण स्वजाण समानी,
रहे इत नाम तीत रहे निरबानी;
निरबानी निराल नेति पर परनेति,
पावही सो पद सद सदगुरु सेती. १३०

હે અંશ ! સકર્તા સતકૈવલરૂપ દુલ્હાની સજાણજાણમાં દુલ્હિન સમાઈને પતિને મળતાં સમાનરૂપ બની ગઈ. વળી તેમાં તે રસબસ થઈ એટલે આ બાજુ નામમાત્ર પણ રહ્યું નહિ. માત્ર સર્વની છેવટે આવેલું નિર્વાણપદ એકલું જ રહ્યું. કોઈ પૂછે કે આ નિર્વાણ કેવું છે ત્યારે કહીશ કે નેતિ ઉપર

પરનેતિરૂપ છે; એટલે કે ચતુર્વેદ રચતાં અને બ્રહ્મનું વર્ણન કરતાં બ્રહ્માજીએ નેતિ પોકારેલી છે, તેવીજ રીતે પાંચમો શ્વસમવેદ રચતાં અને બ્રહ્મને માથે સકર્તા સતકૈવલનું વર્ણન કરતાં બ્રહ્માજીની માફક પરમગુરૂ આ સકર્તારૂપ નિર્વાણપદને નેતિ પોકારે છે. આમ છે છતાં કોઇ ભગવતિજન પરમગુરૂને મળે તો આ પદનો સાક્ષાત્કાર કરી આપે તેમ છે. ( ૧૩૦ )

जबी सतगुरु कीये सरजनहारा,
सरजेहु जांहीसे जांही समावनहारा,
अहो कहा कहुं सतगुरु उपमाइ,
नहि सरभर कोइमे मुजको दुहाइ १३१

હે અંશ! હું કહી ગયો છું અને અત્યારે ફરી કહું છું કે સદ્‌ગુરૂ એ જ

સર્જનહાર છે. વળી જેમાંથી આ જગત સરજ્યું છે તેમાં જ છેવટે સમાવી દે છે, એ શક્તિઓ સ્વયંસિદ્ધ સદ્દગુરુમાં છે જ. અહો! હે સદ્દગુરુ! હું આપને કયા શબ્દો વડે વર્ણવું! અગર કોના બરાબર છો એમ કહું! છેવટે દુહાઈ એટલે કે સત્ય વચન આગ્રહપૂર્વક કહું છું કે સદ્દગુરુ સમ દુનિયામાં કોઈ છે જ નહિ. (૧૩૧)

अब सतगुरु कर्तारनकी बानी,
सुनहो कहत विधि जुग उतपानी;
रचेहु सकल जेही विधि करतारा,
अनंत धात गत मति विस्तारा.॥१३२॥

હે અંશ! હવે કિરતારરૂપ સદ્દગુરુએ જગતની ઉત્પત્તિ કેવી રીતે કરી તે સંબંધી તેમની પ્રભાવશાળી વાણી

વડે કહી બતાવે છે તે સાંભળો. આ સર્વ જગતની રચના અનંત ભાતની ગતિમતિવાળી હોઈ અતિ વિસ્તાર-વાળી કિરતાર સમ સદ્દગુરૂએ રચેલી છે.

ताहो विधि विगत जुगत जेही जीनकी,
लहे सतगुरु नाम रूप गुन तीनकी;
श्रोता सनमुख चित्त रखो मम वचनां,
कहत कुवेर अविगत पति रचना. १६२

હે અંશ! આ જગત જે વિધિથી રચાયું તે વિષય મહદ્ જીક્તિવાળો હોઈ તેના નામ, રૂપ અને ગુણના વિભાગો વિષેની મેળવણી કેમ અને કઇ રીતે કરી તે માત્ર સદ્દગુરૂ જ જાણે છે. હવે પછી સદ્દગુરૂના મુખમાંથી જે વચનો નીકળે છે તે વચનો, હે શ્રોતાઓ! સન્મુખ ચિત્ત રાખીને સાંભળો.

સમર્થ કુવેર સ્વામી કહે છે કે અવિગત પતિ સમ પરમગુરૂએ ચૌદલોકની રચના કેવી રીતે કરી તે સંબંધી સંપૂર્ણ ખુલાસો લક્ષ દઈને સાંભળો. ( ૧૩૩ )

—दोहा—

निज कैवल सदोदित सद,
अखिल एक अनुक्रम;
उपजेहु मोज मोदित तीनु,
द्वैतरमण जीनुं भ्रम. ॥ १३४ ॥

સકર્તા સતકેવલ સદા સદોદિત હોઈ આ અખિલ ખલકનો અનુક્રમ એક તેમનાથી જ ગોઠવાયેલો છે. આ પતિને આનંદયુક્ત મોજ ઉદ્ભવી, જેનો મર્મ દ્વૈતરમણ કરવા પૂરતો છે.

प्रथम कीनेहु निजवृत्तिखट,
रचेहु विश्व जीनुं आद्य;

आप अलग गति सलंगही,
कहें कुवेर रही स्वाम. ॥ १३५ ॥

સકર્તા સતકૈવલે પ્રથમ વિશ્વની રચના કરતા પહેલાં છ વૃત્તિઓ ઉત્પન્ન કરેલી છે. આ છ વૃત્તિઓ વડે જગતમાત્રની રચના કરી. સમર્થ કુવેર સ્વામીજી કહે છે કે આ રચના કરનાર સકર્તાપતિ પોતે અલગ રહેલા હોઈ ગતિ વડે સળંગસૂત્રવત્ ઠસરસ બ્રહ્માંડભરમાં ભરપૂર છે. (૧૩૫)

—અથ કર્તાખટવૃત્તિ કંદ:-૫.—

—चोपाई—

जेही अविगत पति अगम अपारा,
सजाण सरुप सो कैवल किरतारा;
सोही करतारहु करन जुग ठांनी,
वृत्ति खट पसिद्ध पथम उतपांनी. ॥१॥

હે અંશ! આ જગતના પતિ અગમ્ય પારાવાર અવિગત રૂપે છે અને તે મહદ્ સજાણુજાણરૂપે હોઈ એજ પોતે સાક્ષાત્ સકર્તા સતકૈવલ છે. આ કિરતારને યથાયોગ્ય સર્વ સામગ્રીયુક્ત સમૃદ્ધિના ભંડારરૂપ જગતરચના કરવાની સ્ફુરણા થઈ, ત્યારે એકએક વૃત્તિમાં પારાવાર બળ હોય એવી છ વૃત્તિઓ પ્રથમ ઉત્પન્ન કરી. (૧)

अगम प्रकाशब्रह्म पुनीत उछाइ,
वृत्तिए संयमभोगवृत्ति उपजाइ;
क्रिया चतुर वृत्ति गति करन विभागा,
कीये सर्व विश्व घटबीज अनुरागा.॥२॥

પ્રથમ પ્રકાશબ્રહ્મવૃત્તિ, બીજી સંયમભોગવૃત્તિ, ત્રીજી ઈચ્છાવૃત્તિ અને ચોથી ક્રિયાવૃત્તિ ઉત્પન્ન કરેલી છે. આ

ક્રિયાવૃત્તિમાં ચૌદલોકના બીજરૂપ ઘાટની આકૃતિઓ રચાયેલી હોઈ તેમાં પરસ્પર સંપૂર્ણ આકર્ષણ ગોઠવાયેલું છે.

पंचमी चैतनवृत्ति उपजी उमेदा,<br>
रची रोउरोउ वृद्धि करन कलेदा;<br>
एही वृत्ति पंच सजेउसर्व साजा,<br>
रहे ज्यौं अचेत वेत विनु वागा. ॥३॥

ત્યારબાદ ઉમેદરૂપે પાંચમી ચૈતન્યવૃત્તિ ઉત્પન્ન કરી. આ વૃત્તિ વડે શરીરના સંપૂર્ણ ઘાટમાં કલેદ એટલે ભીનાશયુક્ત હેજવાળાં દ્રવ્યોનું સિંચન કરી રોમેરોમ વૃદ્ધિ પમાડયાં છે. આ પ્રમાણે આ પાંચમી વૃત્તિ વડે શરીરના સર્વ ઘાટો નખશિખપર્યંત બાંધીને ઉપસ્થિત કર્યા છે; તથાપિ આ ચૌદલોકનો ઘાટોરૂપ બગીચો અંદર સંચાલક વેત્તા સિવાય અચેતરૂપે ક્રિયારહિત પડી રહ્યો.

वृत्ति खष्टमी कर्ता अंश उपासे,
आप अंश होइ सब घट वासे;
एही खटवृत्ति कृत कीयेहु अपारा,
अनंत भात विधि तत्त्व विस्तारा. ॥४॥

હે અંશ ! જ્યારે ઉપર પ્રમાણેનો બગીચો જડરૂપે હલનચલન કર્યા સિવાય અદબદ પેડી રહ્યો ત્યારે દયાળુ કિરતારે છઠ્ઠી અંશવૃત્તિ ઉત્પન્ન કરી. આ વૃત્તિદ્વારા સકર્તાએ પોતાના અંગીકૃત અંશો ઉત્પન્ન કરીને જે અણમૂલ ઘાટોનાં બીબાં રચાયાં હતાં તે દરેકમાં પ્રવેશ કરાવી વસવાટ કરાવ્યો છે. આ છ વૃત્તિઓ વડે સકર્તાપતિએ ભાતભાતના કૃતયુક્ત અનંત પારાવાર વિસ્તાર કર્યો છે. ( ૪ )

सोही तत्त्व तनकु विगते सुत साधी
सरजो क्रियावृत्ति घट भिन्न उपाधि
जेही तत्त्व जुगते कीयेहु चराचरही
सुनहो सकल विधि सोही विस्तरही.॥५

હે અંશ ! આ બધાંય તત્ત્વોન
ઘાટોની વિગતયુક્ત જુક્તિ સળંગસૂ
ત્રના ન્યાયે સિદ્ધ કરી સાધેલી છે, તેમ
ક્રિયાવૃત્તિએ કરીને હરેક ઘાટ ભિન્નભિ
ઉપાધિવાળા દેખાય છે. આ બધુંર
સ્થાવરજંગમ ચરાચર જે દેખાય છે
તમામ તત્ત્વોની જુક્તિ છે. આ જુકિ
અને વિસ્તાર કેવી રીતે વૃદ્ધિ પામ્ય
અને મેળવણી કેવી રીતે કરી એ વિ
તેનો સ્પષ્ટખુલાસો કરૂં છું તે, હેઅંશ
તું સાંભળ. ( ૫ )

**निजपति परमपुरुष सो सुजाना,**
**कुलकर्ता सो कैवल जे निदाना;**
**तेही निजपतिकु भयेहु जो हुलासा,**
**उपजी मोज जबी करन विलासा. ॥६॥**

નિજપતિ અને પરમપુરૂષરૂપ પરમગુરૂ. આ પરમગુરૂ સુજાણજાણરૂપ હોઈ સમસ્ત જગતમાત્રના કર્તા હે અંશો ! તેમનેજ તમે નિદાન કુલકર્તા કૈવલના પોતરૂપ માનજો. કારણ કે નિજપતિને જગતઉત્પત્તિનો હુલાસ (ઉલ્લાસ) ઉત્પન્ન થયો અને આ હુલાસરૂપ મોજ કરવા જે વિલાસ રચ્યો છે તે વિલાસના વિલાસી પરમગુરૂ પોતે છે. આ પરમગુરૂ એ જ પતિની મોજરૂપે હોઈ સળંગસૂત્રવત્ એકમેક છે એટલે કે પતિથી પરમગુરૂ ભિન્ન

નથી અને પરમગુરૂથી પતિ ભિન્ન નથી. ( હવે આ જગત પતિનું રચેલું કે પરમગુરૂનું રચેલું એ વિષે સ્પષ્ટ સમજાય તેમ નથી. કારણ કે પતિના ભાવરૂપ ઊપજણ પતિથી ભિન્ન ઘટાવી શકાય નહિ એટલે વ્યાખ્યાને જુદી કેમ કરીને પાડવી ! આ ન્યાયે પતિ અને પરમગુરૂ એકમેક છે છતાં જગતનો વિસ્તાર ઊપજણરૂપ પરમગુરૂથી થયો છે એ વિષે સ્પષ્ટ ખુલાસો શરૂ થાય છે તે સાંભળો. ) ( ૬ )

वृत्ति रवट तुरत प्रेरक करी जहांना,
शुद्ध संकल्प निधकरुणा निदाना;
जेही वृत्तिसेही सफुरेहु तत्त्व जेता,
पृथक् पृथक् भिन्न भिन्न कहुं तेता. ७

હે અંશ ! પતિને પરમગુરૂરૂપ જે મોજ ઉત્પન્ન થઈ તે મોજને વિલાસ કરવા તરત જ ૭ વૃત્તિઓની પ્રેરણા કરી. પછી નિદાન નિધિરૂપ શુદ્ધ સંકલ્પ દૃઢ કર્યો, આથી કરી વૃત્તિઓમાં જે જે સ્ફુરણાઓ હતી તે તે તમામ સ્ફુરી ઊઠી એટલે કે જે જે વૃત્તિમાં જે જે તત્ત્વો હતાં તે કેવી રીતે સ્ફુર્યાં તે દરેકની ગતિનો વિસ્તાર નીચે પ્રમાણે પૃથક્ પૃથક્ કહું છું. ( ૭ )

प्रथम प्रकाशब्रह्मवृत्तिके विभागा,
उपजे महातत्त्व तीन तत्त्व अनुरागा;
कहहु नाम तीनकेहु पुनो जेही,
विकास कुंभस्थ अविकास तीनु तेही. ८

પ્રકાશબ્રહ્મવૃત્તિના વિભાગથી વિકાસમહાતત્ત્વ, કુંભસ્થમહાતત્ત્વ અને

અવિકાસમહાતત્ત્વ, આ ત્રણ મહાતત્ત્વો ઉત્પન્ન થયાં છે જે પરસ્પર અનુરાગવાળાં હોઈ તે દરેકમાં મહાબળવાન ક્રિયા રહેલી છે. (૮)

द्वितीये संजमभोग वृत्ति विस्तयेउ,
चक्षसत्त्व तीन ताहीहुसे भयेउ;
अनंगचक्षसत्व चक्ष वर्गज्ञानु,
त्रीतीयुं कालचक्षसत्व अभीरानुं. ॥९॥

બીજી સંયમભોગવૃત્તિથી ત્રણ ક્ષસત્વનો વિસ્તાર થયો, તેમાં પ્રથમ અનંગક્ષસત્ત્વ, બીજું વર્ગજ્ઞાન-ચક્ષસત્ત્વ અને ત્રીજું કાળચક્ષસત્વ થયાં છે. એ પણ બળવાન હોઈ પરસ્પર અનુરાગવાળાં છે.

वृत्ति त्रीतीयेहु इच्छा असक उपाइ,
तत्त्व स्फुरण वोतेर भये ताइ;

वृत्ति क्रिया चतुरथी विभाग वीचौनी,
उलटसुलट भइ कर्ता तनु भवनी. ॥१०॥

હે અંશ ! ત્રીજી વૃત્તિ જેનું નામ ઇચ્છા છે તેમાં સંપૂર્ણ આશકભાવ સમાયેલો છે. તેનાથી બોતેર તત્વો જન્મ પામ્યાં છે. ચોથી ક્રિયાવૃત્તિ બોતેર તત્વોમાં પોપાઈને વ્યાપક રહેલી છે. તે હરેક તત્વને પૃથક્ પૃથક્ ક્રિયા કરાવે છે તથા ઊલટસૂલટ કરી નાખે છે; એ પ્રકાર ક્રિયાવૃત્તિનો છે (૧૦)

उलटसुलट तंतविभाग मेलाइ,
अनंत कोट तनु बीज उपजाइ;
वृत्ति पंचमी चैतन चित्त प्रेरी,
वृत्ति क्रिया क्रत बीज वृद्धि कीये वेरी.११

હે અંશ ! આ ક્રિયાવૃત્તિવડે

દરેકે દરેક તત્ત્વ એકબીજામાં: પરસ્પર પોખાયાં છે. કોઈ પણ તત્ત્વ નિહંગ એકલું રહેવા દીધું નથી, એટલે કે જળતત્ત્વમાં બીજાં ચાર તત્ત્વ પોષાયેલાં છે, તેવી રીતે દરેકે દરેક તત્ત્વમાં અવરનવર પોષણ થયેલું છે. અર્થાત્ જળમાં અગ્નિ તો અગ્નિમાં જળ, આમ ઊલટસૂલટ તત્ત્વોમાત્ર મળેલાં છે. આ પ્રમાણે સર્વ સામગ્રી મેળવીને અનંતકોટિ ઘાટનાં બીજા ઉત્પન્ન કર્યાં છે. જ્યારે આ પ્રમાણે સર્વ સામગ્રી ઓતપ્રોત મળીને જે સર્વ ઘાટ તૈયાર થયા, તેમાં પાંચમી ચૈતન્યવૃત્તિરૂપ ચિત્તની પ્રેરણા કરી, ત્યારે ક્રિયાવૃત્તિથી તૈયાર થયેલાં જે કૃતમાત્રનાં બીબાંરૂપ બીજ ઘેરાઈને રહ્યાં હતાં તે વૃદ્ધિ પામીને ગતિવાળાં થયાં. (૧૧)

एही वृत्ति पंच संच जुग सारा,
अकेकी विभाग जे ते भइ कही सारा;
वृत्ति 'खष्टमी कर्ता अंश सफुरा,
ब्राजे सर्व घट ऋट हालहजुरा. ॥१२॥

આ પાંચ વૃત્તિઓ વડે જગતમાત્રના ઘાટ રચાયા છે. જે જે વૃત્તિથી જે જે વિભાગ ઉત્પન્ન થયા તે હકીકત ઉત્તમ રીતે સમજાવી છે. જ્યારે કર્તાએ છઠ્ઠી અંશવૃત્તિથી અંશોની સ્ફુરણા કરી ત્યારે તરત જ ચૌદલોકના સર્વ ઘાટોમાં તટસ્થ સાક્ષીરૂપે હાજરાહજૂર કર્તાના અંશો બિરાજ્યા. ( ૧૨ )

भयेहु अंश कर्ता एही विधि पोते,
करन रमण पण गणीत न जोते;
अरब अनेक खरबही अनंता,
अगणित पदम शंख नहि अंता. ॥१३॥

ઉપર કહેલી વિધિ પ્રમાણે કર્તાના અંશો હરેકેહરેક ઘાટમાં ગોઠવાયા છે. આ અંશો પારાવાર હોઈ જ્યોતિષ તેની ગણતરી કરી શકે તેમ નથી. એવા પારાવાર અંશો રમણ કરવા લાગ્યા. ( ૧૩ )

येसेही अंशा हयेहु अनुसारा,
खुद खावन कैवल किरतारा;
जेही कैवल बिनु वृत्ति कृत कंदना,
सोही सफुरेहु होय विश्ववृत्ति व्रंदना.१४

ખુદખાવંદ કૈવલ કિરતારના અંશો ઘાટના સાક્ષી થયા પછી ઘાટમાં પોષાયેલી વૃત્તિ મુજબ વર્તવા લાગ્યા, એથી કરી કર્તાને તથા પોતાને ભૂલી ગયા. જ્યારે અંશને પોતાના ચૈતન્ય સ્વરૂપની જાણ ગઈ અને ઘાટની વૃત્તિ-

ઓમાં ઓતપ્રોત થયા, ત્યારે ઘાટના મૂળરૂપ જે કંદ તેમાંથી સ્ફુરણાઓ ચૈતન્ય સત્તા પામીને નીકળી. તેનાથી વિશ્વનાં ટોળેટોળાં ઘાટ મુજબ વૃત્તિ રાખીને વર્તવા લાગ્યાં. ( ૧૪ )

દોહા

वृत्ति पंच प्रसरन करी,
कीनेहु सकल जांहांन;
छट्टी कर्ता वृत्ति अंश होइ,
आप निवासेहु आन. ॥ १५ ॥

પાંચ વૃત્તિઓનો પ્રસારો કરી ચૌદલોકરૂપ જગત રચ્યું છે અને કિરતારે છઠ્ઠી અંશવૃત્તિરૂપ અંશને ઉત્પન્ન કર્યાં હોઈ આ બધાય ઘાટોમાં પોતે આવીને વસ્યા છે.( ૧૫ )

एही खट वृत्ति प्रथु मूलसे,
भयेहु सकल विस्तार;
विविधी भात भिन्न भिन्न भव,
कहुं मम कृत अनुधार. ॥ १६ ॥

આ છ વૃત્તિઓના મૂળથી સમસ્ત જગતનો વિધવિધ પ્રકારે વિસ્તાર કર્યો છે. આ કૃત અનુસાર હવે પછી હું વ્યાખ્યા કરૂં છું તે સાંભળો. ( ૧૬ )

श्रोता सकल सुनहो मम,
भव उत्पन्न भलभेद;
जेही करता गते कुल रच्या,
सोही गति लहत न वेद. ॥१७॥

હે શ્રોતાજનો ! ભવમાત્રની ઉત્પત્તિ વિષેનો ભલી પ્રકારે ભેદ કહું છું તે સાંભળો. જે પ્રમાણે કર્તાની મહદ્ગતિ

વડે કુલ રચના રચાયેલી છે તે ગતિની જાણ વેદને નથી. આ પ્રમાણે જેની જાણ વેદને નથી તેનો પ્રકાશ કરૂં છું.

तेही गति सबल सुनावहु,
लोक चतुरदश साज;
स्थावर जंगम जल थल,
सुरतनु सहित समाज. ॥ १८ ॥

જેની ખબર વેદને નથી તે સબળ ગતિનું, તથા ચૌદલોકના સાજરૂપ ઘાટથી લઈ સ્થાવરજંગમ આદિ જળસ્થળ પર્યંત દેવતાઈ શરીરો સુધીના સાજ માત્રનું નીચે પ્રમાણે વર્ણન કરૂં છું તે સાંભળો. ( ૧૮ )

—ઇતિ પંચમો છંદ સમાપ્ત—

# દશ આકાંક્ષાની ઉલટક્રિયા.

## ઉપપ્રકરણઃ ૧

શ્રીમંત પરમગુરુ શ્રીકરુણાસાગર મહારાજ આતુર નરનારી શ્રોતાજન તથા સંત પ્રત્યે તત્ત્વભાગની ઉલટ-ક્રિયાનું નિરૂપણ કરે છે તે સાંભળો. આ પ્રકરણ સાંભળતામાં પરમાર્થ પ્રાપ્ત થાય એવા જ પ્રકારની પ્રવૃત્તિ કરવાનો ભાવ ઊપજે, એટલા માટે સાવધાન થઈ શ્રવણ કરજો. એથી કરી આ માર્ગે

જતાં અંશને આદિ નિજ કેવલપતિન
બોધલક્ષ વડે પ્રત્યક્ષ દર્શન જેવી અનુ
માન ભેટ થશે.

હવે રજોગુણની દશ આકાંક્ષાઓન
ક્રિયા ઇંદ્રિયોને વિષે જે થાય છે તેન
સાધારણ પ્રવૃત્તિ દેખાડી છે. હવે એજ
પ્રવૃત્તિ વડે પોતાના સ્વરૂપનું અં
પતિનું જ્ઞાન પ્રાપ્ત થાય એવી ક્રિય
કહું છું તે સાંભળો. પ્રથમ કાને શબ્
ઘણા પ્રકારના સાંભળીએ છીએ અને
તે જ પ્રકારે વહેવારમાં સર્વજંતુ આચ
રણ કરે છે. જે શબ્દ સાંભળવાથ
પોતાનો લાગ નિદાન નિજપદ કર્તાન
વિષે પહોંચે તેવાં જે વચન હોય તેન
વિષે સદાકાળ અંતઃકરણની યોજન
કરવી. શ્રોતાએ ત્યારે શું શ્રવણ કરવું
સત્ય શાસ્ત્રવિચાર શ્રવણ કરવા સા

અત્યંત અક્ષય પ્રીતિ રાખીને સાંભળવું અને એ વચન સિવાય જે અકારણ હોય તેનો મનથી ત્યાગ કરી કાને પણ શ્રવણ કરવું નહિ. વળી સદ્દગુરુઉપાસના તથા ધર્મનીતિ રાખવી અને એ કર્મને વિષે નિષ્ઠા પણ બહુ રાખવી તેમજ વર્ણાશ્રમની જુક્તિ અને પ્રીતિ વડે તેનું સેવન કરવું. પતિપ્રાપ્તિ માટે દેહની આદિથી અંત સુધી જીવને જે જે કર્મ કરવાનાં તે વારંવાર શ્રવણ કરે તો જ કળ્યામાં આવે. આ પ્રમાણે શ્રવણ કર્યા વિના ભક્તિ, જ્ઞાન, વૈરાગ્ય અને નિર્વાણપદ પામવાની પ્રતીતિ જણાય નહિ અને એ પ્રતીતિ જાણ્યા વિના વૃત્તિનું સજાણ નિશાન પહોંચે નહિ; કારણ કે અંશ સ્વયં પોતે જે છે તેની પોતાની નિજ બાહ્યદૃષ્ટિ જે

છે તે જ્યાંસુધી નિજકર્તાના સનાતન-પદને વિષે ના પહોંચે, ત્યાંસુધી જે જે ભજનસ્મરણ કરીએ તે તે ઓરલા પદાર્થના અનુરાગનું થાય માટે પરમ-ગુરૂનાં અગાધ સત્ય બોધવચનો જે દિવ્ય બોધરૂપ છે તેજ ત્રિવિધ અર્થ-વાળાં પ્રસિદ્ધ બોધવચનો પ્રત્યક્ષ અનુ-માનપૂર્વક શ્રવણ કરજો. ત્રિવિધ અર્થ એટલે ભક્તિ, જ્ઞાન અને વૈરાગ હોઇ જે વચનમાં નિજ અદ્વૈત સકર્તાપતિ કહ્યામાં આવે, તે ત્રિવિધાર્થ વચન છે તે શ્રવણ કરવાં; જેથી અંતરવેહે હેતુએ (અંતરના વિરહવાળા હેતુએ) પતિવ્રતાની ભાવના સરખો એક કર્તાને વિષે જ અતિશય પ્રેમ રાખવો. આ પ્રકારે વચન શ્રવણ કરવાનો પ્રતાપ અદ્ભુત હોઈ અમાપ છે. તેના યોગ

વડે પરમપદ સુલભ થાય અને આતુર જન હોય તેને તો પ્રગટ પ્રાપ્તિ માલમ પડે.

હવે નાસિકાદ્વારે નાના પ્રકારે પુષ્પાદિકની સુગંધ ગ્રહણ કરીએ છીએ. તે પદાર્થની સુગંધ લેવાની ભાવના જ્યારે નિજ અંતરમાં થાય, ત્યારે સંત પરમગુરુભોગમૂર્તિને ભક્તિપ્રેમ વડે જે સુગંધી પુષ્પાદિક સમર્પણ કરેલું હોય તેની ઉત્તરપૂજા થયા પછી તેની પ્રસાદી જે શરીરે સ્પર્શેલું છે તે માથે ધારણ કરીને પછી તેનું સેવન કરવું. દાખલા તરીકે વિષયી જીવ નરનારી પુષ્પાદિ સુગંધનો વિલાસ કરે છે, તે પ્રકારે પરમગુરુના ચરણારવિંદ ઉપર પુષ્પાદિ સુગંધનો વિલાસ કરવો અને તે જેમ ભ્રમર કમળની સુગંધ લે છે તે પ્રકારે

વિરહભાવે પરમગુરુના ચરણકમળની સુગંધ ગ્રહણ કરવી. આ પ્રકારના ભક્તિપ્રેમ વડે પ્રસાદ પ્રાપ્ત થાય. આ પ્રસાદ તે નિજસ્વરૂપ તથા સકર્તા હોઈ તે અનાદિ પદરૂપ અમોઘ પરમપદાર્થની સુગંધ પામીએ, એટલે પછી તેને કર્તાનું ચરાચર વ્યયરૂપ સકલ કૃત સુગંધરૂપજ જણાય. જે આ પ્રકારે અનુભવદ્વારે ઉપાસનાની સુગંધ લેશે અને સઘળું કૃત સુગંધરૂપ જોવામાં આવશે, ત્યારે તેને દુર્ગંધ નજરે આવશે નહિ.

હવે નેત્રે કરીને નિરીક્ષણ કરવાને સર્વ જીવ પ્રવૃત્ત થાય છે, તેમાં કોઈ કામની ઈચ્છાએ કરીને તો કોઈ સહેજ સ્વભાવે અંતર્બાહ્ય દૃષ્ટિએ સ્ત્રીપુરુષો સર્વ જુએ છે; પરંતુ વિષયભાવબુદ્ધિનું જે જોવાનું તેનો ત્યાગ કરીને જોવું. વળી

તત્ત્વપ્રવૃત્તિ સમૂળ જોઇને તેમાં જે જે વિષયાદિ ક્રિયાવિભાગ વર્તે છે તે તે વિષયાદિ ક્રિયાનો વિભાગ ત્યાગ કરાવીને તેને પરમાર્થને વિષે લગાડવા. પછી આ બન્ને વિભાગ એકઠા કરીને અંતર્ભાવવૃત્તિ પાસે લાવીને પદાર્થ ઉપરની ભાવના પોતે સમેટી લેતાં પછી તે દૃષ્ટિ જે શેષ રહે છે તે આપનાઆપ અંશની પોતાની બાહ્યદૃષ્ટિ જાણવી. આ બાહ્યદૃષ્ટિ તે સજાણ નયન હોઈ તે પરમ અલૌકિક પોતાને (અંશસ્વરૂપને) દેખાડવા લાગે. વળી આ જ દૃષ્ટિએ સકર્તાને પણ દેખીને ઓળખવાના છે; માટે દિવ્ય નિજરૂપ પોતે અને તેના પતિ એ બન્નેનું વિલોકન કરવું એ જ નિરીક્ષણપણું હોઇ તે અતિ ઉત્તમ અભ્યાસે પ્રેમસહિત

કરવું. અહો ! હે અંશ ! તમે સદ્‌ગુરુલક્ષ વડે ઊલટીને દેખશો, તો સનાતન પ્રભુ દેખવામાં આવશે; એટલા સારુ પરમગુરુ શ્રી કરુણાસાગરનું રૂપ (સોહંગસ્વરૂપ) અખંડ ગતિરૂપ જોતા રહેવું. સંત તે સમર્થ પરમગુરુ હોઈ તેમની દેહાંતર (તેમના સોહંગરૂપ મૂળ ખરા સ્વરૂપની) પરમ આકૃતિ પ્રથમ અતિ ઉલ્લાસે જોવી, એથીકરી પૂર્વે એટલે આગળ જોવાનું જે નિરૂપણ કરી ગયા છીએ તે પુષ્ટિ પામશે. અહો ! હેઅંશ ! સકલ તત્ત્વોની ક્રિયાસહિત સ્વરૂપ જાણીને જોવાનું મળે તે મહા અદ્‌ભુત હોઈ અપૂર્વ જાણજો. આ પ્રકારે જોયા સિવાય પદાર્થ અને પરમપદ જોવામાં આવશે નહિ. હવે આ પદાર્થ બે પ્રકારના છે, તેમાં એક

તો તત્ત્વઅંશ સમેત સકલ કૃત જાણવું અને બીજું તે સ્વજાણસ્વરૂપ ખુદ કેવલકર્તાનું જે અનાદિ ભાસક (ભાસ કરનાર), આ ઉભય પદાર્થ જોયા વિના તો તોલમૂલનું પ્રમાણ કંઈ પણ જણાય નહિ. વળી અવધિ અને અવધિરહિત સીમા આદિમધ્યાંત જાણવામાં આવે નહિ; તે માટે પરમભેદ લક્ષ અને આ-દર રાખી સર્વ નરનારી જીવ જોજો, જે જોયાના પ્રતાપથી જીવનું અનંત કલ્પનું કાર્ય સરશે. હવે પ્રથમ તો ચરાચર વિરાટ, દેવ અને સામાન્યવિશેષ અંશા-ની આધ લઇ કૃતમાત્ર જોવું. પછી આ કૃતના પરસ્ કર્તા વિષે ગમ લઈને તે ગતિ જોવી. હવે આ ઉપરાંત વેદ, શ્રુતિ અને સ્મૃતિ વિષે પ્રમાણયુક્ત જોવાનું કંઇ પણ રહેતું નથી. આ પ્ર-

કારે શ્વસંવેદગતિનું જોવાનું દર્શાવ્યું. જેણે આ પ્રકારે જોયું, તેનું અનંત કલ્પનું કાર્ય સર્યું. જે કર્ત્તા સાથે વિયોગ હતો તેની સાથે સંયોગ થઈને અક્ષયપદ મળ્યું. અહો! હે અંશ! આપણે તો દગ–નેત્રરૂપ છીએ અને આપણા કર્તા કેવલ તે પણ દિવ્ય દગસ્વરૂપે જ છે, તે માટે એક એકને જોઈએ તો જોવાનું બહુ સુલભ થશે. દિવ્ય દેહરૂપ દગ-આકૃતિ જેની છે તે પરમ અવ્યય વ્યક્તિ હોઇ પોતે સ્વજાણ, સર્વજ્ઞ, અખંડવિભૂતિરૂપ, અમર અને અચળ છે, વળી અંશનું અને નિજકર્તા પ્રભુનું એક એકને જોવાનું સચિંતક અતિ સચેતન હોઈ પરમ સુરેખ છે; તે વિષેની આ પ્રતીતિ કહી. એથી કરી વિવેક પૂર્વક જણાય છે. તેમાં અંશની દૃષ્ટિ

વડે તત્ત્વનું વર્તમાન થાય છે અને કેવલકર્તાને જોયે કરીને અંશ સચેત થાય છે. જેમ સૂર્યના ભાસ વડે નેત્રના તેજને પુષ્ટિ મળવાથી પદાર્થ દેખીએ છીએ તે સિવાય જોઈ શકતા નથી; પણ સૂર્ય કંઈ નેત્રની પુષ્ટિએ સર્વને દેખતો નથી. તે તો સ્વયં પ્રકાશક છે. તેનું કામ તો જીવને નેત્રે પદાર્થ દેખવા સારુ પડે છે. આ પ્રકારે અલ્પજ્ઞ અને સર્વજ્ઞ નીરખવાનું દેખાડી દીધું. આ પ્રકારે જોઇને પરમ પુરાતન પ્રભુ અચળ છે તેનું જ તમે યજન કરજો.

હવે ક્ષુધાપિપાસા–આકાંક્ષા તે અન્નમયકોષરૂપ સર્વ દેહનું પાલન કરવા મુખે કરી ખટરસ પદાર્થ ખાવાપીવા તે છે. હવે આ ખટરસ તે કયા કયા તે કહું છું. એક તો મધનો આદ લઈ જિહ્-

વાએ ચાટીને ખાઈએ તે લેહ્ય (અવલેહ, ચાટણ) નામનો રસ જાણવો. બીજો પેય નામે રસ તે દૂધ, રસની આદ્ય લઈ ગટગટ પી જવાય તે જાણવો. ત્રીજો ચોખરસ તે આમ્રફળ, મીઠાં લીંબુ આદિ ચૂસી લઈ ને કૂચો થુંકી નાખીએ તે. ચોથો ખાદ્યરસ તે જામફળ આદિ ફળ તથા બદામ, પીસ્તાં, સાકર વગેરે ખાઈએ તે ખાદ્ય નામે રસ જાણવો. પાંચમો અન્નભોજ્ય નામે રસ તે ક્ષીર, ભાતની આદ્ય લઈ ખાઈએ તે. છઠ્ઠો ભક્ષ્ય નામે રસ તે રોટલી; પોળી (પૂરણપોળી) અને પકવાન ખાઈએ તે. દેહના ખટરસ ભરણપોષણને સારૂ પ્રવૃત્તિ કરીએ છીએ, તે નર્યા દેહને સારુ જ પ્રયત્ન કરીને ભોગ લેવો નહિ. આ સાંભળી કોઈ શ્રોતા કહે કે, ત્યારે કેમ કરીએ!

તે સિવાય તો દેહનો નિર્વાહ ચાલે નહિ ! હવે તે વિષે કહું છું તે સાંભળો. આપણને જે જે પદાર્થ, ફળ, રસ આદિ આવી મળે, તે સંત પ્રત્યક્ષ અવતારમૂર્તિ પ્રતિમાદિકને પ્રથમ સમર્પણ કરવું. પછી શેષ ઉચ્છિષ્ટ તે મુખમાં ઘાલીને સ્પર્શેલું હોય તે અથવા નજરે દેખાડેલું હોય તે અથવા કાને સંભળાવેલું હોય, તેનું સેવન પ્રીતિપૂર્વક નિયમ અને નિષ્ઠા રાખીને અલમસ્ત ન થવાય એવી રીતે ખાવું. પછી આ પ્રસાદ–રસના પ્રતાપ વડે તત્ત્વભાગનાં મુખ વિકાસ પામીને પોતાના પતિ ભણી ભક્ષણ કરવા સારુ દોડશે. દગરૂપ અંશનું દૃષ્ટિરૂપ મુખ છે. તે અંતરૂબાહ્ય દૃષ્ટિ તે જ તેની ત્વચા હોઈ નિષ્કલંક છે એમ જાણવું. રૂપઅરૂપથી રહિત,

અલૌકિક, દિવ્યદેહરૂપ પતિના સ્વરૂપની સન્મુખ સકલ તત્ત્વનાં મુખ ચોતરફથી એકઠાં થાય, તે ત્યારે જ થાય કે જ્યારે આપણે પોતે નિર્મળ પ્રતીતિએ કરીએ ત્યારે થાય. આમ થાય ત્યારપછી એકમુખી ક્રિયા સુલભ થવા માંડે છે. હવે તે અંશની દૃષ્ટિનું ખાવુંપીવું તે શું હશે? આ અંશની દૃષ્ટિનું ખાનપાન તે સકર્તાનું પરમપદ ભુક્તમાન કરે તે છે. જેમ, કોઈ પતિવ્રતા સ્ત્રી હોય તે કાયા, મન, જીવ, પ્રાણસમેત પોતાના સુખનો યોગ પતિ સાથે મેળવે છે, તેમ તેજ પ્રકારે અંશનું મુખ જે સજાણદૃષ્ટિરૂપ તે કર્તા ભણી સન્મુખ થાય એટલું ક્ષુધાતૃષાનું મહા અદ્ભુતફળ પ્રાપ્ત થાય, પણ જે જે ખાનપાનના પદાર્થ આવી મળે તે તે સમર્પણ કરીને ભુક્ત-

માન કરજો. આ પ્રકારે પરમગુરુઉપાસનાએ નિજદૃષ્ટિરૂપ સુખને સનાતનને વિષે સંયોગ કરવો તે તો જે પ્રકારે વ્રેહેવંતી કામિની પુરુષની સાથે અનુસરે છે તે પ્રકારે પોતે જ અર્પણ થાય ત્યારે જ એ સંયોગ થાય.

હવે ઉચ્ચાર-આકાંક્ષા તે રસનાએ કરીને નાનાવિધ વચનનો સારો નરસો ઉચ્ચાર થતો હોઇ સાચું જુઠું બોલવાની પ્રવૃત્તિ ચાલે છે; તેમાં જે વૃથા બોલવું હોય તે તેની ગમ જોઈને ત્યાગ કરવું અને આપણા કાર્યનું સત્ય હોય તેટલું જ બોલવું. અકારણ વચન બોલવા વિષે ભાવના ધરવી નહિ. હવે મન અને પ્રણવના યોગ વડે ઉચ્ચાર થાય, પણ તે પોતે અંશ પોતાની ઈચ્છાએ શબ્દઘાટ ઘડીને બોલાવે છે. તે

જ ઉચ્ચાર (કેવી રીતે થાય છે તે) પ્રથમ પરમગુરુના બોધ વડે ઓળખી લેવો અને લાગલું (અચાનક) બોલવું પડે તો શું ઉચ્ચારણ કરવું તે સાંભળો. શ્વસંવેદની આદ્ય લઈ પાંચે વેદનો અભ્યાસ કરવો, જે અભ્યાસના યોગે રસના રંગાઈને કર્ત્તાના અખંડ ચિંતવનમાં સુરતારૂપ (ધ્યાનાકાર, તલ્લીન) થઈ જાય એટલે કૈવલ અને પરમગુરુના યશ ગાઈને કૃતાર્થરૂપ થાય: એટલે પછી સકલ પદાર્થના ઉચ્ચાર પ્રતીતિપૂર્વક સદાકાળ સત્સંગે ઘડે, એટલે આમ પરમકૃતાર્થ થયેલી જિહ્વા સદાકાળ સત્સંગે સકલ પદાર્થના જે પ્રતીતિઉચ્ચાર ઘડે તે ઉચ્ચારરૂપ વાચા જે છે તેજ પરમ અભ્યાસે પરમપદના વેત્તા થઇ રહે; પછી તે એક સકર્તા સિવાય અન્ય ઉચ્ચા-

રણ કદાપિ કરે નહિ. જો કદાચ કૃત-પદાર્થ આદિની પ્રવૃત્તિ અર્થે બોલવું પડે, તો તે પણ નિયમે જ બોલે. આ પ્રકારે નીતિએ વાણીકૃત અને કર્ત્તાપદાત્મક ઉભય ભાવને વદે પછી તે વાણી અનર્થ વાચાળપણાથી મુક્ત થઈને પુનિત (પવિત્ર) થયેલી જાણવી.

હવે શીતોષ્ણ-આકાંક્ષા તે અંતર્-બાહ્ય શીતોષ્ણપણાની એવું થાય છે, તે એક એક તત્ત્વના સ્પર્શે કરીને નાના પ્રકારે વર્તમાન થાય છે, એવું સકલ તત્ત્વ ભાગનું વર્તમાન તે ચૈતન્ય અંશના સ્પર્શે કરીને ચાલે. હવે શીતનો સ્પર્શ થતાં શાંતિ થાય છે અને ઉષ્ણ ત્રિવિધ તાપને સ્પર્શે તો તાપ જ ઉપજે છે વળી જ્યાંસુધી નિજસ્વરૂપ અને કર્તાના સુખની શાંતિ પ્રાપ્ત ન થઈ, ત્યાં-

સુધી સદાકાળ તત્ત્વોની સંગતિએ દાઝપણું છે જ. હવે વિષયને વિષે વર્તે છે તેથી શાંતિ ઊપજે છે, પણ તે શાંતિ નિજસ્વરૂપના સુખની નથી એમ જાણવું. કારણકે આ શાંતિએ કરીને તો જે વેળા વિષયની પ્રાપ્તિ થાય નહિ તે વેળા કામાગ્નિના હેતુએ અધિક તાપ ઊપજે છે, એટલા જ માટે કામવિદ્યુતરૂપ તાપને સમાવવા સારુ સતગુરુ–સંતને સર્વાંગે પ્રેમભાવે મળવું. આમ અંગોઅંગ ભેટ થાય એમ મળવું. જેમ પતિવ્રતા પોતાના પતિને ભેટે તે પ્રકારે વૃત્તિ, અભિમાન, ગુણ, ભાવના સહ સંતપદને વિષે અખંડ રત–લીન થઈ જવું. આમ અનંતપ્રકારની ક્રિયા પરમગુરુમાં લીન કરીને સર્વભાવે પ્રેમસહિત સ્પર્શવું તે જ પરમગુરુનું

ભજન છે. પછી તેના (પરમગુરુના) સ્પર્શના પ્રતાપે પરમપદનો દિવ્ય અનુભવબોધ જાણવામાં આવશે. આ બોધલક્ષ વડે દગરૂપ અંશને અનાદિસિદ્ધ નિજકર્તા માલમ પડશે. આ અંશની હેતુરૂપ સજાણદૃષ્ટિ તે સ્વજાતિભેદ વડે કરીને કર્તાપદને વિષે પહોંચે, તેજ પ્રભુ સાથેના સ્પર્શનો અવિનાશી યોગ થયો જાણવો. પછી આ ઉપરાંત નિજ આપના આપ રૂપ અંશને સ્પર્શ થવાનું કંઈ પણ બાકી રહેતું નથી. આ પ્રમાણુના જ સ્પર્શે કરીને અંશને દિવ્ય મહદ્ સજાણતનુને વિષે અપૂર્વ શાંતિ થાય છે. આવી શાંતિ પ્રાપ્ત થયા વિના તેમજ અહીં સુધીનો અનુભવ મેળવ્યા વિના જીવને વિયોગના દુઃખનો તાપ અખંડ રહે છે. આ પ્રમાણે તાપના

સ્વરૂપને તથા શાંતિના સ્વરૂપને જાણીને તાપને ગ્રહણ ન કરતાં અતિ ઉજાગ્રતપણે શાંતિસુખના પ્રમાણનો વિવેક ગ્રહીને સંતજને સર્વકાળ શાંતિ જ ભોગવતા રહેવું.

હવે ગ્રહણ—આકાંક્ષા તે પદાર્થ વિષયના કર્મની પોતાના હાથ, વડે આપવાલેવાની પ્રવૃત્તિ બહુ પ્રકારે થાય છે. તે જ હાથનો ઉપચાર તે સંતસેવન તથા પરમગુરુનું યજન કરવું તથા દાન, ધર્મ, પુણ્ય તેમજ નીતિ આદિ કર્મમાં વર્તવું અને અહિંસાદિક આચરણ નિયમે રાખવું. એથી કરી પછી સર્વ તત્ત્વભાગની પ્રવૃત્તિ અંશના સજાણ ઘરને વિષે આવી જશે. આ ઠેકાણે પદાર્થોને અંશ જે છે તે શું આપે? ત્યારે તે તો નિજ ન્યાયનીતિનું દાન પદાર્થોને આપે

છે; અને અંશ આ પદાર્થો પાસેથી લે છે શું ? તે લેવાનું તે વૃત્તિરૂપી હાથ વડે પરમગુરુના યજનરૂપ ભક્તિનો સ્વાદ લે છે. પછી આ ચાસણી રૂપ સ્વાદ લેવાથી અંશની ભાવના સનાતન થાય છે. હજીપણ આગળ અંશના હાથનું નિશાન વર્તે છે, તે કેવી રીતે ? તે વિષે સાંભળો. હવે અંશની હેતુયુક્ત અલૌ-કિક બાહ્યદૃષ્ટિ જે છે તેજ વૃત્તિરૂપ તેનો હાથ જાણવો. તે હાથે કરીને નિજ પ્રભુને સ્પર્શે અને સજાણપણા વડે સદા-સર્વદા તે હાથ ધરી રાખે, એટલે તે સકર્તા પાસેથી અનંત ગતિ અંશને પ્રાપ્ત થાય, પણ તે કર્તા આપે એટલી; પરંતુ જ્યારે અંશ પોતે સ્વરૂપે થઈ રહે ત્યારે સર્વજ્ઞ ગતિ આપે છે. હવે કર્તા પાસેથી આપણે જે લેવાનું છે તે ગતિ

જ લેવાની છે એમ જાણવું અને આપણે આપણા તરફનું કર્તાને આપવાનું તે નિજ આપનપુનો સર્વ ભાવ હોઈ તે સમર્પણ કરીને રહેવું, એજ આપવાનું છે અને અનાદિ સત્ય જોવું તે હાથને લેવાનું છે.

હવે વિષય–આકાક્ષાં તે ઉપસ્થવિ-ષય તથા મૂત્રકર્મ છે તે અને મળવિ-સર્જન–આકાંક્ષા તે ગુદાને વિષે અપવિત્ર મળ ત્યાગ થાય છે તે, ખાનપાન આદિ ભક્ષણ કર્યા વિના ક્યાંથી હોય? આ વિષે સ્પષ્ટ ખુલાસો કરું છું. જે નાના-વિધ મતપંથના બોધ ઘણાક કાળથી ખાતા આવેલા છે તે બોધ કયા કયા? ત્યારે, અંશની વૃત્તિએ સગુણ, નિર્ગુણ આદિ અનેક પદાર્થ ખાધેલા છે અને તે પદાર્થોને વિષે જ સર્વ પ્રેમ રાખેલો

છે તે રૂપ રસનો મળ પ્રાસન કરેલો હોઈ તેનીજ તૃપ્તિ સદાય અંતરમાં ભાવી, અને એથી અંશ સુખકારી થઈ રહ્યો છે. હવે એક નિજરૂપ અંશ અને સકર્તાપતિની ગતિ વિના સર્વ રસ એ મળ છે એમ જાણવું; એથી અંશના વૃત્તિરૂપ ઉદરમાં જે મળમત રહ્યા છે તે સર્વ ઓરલા એટલે આ બાજુના સિદ્ધાંત હોઈ તેનો વૃત્તિરૂપ ઉદરમાંથી ત્યાગ કરીને પ્રથમ તો નિર્મળ નિજરૂપે થઈ જવું. વળી મતરૂપ શક્તિરસ જે છે તે જ મૂત્ર તથા ધાતુ છે, તેનો ત્યાગ કરવો; એથી કરીને અંશની વૃત્તિ પક્ષા-પક્ષ રહિત થઈ નિર્મળ થશે. પછી નિર્મળ રસરૂપ પરમામૃત, નિજરૂપ સકર્તાપતિ સુરેખ હોઈ વિવેકપૂર્વક તેમના લક્ષરૂપ નિર્મળ રસનું પરમા મૃત-પીવું. વળી

ઉદરને વિષે ક્ષુધાતૃષા લાગે તે માટે ખાવું હોય, તો પૂર્વે ક્ષુધાતૃષા-આકાંક્ષાને વિષે કહ્યું છે તે જ પ્રકારે સત્વં સમજીને ખાનપાન કરવું. આ પ્રકારે વિમળ અંશે વિમળ રસરૂપ પરમ ગમગતિનું ભોજન કર્યું હોય, તો તેને તે ખાનપાને કરીને અખંડ અમર પદવી પ્રાપ્ત થાય. તેને પછી ખંડિત દેશમાં આવવાનું કંઇ પણ રહે નહિ અને મળત્યાગ કરવાનું પણ તેને રહે નહિ. અહો! હે અંશ! આ પ્રકારે જે તત્ત્વભાગ સમેત અમર થયો અને પછી પોતાની સજાણ બાહ્યદૃષ્ટિએ સકતા નું ભજન તે રૂપ પરમામૃતપાનનું જેને ખાનપાન મળ્યું, તે પરમામૃતપાન કરનાર અંશને મળત્યાગ શાનો રહ્યો? કારણ કે જે નિર્મળ સ્વરૂપ છે તેના વિષે

તેની દૃષ્ટિમાં રજમાત્ર મળ નથી; એટલાજ માટે જેની દૃષ્ટિમાં રજમાત્ર મળ નથી એવા વિમળ સકર્તાને જોઈને, હે અંશ! તે એક સત્ય સ્વરૂપનું જ ભજન નિત્યપ્રતિ કર્યા જજો. આ પ્રકારે મળ-વિસર્જન-આકાંક્ષા તથા વિષય આકાંક્ષા, આ બન્ને આકાંક્ષાનો આદિ ભેદ સંતજન પ્રત્યે કહ્યો.

હવે ગમન-આકાંક્ષાનો અનુભવ સાંભળો. સુષ્ઠદુષ્ટ કાર્ય સારુ સ્ત્રીપુરુષ સર્વ જીવ ગમન કરે છે. હવે તે સ્વ-ધર્મને વાસ્તે ગમન કરવું તે કહું છું. ભિન્ન (હવે પછી ભવિષ્યમાં જે દેહ મળનાર છે તે) દેહધર્મની જે પ્રવૃત્તિ તે પૂર્વ કાળે કહેલા વિધિવચન પ્રમાણે ક્રિયા કરવી. ભક્તિ, તીર્થયાત્રા, સંતદર્શન, પ્રદક્ષિણાની આદિ વિચરવું તથા

નાના પ્રકારનાં ઉત્તમ કર્મમાં અતિ ઉતાવળું ચાલવું; કારણ કે આવો મનુષ્યદેહનો દાવ ફરીથી હાથમાં આવતાં વાર લાગે. તેટલા માટે નિશદિન નવરું બેસી રહેવું નહિ, પણ સાધન–અભ્યાસમાં જ વખત કાઢવો. હવે પ્રથમ સર્વ તત્ત્વભાગની પ્રવૃત્તિ તે નિજસજાણગતિએ કરવી. આ પ્રકારનું ગમન કરવામાં કિંચિતમાત્ર અનુમાન કરવું નહિ, અહો ! આપણને ઉપાસના (ભક્તિ), જ્ઞાન અને વૈરાગ, એ જ પરમગુરુની કૃપાનું સૌભાગ્ય જાણવું. એથી કરીને આપણે આદિ યજન કરવા યોગ્ય થવું છે. આપણા માટે આ પ્રકારે ગમન કરવા ગતિની ચાલથી ચાલવું, તે પોતાની ઇચ્છાનીતિએ અહીં એટલે ગતિમાં બિરાજમાન થવું. પછી જન્મમરણ અને

અનીતિ-ક્રિયાનો બોજો માથેથી સર્વ ઊતરી જશે. પણ કહ્યું તે પ્રમાણે ચાલતાં ચાલતાં પોતાના સ્વરૂપને પહોંચે અને તેનું ઓળખાણ પડે, એટલે કે આ માપક દેહને વિષે નિજરૂપ અલ્પજ્ઞની માપકગતિ બહુવિધ જાણવામાં આવે. પછી અનાદિ નિજપતિ જે અંશના પોતાના પિતા તેના ભણી ચાલવાનું તે નિજ સજાણવૃત્તિએ ઉતાવળું ચાલવું. તે અપાર ગતિ કર્ત્તાની જાણીને, જેમ પોતાની માતા આગળ અજ્ઞાન બાળક દોડીને ગળામાં વળગી પડે તે પ્રકારે નિજ આપનો હેતુ પતિ તરફ અંગોઅંગ આપવો. આ પ્રકારે ચાલ્યા વિના વાટ ખૂટે નહિ. જે નિજકર્ત્તાપદને વિષે પહોંચીએ તે માટે ગતિએ કરીને અટુટ પ્રતીતિની ધારણા વડે ચાલજો. પછી આ

ઉપરાંત જીવને કલ્પાંત સુધી ફરી ચાલવાનું બીજું રહેતું નથી. એટલાજ સારૂ આ એક ગમનગતિ પરમાર્થદોસ્તી સર્વ કરજો. વળી અહીં સુધી ચાલતાં વચમાં બેઠી થઇને વિશ્રામ લેશો નહિ. આ પ્રકારે પરમગુરૂએ સકર્તાની ઉપાસનાની ગતિના અનુભવપ્રભાવનું રૂપ કહ્યું. રજોગુણની આ દશ આકાંક્ષાઓની ઉલટ પ્રવૃત્તિરૂપ પ્રતીતિ જાણીને વિચરવા સારૂ કહી.

## અહંકારગણનાં પંચમાત્રા અને પંચભૂતની ઉલટક્રિયા

### ઉપપ્રકરણ—૨

ઉપર પ્રમાણે જાણીને દુષ્ટ પ્રવૃત્તિનો ત્યાગ કરવો અને સુધર્મપ્રવૃત્તિ જે પ્રગટ

હાલ કહી તેવી પોતાની દૃષ્ટિ રાખીને વર્તવું. એને જ તીવ્ર વૈરાગ્ય ધારણ કરવાની નીતિ કહી છે. શનકાદિક આદ્યે ઘણાક એ પ્રમાણે આચરણ કરતા હતા. હવે દશ આકાંક્ષાઓની દશ ઇંદ્રિયો થઇ, તે પંચતત્ત્વના આકારે કરેલી છે એમ જાણવું. અહંકારગણથી પંચભૂત ઉત્પન્ન થયાં તેનીજ નરનારીરૂપ મૂર્ત્તિ અલંકાર ભરીને કરી છે. તે પંચભૂત વિના બીજા કોઈ તત્ત્વના સ્થૂલદેહ કરેલા નથી. આ સ્થૂલદેહ તો ભૂમિ, જલ, અગ્નિ, વાયુ અને આકાશ, એ પંચભૂતનો છે. પંચ-તત્ત્વ સિવાય આકાંક્ષાઓની જે સ્થૂલ કર્મક્રિયા કહી છે તે શામાં રહીને કરે! માટે તે સ્થૂલ ક્રિયા પંચભૂતના દેહને વિષે રહીને થાય છે અને પ્રગટ દૃશ્ય-માન થાય છે. હવે આકાંક્ષાઓને વિષે

પંચમાત્રા જે રહી છે, તેની સાધારણ પ્રવૃત્તિ સર્વમાં સમાનપણે થાય છે. આ માત્રાઓ તો પંચ જ્ઞાનેંદ્રિયોને વિષે વસીને ક્રિયાનું આલંબન કરે છે. તેમનાં સ્થાન શ્રોત, ચક્ષુ, સ્પર્શ તે ત્વચા, રસના અને નાસિકા હોઈ એ પાંચ સ્થાનને વિષે રહીને વર્તમાન કરે છે. હવે તેની ઊલટક્રિયા હમણાં સંતસજ્જન પરત્વે કહું છું તે સાંભળો. જે નિજ પરમાર્થ ભૂલી ગયેલા છો તે એના યોગ વડે પ્રાપ્ત થશે. હવે શબ્દ તે સાંભળવું, એટલે આદિ સત્યપદનો જે શબ્દ હોય તેનું શ્રવણ કરજો. પદાર્થ જોવા તે નિત્ય આદિકર્તા અને કૃત (અંશ) જોવું. સ્પર્શ કરવો તે અનિત્ય સ્પર્શનો ત્યાગ કરીને અનાદિ પદને સ્પર્શવું. સ્વાદ જાણીને પરમરસનું પાન કરવું

અને પરમ સુગંધ નાકે ગ્રહણ કરવી. આ પ્રકારે માત્રાના યોગે આ બધુંય ગ્રહણ કરવામાં આવે છે; માત્રા વિના ગ્રહણ થાય નહિ. સકલ ઇંદ્રિયોરૂપ આકાંક્ષાઓ શ્રેષ્ઠ છે, પણ વિવેક કરીને જુઓ તો સર્વ ઇંદ્રિયો લુલા સરખી જ છે. માત્રા વડે જ ઇંદ્રિયોને વિષે ક્રિયા કરવાનું સબળપણું આવ્યું છે. આ પંચમાત્રાના પંચ વિષય અંતર્બાહ્ય વસીને રહેલા છે; તે દરેક પોતાની સ્વજાતિને ગ્રહણ કરે છે, જેમકે સૂર્યના પ્રકાશરૂપ તેજે નેત્રનું તેજ પુષ્ટિ પામીને પદાર્થને જુએ છે. હવે તે વિષયવિચાર પરમાર્થ તરફ વાળવાને ક્રિયાની ધારા જે કહી તે ધારારૂપ ઉપાસના, ત્યાગ અને જ્ઞાન, એ ત્રણનું રૂપ દેખાડયું છે. આ પ્રકારે અહંકારગણનાં દશ તત્ત્વ

જે પંચભૂત અને પંચમાત્રા, એ બે અને રજોગુણની આકાંક્ષાઓ, એ ત્રણ મળીને એ ત્રિપુટીએ સ્થૂલને વિષે સંપૂર્ણ ક્રિયા પ્રગટ થાય છે; તથાપિ તેના માથા ઉપર અંતઃકરણ ઇષ્ટરૂપે રહ્યાં છે તે તત્ત્વોને જેમ આજ્ઞા કરે છે તેમ તેવી ક્રિયા કર્યા જાય છે.

## સત્ત્વગુણનાં પંચઅવસ્થા અને પંચઅંતકરણ એ દશ તત્ત્વની ઊલટક્રિયા.

### ઉપપ્રકરણ—૪

હવે તે પાંચ અંતઃકરણ અને પાંચ અવસ્થા, એ દશ તત્ત્વ સત્ત્વગુણથી થયાં છે. તેનું સાધારણ વર્તમાન પ્રથમ દેખાડી દીધું છે. હવે પ્રથમ અંતઃકરણની ઊલ-

ટક્રિયા કહું છું. તે ક્રિયા વડે પરમપ-
દની પ્રાપ્તિ થશે. મન—અંતઃકરણ તે
સંકલ્પવિકલ્પ કરે છે. તેમાં પરમાર્થ
કાર્યને સારુ સંકલ્પ કરવો અને વિષય-
કામનાનો જે સંકલ્પ ઊઠે છે તેને વિક-
લ્પે કરીને ભાગી નાખવો. આ પ્રમાણે
જ્યારે મન સંકલ્પ કરે ત્યારે તે જોઇને
તેમાં જે સંકલ્પ વિષયવૃત્તિનો હોય, તે
વિષયવૃત્તિનું વર્તમાન કરવું નહિ. પ્રથમ
આકાંક્ષાઓની ક્રિયા માત્રા સહવર્તમાન
કહી છે તે પ્રમાણે તે ક્રિયા મનનો સંક-
લ્પ થયા વિના થતી નથી; માટે ઉપર
કહ્યા પ્રમાણે તેવોજ સંકલ્પ કરીને પછી
ઈંદ્રિયોને આજ્ઞા કરવી. તે ક્રિયાના
પ્રતાપે નિજ રૂપ અને આપણા સકર્તા
બાપ, એ બેની એકમેકની ભેટ થશે.
જો ઈંદ્રિયોનો હેતુ રાખવા મન વિષ-

યનો સંકલ્પ કરશે, તો તે વખતે મનનો ધર્મ જોઈને વિચાર કરવો તે માતકૌશલ્ય તથા સ્થિરપણું બુદ્ધિ-અંતઃકરણનું છે. આમ સ્વાભાવિક નિશ્ચય થાય તે નિશ્ચય સંકલ્પ ઊઠતાં વારમાં ન કરવો જોઈએ, પણ પરમાર્થનો સંકલ્પ કરે તો તે ક્રિયા વિષે નિશ્ચય અનુકૂળ રાખવો. આ પ્રમાણે નિશ્ચય કર્યા વિના વર્તવું નહિ. હવે તે સંકલ્પ-નિશ્ચયનો તોલ કરવો તે કામ અહંકાર-અંતઃકરણને સોંપેલું છે. હવે તે તોલ કરવો તે પરમાર્થ સિવાયનો બીજો તોલ અહંકારને હાથે કરવા દેવો નહિ. હવે ચિત્ત-અંતઃકરણ તે સૂક્ષ્મ ચિંતવન કરે છે. તે ચિંતવનને પરમાર્થ પ્રાપ્ત થાય એવા કામમાં લગાડવું, એટલે કે પરમગુરુ તથા કૈવલભજનમાં સત્ય ક્રિયાની ધારણા

રાખીને રહેવું. હવે વિષયપ્રવૃત્તિ વડે નચિંતપણું સ્ફુરે છે અને તેમાં જીવનો હેતુ સમાધાન પામે છે તે નચિંત-અંતઃકરણ જાણવું. તે નચિંતપણું વિષય-ભોગ મેળવવામાં અંતર્બાહ્ય કોઈ કાળે રાખવું નહિ; પણ સત્ય ધર્મ, ભક્તિ, જ્ઞાન અને વૈરાગ્ય આદિ પરમ અગાધ લક્ષબોધની સ્ફુરણાને વિષે વૃત્તિનું ચિંતવન કરીને નચિંત રહેવું. આ સાંભળીને શ્રોતા કહેશે કે નચિંત થયા પછી કયા પ્રકારે પરમાર્થક્રિયાની પ્રવૃત્તિ થાય! આમ કહો તો તે વિષે સાંભળો. તે જ પ્રવૃત્તિનું રૂપ દેખાડું છું. જે પ્રકારે, વિષયી જીવ પદાર્થ ભુક્તમાન કરીને પછી તેને તે કાળે નચિંત વર્તીને સર્વ ઈંદ્રિયો અને તત્ત્વોનું વર્તમાન વર્તાવીને સમાધાન પામે છે, તે જ પ્રકારે પર-

માર્થજોગની પ્રવૃત્તિ પોતે હેતપ્રીતિએ કરી લઈને તત્ત્વભાગનીતિની પ્રતીતિ નિજ અંતરમાં લેવી, પછી તે અનુભવ આપણને આવે ત્યારે સમાધાન થાય. તે જ પ્રકારે તે વારંવાર નિજ વૃત્તિને વિષે પ્રાપ્ત થાય તે જ ખરેખરૂં નચિંતપણું હોઈ સર્વકાળ પૂર્ણ અભ્યાસે કરી ભોગવવું. હવે તે નચિંતપણું કિંચિત્ ભોગવવાનું જાણીને (નચિંતપણાની દશા પ્રાપ્ત કર્યા પછી) પછી તત્ત્વભાગ સદાકાળ ભજનને વિષે વર્તાવવા, નહિતર તો લક્ષ વિના અમસ્તું નચિંત થવું નહિ. જ્યાંસુધી સ્વરૂપનો નિશ્ચય થાય નહિ અને સર્વજ્ઞ નિજકર્તા પણ તાદૃશ થાય નહિ, ત્યાંસુધી કદાપિ નચિંત થવું નહિ અને પરમગુરુનું યજનભજન કરી અભ્યાસને વિષે સહાય આદિથી

લઈ મધ્ય અને અંત સુધી વર્તવું. આ પ્રમાણેના અનુક્રમે કરીને પરમાર્થપ્રાપ્તિ માટે પાંચે અંતઃકરણની સ્ફુરણાની પ્રવૃત્તિ કરવી. વળી અંતઃકરણની પ્રવૃત્તિમાં સત્ય ક્રિયા ના હોય તો તેને અંશસ્વરૂપ પોતે કોઈ કાળે અનુકૂળ થવું નહિ. જે કાળે સત્ય ધર્મ સિવાયની પદાર્થભાવાનામાં વૃત્તિ અનુકૂળ થાય તે વખતે તેને જોઈને તે યોગ્ય છે કે અયોગ્ય છે તે વિચાર કર્યા સિવાય કદાપિ તેને સહાયભુત થવું નહિ; પણ તે વખતે વૃત્તિ આરોપી રાખવી અને પદાર્થવિષય તરફ જવા દેવી નહિ. ત્યારે કોઈ શ્રોતા કહેશે કે અંતઃકરણ વિના કદાપિ વિચાર થાય નહિ. (તો પછી પરમતત્ત્વનો વિચાર કેવી રીતે કરવો ?) તે વિષે કહું છું તે સાંભળો. નિજ અંશ

જે આપણ પોતે તેની જે સજાણદૃષ્ટિ તે લક્ષ પ્રથમ પરમગુરુના બોધ વડે જાણી લેવો. પછી પદાર્થ ઓળખીને જ્યાં જેવું સંભવે ત્યાં તેવી યોજના કરીને વિવેચના ( સ્પષ્ટીકરણ ) કરવી. તે જાણપણું તે અંતઃકરણ વિનાનું જ્ઞાન જાણવું. આ અંતઃકરણ સમેત જાણવાનું જે જાણપણું તે સર્વકાળ અંશને પોતાને સ્વાધીન રહેલું હોઈ તે જ સજાણવૃત્તિ છે; તે, હે શ્રોતા ! તમારા નિજ અંતરમાં વિચાર કરીને જુઓ એટલે જણાશે.

હવે પંચઅવસ્થાનું અધિષ્ઠાનપણું તે પંચઅંતઃકરણને વિષે છે. તે અંતઃકરણ પાંચે અવસ્થાનું વર્તમાન ભિન્ન ભિન્ન વસીને (જે તે અંતઃકરણ જે તે અવસ્થામાં રહીને ) કરાવે છે. તે પાંચેના મુખ્ય પ્રકાર જ્યાં અવસ્થા દેખાડી છે

ત્યાં કહેલો હોઈ તેનો મુખ્ય ભેદ દેખાડયો છે. હવે તેનો બીજો અંતર્ભેદ સંતસજજનને દર્શાવું છું. ચક્ષસત્ત્વ પંચઅવસ્થાને ચંચળ કરીને વર્તાવે છે તે પ્રકારે પાંચે અવસ્થામાં સહાય પ્રવૃત્તિ ચાલે છે. હવે તે ચક્ષસત્ત્વની પ્રવૃત્તિ માત્ર એક જ અવસ્થાને વિષે દેખાડું છું, તે જ પ્રમાણે સર્વ અવસ્થાને વિષે જોઈ લેવું. પ્રથમ જાગ્રત-અવસ્થાને વિષે કંઈ કાર્યકારણ સિવાય હલણચલણ કરવાનું વર્તમાન થાય તે ક્રિયા અનંગ-ચક્ષસત્ત્વની જાણવી. ત્યારપછી પોતાની ભાવનાસંયુક્ત કાર્યકારણને લીધે ક્રિયા વર્તવા લાગે તે વર્ગજ્ઞાન-ચક્ષસત્ત્વ જાણવું. ત્યારપછી મન તથા શરીરનો નિરોધ કરી જાગ્રત-અવસ્થાનો લય કરીને નિદ્રાવશ થઈ રહે તે ક્રિયા

કાળચક્ષસત્ત્વની જાણવી. આ પ્રકારે પાંચે અવસ્થામાં ઉત્પત્તિ, સ્થિતિ અને અંત, અંતઃકરણ અને ચક્ષસત્ત્વ વડે થાય છે; તેનો અનુભવ પંચમનિગમમાં (ધ્યસંવેદમાં) પરમગુરુએ વિસ્તારપૂર્વક કહ્યો છે. હવે એક અવસ્થાના ઉદરમાં બીજી ચાર અવસ્થાઓ અંકુરવત્ સૂક્ષ્મ વર્તે છે તેનું રૂપ દેખાડું છું. પ્રથમ જાગ્રત-અવસ્થામાં સુષુપ્તિ-અવસ્થા વર્તે, ત્યારે દરેક કામકાજનું વિસર્જનપણું થાય છે. જાગ્રતમાં સ્વપ્નાવસ્થા વર્તે ત્યારે ન થવાના વૃથા વિચાર ઊપજે છે. ત્યાર પછી સર્વ વિચારો લીન થાય, ત્યારે વૃત્તિને નચિંતપણું આવે તે જાગ્રતમાં તુર્યાવસ્થાની પ્રવૃતિ જાણવી. આમ તુર્યાની પ્રવૃતિ થાય, ત્યારે તે વખતે એક પ્રાણાયામ શ્વાસને વિષે

જ લક્ષ રહે છે. હવે જાગ્રતની આદ્ય અને નિદ્રાનો અંત તે સમયે આ બન્નેની સંધિમાં જે પ્રવૃત્તિ વર્તે તે ઉન્મની–અવસ્થા હોઈ તે વખત નથી પૂરી જાગ્રત અને નથી પ્રવેશ થઈ નિદ્રા; માત્ર સર્વ ધંધાની નિવૃત્તિ થઈ છે અને તે સમય પર શૂન્યશૂન્યાકાર સરખો કંઈક જાગ્રત પણ છે, તે કાળે પ્રણવની પાર ભાવના થઈ જાય તેને જાગ્રતમાં ઉન્મની ઓળખવી. આ પ્રકારે શુદ્ધ જાગ્રતમાં ચાર અવસ્થા અંકુરવત્ વર્તે છે તે વિચાર કરવા સારુ કહી.

હવે સ્વપ્નાવસ્થાને વિષે જાગ્રત-અવસ્થા વર્તે, ત્યારે પદાર્થના ઘાટ જોવામાં આવે છે. મુખ્ય (શુદ્ધ) સ્વપ્નાવસ્થા વર્તે ત્યારે કોઈ દિવસ પદાર્થ દીઠું ના હોય તે દ્રવ્યના ઘાટ, વ્યાઘ્ર,

ચોરનાં પગલાં આદિ સ્વપ્નમાં આવે, તે જાગ્રત થઈને જોઈએ ત્યારે આમાંનું કંઈ ન હોય તે શુદ્ધ સ્વપ્નાવસ્થા જાણવી. હવે સ્વપ્નાવસ્થામાં સુષુપ્તિ વર્તે, ત્યારે સ્વપ્નના પદાર્થ વિસર્જન પામે. ત્યારપછી સ્વપ્નાવસ્થામાં તુર્યા વર્તે, ત્યારે સ્વપ્નના પદાર્થો દેખીએ ખરા પણ તેના વિષે હેતુ રહે નહિ પણ નિવૃત્ત થઈ શાંતિ પામી જવાય છે. સુષુપ્તિમાં વિસર્જનપણું થઈ જાય તોપણ પદાર્થ ઉપરનો હેતુ રહે છે, પણ તે હેતુ લય પામે તે સમયે તે વેળા સ્વપ્નમાં તુર્યા વર્તે છે એમ જાણવું. હવે સ્વપ્નનો અંત અને સુષુપ્તિની આદ્યમાં તેના પ્રવેશ સમયે, આ બન્નેની સંધિને વિષે એટલે કે સ્વપ્ન નહિ અને સુષુપ્તિ પણ નહિ તે કાળે સ્વપ્નમાં

મની-અવસ્થાનું વર્તન જાણવું.

હવે સુષુપ્તિમાં સુષુપ્તિ-અવસ્થા
ર્તે, ત્યારે અલ્પ પદાર્થ દ્રશ્યમાન
ય અને નિદ્રામાં જ તેનો પૂરો ઘાટ
ધાયા સિવાય જ તેનો લય પણ થઈ
ય તેનું નામ મૂળ સુષુપ્તિ-અવસ્થા.
ષુપ્તિ અવસ્થામાં સ્વપ્નાવસ્થા વર્તે
ારે અર્ધમાત્રિકા સ્વપ્ન ચિંતવન વિના-
દ્રશ્યમાન થાય તે સુષુપ્તિમાં સ્વપ્ન
ણવું. કોઇ નિદ્રામાં બરલી ઊઠે અને
છીએ તો મને માલમ નથી એમ કહે
ી પ્રવૃત્તિ સુષુપ્તિમાં થાય, તે સુષુ-
અવસ્થામાં જાગ્રત-અવસ્થા વર્તે છે
મ જાણવું. હવે અર્ધમાત્રિકા સ્વપ્ન
છે અને તેના વિષયની નિવૃત્તિ
જાય તે સુષુપ્તિ-અવસ્થામાં તુર્યા-
થા વર્તે છે એમ જાણવું. હવે

અર્ધમાત્રિકા સ્વપ્ન લય થઈ ગયું છે અને તુર્યાવસ્થાની આદ્ય પ્રવેશસંધિ છે તે સંધિને વિષે ઉન્મુન થઈ જવાય તે વેળા મૂકાતો પ્રણવ ઘોર કરતો બહાર નીકળે તે સુષુપ્તિ—અવસ્થામાં ઉન્મની—અવસ્થા જાણવી. આ પ્રકારે સુષુપ્તિ સહ પંચઅવસ્થાની પ્રવૃત્તિ કહી.

હવે તુર્યાવસ્થા સહ પંચઅવસ્થા વર્તે તે વિષે કહું છું. હવે તુર્યાઅનેઉન્મની, એ ઉભય અવસ્થા પ્રાણાયામને વિષે વર્તે છે અને તે પ્રાણાયામની ક્રિયા પાંચે અવસ્થાને વિષે વર્તે છે તે કહું છું. તુર્યાવસ્થામાં જાગ્રત વર્તે ત્યારે તે જાગ્રતમાં અવ્યક્ત જેવો ચાલે અને તુર્યાવસ્થામાં સ્વપ્નાવસ્થા વર્તે ત્યારે તે સ્વપ્નાસ્થામાં જાગ્રતમાં ચાલે તેથી વિશેષ લવમાત્ર વ્યક્ત વર્તે. તુર્યાવસ્થામાં

સુષુપ્તિ-અવસ્થા વર્તે ત્યારે લેવાતો પ્રાણાયામ ઘોર કરતો પ્રવેશ કરે છે; તે વખતે અહંકાર-અંતઃકરણ જાગ્રત છે એથી તે ઘોર કરે છે. તુર્યાવસ્થામાં તુર્યાવસ્થા વર્તે ત્યારે લેવાતા અને મૂકાતા, આ બન્ને પ્રણવ ઘોર કરતા ચાલે છે, કારણ કે ત્રણ અવસ્થા અને ત્રણ અંતઃકરણ, આ છની ક્રિયા લીન પામી ગઈ છે તથા અધોઊર્ધ્વ બન્ને નાડી રૂંધન પામી છે; તેજ સ્થાને અને તેજ જગ્યાએ કબંધ નિયંતા વર્ગજ્ઞાન-ચક્ષસત્ત્વ વસે છે તે લેવાતા અને મૂકાતા બન્ને પ્રાણાયામને સામાન્ય ચલાવીને કબજે રાખે છે. હવે આ સાંભળીને શ્રોતા કહેશે કે પાછળ બન્ને અવસ્થાનું નિરૂપણ કર્યું, ત્યારે તુર્યાના વર્તમાનમાં લેવાતો પ્રણવજ ઘોર કરે

છે એમ કહ્યું હતું અને અત્યારે કહો છો કે લેવાતા અને મૂકાતા બન્ને પ્રણવ ઘોર કરે છે તે કયા કારણને લીધે છે? તે વિષે કહું છું તે સાંભળો. પાછળ તુર્યાવસ્થાનું નિરૂપણ કર્યું, ત્યારે તે પ્રકાર અવસ્થા પૂરતો જ કહેલો છે; એટલે કે મુખ્ય તુર્યાને વિષે અનંગ –ચક્ષસત્ત્વ પ્રધાન વસે છે તેની ક્રિયાનું નિરૂપણ કર્યું છે. (અગાઉ મુખ્ય તુર્યાનું નિરૂપણ કર્યું છે પણ તેની પેટાઅંતર બીજી અવસ્થાઓનું નિરૂપણ કર્યું નથી એટલે ત્યાં કહ્યું છે તે ખરું છે.) આ પ્રકારે મુખ્ય તુર્યાનું વર્તમાન દ્વિવિધ એટલે બે પ્રકારનું જાણવું. તેમાં અહીં તો તુર્યામાં તુર્યાની કહી છે તે જ પ્રવૃત્તિ થાય છે, એટલે કે બન્ને પ્રણવનો ઘોર થાય છે. હવે તુર્યાવસ્થાના ઉદરમાં બીજી

અવસ્થાઓ વર્તે છે તે કહું છું. તુર્યાવસ્થામાં સ્વપ્નાવસ્થા વર્તે ત્યારે જે પ્રાણાયાણ વિશેષ ઘોર કરીને ચાલતો હતો તે ઘોર ગર્જનાનો ત્યાગ કરીને તે સુક્ષ્મ ઘોર કરીને ચાલવા લાગે. આ પ્રમાણે જે વખતે લેવાતામૂકાતા બન્ને પ્રણવને વિષે વર્તમાન થાય, ત્યારે તે સમયે તુર્યામાં સ્વપ્નાવસ્થા વર્તતી જાણવી. પ્રણવની ઘોરગર્જનાનો જે સુક્ષ્મ ઘોરવાળો ઘાટ કરી દીધો તે કેવી રીતે થયો ? તે વિષે સાંભળો. તુર્યાના સ્વપ્નમાં પ્રાણાયામદેહને વિષે અલ્પ ચેતનપણું આવે છે તેથી કરીને શરીરની નાડીઓ વિકાસ પામી જાય છે, માટે આ સમયે સુક્ષ્મ ઘોર વર્તે છે તે સ્વપ્નાવસ્થા તુર્યાના ઉદરની જાણવી. હવે એકલો લેવાતો પ્રણવ ઘોર કરે નહિ

અને મૂકાતો પ્રણવ ઘોર કરતો ચાલે, તે વેળા તુર્યામાં જાગ્રત-અવસ્થા વર્તે છે; કારણ કે જાગ્રત-અવસ્થા તો નાડીઓના ઊર્ધ્વમુખે રહી છે તેણે કરીને ઊર્ધ્વ ભાગની નાડીઓ વિકાસ પામી છે, માટે મૂકાતો પ્રણવ જ ઘોર કરે છે. આ પ્રકારે તુર્યાવસ્થામાં જાગ્રતઅવસ્થા વર્તતી જાણવી. હવે જે સમયે લેવાતો પ્રણવ ઘોર કરે અને મૂકાતો ઘોર કરે નહિ, તે સમયે તુર્યાવસ્થામાં સુષુપ્તિ વર્તતી જાણવી; કારણકે અહંકાર-અંતઃકરણ અને સુષુપ્તિ-અવસ્થા, એ બન્ને નાડીના અધોભાગે વસેલાં છે, એથી કરી પ્રણવને ઊર્ધ્વભાગે ખેંચી લેતાં ઘોર થાય તે સુષુપ્તિ જાણવી. હવે તુર્યાનો અંત અને ઊન્મનીની આદ્યમાં શુદ્ધ ઉન્મની વર્તવાની વેળાએ બન્ને

પ્રણવની સંધિમાં, તુર્યાવસ્થામાં ઉન્મની વર્તતી જાણવી. એ સમયે પ્રણવ સૂક્ષ્મ શ્વાસવત્ સમાન ઘોર કરતો ચાલે, તેનું કારણ એ છે કે અધોઊર્ધ્વ બન્ને નાડીઓ અલ્પ જાગ્રત થઈ છે. એથી કરી સૂક્ષ્મ વર્તે છે. આ પ્રકારે તુર્યા સહિત પંચઅવસ્થા કહી.

હવે ઉન્મની-અવસ્થાને વિષે ઉન્મનીસહ પાંચ અવસ્થા વર્તે છે તે કહું છું તે સાંભળો. હવે ઉન્મનીમાં ઉન્મની એટલે શુદ્ધ ઉન્મની વર્તતી હોય ત્યારે બન્ને પ્રણવની પ્રવૃત્તિ, જેમ શુદ્ધ જાગ્રત -અવસ્થામાં બન્ને પ્રણવની પ્રવૃત્તિ સમાન ચાલે છે તેજ પ્રમાણે ચાલતી હોઈ સમવત્ સામાન્ય પ્રણવ તે સમયે વર્તે છે, તે એકલી શુદ્ધ ઉન્મની-અવસ્થા વર્તતી જાણવી. હવે આ પ્રમાણે

સાંભળીને શ્રોતાને શંકા થાય કે ઉન્મનીની સાધારણ પ્રવૃત્તિમાં મૂકાતો પ્રણવ ઘોર કરે છે એવું પાછળ કહી ગયા છો અને હમણાં લેવાતા તથા મૂકાતા બન્ને પ્રણવ સામાન્ય ઘોર કરતા ચાલે છે એમ કહો છો, તો તે શંકા વિષે ખુલાસો કરૂં છું તે સાંભળો. તુર્યાને અંતે અને ઉન્મનીની આદ્યે એ બન્નેની સંધિને વિષે ચાલતા બન્ને સમાન પ્રણવનો ભેદ તો હમણાં જ દેખાડી દીધો છે અને પાછળ ઉન્મની-અવસ્થાને વિષે કહેલું તે વિષે પૂછો છો તો તે વિષે સાંભળો. સોહંગ પ્રણવ બહાર નીકળે છે તે ઠેકાણે કાળ-ચક્ષસત્ત્વ પ્રધાન વસે છે, તેની ક્રિયાને લીધે પાછળ એવું નિરૂપણ કર્યું છે. કાળ-ચક્ષસત્ત્વની ભાવના પ્રણવને બહાર કાઢવાની છે

એટલે કાળ-ચક્ષસત્ત્વ અને સોહંગ પ્રણવ, એ ઉભયના સંબંધે ધડકીને પ્રણવને વિષે શબ્દ થાય છે. જે અવસ્થા જે જે દેહમાં વર્તે તે વખતે તે તે દેહ જાગ્રત રહે છે, માટે તે તે ઠેકાણે પ્રવૃત્તિ અને ઐશ્વર્યતા જાગ્રતની જાણવી. અધો-નાડી રૂંધન પામી છે અને ઊર્ધ્વ નાડી વિકાસવાળી થઈ છે, તેણે કરીને મૂકાતો પ્રણવ શરણાઈ વાજિંત્ર સમાન ઘોર કરે. આ ઉભય પ્રકારે ઉન્મનીના ભેદનું નિરૂપણ કર્યું. હવે ઉન્મનીના ઉદરમાં બીજી ચાર અવસ્થા વર્તે છે તે વિષે કહું છું. હવે એક બે શ્વાસ ઘોર કર્યા વિના વર્તે અને પછી એક ઘોર કરતો નીકળે, આ માપ પ્રમાણે લેવાતો તથા મૂકાતો પ્રણવ રહી રહીને વર્તે ( અટકી અટકીને ચાલે ) તે સમયે ઉન્મની-

અવસ્થામાં તુર્યાવસ્થા વર્તતી જાણવી. ત્યાર પછી નિદ્રાકાળે સર્વ શરીરનું અંગ ડાબેથી જમણે અને જમણેથી ડાબે એમ ફરે તે પ્રવૃત્તિરૂપ ઉન્મની–અવસ્થામાં સુષુપ્તિ-અવસ્થા જાણવી. વળી પ્રણવયોગે અલ્પ ઘાટની પ્રવૃત્તિને લીધે દેહભાગ ચલાયમાન થવા માંડે તેટલો જ વ્યાપાર તે સુષુપ્તિનો છે. ત્યારપછી હાથપગનું પ્રસરણસંકિર્ણ જ્યારે કરે અને વિશેષ ઘાટ પ્રવૃત્ત થાય ત્યારે ઉન્મની–અવસ્થામાં સ્વપ્નાવસ્થા વર્તે છે એમ જાણવું. ત્યાર પછી નિદ્રાના અંત સમયે અને જાગ્રતની આદ્યપ્રવેશ વેળા હોય તે સમયે નેત્ર તો મીંચેલાં હોય અને શરીર ઉપર હાથ ફેરવે અને જ્યાં ખંજવાળ આવે ત્યાં ખજવાળે તોપણ આમ અમસ્તો દેહને ચંચળ

વર્તાવે તે ઉન્મની-અવસ્થામાં જાગ્રત-અવસ્થા વર્તતી જાણવી; કારણકે સર્વ દેહ પ્રણવયોગે અલ્પકાર્ય કરવા પ્રવર્તમાન થયો છે અને તે વેળા નચિંત-અંતઃકરણની પ્રવૃત્તિ પણ વર્તે છે અને કંઇક મન આદિ અંતઃકરણની પ્રવેશ-સંધિ આવી છે, તેણે કરીને ઉન્મુનવત્ ઉન્મની-અવસ્થા વર્તે છે. આ પ્રમાણે પાંચ અવસ્થાનું પંચીકરણ દરેક અવસ્થાના પેટામાં વર્તતી બીજી અવસ્થાઓ સહ પચીસ થાય તે પચ્ચીસ પ્રકારે નિરૂપણ કરીને તે સંત- સજ્જન પ્રત્યે પ્રત્યક્ષ પ્રમાણે કરીને દશ્યમાન દેખાડ્યું.

હવે આ પંચઅવસ્થા શરીરને વિષે જે પ્રમાણે પોખી છે તે પ્રમાણે વર્તમાન થયાં જાય, પણ આ દેહની પ્રતીતિ લેવાની તે જાગ્રત સિવાય માલમ પડે

નહિ. જે અવસ્થાનું જે નિરૂપણ કર્યું છે તેવું જાગ્રતમાં અતિ ઉજાગ્રતપણે રહીને જે કોઇ જોશે, તેને જ તે સજાણ અનુભવદૃષ્ટિએ કળ્યામાં આવશે; એવી અકળ આ અવસ્થાઓની પ્રવૃત્તિ હોઇ તે કળવાની છે, પણ આ ઠેકાણે તો જાગ્રત–અવસ્થા વિશેષ વર્તાવવા સારુ આ પાંચે અવસ્થાની ક્રિયા દેખાડી છે; તે તો પોતે સચેતન થવા સારુ આતુર જીવ પ્રત્યે કહી છે. હવે જાગ્રત–અવસ્થામાં તત્ત્વભાગ સહિત સર્વનું વર્તમાન બધું જણાય છે, તેમાં જે નિજ-સ્વરૂપ સજાણ આપણ છીએ તે સમેત જાણવામાં આવે અને વળી આદિ સકર્તા સ્વરાજ કરૂણેશ કૈવલ, એ પંચ-વિશેષણલક્ષણા સમેત પરમગુરુલક્ષ-બોધ વડે જાગ્રતમાં જણાય અને તેનું

કૃત અનંત બ્રહ્માંડ ચરાચરદેવાદિ સમેત જાગ્રતમાં ઓળખાય. જાગ્રત સિવાય બીજી અવસ્થામાં આમાંની એક પણ ગતિ માલમ પડે નહિ; કારણ કે બીજી અવસ્થામાં વર્તમાન થાય તે તો પોતાની ઇચ્છા વડે સૂક્ષ્મ અલ્પ થાય છે અને જાગ્રતમાં તો પાંચ દેહના સર્વ તત્ત્વભાગ પ્રણવ સમેત જાગ્રતરૂપ જાગ્રત વર્તે છે અને બીજી અવસ્થાઓમાં તો તત્ત્વભાગ તે તે અવસ્થા પ્રમાણે થઈને રહે છે; માટે આપણ અંશસ્વરૂપની સજાણદૃષ્ટિ જાગ્રત ઉપર વિશેષ રાખવી. આ પ્રમાણે સજાણદૃષ્ટિ જાગ્રત ઉપર અતિ ઉજાગ્રતપણે રાખે, તો તેની ક્રિયા ભાસે જેના યોગ વડે અખંડ સુખની પ્રાપ્તિ થાય. તેટલાજ માટે બીજી અવસ્થાઓની પ્રવૃત્તિ ઉપરથી હળવે હળવે

નિજ ઈચ્છાનો નિરોધ (નિગ્રહ) કરીને જાગ્રતમાં ભાવના રાખી ચેતનપણે પોતે અભ્યાસ કરવો. આ સાંભળીને શ્રોતા કહેશે કે અન્ય અવસ્થાની પ્રવૃત્તિ તો સહેજાસહેજ થાય છે અને જાગ્રતમાં સર્વ અવસ્થાની પ્રવૃત્તિ ઉલટાવીએ તો ઉલટી શકે છે, તોપછી બીજી અવસ્થાઓમાં જે પ્રવૃત્તિ થાય છે તે ક્રિયા સચેતનપણે કેમ કરીને ઉલટાવી શકીએ! હવે તે કહું છું તે સાંભળો. જેમ જેમ દેહનાં પંચતત્ત્વ તથા અવસ્થાની ભૂમિકા સહ પંચદેહનો ઉત્તમ ખેલ કર્યો છે તેમ તેમ કાર્યભાગ નિજ ઈચ્છાએ વર્તે છે, પણ સજાણ અંશનું ઉજાગ્રતપણું દેહમાં જેટલા તત્ત્વભાગ પોખ્યા છે તે પ્રમાણે તે સર્વમાં આદિથી મધ્ય અને અંત

સુધી વર્તે છે. આ બધાં તત્ત્વોના સમૂહ-માં અંશ પોતે અતિ-વિશેષ જાગ્રતમાં પોતાની ઈચ્છાવૃત્તિની ક્રિયામાં સર્વજ્ઞ-પણે સમાન ભાવે વર્તે છે; એટલા જ માટે જાગ્રતમાં વિશેષ ઉજાગ્રત રહીને સજાણદૃષ્ટિ વર્તાવવી. આ પ્રકારે સત્ત્વ-ગુણથી ઉપજેલાં દશ તત્ત્વોની ઉલટસૂલટપણાની ક્રિયા સર્વ જાગ્રતમાં દેખાડી. એ પંચદેહને વિષે અવસ્થા સહિત અંકુર વર્તમાન કરે છે તેનું યથાર્થ નિરૂપણ કર્યું છે.

---

## સ્વાકાશગણનાં પંચસંભસકરણ અને પંચવ્યવસ્થા એ દશ તત્ત્વની ઉલટક્રિયા.

### ઉપપ્રકરણઃ—૪

હવે સ્વાકાશગણથી પંચવ્યવસ્થા

અને પંચસંભસકરણ એ દશ તત્ત્વભાગની ક્રિયા પંચઅવસ્થાની સંધિમાં જડપણે સૂક્ષ્મ થાય છે. સૂક્ષ્મ ક્રિયા થાય છે તેનું કારણ શું? તેનું કારણ એ છે કે ગુણ અને અંતઃકરણથી તેના ભાગ કિંચિત્ છે માટે ક્રિયા પણ તે જ પ્રમાણે વર્તે, તે વિષે કહું છું તે સાંભળો. પ્રથમ પંચસંભસકરણની ઊલટક્રિયાનું વર્તમાન કહું છું તે શ્રવણ કરજો. હવે સર્વ અવસ્થામાં શાંતિનું વર્તમાન સમાનપણે થાય છે; તેના વિષે જાગ્રતની પ્રવૃત્તિ વિશેષ રાખવી. જે વખતે દુઃખ આવી પડે ત્યારે અંતર્ અને બાહ્ય શાંતિ રાખવી અને પદાર્થનું સુખ મળે ત્યારે સત્ય ક્રિયા આચરવામાં નિત્ય નિર્મળતા રાખવી. અરે! મારા હાથથી હજુ સુધી ઉત્તમ ક્રિયમાણ થયું નહિ! આ પ્રમાણે

અંતરમાં લાવીને સ્વરૂપલક્ષમાં વર્તવું. હવે સહેજપણું તે નાનાવિધ પ્રયત્ન કરીને જેટલી ભક્તિ તથા સંતસેવનની ક્રિયા થઈ આવે તેટલી પ્રતીતિ આદરે કરીને લેવી જોઈએ. તે પ્રયત્ન કર્યા સિવાય થાય નહિ. એવી સેવાભક્તિ જે જે હોય તેની પ્રાપ્તિ થવાની ઈચ્છાને વિષે સહેજતા રાખવી. એ સિવાય સહેજપણું અમસ્તું વધવા દેવું નહિ. જેણે કરીને પોતાનું સ્વરૂપ અને પતિપદનો અંતરાય થાય, એવા સહેજપણાને વધવા દેવું નહિ. હવે શીલસંભસકરણ તે શીલપણું પણ સદાસર્વદા સેવાભક્તિમાં રાખવું અને વિષયાદિક ભાવના ત્યાગીને આદિ ભજનને વિષે શીલપણું રાખવું. હવે સંતોષ–સંભસકરણ એટલે વિષયને વિષે સંતોષ રાખવો નહિ,

પણ પરમ સકર્તાના જશની પ્રતીતિ લઈને વારંવાર આનંદ-ઉલ્લાસ અંતરમાં થાય એવો પ્રેમહેતુ પોતે રાખવો. વળી જગતને દેખાડવા સારુ સંતોષની છબ રાખવી નહિ. અમસ્તું શબ્દજ્ઞાન બકવાથી અંતરની બળતરા નિદાન જાય નહિ, એથી કરીને નિજ પરમરસની પ્રાપ્તિનો કલ્પપર્યંત અંતરાય પડશે. હવે સમતા-સંભસકરણ તે સમતા, જે ચરાચરને વિષે વ્યાપક અંશ તનુ તનુ પ્રત્યે ભિન્ન ભિન્ન વસ્યા છે તે નિજ ચૈતન્ય સ્વરૂપના સ્વજાતિ સમાન હોઈ એક વખત પ્રથમ જોયા પછી તેના વિષે પોતાના ચિત્તમાં ન્યૂનતા રાખવી નહિ; અને જ્યાં અખિલ તત્ત્વ-ભાગ પ્રવર્તમાન થાય ત્યાં વિવેક કરવો. એ પ્રકારે અનેક ક્રિયા સંબંધીનું વર્તમાન જોઈને

જાગ્રતની સંધિને વિષે સમતા રાખીને વર્તવું, જેથી કરીને અનાદિ સ્વરૂપના પદની ગતિ આપણને જડે. અહો! અવસ્થા વિના પાંચે દેહને વિષે એક પણ ઉત્તમમધ્યમ કર્મ થાય નહિ, એટલા જ માટે અવસ્થાની સંધિમાં પંચસંભસકરણનું વર્તમાન દેખાડી દીધું.

હવે જે પ્રકારે અવસ્થાનાં અધિષ્ઠાન અંતઃકરણ છે તે જ પ્રકારે વ્યવસ્થાનાં અધિષ્ઠાન સ્તંભસકરણ છે, તેની ભિન્ન ભિન્ન ક્રિયા કહું છું. તે પણ અવસ્થાની સંધિમાં જ વર્તે છે, તે પૃથક્ પૃથક્ દેખાડું છું. હવે સ્થિતિ–વ્યવસ્થા તે સ્થિતિ સદાસર્વદા પ્રભુભજનસ્વાદને વિષે રાખવી; જેથી કરીને સકલ તત્ત્વનો ધંધો સફળ થાય. હવે ઉદાર–વ્યવસ્થા તે ઉદાસ નિઃસ્પૃહીપણું છે. જ્યારે વિષ-

યનો હેતુ ઉત્પન્ન થાય ત્યારે તેના વિષે ઉદાસી રાખવી, પણ તે વિષયમાં સ્થિતિ રાખવી નહિ; પરંતુ જ્ઞાન, ભક્તિ અને વૈરાગ્યને વિષે અતિશય સ્થિતિ રાખવી જોઈએ, એથી કરી પરમ-દિવ્ય વૈભવને વિષે ગતિ પહોંચે તેમ કરવું. હવે ગલિત-વ્યવસ્થા તે વિષયપ્રવૃત્તિમાંથી હળવે હળવે મનનો અતિ નિરોધ કરી લેવો અને પરમાર્થનું સાધન કરવા વિષે ગલિતપણું રાખવું નહિ, તેમજ અંતરમાં ધારવું પણ નહિ. આમ પ્રવૃત્તિ કરતાં અંતે જે કાળે પદાર્થધંધાની નિવૃત્તિ થાય, તે કાળે આદિ અને અંતની સંધિને વિષે શુદ્ધ વિચાર કરવો; કારણ કે મન–અંતઃકરણ તો વિષય ક્રિયામાં બહુ બળવાન છે. તે મન સર્વ ઇંદ્રિયોની ધારણાએ પુષ્ટિ પામે છે પણ તેને તે

ઠેકાણેથી ગળવીને ( ઓગાળીને ) પરમ-ભજન કરવાની ક્રિયા દેખાડવી, પછી તેને જેમ જેમ રુચિ લાગતી જાય તેમ તેમ વિષયઆકાંક્ષામાં તે જશે નહિ. પછી તે તો નિજકૈવલપદ અચ્યુતને વિષે રત થઈ રહેશે.

હવે કુંભ-વ્યવસ્થા તે પ્રત્યેક અવ-સ્થામાં દૃષ્ટિ અને સ્મૃતિનો અવરોધ કર્યાં જાય છે અને તેની પ્રવૃત્તિ વડે કોઈ જાતની સૂઝ પડતી નથી તેમજ તે કળવામાં તથા દેખાવમાં પણ આવતી નથી; એવી ગુપ્ત ઘાત કરનારી હોઇ તે આપનું ચેતનપણું જે ઉજાગ્રત છે તેનું સ્મરણ થવા દેતી નથી. આ પ્રમાણે તત્ત્વપ્રવૃત્તિની સ્થિતિ જે કાળે થવા લાગે તે કાળે એ ક્રિયાને દેખીને પોતે ચેતન થઈ જવું, જે આ વખતે કુંભની

પ્રવૃત્તિ થાય છે. આ પ્રમાણે જાણનાર અંશસ્વરૂપ પોતે છે, તે જાણશે કે તે તત્ત્વની પ્રવૃત્તિ મટી ગઇ નથી, પણ આપણામાં પ્રત્યક્ષ છે જ, માટે જોવું. જોજો, એ કુંભ–વ્યવસ્થા ઘણાક જનને નડી છે અને તેણે તેમને તેમના ઉપાસનાસિદ્ધાંતથી ફરક થવા દીધા નથી. વળી નિજસ્વરૂપ, કર્ત્તા અને કૃતને જાણવા દીધાં નથી, કારણ કે કોઈની પણ દૃષ્ટિ તથા સ્મૃતિની પ્રવૃત્તિ આગળ ચાલવા દીધી નથી. વળી તેણે સગુણ–નિર્ગુણ અને વેદાંતની પર જોવાની ગતિ રોકી રાખી. હવે આ કુંભ–વ્યવસ્થાએ ભલભલાઓની ગતિ આગળ જતાં અટકાવી રાખી છે, ત્યારે તે જાગ્રતમાં અનુભવ બોલ્યા તે કેવું? તે વિષે સાંભળો. તે મોટા પુરુષો આ તત્ત્વ-

સંસાર ભ્રાન્તિરૂપ જ ભવ છે એવા ભાવે બોલ્યા છે, તથાપિ તેઓ અંતર્-બાહ્ય વ્યાપક વૈભવ માની બેઠા છે; પણ કેવલકર્ત્તાનું કૃત તથા અંશઅંશીના લક્ષ, ગતિએ આગળ ચાલીને જોયાં નથી, કારણ કે તેઓએ કુંભ-વ્યવસ્થાની પ્રવૃત્તિ વિશેષ વધારી; તેટલા જ માટે તેઓને જોવા દીધું નહિ. અહો ! જાગ્રતમાં જે તત્ત્વભાગની પ્રવૃત્તિ વધારીએ તે ભાગની વધે, પણ જે સંભવે નહિ તેનો વિચાર કરીને ન્યૂનાધિક, ઘટે એવા તત્ત્વભાગ વર્તાવવા. આ સાંભળી કોઈ શ્રોતા એમ કહેશે કે જે જે પ્રમાણે તત્ત્વભાગ પોખ્યા છે તે તે પ્રમાણે તત્ત્વોનું તેવું વર્તમાન નિરંતર ચાલે છે; જેથી ત્યાં પોતાની ચતુરાઈ કરવા જાય તો તેનું કંઈ પણ ચાલવાનું નહિ. આ

વિષયમાં ખુલાસો કરૂં છું તે શ્રવણ કરજો. ઘરમાં જે સામગ્રી ઉત્તમમધ્યમ ઔષધિ આદિ ભરેલી હોય તે સુખદુઃખ આવી પડે ત્યારે તે સર્વ અર્થ આવે એટલા સારુ ભરેલી હોય છે. હવે તે રકમ પૈકી જે ખાવી ઘટે તે જ ખાવી અને ન ઘટે તેનો મુખે સ્પર્શ પણ કરવો નહિ અને જે ઔષધિ શરીર ઉપર લગાવવાની હોય તે વ્યાધિના નાશને અર્થે ચોપડવી; નહિતર તો વિષ રાંધીને ભક્ષણ કરીએ તો તેનું કોઈ કાળે અમૃતપાન કર્યા જેવું ફળ મળશે ? કહો, ના મળે. વળી તેનો ત્યાગ ના કરીએ તો અનેક વિઘ્ન ઉત્પન્ન થાય. એટલા માટે જે પ્રવૃત્તિનો આદર કરે જીવની ગતિ અસંખ્ય જન્મસુધી થાય નહિ એવી જે પ્રવૃત્તિ ગાળી નાખવાની હોય, તેનો તો

ત્યાગ જ કરવો જોઈએ. આ પ્રકારે જે જાણવાનું તે ના જાણીને, આ વિશ્વમાં ઘણાક લઘુદીર્ઘ અંશો પોતાની ઇચ્છા થઈ તે પ્રકારની પ્રવૃત્તિ વધારતા ગયા અને તે કરણીય સર્વ છોડીને અકારણ વર્તતા ગયા. જ્યાં જેવી જોઈએ ત્યાં તેવી યોજના કરી નહિ. તે શા માટે નહિ? તેનું કારણ એ છે કે દેહમાં તત્ત્વોની જે પ્રવૃત્તિ થાય તે સર્વસામાન્ય અને વિશેષ અંશોને અકળ છે, એથી જ તેઓ કળી શક્યા નહિ. વળી સમાન-વ્યવસ્થા એટલે સમાનપણું હોઈ આ વ્યવસ્થાના યોગે શૂન્ય સરખા થઈને સમાનપણું ધારણ કરી બેઠા અને પોતે જ આ વ્યવસ્થાને વિષે રૂંધન પામી ગયા, પરંતુ કર્તાના કરેલા તત્ત્વભાગ-યુક્ત સર્વ દેહને વિષે સજાત સમદૃષ્ટિએ

જોયું નહિ. આ સાંભળી એમ કહેશો કે તત્ત્વભાગ તો અધિકન્યૂન પ્રથમ કહી ગયા છો અને હમણાં ના કહો છો એનું કારણ શું છે? હવે તે વિષે સાંભળો. તત્ત્વભાગપક્ષે તો સજાતિ સર્વને વિષે વિભાગ સમાન જોઈને પછી તત્ત્વભાગની પ્રવૃત્તિને વિષે ન્યૂનાધિક પોખ્યા પ્રમાણે વિચાર રાખવો. (તત્ત્વદષ્ટિએ તો સર્વ ઘાટને વિષે જે તત્ત્વો પોખેલાં છે તે તત્ત્વો સર્વ ઘાટમાં સમાન હોઈ ન્યૂનાધિક તત્ત્વો પોખેલાં નથી, એટલે કે નાનામોટા સર્વ ઘાટમાં તત્ત્વોની સંખ્યા સરખી જ છે. કોઈ ઘાટમાં અમૂક તત્ત્વો અને બીજામાં અમૂક તત્ત્વો એમ તત્ત્વો વધઘટ નથી, પરંતુ તે ઓછાવત્તા પ્રમાણમાં પોખેલાં હોઈ તે તત્ત્વોનું પોષણ ન્યૂનાધિક છે; એટલે કે

તત્ત્વોની ગણતરી ઓછીવત્તી નથી પણ સમાન છે. ) હવે જે તત્ત્વની જે પ્રવૃત્તિ છે તે તત્ત્વની તે પ્રવૃત્તિ તેના માપ પ્રમાણે સર્વને વિષે થાય છે. દૃષ્ટાંત તરીકે મનનો ધર્મ સંકલ્પવિકલ્પનો છે, તે સંકલ્પવિકલ્પ બુદ્ધિ કરી શકે નહિ. બુદ્ધિ તો નિશ્ચયપૂર્વક ઘાટ જ ઘડયા જાય. એ પ્રકારે દરેક તત્ત્વની પ્રવૃત્તિ ભિન્ન ભિન્ન છે, તે જાણીને કૃતને વિષે સમાનપણું રાખવું. તત્ત્વવિવેકમાં આ પ્રમાણે રાખીને સર્વભાવે નિજકર્તાનું ભજન કરવું. આ પ્રમાણે પંચવ્યવસ્થા અને પંચસંભસકરણ; એ દશ તત્ત્વોની ક્રિયા કહી. આ ઉલટક્રિયા તો જીવ જે તત્ત્વના પ્રભાવમાં જ વહ્યા છે તે અંશને તારવા સારુ પરમગુરુએ કહી છે. પાંચ અવસ્થા પૈકી જાગ્રત-અવસ્થા,

માં આ દશે તત્ત્વોની ઊલટક્રિયાની જે લક્ષણા કહી છે તે જાણીને તે પ્રમાણે વર્તવું.

## તમોગુણના દશ કાળની ઊલટક્રિયા

### ઉપપ્રકરણઃ—૫

હવે તમોગુણના દશ કાળનું વર્તમાન કહું છું. પ્રથમ સ્વભાવકાળ તે તત્ત્વના સ્વભાવ ત્રિવિધ છે. તે ઉત્તમ, મધ્યમ અને કનિષ્ઠ હોઈ સર્વ અંશો એ પ્રમાણે ત્રિવિધ વર્તમાન કરે છે. હવે તેમાં કનિષ્ઠ અને મધ્યમ પ્રવૃત્તિનો ત્યાગ કરવો, તે મન આદિ તત્ત્વભાગને હાથે આપણે પોતે કરાવવો. પછી શ્રેષ્ઠ સ્વભાવને વિષે જ તે તત્ત્વોને પ્રીતિ બેસાડવી. મૂળ ચૈતન્ય અંશનો સ્વભાવ તે જ ચેતનપણું હોઈ તે ચેતનપણું

બીજાં કર્મને વિષે નિશાન રાખીને તેમાં વર્તવા દેવું નહિ, પરંતુ પરમગુરુકૃપાલક્ષ વડે અક્ષય દિવ્ય યજનને વિષે ચાલવું. પછી ઇંદ્રિયો અને તત્ત્વના જે સ્વભાવ હોય તે પલટાઈ જશે. તે કેવા પલટાઈ જશે? જેવી પોતાની ભાવના હોય તે પ્રમાણે સ્વભાવ પલટાઇને વર્તશે. જેમ લોખંડને સ્વભાવ શ્યામતાવાળો છે પણ તે પારસને સ્પર્શે કંચન થાય છે, તે પ્રકારે તત્ત્વભાગને પ્રભાવ પરમાર્થ થઈ જશે. હવે આક્રાંત કાળની પ્રવૃત્તિ તે વિષયના વિષમભાવને વિષે આક્રાંતવત્ સર્વ તત્ત્વો રહે છે; તે અકારણ આક્રાંતપણું છોડાવીને સત્ય ધર્મને વિષે વાળવાં. હવે કામના કાળને લીધે નિજ અંશની ભાવનાએ સર્વને વિષે કામની કામના વસે છે. તે

આપણી દૃષ્ટિરૂપ કામનાને પાછી આદિ તરફ વાળીને પરમપદને વિષે લગાવવી. પછી જે કામનાએ પરમગુરુપદ સાંગોપાંગ અભંગ પ્રાપ્ત થાય અને નિજરૂપલક્ષના યોગે પતિવ્રતાધર્મ સમાન સકર્તાનું ભજન થાય, તેજ કામના રાખવી. હવે આશ્ચર્યકાળ તે પોતાનું આદિ સ્વરૂપ કોઇ જાણતું નથી; તે માટે આ આશ્ચર્યભાગ અતિ ઊંડા છે, તેને જોઇને જેનાથી આશ્ચર્ય વૃદ્ધિ પામે તે કરવું; એટલે કે કર્તારે આશ્ચર્યાત્મક કૃતરચના સોળ પ્રકારે કરીને ગોઠવી છે તે રચના અચાનક કયા પ્રકારે અનાદિ પ્રભુએ કરી છે તે જોવું. કર્ત્તાના કૃતનો આ ભેદ આશ્ચર્યસાગર ગ્રંથને વિષે સ્પષ્ટ કરી ગાયો છે, તેજ આશ્ચર્યભાવ અથાક થઈને (થાકયા સિવાય)

અગાધ દૃષ્ટિએ અંતરમાં વસાવવો. હવે પૃથક્કાળ તે ચરાચરને વિષે જે કૃત કર્યું છે તે ઘડવું ભાંગવું તે હોઇ તે તત્ત્વ, અંશ સમેત પતિના સંકલ્પની ગતિ જોવી. આ પૃથક્પૃથક્ રચના તત્ત્વના વિભાગે કરી અનંત દેખાય છે અને અંશ પણ અનંત દેખાય છે અને જેણે કર્યું છે તે કર્તાની ગતિ પણ અનંત દેખાય છે, નહિ તો એ કેમ બને! આ પ્રકારે પૃથક્ લક્ષ વડે સર્વ જોવું.

હવે विपरीत-काळ તે અકાળ મૃત્યુ જે અનેક પ્રકારે થાય છે. આ વિપરીત-કાળનો છેડો જોઇએ તો તે સ્થૂલદેહથી લઈ પરમકારણદેહ સુધી છે. તે દેહ અનિત્ય અને નાશવાન જાણીને ભજનને વિષે સર્વ ભાગ કામમાં આવે એવું કરવું. હવે अज्ञानकाळ તે અજ્ઞાનકાળે

કરીને વર્ણધર્મની માનીનતા સર્વને છે, પણ તે વહેવારમાં અલ્પ કાર્ય જેટલી રાખીને આગળ જવા માટે પોતાની ગતિની અંતરમાં ચિંતા રાખવી. પછી તે યજનભજનના પ્રતાપે જે અજ્ઞાનકાળ છે તે પરમ સજ્ઞાન (જ્ઞાનવાળો) થશે અને પછી તે ભક્તિ, વૈરાગ્ય અને જ્ઞાનની ગતિ કરવા માંડશે. જેમ ચમક વડે લોઢું ચેતન થાય છે, તેમ જ્ઞાન વડે અજ્ઞાનનું અલ્પપણું (પામરતા) જે છે તે જ સજ્ઞાન થશે. વળી તે સર્વ તત્ત્વભાગ સમેત ઊલટીને સન્મુખ થશે. પછી તેને જોઈને અંગીકાર કરવો. તે કેમ કરીને કરવો ? વળી અજ્ઞાનકાળ જે છે તેને ઠેઠ પહોંચાડવો તે કયા પ્રકારે? તે કહું છું. તે સાંભળો. અહો! હે પ્રભુ ! આપનું કરેલું જે આ કૃત

તે વિભૂતિને હું કંઇ પણ જાણતો નથી, અપાર કૃતની ગતિ કઈ રીતે તમે કરી છે તે અમોને જણાય તેમ નથી; એમ વદવું. આ પ્રકારે અજ્ઞાનકાળ તે સદ્ગતિને પહોંચે. એ જ અજ્ઞાનકાળની માનીનતા અખંડ પરમપદરત થવાને રાખવી. હવે रागसक्काळ તે આદિ સકર્તાના પરમધામને વિષે સર્વ ભાવના રાખવી. પ્રથમ તો ઉપાસના તે સત્સંગને વિષે પ્રીતિ અચળ જોઈએ. પછી તે નિજપતિનાં દર્શન થતા સુધી સંત (પરમગુરુ) સંઘાતે અક્ષય ઉપાસના રાખવી. એથી કરી તે સર્વ જીવો પરત્વે, તે જીવોનું હિત જાણી, અનુરાગપૂર્વક નિજગમલક્ષરૂપ કૃપાદાન આપશે. જેમ મેઘ વૃષ્ટિ કરે છે તેથી કરીને બીજનાં અંકુરો પત્ર, ફળ, ફૂલ આદિ

ઉદય પામે છે, તે પ્રકારે સંતજને અખિલ જીવ ઉપર દયા કરવી. હવે દ્વેષકાળ તે સકલ તત્ત્વના દ્વેષ માંહો-માંહે એકએક સાથે વેરભાવ છે, તે સમય વર્તીને આદિથી અંત સુધી જોવું. પછી તે દ્વેષને પોતાની ભાવનામાં વૈરાગ વર્તે એમ સંકલ્પને વિષે વાપરવો, (આપણા વર્તનની આડે આવનાર ઉપર દ્વેષ થાય છે, કારણ કે આપણી ભાવના જે વિષયાદિ પદાર્થોમાં હોય છે તેને કોઈ અવરોધનાર મળે છે ત્યારે તેના ઉપર દ્વેષ ઊપજે છે; તેવી જ રીતે પરમપદની પ્રાપ્તિમાં વિષયાદિ પદાર્થ આડે આવે છે, તેથી તે પદાર્થો ઉપર દ્વેષ ઉત્પન્ન થાય તેવી રીતે વાપરી વૈરાગમાં સ્થિર થવું.) અને અંતરમાં કોઈ પદાર્થ કિંવા અલ્પ જીવની આશા

કરવી નહિ (દ્વેષ થવાનું કારણ આશા-ભંગ છે)અને આ દ્વેષને પોતાની સચેતન સજાણવૃત્તિ વડે અનાદિ પુરુષને ત્યાં પહોંચાડવો; નહિતર તો દ્વેષ ઘાતક હોઈ આપણને મારક (મારનાર) થાય, એટલા જે માટે જ દ્વેષને અનેક જન્મથી વધારતા આવેલા છીએ તે દ્વેષનો અંગીકાર કરવો નહિ હવે દશમો વૃદ્ધિઅંત--કાળ તે, જે જે ઘાટમાં જે જે તત્ત્વભાગની ક્રિયા ભરી છે તે તે ઘાટને તે તે તત્ત્વના માપ પ્રમાણે વૃદ્ધિ પમાડીને તેનો અંત આણે છે. જે જે ઊલટક્રિયા કહી છે તે તે ક્રિયાને અંશ સ્વઇચ્છાસંકલ્પે એકાએકી નિજ માપ પ્રમાણે સજાણવૃત્તિ સુધી પહોંચાડે છે, જેથી આમ જે જે તત્ત્વભાગના નિરાળા ધર્મ વર્તે છે તેના માપને પણ આ

સજાણવૃત્તિના ઘરમાં અંત આવી રહે છે. પછી છેલ્લે વારે અંશનો હેતુ વિરહભાવે દિવ્ય પદ સુધી વધે. હવે અહીં સુધી વર્ધીને તત્ત્વવિભાગ પ્રવૃત્તિ ભાનનો (અંશના હેતુનો) કળશ કરીને નિજસકર્તા કેવલના સનાતન પદ સુધી પહોંચાડે. હવે આ ઉપરાંત તત્ત્વભાગને વૃદ્ધિ થવાનું બીજું રહેતું નથી. આજ ઠેકાણે સર્વ તત્ત્વભાગની ક્રિયાનો અંત આવે છે. આ પ્રકારે વૃદ્ધિ–અંતકાળના ભાવની પ્રતીતિ સંતસજજનને દેખાડી. આ પ્રકારે તમોગુણના દશ કાળનું વર્તમાન કરાવવું.

## અચંતગણની દશ ભાવનાની ઉલટક્રિયા

### ઉપપ્રકરણ:—૬

હવે અચંતગણથી દશ ભાવના

ઉત્પન્ન થઇ તેની ઊલટક્રિયા જે સંત સજ્જનને પરમ પાવન કરવાવાળી છે, તે વિષે હકીકત કહું છું તે સાંભળો. પ્રથમ અહંભાવના તે મૂઢ ભાવનારૂપ હોઇ એથી કરી કોઇની કળા કોઇને આવડતી નથી; માટે આ પોતાના મૂઢપણાને જાણીને તેને ક્રિયા વડે ખંડન કરવું, જે આપણને ન આવડે તોપણ તે પ્રયત્ન કરીને કરવું. કદાચ એમ કહેશો કે જે ક્રિયા કરેલી નથી તે કેવી રીતે આવડે! તે વિષે કહું છું તે સાંભળો. હે શ્રોતા! જે ક્રિયા કરતાં આપણને નથી આવડતું તેનો અભ્યાસ કરવો તથા સત્સંગ કરવો, એથી કરી જાણવામાં આવશે આ પ્રમાણે જાણીને તે જાણ મુજબ જે અંશ થોડું ઘણું કરતા જશે, તેમ તેમ તે અંશ પ્રત્યે

ધીમે ધીમે તે કળા પ્રાપ્ત થશે. જેણે જે જે દેહમાં જે જે કળા સાધી છે તે તે સર્વ અભ્યાસે કરીને સર્વને આવડી છે, તે પોતાના સ્વચૈતન્યના સામર્થ્ય વડે આદિથી અંત સુધી તેમને સુલભ થઈ છે. આ કર્તવ્યશક્તિ તે અંશને પોતાને આદિમધ્યાંત સુધી છેજ; પણ વચમાં કેટલોક કાળ આ કર્તવ્યશક્તિનો ઉપયોગ કર્યો નહિ, એથી કરી તે કળાને ભૂલીને અંશ મૂઢ થઈ ગયા છે. આ અહંભાવનાની ક્રિયા લોકોએ અતિ કાયરપણા વડે કરીને વધારી છે, છતાં પણ ક્રિયાને ઉલટાવીને વર્તે તો સ્વકર્તવ્યશક્તિ તત્ત્વભાગને વિષે પ્રગટ થશે અને તે તમોને જણાશે; પણ અંશ પોતે આદર કરશે ત્યારે જ તે જણાશે. આ પ્રકારે જગતભરના

સામાન્ય અંશનો પ્રકાર કહ્યો.

હવે વિશેષ અંશનો પ્રકાર કહું છું તે સાંભળો. આ વિશેષ અંશમાં અંકુરરૂપે જે કળા રહી છે તે સામાન્ય અંશથી ભિન્ન હોઇ વિશેષ અંશની કળા અલ્પજ્ઞ અંશને કોઈ કાળે પ્રાપ્ત થાય નહિ. કદાચ તે મેળવવા પ્રયત્ન કરે તોપણ આવડે નહિ. વળી પરમ વિશેષ અંશ આદિ અનુભવકૃત જે વચન બોલેલા છે તેનું સ્મરણ સામાન્ય અંશ અને વિશેષ અંશને નથી, જેથી તેમની ગતિ અન્ય જીવમાં આવતી નથી. તેમના કરેલા ગ્રંથ આદિનાં પ્રતીતિવચન હોય તે સમેત જોઈને તેના આધારે નાનાવિધ વાણી ગાય ખરા, પણ પોતે પોતાની મેળે બ્રહ્માદિક સુધી સ્વઅનુભવ કરવાની શક્તિ કોઈને

નથી. સારાંશ એ છે કે સામાન્ય તથ
વિશેષ સર્વ અંશને સર્વ કળાથી એ
કળા શ્રેષ્ઠ છે, તે કઈ? તે સાંભળો
સર્વ પ્રકારે પ્રીતિભાવયુક્ત નિજ અવિ
નાશ સ્વરૂપ કર્તાના સાધન વિષે હે
રાખવો જોઈએ. આ પ્રકારે વર્તે ત્યા
પછી તે ઉપરાંત બીજી એકે કળા શ્રે
નથી. અહો! આ કળા જેનાર
આવે તેના અંગમાં સર્વ કળાનું મૂળ
વસી રહ્યું છે, તેને મૂઢ અહમ કે
કહેવાય!

હવે સ્તંભભાવના જ્યારે વૃદ્ધિ પા
ત્યારે મનની આધ લઈ તત્ત્વો
અંધાધુંધ કરી નાખે છે, તે કા
સચેતન તીવ્રતાનીસૂઝ પડવા દે નહિ
અને એથી કરી બધી પ્રવૃત્તિ મંદ થ
જાય છે. આ મંદ પ્રવૃતિ જે સમ

વર્તે, તે વેળાએ પોતે તે જોઈને તે સાવધ થાય એવું તરત ઔષધ આપવું; એટલે કે આ સ્તંભવૃત્તિને મંદ પાડીને સદ્દગુરુલક્ષની ગતિ તરફ વાળવી. અપાર પરમસુખરૂપ ઉપાસનાને વિષે નિજ વિવેક વડે પ્રવૃત્તિ કરાવવી, એથી કરી અંતઃકરણ આદિ તત્ત્વભાગ સચેત થઇને આ તત્ત્વો સનાતન પ્રભુ સન્મુખ વર્તવા લાગશે. હવે વિસર્જન-ભાવના તે સુખદુઃખ થાય તેનું ભાન એકેક (હરેક, પ્રત્યેક) વેળાએ રહે નહિ તેમજ પોતાના સ્વરૂપને પણ જાણે નહિ. પોતે સુખરૂપ છતાં તે 'અહંદેહો-સ્મિ' ભાવે પોતે પોતાની મેળે દુઃખ માનીને વિસર્જનપણું લીધું છે, તે વિષે એક દૃષ્ટાંત કહું છું તે સાંભળો. એક દેશમાં બે ડાકણી સ્ત્રીઓ રહેતી હોઈ

તે અન્ય ગામ પરત્વે બજાર કરવા ગઈ. આ સ્ત્રીઓ જતી વખતે પોતાના પુત્રોને કહે છે કે અમો જ્યારે પોતાને ભૂલી જઈએ, ત્યારે તમો અમોને કેવી રીતે ઓળખશો ? જો કે તમે અમોને ભૂલી ન જાવ એટલા માટે અમો બન્ને નાકમાં કોડીઓ બાંધીએ છીએ, એ નિશાનીએ તમો અમોને ઓળખી લેજો. આમ કહીને પછી બન્ને સ્ત્રીઓ બજારમાં એકઠી થઇ. તેમણે સામાસામી નાકમાં કોડીઓ જોઇ ને કહે છે કે હું તે તું કે તું તે હું, એવું બેભાનપણે બોલીને લડવાડ કરતાં કરતાં રાજદરબારમાં ગયાં. રાજાએ આ વાત સાંભળી અને ન્યાય કરવા તેમના પુત્રોને બોલાવી કહે છે કે તમારી માતાઓને ઓળખીને ઘેર લઈ જાઓ. અમે તેમને

કહેલું કે એમ કંઇ શરીર બદલાતું નથી, પણ તેઓ માનતી નથી; માટે તમોને તેડાવ્યા છે. આ સાંભળી પુત્રો પોતપોતાની માતાને ઓળખી હાથે ઝાલીને લઈ જવા લાગ્યા, ત્યારે પેલી ડાકિની પુત્રને કહે છે કે જો હું તારી માતા હોઉં તો જ લઈ જા; નહિતર તો પછી રાજાની પાસે બદલાવવા આવીશ, તો રાજા બદલી આપશે નહિ. આ પ્રકારે જે પોતાનું ભાન ભૂલી ગયા તેનો અંત ક્યાંથી આવે! આ ડાકણી સ્ત્રીઓને પોતાનું શરીર તથા પુત્ર સમેત ભાન નથી. આ દૃષ્ટાંતના ન્યાયે ડાકિની સ્ત્રી સમાન જંતુરૂપ જીવ જે અનેક સ્ત્રીપુરુષરૂપે હોઈ હું દેહરૂપ છું કે આત્મારૂપ છું, તેનું ભાન તેમને નથી. આ પ્રકારે સર્જનહારે જગત સરજ્યું તે

દિવસથી લઈ આજ સુધી સર્વ લોક પોતાની જાણને ભૂલી ગયા છે. હું કોણ? ક્યાંથી આવ્યો ? અને ક્યાં જઇશ ? આ સંબંધી સર્વ લોકને વિસર્જનપણું થયું. આ પ્રકારે જે વિસર્જનપણું થયું તેવું વિસર્જનપણું પ્રથમ દિવ્ય સૃષ્ટિ કરી તે પ્રભાવને વિષે સામાન્ય તથા વિશેષ કોઈ અંશને ન હતું. જેમ એક માતાને એક પછવાડે એક એમ ત્રણ પુત્રો જન્મેલા, તે બધા કેટલોક કાળ પોતાની માતાને જાણતા હતા. પછી કેટલોક કાળ વીતી ગયા બાદ નાના હતા ત્યારે બે છોકરાઓ માતુશ્રીથી ભિન્ન પડી અન્ય દેશમાં જતા રહ્યા, એથી તે પોતાની માને ભૂલી ગયા અને ઓળખાણ પણ રહી નહિ. માત્ર એક શ્રેષ્ઠ તે માતાને ઓળખે અને પોતાને

પણ જાણે. આમ ત્રિવિધ અંશ પૈકી એક પોતા સમેત પ્રભુને જાણે અને બીજા બન્ને તો વિયોગની વારે અજ્ઞાની થયા, તેણે કરીને ભૂલી ગયા. આમ વિસર્જનપણાની પ્રવૃત્તિ તત્ત્વભાગની વધારી; તેણે કરીને તેઓ સ્વાદરુચિમાં પડી ગયા; એ કારણને લીધે હું દેહરૂપ છું કે ચૈતન્ય અંશરૂપ છું તે અર્ધ કલ્પ સ્થૂલનો ગયો તથાપિ જાણવામાં આવ્યું નહિ. માટે હે અંશ! પરમ-વિશેષ સદ્‌ગુરુને અનન્ય પ્રેમે અનુસ-રીએ, તો તેઓ તત્વભાગની ઓળખ કરી આપશે. પછી વિસર્જનપણું જતું રહેશે અને સજાણ સ્મૃતિરૂપ આદિથી અંત સુધીના વિવેકની ફામ આવશે. આજ ખરો પરમઉત્કૃષ્ટ ઉપાય હોઈ સ્મૃતિવંત અંશને સ્મરણ કરવાનો છે.

આ સિવાય બીજા કોઈ અન્ય ઉપાયે જણાશે નહિ. માટે આ જન્મજન્માન્તરનું વિસર્જનપણું હવડાવીને (વિસર્જનપણાને બાળી મૂકીને) સ્મૃતિ આપે, પછી અનંત કલ્પ સુધી અખંડ ભજનને વિષે આ અંશ નિવાસ કરીને રહેશે: પણ, હે અંશ! આ વાત ધ્યાનમાં રાખજે કે પરમગુરુએ જીવને સ્મૃતિ આપ્યા વિના પ્રાપ્ત નહિ થાય અને ટકશે પણ નહિ. માટે તેમના જ લક્ષઉપદેશ તથા ઉપાસના વિષે સર્વદા સંપૂર્ણ રહેજો.

**હવે નિદ્રાભાવનાનું રૂપ** તે તત્ત્વો તથા વિષય આશ્રમના પ્રભાવને વિષેજ જીવમાત્ર વહી જાય છે. પેલી ડાકિની સ્ત્રીના સમાન કોઇને કંઈ સુઝ પડે નહિ. વળી આદિ, મધ્ય અને અંતમાં જે

તત્ત્વપ્રવૃત્તિ થાય છે તે કઈ અને કેવી રીતે થાય છે તે જણાય નહિ. આમ સૂઝ પડતી નથી એવું દૃષ્ટિએ જોઈને આગળ વધવા અતિ ઉતાવળે સર્વ પ્રકારે સાવધાન થઈને નિજ સ્વરૂપે સકર્તાનું ભજન અતિ અભ્યાસે કરજો. વળી આહાર આદિ યુક્ત ભક્ષણ કરવું તથા તત્ત્વવિભાગનાં પ્રવૃત્તિમાં નીતિએ વિચરવું. પછી એથી કરી આ પ્રવૃત્તિ સચેતનરૂપ દિવ્ય બોધને વિષે રહેશે. આમ કર્યા સિવાય માત્ર તત્ત્વ પ્રવૃત્તિનો જ સારોનરસો આહાર હમણાં કરીએ છીએ તેમ કરતા રહીએ, તો પાર પામી શકાય નહિ. આ કારણ-ને લીધે પ્રભુભજન વિના કલ્પપર્યંત જે વ્યર્થ શ્રમ થાય છે તેને ટાળવા સારુ આ ઉપાય કહ્યો છે; માટે હે

અંશ! તારા પોતાના સામર્થ્ય વ:
આ સુખ લઇશ તો જ લેવાશે.

હવે अंधतमभावना તે નિદ્રાકાળે
લવરી કરવી તે તથા અનર્થ બોલ
તે છે. આ વાણી નિર્વાણપદને વિ
નિયમમાં રાખવી તથા સત્ય ભાષ
સિવાય અન્ય બોલવું નહિ. આ સત
વચને કરીને તત્ત્વભાગની પ્રવૃત્તિમ
સત્ય જ વર્તમાન થશે અને નિજવૃત્તિ
અખંડ ભજનને વિષે ઉત્તમ પ્રકા
રહેશે. હવે अचेतभावना તે અચેત
વડે સનાતન કર્ત્તા તથા આદિથ
અંત સુધી તેના કૃતને પણ જાણત
નથી. પંચદેહની તથા અંશ સમે
પોતાની અવધિ જે કાળે થવાની
અને જે વખતે શક્તિ, પુરુષ, સ
તત્ત્વો તથા ખટવૃત્તિ આદિ અંતે ક

રહે નહિ, તે નિજ અંતની શોધખોળ અગાધ પરમલક્ષ વડે કરવી. પછી તેની અંતરમાં ધારણા રાખીને અખંડ અલયપદ (જે પદનો લય નથી તે) જે અંતે રહેવાનું છે તેનું ચિંતવન કરજો. આ પ્રકારે અચેતને ચેતાવીને ભજનને વિષે સંપૂર્ણ ભાવના રાખજો. હવે ઉચ્ચાટભાવના તે પરમાર્થ કાર્ય જે કરવાનું છે તે કરીએ તેમાં વિઘ્ન આવે તો તે વખતે ઉદાસી રાખવી કે અરે! મારું પોતાનું જન્મજન્માંતરને વિષે કેવું સંચિત ક્રિયામણ કરેલું જે કંઈ પણ પરમાર્થસાધન બની આવતું નથી! આ પ્રકારે અંતરમાં ઉદાસી લાવીને જે પ્રકારે સર્વકાળ નીતિમાં વર્તાય એવું વર્તવું અને તે માટે સંતના સમાગમમાં રહેવાય તેવી આરત રાખજો. હવે

અભાવભાવના તે વિષયવૈભવ જોઈને તેમાં અભાવ રાખવો અને પરમેશ્વરરૂપ સદ્ગુરુપદને વિષે પ્રેમ તથા હેતુ અખંડ રાખવો. વળી જે જે તત્ત્વક્રિયા પરમાર્થકાર્યમાં આવે, તેટલી જ ગ્રહણ કરીને વર્તાવજો અને એ સિવાય જે પરમાર્થકાર્યમાં અનાડ કરે એવા તત્ત્વની ક્રિયા દાબી રાખવી અને તેને વર્તવા દેવી નહિ. વળી જે જે ઠેકાણે જે તત્ત્વો ખપ લાગે તે તે ઠેકાણે તેટલાંજ તત્ત્વો માપ પ્રમાણે વર્તવા દેજો અને જે તત્ત્વનો જે વિષય તે તત્ત્વના તે વિષયની માપક ક્રિયા વડે અમાપ નિજમહદ્ કૈવલકર્તાનું ભજન કરજો. આ પ્રકારે કૈવલકર્તાને પોતાની નિજદૃષ્ટિ ઉલટાવીને જોશો ત્યારે દેખાશે; માટે તે દૃષ્ટિએ અન્યને વિષે અભાવ

રાખીને પતિ તરફ જોજો.

હવે મૌનભાવના તે બોલીને છાના રહીએ તે છે. તેમાં વૃથા અનર્થ બોલવા પક્ષે મૌન ગ્રહણ કરવું, પણ પરમગુરુ તથા કૈવલકર્તાના જશ ગાવામાં મૌન રાખવું નહિ. આ પ્રકારે મૌનભાવનાની સારાસાર પ્રવૃત્તિ જાણીને વર્તવું. એક અનુભવ સિવાય ચતુર્વાણી આગળ દૃઢ ધારણા વડે મૌન રાખીને રહેવું અને કદાચ બોલવું પડે તો પ્રમાણિક વચન હોય તેટલું જ બોલવું. હવે દશમી અસામર્થ્યભાવના તે તો વિષયનું રસપાન કરવા વિષે અચૂક વર્તાવવી. વિષયની પ્રવૃત્તિ વેળાએ અસામર્થ્યપણું ધારણ કરજો, એટલે કે તમો પોતે વિષયથી હારપણું લઈને રહેશો તો જ તમે તેને જીતી શકશો.

પરમાર્થપ્રાપ્તિની ક્રિયા વેળા પોતાનું સામર્થ્ય મૂકી દેવું નહિ, ત્યાં તો પૂર્ણ દ્રઢતાપૂર્વક ધારણા રાખજો, કારણ કે ધૈર્ય સિવાય વૈરાગ્ય, જ્ઞાન અને ભક્તિની પ્રવૃત્તિ કેમ કરી લઈને શકાય! માટે તત્ત્વની પ્રવૃત્તિ હેતુપ્રીતિએ સત્ય અર્થની આચરજો તથાપ્રભુ ભજનમાં અભંગ વૃત્તિ રહે એવું સામર્થ્ય રાખીને રહેજો. આ પ્રમાણે પરમેશ્વરનું ભજન થાય તે જ સત્ય ધર્મ છે. એ સિવાયના સર્વ ધર્મ અનિત્ય હોઈ અંતે પોતાનું કાર્ય સિદ્ધ થાય નહિ; એટલા જ માટે પ્રકૃતિ, પુરુષ અને બ્રહ્મ આદિની જે જે ઉપાસના છે તે સર્વ ઓરલી એટલે આ બાજુની જાણવી. તે ઉપરાંત નિજકર્ત્તાના આદિ દિવ્ય પદને પામવાની જે નીતિ છે તેના

દાતાર પરમગુરુ કરુણાસાગર અવતાર ગતિરૂપ જે પ્રગટ મૂર્તિ છે તેમનું આદરપૂર્વક સેવન કરજો, જેના યોગ વડે નિજ નિર્ધારપદ પામી શકાશે; માટે આ પદ પામવા આદરને વિષે અક્ષય સામર્થ્ય રાખજો. આ પ્રકારે અસામર્થ્યભાવનાનો ત્યાગ કરીને પરમાર્થપ્રાપ્તિ અર્થે સામર્થ્યતા ધારણ કરીને સર્વકાળ વર્તવું. આ પ્રકારે અચ્યંતગણુની દશ ભાવનાની ઉલટક્રિયા સનાતન પદને મળવાજોગ (પતિ પદની પ્રાપ્તિ થાય તેટલા પૂરતી જ) કહી છે. આ પ્રકારે ત્રણ ગુણ અને ત્રણ ગણુ એ દરેકથી જે દશ દશ તત્ત્વ થયાં છે તે મળીને એકંદર સાઠ થાય છે. આ સાઠ તત્ત્વના સર્વ લઘુદીર્ઘ ભાગની ક્રિયા પરમાર્થ હેતુએ સંતસજ્જનને

અભ્યાસ કરીને નિજરૂપ ઓળખવા તથા સકર્તાપદની જાણ મેળવીને અચળ ભજનના પ્રતાપયોગે નિજધામ પામવા સારું કહી દેખાડી છે. આ પ્રકારે ઊલટ ક્રિયા જાણીને જે વર્તશે, તે જ પરમ-સુખને પામશે.

## ખટ ગુણગણની મુખ્ય ઊલટક્રિયા ઉપપ્રકરણ :—૭

હવે મુખ્ય ત્રણ ગુણ અને ત્રણ ગણની પ્રવૃત્તિ પ્રથમ સકર્તામણિભાસ નામના ગ્રંથને વિષે વિસ્તારપૂર્વક કહી છે. આ છ ગુણગણના સ્પર્શના યોગે તત્ત્વભાગની ક્રિયા ઉત્તમ, મધ્યમ થયા જાય છે. હવે તેની ઊલટપ્રવૃત્તિનો પ્રભાવ જે પરમાર્થ પ્રાપ્ત કરાવવાવાળો છે તે કહું છું. જેમ સર્પના દાંત અને

વાઘના નખ ખંડન કર્યા હોય ત્યારે તે બળહીન થાય છે, પછી તે કોઇના જીવનો ઘાત કરી શકતા નથી; તેવી જ રીતે રજોગુણ આદિ ગુણગણ સહિતના અવયવ (ગુણગણના વિભાગ) રૂપ તત્ત્વભાગ જે સાઠ છે તેની ઉલટક્રિયા કહી છે તે પ્રમાણે પ્રવૃત્તિ જો કરાવે, તો તેની જે દુષ્ટ કર્મવાળી અનીતિ ભરી પ્રવૃત્તિરૂપ તેના નખદાંત પાડી નાખ્યા તથા ખૂંટી નાખ્યા છે એમ જાણવું. આમ દાંતને પાડવા અને નખને ખૂંટવા શા વડે ? તે સત્યક્રિયા અને નિયમરૂપ શસ્ત્ર વડે આ નખદાંતનો નાશ થાય છે. પછી તે વિષયાદિક અધર્મ પ્રવૃત્તિમાં વર્તમાન શું કરવા કરશે ? અહો ! જ્યારે પરમાર્થના કામને વિષે તત્ત્વભાગ વર્તે, ત્યારે તેને ગુણ-

ગણની ક્રિયા પણ અનુકૂળ થાય છે અને એકમેક વિચાર કરીને સર્વ તત્ત્વભાગ વર્તમાન કરે છે. જુઓ, રજોગુણની મોહક દૃષ્ટિ છે તે આદિમધ્યાંત પરમ-ગુરુના લક્ષવિચારમાં મોહ રાખીને અહો-રાત્રિ વર્તે, ત્યારે અનીતિવત્ વર્તીને સરપિંજરી એટલે શરીરરૂપ પિંજરને તાબે થઈને કોઈ કાળે પાછી ન પડે; પણ સર્વ સમૂહ સહિત તત્ત્વોના ભાગ અંશની સન્મુખ મોહરૂપ થાય છે, પછી અંશવૃત્તિ પ્રભુપદને વિષે પ્રચંડ મોહરૂપ જ થઈ લાગે છે. અહો! હે અંશ! મોહ વિના કોઈ કાળે ભક્તિ ન થાય અને ભક્તિ વિના રસરૂપ દિવ્ય પ્રતીતિ આવે નહિ અને પ્રતીતિ વિના જેટલી જુક્તિ કરે તે સર્વ ખાલી છે એમ જાણવું. માટે રજોગુણનો

મોહરૂપ વેગ જે છે તેને આ પ્રકારે નિજ અવિનાશી તરફ વાળી રાખવો. આમ પરમેશ્વર તરફ મોહ ક્યારે વળશે ? જ્યારે વિષયભાવરૂપ આશાનો ત્યાગ પોતે મનથી કરશે ત્યારે જાણવો.

હવે તમોગુણ તે અનેક પ્રકારે ઘાતક કર્મને વિષે ક્રોધવૃત્તિ ઊપજે છે તેની અકારણ જે પ્રવૃત્તિ હોય તે પ્રથમ જોવી; પછી તત્ત્વોનું વિષય વર્તમાન થાય તેનું ખંડન કરવા તે સંધિમાં તમોગુણ ધારણ કરવો. આમ તાડનશિક્ષા કરાવ્યા સિવાય તત્ત્વભાગ પરમાર્થની સંધિને વિષે કોઈ કાળે વર્તે નહિ, માટે એ કાર્ય સારૂ પ્રથમ તમોગુણ ગ્રહણ કરવો. તે સિવાય અમસ્તો પોતાનું સામર્થ્ય ન હોય અને તેથી વિશેષ તમોગુણ ધારણ કરીએ, તો તે બગાડ

કરે; માટે વિશેષ અંશ હોય તો તેણે તે પોતાની વિભૂતિ પ્રમાણે રાખવો અને લઘુ જીવ હોય તેણે તે લઘુ રાખવો. આ પ્રકારે તમોગુણની પ્રવૃત્તિ સામર્થ્ય વિના તથા કાર્યથી વિશેષ રાખવી નહિ. હવે સત્ત્વગુણની શાંતિ તથા નમનતા સદાકાળ છે, તે નાનાવિધ કાર્યમાં નમ્રતા તથા વિષયને માટે દીનપણું સર્વ પ્રાણીમાત્રે ધારણ કરેલું હોઈ તે રાજ્યપ્રાપ્તિ આદિ આશાને સારુ ધારણ કરેલું છે. હવે તે સંબંધી આર્જવ છોડીને સંતસદ્‌ગુરુરૂપ પરમ-પુરુષનો આર્જવ પરમપ્રાપ્તિ સારુ કરવો. તેમનું અખંડ સેવનઅર્ચન કરજો. આ સત્ત્વગુણની આજ્ઞા વિશેષ કરીને અંતઃકરણ ઉપર છે, તે આજ્ઞા સત્ય ક્રિયાને વિષે વાળવી. વળી સત્ત્વગુણનું

સામર્થ્ય પરમ અદ્‌ભુત છે, તે પોતાને સ્પર્શ કરીને સકલ તત્વભાગને પોતાના સરખા કરી દે છે. પછી નિજરૂપ તથા પ્રભુ પ્રાપ્તિ થવાને વાર લાગશે નહિ; પણ જો ઉપાસનાએ સર્વકાળ પોતાનું અંતર્‌હૃદય પરમગુરુ પાસે રહે, તો તેમની કૃપાઅનુરાગ વડે અનાદિ ભજન આપણાથી સુલભ રીતે થાય. આ પ્રકારે ત્રણ ગુણની ઉલટ પ્રવૃત્તિ કહી, તે જ પ્રકારે પ્રેમવિરહપૂર્વક અહોરાત્રિ વર્તજો; એથી કરી નિજભાવ ભૂલી ગયા હશો તે નીતિએ ચાલતાં પુનઃ પ્રાપ્ત થશે.

હવે ત્રણ ગણનું વર્તમાન જે અવસ્થાની સંધિમાં વર્તે છે, તે તત્ત્વભાગ અને તેની ક્રિયા ઉલટાવીને વર્તાવવા સારુ કહું છું તે સાંભળો. હવે અચંતગણની પ્રવૃત્તિ તે અવસ્થાની ઉત્પત્તિ તથા લય

આ બન્નેની જાણ થવા દેતી નથી, તથાપિ આ અજાણપણાને ઓળખીને ભજનમાં સ્થિતિ રાખવી. વળી ભજનરૂપ સુધર્મ વેળાએ જાગ્રતઅવસ્થાની આગળ અચંતપણું આવે, તે જાણીને વા તેને ઓળખીને તત્ત્વસમૂહને વિષે પોતે અંશ સજાણપણે ચૈતન્યરૂપે સાવધાન થઇ રહેજો. આ તત્ત્વના સકલ સમૂહને ચેતન રાખીને પરમેશ્વરના ભજનને વિષે વર્તાવજો. આમ ભજનમાં વર્તાવતાં તે વખતે મંદપણું આવે, તો તે કાર્ય સિવાયનું છે એમ જાણીને તમે તેનો ત્યાગ કરજો. આ વિધિ પ્રમાણે જે કાળે સચેતન થાય, તે વેળા સ્વાકાશગણ તત્ત્વવિકાસ કરવાના કામમાં સદા ચેતન રહેશે. પછી તે સર્વ ભાગ સંધિને વિકાસ પમાડીને

એકેએક સંધિને છૂટી કરી નાખે છે. એથી કરી ઉત્તમ વર્તમાન કરવાની ઉપાસના પ્રાપ્ત થાય છે. જેમ શશીના ઉદયકાળે જે પ્રકારે ભાનુથી વિકસેલી કમળપાંખડી મળી જાય છે, તેવી જ રીતે તત્ત્વભાગની પ્રવૃત્તિ અચંતગણ વર્તે ત્યારે મંદ કરી નાખે છે; અને સ્વાકાશગણની પ્રવૃત્તિ વર્તે, તે વખતે જેમ ભાનુના ઉદયકાળે કમળ વિકાસ પામે છે તેમ તત્ત્વભાગ વિકાસ પામીને નીતિમાં છૂટા વર્તે છે. આમ છે છતાં આ નિયમ સિવાય વિષયપ્રવૃત્તિની સંધિ આવે, ત્યારે અચંતગણની પ્રવૃત્તિ રાખવી અને પરમેશ્વરના ભજન વેળા સ્વાકાશગણને ચેતન રાખવો અને તેને છોડવો નહિ. આ વિધિ પ્રમાણે સ્વા-કાશગણ અને અચંતગણ સચેતન

થાય, તોપણ તે વખતે अहंकारगण વિના તત્ત્વભાગને વેગળા વેગળા કોણ ધારણાએ રાખશે ? વળી સર્વ તત્ત્વનું અક્કડપણું અહંકાર વિના કોણ રાખે ? અને અક્કડપણા વિના સુધર્મને વિષે ચલણ કેમ કરીને થાય ? માટે અહંકારગણની ચેતનતા પંચભૂતની આદ્યે સર્વ તત્ત્વની પ્રવૃત્તિ અક્કડપણે રાખવા સારુ અચૂક કાર્ય જેટલી રાખવી. એથી કરી અનેક તીર્થયાત્રાની લઇને પરમ ઉપાસના કરવાથી ફળ પ્રાપ્ત થશે. વળી ખાનપાન, બોલવુંચાલવું વગેરે અખિલ વર્તમાનધંધો કરી શકાશે. હવે મોહનો ત્યાગ કરીને સચેતનપણે શાંતિરૂપે સ્વાકાશગણની આદ્યે વર્તાવીએ, પણ અહંકાર વિના સામર્થ્યવાન થઇને વર્તે નહિ; માટે સકલ

નિયમની પ્રવૃત્તિમાં અહંકારગણ પ્રધાન છે, પણ જે અહંકાર નિજપદને વિષે પહોંચાડે તે જ અહંકારને ધારણ કરી રાખવો. તે વિના વાચકારણ ( સમવાચીકારણ ) અહંકાર ધારણ કરીને વિષયપ્રવૃત્તિનું ચિંતવન કરવું નહિ, કારણ કે વિષયનો અહંકાર ધારણ કરવાથી અનેક જન્મને વિષે આપણી હાની કરી છે અને કરશે; માટે નિજ કલ્યાણરૂપ પરમાર્થસાધન કરવાને અહંકાર ધારણ કરવો. આ પ્રકારે ખટ ગુણગણની ઊલટક્રિયા દેખાડી છે, તે વિચારપૂર્વક લક્ષ રાખીને જોજો.

## ચતુર્તત્ત્વકારણની ઊલટક્રિયા ઉપપ્રકરણઃ—૮

હવે ગુણગણનેમાથે ચતુર્તત્ત્વકારણ

શ્રેષ્ઠ રહેલાં છે; તે એક આનંદતત્ત્વકારણ, બીજું મહાતત્ત્વકારણ, ત્રીજું પ્રકૃતિતત્ત્વકારણ અને ચોથું ધનંજેતત્ત્વકારણ, આ ચાર તત્ત્વકારણથી પરમાર્થની પ્રાપ્તિ થાય એવી ઊલટ ક્રિયા કહું છું તે સાંભળો. હવે વિષયપ્રવૃત્તિ કરતાં જે આનંદ મોહ મદવડે કરીને ઊપજે છે, તે આનંદ દ્વંદ્વ ઉપાધિનો જાણીને તેનો ત્યાગ કરવો અને પરમ ઉલ્લાસથી પરમાર્થસાધન સાધવાની ક્રિયારૂપ ભજનને વિષે અંતરહૃદયની પ્રીતિ સદાય રાખજો, જે આનંદે કરીને નિજસ્વરૂપ અને સકર્તાની પ્રતીતિ આહ્લાદરૂપે પ્રાપ્ત થશે. આ વિધિ પ્રમાણે આનંદતત્ત્વનું વર્તમાન ચાલે, ત્યારે દેહના સર્વ તત્ત્વભાગ ઉલ્લાસ પામીને પાવન—કૃતાર્થ થાય

છે. હવે **મહાતત્ત્વકારણ** તે, દેહને વિષે મહત્તાપણું જે તત્ત્વક્રિયાને વિષે રહેલું છે તે મહત્તા પરમગુરૂ કૈવલની ઉપાસનાને વિષે સંપૂર્ણ રાખજો. આ ઉપાસના સિવાય વાયકારણ (સમવાયીકારણ, પરસ્પર સંબંધવાળી) મહત્તાનું અભિમાન લઈને રહેવું નહિ. આમ મિથ્યા અભિમાન રાખશો નહિ, ત્યારે સુધર્મની મહત્તાએ આ દેહને વિષે ઉત્તમ પ્રકારનું વ્રત અખંડ ચાલશે. આમ ઉત્તમ વ્રતના પ્રતાપે અદ્વૈત કૈવલક-ર્તાની ભેટ થશે. એવે **પ્રકૃતિતત્ત્વકારણ** તે સર્વ તત્ત્વભાગને ચંચળ કરે છે, પણ પરમ ભજનના કામમાં આવે એવું ચંચળપણું રાખવું. પ્રકૃતિરૂપ પાંખો આવ્યા વિના દેહના અખિલ તત્ત્વભાગની ક્રિયામાં ઉડવાપણાનોવેગ આવતો નથી.

આ કારણને લીધે પ્રકૃતિતત્ત્વનો ભાગ જે પ્રવૃત્તિ કરનાર વૃત્તિ છે, તે વૃત્તિ સર્વ તત્ત્વભાગને વિષે નીતિએ વર્તાવજો, જેણે કરીને નિજસ્વરૂપ પ્રાપ્ત થઈ નિજપતિનો સંયોગ થશે. પાછળ જે જે પ્રકારે ઊલટક્રિયા કહી છે તે ગુણ-ગણ આદિ છાસટ તત્ત્વને માથે આ ચતુર્તત્ત્વકારણ શ્રેષ્ઠ છે. આ બધાં તત્ત્વો આ ચાર તત્ત્વને આધીન હોઈ તે સર્વની ભિન્ન ભિન્ન ક્રિયા સ્પષ્ટ કરાવે છે, તે અનુભવ કરીને જુઓ. એટલે જણાશે. આ પ્રકારે છાસટ અને ચાર મળી સિત્તેર તત્ત્વભાગની ઊલટક્રિયા પરમાર્થ પ્રાપ્ત થાય એવી રીતે નિરૂપણ કરી છે.

# નિરંજન અને અવ્યાકૃતતત્વની ઊલટક્રિયા

## ઉપપ્રકરણઃ—૯

હવે આ સિત્તેર તત્ત્વને માથે પરમકારણરૂપ બે તત્ત્વ છે. તે એક અવ્યાકૃત અને બીજું નિરંજન, આ બે તત્ત્વની સાધારણ ક્રિયા પૂર્વે સ્ત્રીપુરુષને વિષે જે પ્રમાણે તે તત્ત્વો પોખેલાં છે તે પ્રમાણે વર્તે છે, તે સંબધી નિરૂપણ કરેલું છે અને એ જ પ્રમાણે જગતમાં વર્તમાન સદાકાળ ચાલે છે. તે એકબીજાના ભાગ એકબીજા ભણી પરસ્પર ખેંચાઈને જે પ્રવૃત્તિ સ્ત્રીપુરુષના શરીરમાં થાય છે તે સાધારણ ક્રમ પ્રથમ દર્શાવેલો છે. હવે તે ભાગ વિષયપ્રવૃત્તિમાં તણાઇને જે પ્રવૃત્તિ

કરે છે તે કરે નહિ, એવો વૈરાગ પ્રાપ્ત કરવાની અમુલ્ય યુક્તિ સંતસજ્જનને બતાવું છું તે સાંભળો. જેમ વીશ રૂપિયામાં બે રૂપિયા તાંબાના ગાળીને મેળવી એકરસ ધાતુ કરીએ, ત્યારે સર્વ રૂપું છે એમ જણાય, પછી જુદા કરવા જઈએ તો થાય નહિ;એ પ્રકારે સ્ત્રીપુરુષને વિષે તત્ત્વભાગ અરસપરસ રહ્યા છે, તે સર્વ તીવ્ર વૈરાગ્ય ધારણ કરવાથી એકાકાર થાય છે. આ પ્રમાણે વૈરાગ્ય ધારણ કરીને શનકાદિક તથા ગાર્ગી આદિ સ્ત્રીઓ પણ સુરેખપણે (પ્રમાણસર, સુંદરપણે)વર્તી ગયાં છે. પછી આ સ્ત્રીપુરુષને વિષયવાસનાનો ભોગ લેશમાત્ર રહ્યો નથી અને તે એકેક સામું પરસ્પર દેખતાં પણ વિષયદૃષ્ટિ ત્યાગીને જ જોતાં હતાં. હવે આથી

વધારે વિશેષ શ્રેષ્ઠ અંશ જે અવતારાદિ સ્ત્રીપુરુષો તે જ્વાલાગ્નિ રૂપ હોવાથી તેમને વિષયપ્રવૃત્તિ નડતી નથી; કારણ કે જેમ જિહ્વાને ચીકટનો સ્પર્શ થાય તથાપિ એ ચીકટ આપોઆપ એની મેળેજ સાફ થઈ જાય છે, પણ હાથપગને જો આ ચીકટનો સ્પર્શ થાય તો તે છાણ અગર માટીથી ધોયા સિવાય જતો નથી, તે પ્રકારે વિશેષ રસના રૂપ જનકાદિક, રામ અને કૃષ્ણ વગેરે હોઈ તેઓ પ્રપંચનીતિના નિયમમાં વર્તવા છતાં પોતે નિજપદ સહિત લક્ષને ભૂલ્યા નથી. આ ઉપરથી કહેવાનો સારાંશ તો એ છે કે વૈરાગ્ય સિવાય સામાન્ય અંશ તો બંધનવશ થાય જ છે; માટે તેણે તીવ્ર વૈરાગ્ય ધારણ કરીને તત્ત્વભાગને એકરસ કરી દેવા. શરીરમાં

જે જે જગ્યાએ જે જે ભાગ રહ્યા છે, તે તે ત્યાં રહીને ઇંદ્રિયોને તાણી લઈ જાય છે; માટે તે તે ભાગને તાવી નાખીને નિરોધ કરી રાખજો અને જ્યાં વિશેષ ભાગ રહ્યા છે તેમાં તેને ભેળવી દેજો, એટલે નર્યા એકલા વિશેષ ભાગનું જ અહંપણું રહેશે. આવો અભ્યાસ કરવામાં વૃત્તિ ચઢે અને તેમાં તલ્લીન થાય, ત્યારે તે ભાગ ખેંચતાણ કરતા નથી. પછી આ બધાય ભાગ એકમુખી ક્રિયાવાળા થઈ નિજ અવ્યય સ્વરૂપની સન્મુખ વળશે. આ પ્રમાણે જો અભ્યાસ નહિ કરો તો અથવા કાયરપણે કરીને અભ્યાસ ન થાય, તો તે તત્ત્વભાગની ક્રિયા મટશે નહિ અને તે ક્રિયાએ જીવ પથ્ય ( સ્વરૂપને અનુકૂળ-હિતકર )

પામશે નહિ અને પછી એ જીવનો છૂટકો અનંત કલ્પે પણ થશે નહિ. એ કારણને લીધે જેણે પરમપદરૂપ પરમાર્થ પ્રાપ્ત કરવો હોય, તેને જ માટે આ સાધન કહ્યું છે. આવી ઉત્તમ પ્રવૃત્તિ કરતાં ભૂલચૂક કરશો નહિ. આ સાધનના પ્રતાપ વડે અનાદિ સકર્તાનું અભંગ ભજન થશે. આ પ્રકારે ઇચ્છાવૃત્તિનાં બોતેર તત્ત્વોની ઉલટક્રિયા એક સકર્તા સતકૈવલનું ભજન કરવા સારૂ કહી છે. આ પ્રકારે ઇચ્છાવૃત્તિ અંશની સંકલ્પ-ભાવનામાં રહેલી છે, તે નિરંજનની આદ્ય લઈ સર્વ તત્ત્વભાગનું વર્તમાન ક્રિયાવૃત્તિની આજ્ઞા વડે કરે છે. જો ઇચ્છાવૃત્તિ ન હોય તો તત્ત્વ પદાર્થોને હાથમાં પકડીને ભિન્નભિન્ન ભાગ પ્રમાણે પ્રવૃત્તિ કોણ કરાવે ? તે

માટે છ વૃત્તિઓ મધ્યે ઈચ્છાવૃત્તિની તત્ત્વસામગ્રીનો પ્રસારો ઘણો છે. આ કારણને લીધે ઈચ્છાવૃત્તિ પોતાનીઆજ્ઞા પ્રમાણે હુકમ મુજબ કાર્યકારણને વર્તાવે તે પ્રમાણે વર્ત્યાં જાય, માટે એ જ નીતિ ખરી હોઈ તે પ્રમાણે વર્તજો.

## પ્રકાશબ્રહ્મવૃત્તિનાં ત્રણ મહાતત્ત્વની ઊલટક્રિયા.

### ઉપપ્રકરણઃ—૧૦.

હવે પ્રકાશબ્રહ્મવૃત્તિથી ત્રણ મહાતત્ત્વો થયાં છે. એક વિકાસ, બીજું અવિકાસ અને ત્રીજું કુંભસ્થ, આ ત્રણ મહાતત્ત્વોની ક્રિયા પોખી છે તે પ્રમાણે પ્રથમ સાધારણ પ્રવૃત્તિમાં સર્વ કહી છે. હવે તે ક્રિયામાં જે રેચક

પૂરકની ક્રિયા છે તે ક્રિયાનો સ્વસ્થતાપૂર્વક આસ્તેથી સ્થિરપણે લઈ લઈને કુંભક કરવો, જે કુંભકના પ્રતાપે દેહ સદાસર્વદા સચેત રહ્યો છે. અહો ! હે અંશ ! પ્રણવ તો સકલ તત્ત્વનું જીવન છે. વળી નિરંજનની આદ્ય લઈ બોતેર તત્ત્વભાગનું સમૂહરૂપ જૂથ આ પ્રણવ વડે બંધાઈને રહેલું છે; તે તત્ત્વભાગની ક્રિયામાં મન આદિ અંતઃકરણનો સંકલ્પ અતિ પ્રબળ વર્ત્યા જાય છે. વળી ઇચ્છાવૃત્તિ ઉપર અંશનો ભાસ પડેલો છે; એથી કરીને શરીરની સઘળી ક્રિયાઓ અતિ ચંચળ થઈ ગઇ છે, જે એક પલમાત્ર પણ વૃત્તિ સ્થિર રહેતી નથી. કયા વખતે કયા પ્રકારે તે થઈ જાય છે, તે આપણને માલમ પડતું નથી. આ શરીરની સઘળી ક્રિયાઓ

પ્રણવના વેગને ઉતાવળો ચલાવે છે, જેથી પૂર્વે પોખેલા પ્રમાણે વર્તમાન વર્તવા દે નહિ. હવે એકત્વ (એકપણે) તત્ત્વની ક્રિયા કળે એટલે જાણે નહિ અને તેનું રોકાણ કરે પણ નહિ એટલે પ્રણવ વિશેષ ચાલે, ત્યારે વિચાર કર્યા વિના અંશને પ્રતીતિ કઈ રીતે આવે? હવે સ્થિરતા વિના નિર્વાણપદનો વિચાર થાય નહિ, માટે સ્થિરતા સારુ દમ એટલે પ્રણવ જે છે તેનું જ ભક્ષણ કરીને આ દેહને વિષે વસજો. જે પ્રાણાયામના સાધને કરીને પાછલા જમાનામાં ઘણાક બ્રહ્મવેત્તા જ્ઞાનસંપન્ન થઈ ગયા છે, તે પ્રણવનું સાધન સદ્‌ગુરુએ લક્ષ બતાવ્યો હોય તે મુજબ કરજો. પછી કુંભકની સ્થિરતાના યોગના પ્રતાપે દેહમાં સર્વ તત્ત્વની ક્રિયા જે થાય છે

તે જાણવામાં આવશે. પછી સનાતન પદને વિષે વિરહભાવવાળો ભજનનો હેતુયુક્ત લક્ષ ઉત્પન્ન થશે; એથી કરી પરમગુરુ ભગવાન કરુણાસાગરની ઉપાસનાએ અંશ તત્ત્વપ્રવૃત્તિ સહિત સત્ય પદને પહોંચશે. પછી તે ઓરલા અનુરાગમાં હેતુ રાખીને રહેશે નહિ. ઓરલો અનુરાગ તે કર્તાના કૃતની ઉપાસના હોઈ તેની અવધિ જાણીને અવધિ રહિત જે પરમ કૈવલપદ છે, તેને વિષે પ્રીતિ રાખીને પોતે અંશ સ્વરૂપે સજાણવૃત્તિ રૂપ દૃષ્ટિ વડે સર્વ-કાળ તેનું ચિંતવન કરજો; એથી કરી, હે અંશ ! તું કૃતાર્થ થઈશ.

# સંયમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષ-સત્વની ઊલટક્રિયા.

## ઉપપ્રકરણ:-૧૧.

હવે સંયમભોગવૃત્તિનાં ત્રણ ચક્ષ-સત્ત્વની સાધારણ પ્રવૃત્તિનું સ્વરૂપ પ્રથમ સંતસજજન પરત્વે દેખાડી દીધું છે. આ ચક્ષસત્ત્વના યોગ વડે શરીરનાં સર્વ તત્ત્વોની ક્રિયા તથા પ્રવૃત્તિ ચાલે છે. હવે આ ચક્ષસત્ત્વની પ્રવૃત્તિનો ઊલટ ભેદ દેખાડું છું, એટલે કે ચક્ષ-સત્ત્વની જે પ્રવૃત્તિ આ બાજુ આવીને જે ક્રિયા કરે છે તેમાંથી છોડાવીને જે તરફથી આવી છે તે તરફ પાછી ઠેઠ પહોંચાડવાની ગમગતિ બતાવું છું તે, હે અંશ ! શ્રવણ કરજો. પ્રકાશબ્રહ્મ-વૃત્તિનાં ત્રણ મહાતત્ત્વો વડે વિચાર

દૃષ્યમાન થાય છે, પણ તે વિચારનું જ્ઞાન કુંભકની સ્થિરતાએ જણાય છે; અર્થાત્ જેટલા પ્રમાણમાં કુંભક પ્રણવની સ્થિરતા થશે તેટલા પ્રમાણમાં જ્ઞાનની પ્રાપ્તિ થાય છે. આમ છે છતાં ચક્ષસત્ત્વ સિવાય કોઈ કાળે આદિમધ્યાંત કળ્યામાં આવશે નહિ. એ કારણને લીધે વર્ગજ્ઞાન ચક્ષસત્ત્વ ભિન્ન ભિન્ન જે કર્મ કરે છે તે કર્મથી વિષયભાવના થાય નહિ, એટલા માટે સાવધ રહી તેભિન્નભિન્ન કર્મનો ત્યાગ કરીને આ વર્ગજ્ઞાન ચક્ષસત્ત્વ વડે સત્ય કર્મની પ્રવૃત્તિ વધારવા માટે તત્ત્વભાગનો સંયમ કરજો. આમ સંયમ કર્યા સિવાય દેહને વિષે તત્ત્વના ભિન્નભિન્ન વિભાગો એકમુખી ક્રિયાવાળા થશે નહિ. એટલા માટે વર્ગજ્ઞાનચક્ષસત્ત્વને સંયમ કરવા સારુ વર્તા-

વજો. હવે अनंगचक्षसत्त्वनी પ્રવૃત્તિ તે કામને વિષે.કામાતુર થવું તે હોઈ તેનો અખંડ સંયમ રાખીને સ્વરૂપપ્રાપ્તિના કામને વિષે અનંગ ચક્ષસત્ત્વની પ્રવૃત્તિ પુનઃ પુનઃ રાખજો. काळचक्षसत्त्व તે નાના પ્રકારની ક્રિયાનો છેવટે સંહાર કરે છે તે જાણવું, આમ કાળની પ્રવૃત્તિએ છેવટે સર્વ નાનાવિધ ક્રિયાનો સંહાર કરીને નિજભાવ સહિત સજાણ બાજ-દષ્ટિને અંશના પોતાના અંતરના હેતુ-યુક્ત સહવર્તમાન સનાતન પદને વિષે પહોંચાડજો. આ પ્રકારે પ્રણવભાવના સહિત ત્રણ ચક્ષસત્ત્વની ક્રિયા સજાણ દષ્ટિરૂપ નિજ હાથે ઠેઠ પરમપદમાં પહોંચાડજો. આ પ્રકારે ક્રિયાવૃત્તિની ઊલટપ્રવૃત્તિનું અપાર સ્વરૂપ તમો પોતે જોતા રહેજો.

હવે ઈચ્છાવૃત્તિ, સંયમભોગવૃત્તિ અને પ્રકાશબ્રહ્મવૃત્તિ, આ ત્રણ વૃત્તિને તેમના સર્વ તત્ત્વભાગ સમેત સજીવન વૃત્તિએ ચેતનપણામાં લાવીને આ સર્વ તત્ત્વભાગનું આદિમધ્યાંત માપ આણી દીધું છે. આમ સકલ તત્ત્વને સચેતન કરનારી જે સજીવનવૃત્તિ, તે સજીવન-વૃત્તિ એ જ અંશની પૂર્ણ સજાણ સચેતન બાજદૃષ્ટિ હોઈ તે પરમ ઉપા-સનારૂપ સત્યક્રિયાની ઉપર સદા તેને માથે રહેલી છે એમ જાણજો. હવે આ સજીવનવૃત્તિ આદિ ચારે વૃત્તિઓની આદિથી મધ્ય અને અંત સુધી સર્વ પ્રવૃત્તિ ચાલે છે, તે પ્રવૃત્તિની ક્રિયા કરનાર જે ક્રિયાવૃત્તિ છે તે જ ક્રિયા-વૃત્તિ અંશની પોતાની સજાણદૃષ્ટિરૂપ ભાવના છે એમ જાણજો. તે ક્રિયા

સહિત નાના પ્રકારની અસંખ્યવૃત્તિઓ આપ પોતે નિજ અંશને વિષે વસીને રહેલી છે. આ વસીને રહેલી વૃત્તિઓમાં ક્રિયા કરવાપણાની ભાવનારૂપ બીજ સર્વકાળ રહેલું હોઈ તે ભાવનારૂપ બીજનો ઉદય થાય છે અને લય પણ થાય છે. આ વિધિ પ્રમાણે જે સર્વ તત્ત્વભાગ કર્યા છે તે નિજપ્રભુએ સંપૂર્ણ કાર્ય કરવા સારૂ કરેલા છે. તે અખિલ તત્ત્વની પ્રવૃત્તિ પ્રપંચમાં તથા પરમેશ્વર તરફનું પરમાર્થ સાધન કરવામાં અર્થ આવે, એટલા માટે આ સર્વ તત્ત્વભાગ બનાવેલા છે. આ તત્ત્વભાગ પૈકી એકપણ તત્ત્વ કંઈ અકારણ ગેરઉપયોગનું કર્તાએ કરેલું નથી, તે પ્રપંચમાર્ગની પ્રત્યક્ષ સાધારણ પ્રવૃત્તિ તથા પરમાર્થસાધનની

ઉલટક્રિયાની પ્રવૃત્તિ વિષેનો અનુભવ કહ્યો તે લક્ષ વડે જોઈ તપાસી જુઓ તો જણાશે. હવે અંશની પોતાની દિવ્યદૃષ્ટિએ આ વૃત્તિઓની પ્રવૃત્તિ જોઈને યથાયોગ્ય વર્તાવવા ઘટે તેવી વિવેચનાની યોજના કરજો. આવા પ્રકારની ઉત્તમ પ્રવૃત્તિના પ્રતાપ વડે અંશને અક્ષય સર્વજ્ઞપણું પ્રાપ્ત થાય છે. હવે આ પ્રકારે દેવ, માનવ, સ્રીપુરુષ સર્વ પ્રત્યે વર્તમાન કરવાજોગ આ ક્રિયાની ધારા કહી છે, તે સામાન્ય અંશ તથા વિશેષ અંશ આદિ સર્વ સંસારને તરવા સારુ આ ઉલટક્રિયા કહી છે. વળી પરમગુરુની ઉપાસના અને પોતાનું નિજસ્વરૂપ તથા સકર્તા સત્-કૈવલની ગતિ જાણવા અક્ષય ભજન

થાય, એવી ઊલટક્રિયા આ વિઘ્નને દેખાડી છે.

---

## ખટવૃત્તિ આદિ પરમવિશેષ પરમ-ગુરુની મહત્તાનું નિરૂપણ

### પ્રકરણઃ— ૧૦.

હવે સકલ પદાર્થયુક્ત આ બધી ઉપરોક્ત વૃત્તિઓ એ જ પોતાનું નિજ-સ્વરૂપ જોવાનું દર્પણ છે એમ જાણજો. આ વૃત્તિઓને વિષે પદાર્થતત્ત્વ-ભાગની ક્રિયા કરવી તે રૂપ કાચનું ઘર (ફ્રેમ) જાણવું અને તેમાં વૃત્તિરૂપી કાચ જાણવો. હવે આ દર્પણને વિષે આપનું આપ અંશનું પ્રતિબિંબ જણાય છે, તે કેવું જણાય છે ? તે સાંભળો. તે દિવ્ય સજાણસ્વરૂપ અલ્પજ્ઞ ગતિવાળું

હોઈ પદાર્થમાં વર્તમાન કરે એવું છે. હવે આ સ્વરૂપને જોવું એટલે પરમગુરુની કૃપાએ શુદ્ધ નિર્મળ માપક અંશસ્વરૂપ ઓળખવું. આમ આ પ્રમાણે નિજસ્વરૂપ જોઈને આનંદ કરવો અને પરમ સુભેદ સુખ ભોગવવું. હવે આ સ્વરૂપ જોઈને કેવો આનંદ થાય છે, તે વિષે દૃષ્ટાંત આપીને વિસ્તારપૂર્વક સ્પષ્ટ કરીને કહું છું તે સાંભળો. જેમ, કોઈ રાજાની રાણી રૂપમાં અતિ સુંદર હોઈ લાવણ્યતાવાળી હતી. તે એક દિવસ ઉત્તમ પ્રકારે નાહીધોઈને પોતાની ગાદી ઉપર બેસી પોતાના અંગ ઉપર અલંકારરૂપ આભૂષણ પહેરતી હતી. આમ સર્વ અલંકાર ધારણ કર્યા બાદ તે પોતાનું નિજમુખ સર્વ અંગ સહિત દર્પણમાં જોઈને

પોતાની મેળે નિર્ણય કરવા લાગી. પછી તે અંતરમાં વિચાર કરે છે કે મારા સ્વરૂપ સમાન આ મૃત્યુલોકમાં કોઈ સ્ત્રી જણાતી નથી અને હશે પણ નહિ; પણ કવિઓએ ગ્રંથોમાં દેવલોકની દેવાંગનાઓ આદિનું વર્ણન બહુ કરેલું છે, તેમાં સાવિત્રી તથા ઉમિયા કરતાં લક્ષ્મીનું સ્વરૂપ સર્વથી શ્રેષ્ઠ, અતિ ઉત્કૃષ્ટ છે એવું કહ્યું છે, પણ તે તો વૈકુંઠ-લોકવાસી વિષ્ણુની અર્ધાંગના થઈને રહેલી છે. તેનું સ્વરૂપ મારા સ્વરૂપ સાથે મળતું આવશે. આ લક્ષ્મી સિવાય બીજી કોઈ સ્ત્રીની ઉપમા મને લાગે એવી કોઈ સ્ત્રી આ ભૂતળને વિષે નથી. આ પ્રમાણે જોઈ વિચારીને મનમાં આનંદ પામીને વળી પાછી કહેવા લાગી કે હું તો લક્ષ્મી પોતે જ

છું. આમ તે રાણીએ સજાતિપણે માની લીધું. હવે આ પ્રકારે તત્ત્વક્રિયા યુક્ત વૃત્તિરૂપ દર્પણ જે કાચના ઘરરૂપ છે અને જે વિજાતિ હોઈ નિજસ્વરૂપથી ભિન્ન છે, તે દર્પણમાં દિવ્ય સજાણ ગતિવંત પોતાનું નિજસ્વરૂપ જોતા રહેજો. આ સ્વરૂપ અનાદિપદથી ભિન્ન થયેલું હોઇ તે અલ્પ ગતિવાળું અલ્પજ્ઞ છે એમ જાણજો. પછી પોતાના સર્જનહાર સર્વજ્ઞ કેવલકર્તાને જોવાનો વિવેક કરજો. જે પ્રકારે તે રાજાની રાણી પોતાના અંતરમાં લક્ષ્મીની ઉપમા-યોગ્ય પોતાને માની લે છે અને મનમાં વિચાર કરે છે કે લક્ષ્મીને તો વૈકુંઠનાથ શ્રી વિષ્ણુ મહાશ્રેષ્ઠ પતિ છે, તો મને પણ આ વિષ્ણુ સિવાય આ મૃત્યુ-લોકનો રાજા ધણી તરીકે શોભતો નથી

આમ અંતરમાં ભાવના કરીને કહે છે કે મને તે વિંષ્ણુ પતિ મળે તો સારું, આમ ધારીને પછી તે પતિ પામવાની ભક્તિ કરીને વિષ્ણુપદને પામી અને તે પતિને વરી. હવે આ દૃષ્ટાંતના ન્યાયે એ પ્રકારે હું નિજદિવ્યરૂપ અંશ અલ્પજ્ઞ છું અને તત્ત્વોથી તીત એટલે અલગ છું. એમ નિશ્ચયપૂર્વક જાણીને પોતાના પતિ જે નિજકર્ત્તા તે પતિની શોધ પરમગુરુદ્વારા નિરંતર કરજો. રાણીના પતિ મૃત્યુલોકના રાજા જેવા અન્ય અનંત દેવીદેવતા હોઈ તેમને પતિ માનીને તેમની ઉપાસના કરવી શરૂ કરી હતી, પણ તે આપણા ખરા નિજપતિ સમાન શોભતા નથી; કારણ કે તે તો આપણા જેવા જીવગતિના જીવ છે અને રાણીએ માનેલા પતિ

વિષ્ણુની માફક આપણા સ્વરૂપના દિવ્યપતિ તો વિષ્ણુથી પણ અધિક અત્યંત અપાર છે.

હવે ઉપર કહ્યા મુજબ દિવ્ય પરમ-પતિનું ચિંતવન કરી પરમગુરુની ઉપાસનાદ્વારા તેમનું ભજન કરજો. આપણા તે પતિ પરમ અનુપમ હોઈ અલૌકિક દગ–દષ્ટિરૂપ અતિ સજાણ અમાપ છે. તે પતિ સાથે સંગ થાય એટલા માટે તે મહા પ્રયત્ન કરીને કરજો. હવે પંચવૃત્તિ સહ તત્ત્વપ્રકારની ઊલટક્રિયા વિષેનો ભેદ સવિસ્તર દેખાડી સંતસજ્જન પરત્વે પરમ અપાર ઠેઠ સુધીનો લક્ષવિવેક દર્શાવ્યો છે. અહો ! હે અંશ ! સકર્તાના સંકલ્પને વિષે બીજગમાં ખટવૃત્તિરૂપ ભાવનાં અંકુરો ઉત્પન્ન થયાં છે, તેનો પરિવાર

અંશ સહ આ પ્રકારે કહ્યો છે; તેમાં પાંચ વૃત્તિનું નિરૂપણ કર્યું છે. કારણ સમાન કાર્યમાં ભાવ હોવો જોઈએ તે મુજબ અંશ કાર્યરૂપ હોઈ તેના કારણરૂપ સકર્તા સતકેવલ છે. આ કાર્યરૂપ અંશવૃત્તિનું લક્ષણ કહું છું તે સાંભળો. આ અંશને વિષે જે છઠ્ઠી અંશવૃત્તિ તેનો પ્રકાર જે છે તે 'સકર્તામણિભાસ' નામના ગ્રંથને વિષે કહ્યો છે. આ અંશના સંકલ્પ–ભાવનામાં ઉત્પત્તિ તથા લય થાય છે, તે વિષેનું નિરૂપણ તે ગ્રંથમાં કરેલું છે તે જોઈ લેજો. તે પ્રમાણે તથા તે ન્યાયે અંશમાં છઠ્ઠી અંશવૃત્તિ સર્જવાની મોહશક્તિ રહેલી છે, તે કર્તારે અલ્પ ગતિ પોએલી તે પ્રમાણે ઉત્પત્તિ તથા લય થાય તેવી છે. આ વૃત્તિ કેવી છે? તે

વિષે સ્પષ્ટ ખુલાસો કરૂં છું તે સાંભળો. કોઇ સ્રીને પતિના સંયમે કરી અસંખ્ય સંતતિ થાય છે, તેવીજ રીતે નિજપતિ સકર્તા સતકૈવલની દૃષ્ટિનો ભાસ અંશ ઉપર પડે છે. (એટલે અંશમાં રહેલી અંશવૃત્તિની સ્ફુરણા સ્ફુરે છે.) જેમ સૂર્યના પ્રકાશ વડે નેત્ર દેખતાં થાય છે, તેમ પરમપતિની પરમ સત્તા વડે જ અંશને વર્તવાનું છે. અંશના વર્તનમાં અંશવૃત્તિની આદ્ય લઈને ઘાટમાં વસ્તુ (છ વૃત્તિઓ) પોખ્યા પ્રમાણે અલ્પ થયાં જાય છે, કારણ કે પોતાના બાપનું જોઈને અંશ પણ અલ્પ સંકલ્પ કરે છે; પરંતુ નિજસકર્તાની પેઠે ધારણા કરીને નવીન તત્ત્વ તથા અંશ ઉપજાવી શકે નહિ, કારણ કે જ્યારે અંશમાં સંકલ્પનું પોષણ કર્યું ત્યારે

કર્તારે વચમાં નવું કરવામૂકવાનું ભર્યું જ નથી. માટે નવું શું જોઇને કરી શકે ? અરે ! અંશ કરવા જાય તો પણ તેનાથી કંઈજ બનતું નથી. અહો ! હે અંશ ! કર્તારે જે કૃત કર્યું છે તેમાંજ તમે વર્તજો તે સિવાય નવીન બીજા પ્રકારનાં તત્ત્વો કે અંશ કશુંય તમારાથી થશે નહિ; કારણ કે અંશ અલ્પગતિવાળો છે, તે કયા પ્રકારે છે તે બતાવું છું. આ અંશને કર્તાના કૃતની ગતિ માલમ પડતી નથી, કારણ કે તે કયાં અને કયા પ્રકારનાં તત્ત્વ પોખીને કર્યું છે તે અને તે તત્ત્વોને સારાનરસા પ્રકારે વર્તાવ-વાની પણ ગમ નથી; કારણ કે અંશની ભાસદૃષ્ટિરૂપ વૃત્તિ તે તત્ત્વોના સંગે કરીને બેભાન થઈ ગઈ છે. એથી કરી તત્ત્વભાગ વાપરવાની જે જુક્તિ તે

જાણી નહિ અને પોતાની ઇચ્છાએ ક્રિયામાં અનીતિ વધારીને દુઃખ ભોગવવા લાગ્યા.

હવે અંશની દૃષ્ટિ તો પરમ સજાણ છે પણ તત્ત્વપ્રવૃત્તિના પ્રભાવમાં તે ચુસાઇ ગઈ છે. જેમ પારો કંચનને સ્પર્શીને એકઠો મૂકીએ ત્યારે તે સોનાનું વિત્ત ચૂસી લે છે. પછી તેમાંથી સુવર્ણ-સાર ભઠ્ઠી લગાવીને કીમિયાગર આ સુવર્ણને કાઢી લે છે; તેવીજ રીતે અહીં કીમિયાગરની માફક અપાર વિવેક કરવાનો છે તે દેખાડું છું. હવે નાનાવિધ સદ્ક્રિયારૂપ સામગ્રી એ તો પાત્ર જાણવું અને ઉપાસનાવૈરાગરૂપ વિચિત્ર અગ્નિજવાળા જાણવી; તેમાં જ્ઞાનસમજણે કરીને નિવેડો કરીએ, ત્યારે સુવર્ણની માફક અંશ ભિન્ન થાય છે. આમ અંશ એ સોનું છે

અને તત્ત્વ તે પારો છે, એ વિષેની નિજ અંતરમાં નિરંતર વિવેચના કરીને આદિ કીમિયાગરરૂપ જે કર્તા તેમને ઓળખવા. જે સકર્તા સતકૈવલે તત્ત્વો અને અંશ સરજીને અનંત બ્રહ્માંડની માંડણી (ચૌદ તબક્કાની ગોઠવણ) કરી છે, તે કીમિયાગર અચળ છે; તેમને અહીં આ બાજુથી સર્વજ્ઞ પરમગુરુની લક્ષકૃપા વડે કરીને જોજો. તેમને જોવાની અદ્દભુત કળા દર્શાવવા સારુ અનંત ગતિએ ઊલટક્રિયા દર્શાવી દીધી છે, તે અંશને પોતાને પરમ તીવ્ર ઉજાગ્રત વૃત્તિ રાખવા સારુ દર્શાવી છે. માટે એ પ્રકારે આચરણ રાખીને પ્રતીતિ લેજો; એથી કરીને પરમગુરુ કૈવલપદને વિષે તમારી અખંડ પ્રીતિ રહેશે. અહો ! હે અંશ ! આ વિશ્વમાં

માનવ સ્ત્રી પુરુષના સજાણ અંશને સદાકાળ સર્વપ્રકારે આદિમધ્યાંતનું જાણપણું છે. તે જાણપણું ક્યાંસુધી છે? તે ચરાચર તત્ત્વપદાર્થ, દેવવિભૂતિ, વિરાટ સહિત સર્વની માનવજનને ઓળખાણ પડે છે. વળી દેવલોક જે છે તે માનવને ઓળખે છે પણ માનવ જેવી તત્ત્વગતિ દેવને નથી. તે કેમ જણાય? તે વિષે ખુલાસો સાંભળો. વિશેષ અંશ માનવ શરીરને વિષે અવતાર ધારણ કરે છે. તે આ લોકમાં માનવ જેવા અલંકાર ધારણ કરીને દેવાદિકની અપાર ગતિ ગાઈ ગયેલા છે. આ પ્રકારે ઉઘાડો સર્વથી શ્રેષ્ઠ માનવરૂપ દેહ રોકડો પ્રાપ્ત થયો છે, જે દેહમાં ચરાચરનો નિવેડો, નિજ તનુ તથા સ્વરૂપ સહિત, જાણવામાં આવે છે. હવે આવો દેહ જે

અંશને પ્રાપ્ત થયો, તે અંશે તત્ત્વભાગની ઊલટક્રિયા જોઇને આચરવી; જે દેવાદિકને પણ દુર્લભ છે, એટલે કે આ પ્રતીતિ પ્રાપ્ત થવી મુશ્કેલ છે. એટલા જ માટે તે ક્રિયા આચરીને તેનો અનુભવ નિજ પ્રીતિજોગ વડે સત્સંગ કરીને લેજો. વળી અપાર તત્ત્વભાગની ક્રિયા વર્તાવીને સર્વ પ્રકારે સજાણ થજો. આ સજાણપણું તો કર્તાના પરમવિશેષ અંશ જે છે તેમને શરણે જઇને તેમના પ્રતિબોધ વડે જાણી લેજો.

આ પ્રકારે શ્રવણ કરીને શ્રોતાજન પ્રશ્ન કરે છે કે પરમગુરુ પ્રત્યે કોઈ ઠેકાણે પરમવિશેષ અંશકોટીમાં વર્ણન કર્યું છે અને હંસતાલેવા તથા અગાધબોધ આદિ ગ્રંથોને વિષે કેવલવેત્તા આદિનિરૂપણમાં પરમવિશેષ અંશ

એ જ સર્વજ્ઞ કર્ત્તા સ્થાપન કરેલા છે; ત્યારે એ શ્રવણ કરીને સંશય ઊપજ્યો, તેનું તાદ્દશ્ય નિરૂપણ કરીને સંભળાવો. આ પ્રશ્ન સાંભળીને પરમગુરુ પોતે સર્વજ્ઞપણે ઉત્તર આપે છે તે શ્રવણ કરો. તે પોતાની દ્વિવિધ (બે પ્રકારની) ગતિના ન્યાયનું નિરૂપણ કરે છે, તે દૃષ્ટાંતે કરીને તેનું રૂપક વર્ણન કરી દેખાડે છે તે સાંભળો. જેમ, કોઈ એક દેશના નગરમાં ન્યાય કરનાર પુરુષ રહેતા હતા. તેમને બે સ્ત્રીઓ અને પરિવારમાં એક કન્યા તથા તેમનાં માતુશ્રી સાથે તે એક નગરમાં રહેતા હતા. જે જે લોકને તકરાર હોય તેઓ તેમની કચેરીમાં આવતા અને જેની જેવી બાબત હોય તેની તે બાબતનો તેઓ ન્યાય કરીને પ્રતિઉત્તર

આપતા હતા. એક વેળા બીજા એક ગામના પાંચ છ જણ કંઈ તકરાર લઈને ન્યાય કરાવવા તેમના ગામની ભાગોળે આવ્યા. તે વખતે ત્યાં તે ગામના લોકો હરતાફરતા હતા તે નર-નારી પ્રત્યે તેઓ પૂછવા લાગ્યા કે આ ગામમાં ન્યાય કરનાર પુરુષ જે રહે છે તે ઘર છે કે કોઈ ગામપરગામ ગયા છે? આ પ્રમાણે તેમણે પ્રથમ એક બાઈ મળી તેને પૂછ્યું. તે બાઇએ તે લોકોને ઉત્તરમાં કહ્યું કે તે તો મરી ગયા છે. આ પ્રમાણે સાંભળીને તેઓ વિચાર કરવા લાગ્યા કે હવે ગામમાં તો જઈએ; એમ ધારી તેઓ આગળ ચાલ્યા તેવામાં એક બીજી બાઈ મળી તેને તે લોકોએ પૂછ્યું; ત્યારે તેણીએ કહ્યું કે તે ન્યાય કરનાર પુરુષ છે તો

ખરા પણ આંધળા થયેલા છે. આ સાંભળી તે લોકોને વિશ્વાસ આવ્યો કે તે છે તો ખરા,પરંતુ પેલી સ્ત્રીએ મરી ગયા છે એવું કેમ કહ્યું હશે! આમ વિચાર કરતા કરતા આગળ ચાલ્યા, ત્યારે એક બ્રાહ્મણ મળ્યો; ત્યારે તેને ન્યાય કરનાર વિષે પૂછી જોયું ત્યારે તેણે કહ્યું કે તે તો આંધળા અને કાને બહેરા થયા છે. આ પ્રમાણે કોઇનું બોલવું સરખું આવ્યું નહિ. પછી પેલા લોકો ન્યાયકર્તા પુરુષને જઈ મળ્યા અને તેમને જોયા,તો તે સભા ભરીને બેઠા હતા અને ન્યાયનાં વચન બોલીને પ્રતિઉત્તર આપતા હતા. આમ મરી ગયેલા નથી તેમજ આંધળા બહેરા પણ નથી એમ જોઇને તે પર-ગામથી આવેલા લોકો તે ન્યાય કરનારને કહેવા લાગ્યા કે અમોએ આ ગામની

ભાગોળે આવીને લોકોને તમારા વિષે પૂછ્યું હતું. આમ કહી તે લોકોએ ન્યાય કરનાર વિષે જે જે કહ્યું હતું તે તેમને કહી સંભળાવ્યું અને પૂછ્યું કે આપ તો પ્રત્યક્ષ છો, ત્યારે તે લોકોએ આ પ્રમાણે કેમ કહ્યું હશે ? આ સાંભળી તે ન્યાયકર્તા ઉત્તર આપે છે કે તેમણે જે કહ્યું છે તે ખરું છે એ વિષે ખુલાસો કરૂં છું તે સાંભળો. આ સંસારમાં મારે બે સ્ત્રીઓ છે. તેમાંની એક જે આપને પ્રથમ મળેલી તે સ્ત્રી મારી અર્ધાંગના છે. મારી જે બે સ્ત્રીઓ છે તેમના છ છ માસના વારા કરેલા છે. પ્રથમ આપને જે સ્ત્રી મળેલી તે તેમાંની એક હોઈ હાલ તેનો વારો નથી. તેણે હું મરી ગયો છું એમ કહેલું, તે તો ખરી વાત છે; કારણકે તેના લેખે તો

તેનો હાલ વારો નહિ હોવાથી હું મરેલોજ છું. વળી બીજી જે સ્ત્રી તમોને મળેલી તે મારી કન્યા છે. તે મોટી થયેલી છે પણ દ્રવ્ય નહિ હોવાથી તેનું લગ્ન કર્યું નથી. આમ એને હું ઉમરલાયક જોઉં છું પણ લગ્નનો જોગ મળતો નથી, એટલે તેણે મને અંધ કહેલો તે સાચું જ છે; કારણ કે તેના લેખે તો હું આંધળો જ છું. હવે પેલા બ્રાહ્મણે બહેરો કહેલો તે વિષે કહું છું તે સાંભળો. બે બ્રાહ્મણ ફરિયાદ લઈને આવેલા, તેમની તકરાર ખેતર સંબંધી હતી. તે બન્નેનાં ખેતર પાસેપાસે છે, તેમાં એક-બીજાની જમીન દબાવીને લીધેલી છે. તેમની તકરાર સાંભળતાં તે બન્નેની જમીન ધર્માદાની છે એમ સમજાયું. જો હું એકને ઓછીવત્તી કહું છું તો

તે ધર્માદાની જમીન હોઇ તે બન્નેને હાનિ થાય. આમ વિચાર કરી મેં પ્રતિઉત્તર આપ્યો નહિ અને મૌન રહ્યો, એથી તેના લેખે તો હું બહેરો જ છું. આ પ્રમાણે ન્યાય કરનાર પુરુષે કરેલો ન્યાય સાંભળીને તે લોકો ખુશ થયા અને કહેવા લાગ્યા કે આ ન્યાય કરનાર તો ખરેખર ન્યાયી જ છે. એટલામાં ભોજનની વેળા થઈ તે વખતે માતુશ્રીએ દરરોજના નિયમ પ્રમાણે ભેંસનું તરત દોહેલું દૂધ આપ્યું, તે દૂધ સાથે તે પુરુષ જમ્યા. પછી તેમણે માતુશ્રી પાસે વધારાનું દૂધ નિત્યક્રમ પ્રમાણે રુદન કરીને માગ્યું. આ બીના પેલા પરગામથી આવેલા લોકોએ જોઈ, એટલે તે સંબંધી તેમણે પૂછ્યું કે આવડા મોટા થયા છો અને ન્યાય

પણ કરો છો તો રડીને દૂધ કેમ માગ્યું ? આ સાંભળી ન્યાયકર્તા પુરુષ કહે છે કે મેં મારી માતુશ્રી પાસે રડીને જે દૂધ માગ્યું તે ન્યાયથી જ માગ્યું છે, તેમાં મેં અન્યાય કર્યો નથી; તે વિષે સ્પષ્ટ ખુલાસો કરું છું તે સાંભળો. મારી માતુશ્રીનો તો હું ગમે તેટલો મોટો હોઉ તો પણ સદા બાળક જ છું, માટે રડીને માગ્યું તે રીતનું જ છે. મારી માતા આગળ મારું શ્રેષ્ઠપણું શું છે ? તે તમો ન્યાયદૃષ્ટિએ જુઓ. તમારી આગળ તો શ્રેષ્ઠ ન્યાયકર્તા છું, પણ મારી માતા આગળ તો હું સદાય શિશુ સમાન જ છું. આ પ્રમાણે પ્રતિઉત્તર સાંભળીને અને તે સત્ય માનીને તે લોકો જે ન્યાય કરાવવા આવેલા હતા તે ન્યાય

કરાવીને પોતાના ગામ પ્રત્યે ગયા. આ પ્રકારે વિસ્તારપૂર્વક દૃષ્ટાંત કહ્યું છે તે જ પ્રકારે પરમવિશેષ અંશને બે પ્રકારની ઉપમા લાગે છે એમ જાણજો. વળી જે જે અવતાર થયા તે પણ અંશકોટીના હોવા છતાં તેઓ પોતે કર્ત્તા છે એમ બોલી ગયા છે. આ પ્રમાણે જીવને ઈશ્વર કહી પોતાની ઐશ્વર્યતા વૈભવરૂપ કેવળ સાક્ષાત્ બ્રહ્મ અમો જ અનુભવીએ છીએ એવું તેઓ બોલી ગયા છે. હવે તેના ઉપરાંત તેમનાથી પણ અધિક, જે અવતારાદિકને પણ બોધ કરી પરમદાન આપનાર સદ્‌ગુરુ છે અને વળી જે અસંખ્ય બ્રહ્માંડમાં વસતા દેવાદિક અને જીવને તત્ત્વભાગની નીતિ તથા અકળ કૃતનો ભેદ તથા સ્વરૂપ અને સકર્તા સહિત લક્ષબોધ

દર્શાવીને તારનાર પ્રસિદ્ધ દાતાર છે, તેજ સદ્‌ગુરુ કૈવલપદનો ન્યાય દર્શાવનાર છે; એથી જ તે સદ્‌ગુરુને પ્રબુદ્ધ (જેનાં જ્ઞાનચક્ષુ ખુલ્લાં છે એવા) કર્તાના સમાન અચળ કહ્યા છે. નિજકર્તા પોતે જે સનાતન ધામમાં અચળ વસે છે, તે નિજધામ છોડીને કોઈ કાળે કોઈ કલ્પને અંતે પણ કૃતરૂપ થઈને અવતાર લેતા નથી. એટલાજ માટે પરમવિશેષ અંશ જ નિજકર્તાની સર્વજ્ઞ ગતિરૂપ હોઈ તે જ કૈવલ છે, એમ જાણીને આ પ્રકારની પ્રતીતિએ કહ્યું છે. આ પ્રકારે નિજ કૈવલપતિ સાક્ષાત્ પ્રગટ સર્વજ્ઞ ગતિરૂપ દિવ્યમૂર્તિ તદ્રૂપ તદાકાર છે એમ જાણજો. તે સામાન્ય અને વિશેષ આદિ સર્વ અંશોને માનવાયોગ્ય સત્ય છે. વળી પરમવિશેષ અંશ જે

પરમગુરુ અવતાર તે સાક્ષાત્ અખંડ ગતિરૂપ હોઈ તેમને નિજ કેવલકર્તા સમ જાણીને તેમનું ભજન કરજો.

હવે પરમગુરુ ભગવાન કરુણાસાગરને જે અંશકોટિમાં કહ્યા છે તે વિષેનો સ્પષ્ટ ખુલાસો કરૂં છું તે સાંભળો. પરમ સકર્તારૂપ માતુશ્રી આગળ આ પરમ અંશ પરમગુરુ અલ્પજ્ઞ ગતિરૂપ હોઈ બાળક સમાન છે એમ જાણજો; કારણ કે તેઓ હરેકે હરેક કલ્પમાં સકર્તા પાસેથી નાનાવિધ ગમગતિ માગીને લે છે. જેમ બાળક માતાની પાસે રડીને ધીંગાણું મચાવીને દૂધની આધ લઈ ખોરાક વગેરે માગે છે; તેવીજ રીતે પરમ સકર્તારૂપ માતુશ્રીની આગળ પરમવિશેષ અંશરૂપ બાળક ઢીંગ વસીને એટલે પાસે રહીને

અનાદિસિદ્ધ પ્રતીતિએ સર્વકાળ પરમ-રસનું પ્રાસન કરે છે, અને માતારૂપ સકર્તા પોતાના શ્રેષ્ઠ અંશને બાળકરૂપ જાણીને પરમગતિ વિષેના ભેદની નિશાની ધરથી એટલે કે પ્રથમથી લઈ તે આજપર્યંત આપતા જાય છે. પછી આ પરમગતિના સામર્થ્ય વડે કરીને તે આ જગતને વિષે ન્યાય કરીને અગમ્ય ગમગતિ દર્શાવે છે. આ કારણને લીધે પરમવિશેષ જે અંશ તે કર્ત્તાની આગળ સદા સર્વકાળ શિશુવત્ એટલે બાળક સમાન હોઈ તેમની આગળ અખંડ રહે છે. આ પરમવિશેષ અંશને કર્ત્તાએ આપેલી ગતિ ગ્રહણ કરીને તે ન્યાયપૂર્વક બ્રહ્માંડને વિષે અનંત અંશોના તારણહાર થયા છે. આ બાજુ આ પરમગુરુની અખંડ જ્ઞાનરૂપ ગતિ

આ જગતના જીવઅંશથી લઇ ઇશ્વ
રપર્યંતને માથે શ્રેષ્ઠ હોઇ સત્ય છે. આ
પ્રમાણે આ પરમદિવ્ય ગતિરૂપ તત્
ધારણ કરનાર પરમગુરુ હોઈ તેમને
સાક્ષાત્ કૈવલરૂપ જાણજો. આ પ્રકારે
ઉપર પ્રમાણે પરમગુરુ વિષે બે પ્રકારનો
ભેદ વર્ણવ્યો છે. આ ઉભય ભેદ તે
અંશ તથા અંશી વિષેનો હોઈ તે લક્ષ
ગ્રહણ કરીને આ બાજુ ઈશ્વરથી
પણ શ્રેષ્ઠ એવા સગુણ રૂપે પરમગુરુને
જે અવતાર થયો છે તેમને સાક્ષાત
કૈવલકર્તાજ જાણજો. આ બન્ને પ્રકારે
જાણીને તથા અનુભવીને તેમના આદિ
ચરણારવિંદને વિષે વૃત્તિ રાખજો તથા
તત્ત્વપ્રવૃત્તિ સમેત નિર્વાણ જાણીને
નિર્વાણરૂપ પ્રસાદ લેજો. પછી આ
પ્રમાણેના વિચારે કરીને તીવ્ર વૈરાગ

ધારણ કરે, તો જીવ–અંશને નિર્વાણરૂપ પ્રસાદ તરત પ્રાપ્ત થાય તેમ છે; માટે હે અંશો! આ પ્રમાણે આ જ એક નિર્દ્વંદ્વ ( રાગદ્વેષ, માનઅપમાન ઇત્યાદિ દ્વંદ્વોથી પર–રહિત ) આરાધન કરજો. જો કદાચ કિંચિત્ લક્ષગતિ વડે નિજપતિરૂપ નિર્વાણપદને વિષે સજાણદૃષ્ટિરૂપ વૃત્તિ પહોંચીને સ્પર્શ થાય, તો થતા વારમાં જ અનંત અઘનું ( પાપનું ) નિવારણ થઈ જાય. જેમ નોળિયો સર્પને ચાવીને તેનો પ્રાણઘાત કરે છે. આમ કરતાં નકુળને ( નોળિયાને ) તેનું વિષ ચઢે છે ત્યારે ગારુડી પોતાની પાસે વનસ્પતિની બુટ્ટી રાખે છે તે બુટ્ટી પેલા મુગસને ( નોળિયાને ) સુંઘાડે છે, એથી કરીને તેનું ઝેર ઉતરી જાય છે. આ પ્રકારે પ્રપંચ-

પદાર્થના સ્વાદરૂપ જે વિષ તે અનેક જન્મથી લીધેલું હોઈ તે સર્વાંગ શરીરમાં તેમજ વૃત્તિમાં વ્યાપક મળી ગયું છે, તે સામાન્ય તથા વિશેષ સર્વ અંશને સગુણનિર્ગુણરૂપ લક્ષસ્વાદનું ચઢેલું છે; જેથી હવે તે વિષ ઊતરી જાય એ વિષે ઉપાય શું છે? તેનો ઉત્તર એ છે કે પરમગુરુ એ જ કોઈ ગારુડી છે એમ જાણજો, તે જ વનસ્પતિની બુટ્ટી સુંઘાડશે; એટલે કે તે પ્રથમ તત્ત્વજ્ઞપણે નિજરૂપલક્ષ દર્શાવશે. વળી આપણ સર્વ અંશો અલ્પજ્ઞગતિવાળા છીએ એવું દર્શાવવા રૂપી પહેલી બુટ્ટી તે પોતાની સજાણવૃત્તિ–ભાવનારૂપ નાકને વિષે પ્રથમ સુંઘાડશે. પછી તેના આદિ કર્ત્તાનો લક્ષ તે પ્રાજ્ઞ (જ્ઞાતા) પુરુષ અંશ પરત્વે જણાવશે. આ પ્રમાણે

સુગંધ વનસ્પતિની બુટ્ટીરૂપ અનાદિ-સિદ્ધ સકર્તાનો લક્ષ નિજદષ્ટિમાં લેશે, ત્યારે તેણે કરીને પદાર્થવિષયના સ્વાદનું અજ્ઞાનરૂપ વિષ જે નિજવૃત્તિને વિષે ચઢેલું છે તે તત્કાળ ઊતરી જશે. આ પ્રમાણે જે અંશને પરમગુરુ-પ્રસાદ વડે આ પરમકર્ત્તારૂપ અચળ બુટ્ટી પ્રાપ્ત થાય અને તે નિજ સજાણ-વૃત્તિરૂપ નાસાપુટને વિષે પરમગુરુનો તીવ્ર બોધ ગ્રહણ કરે, તો તેનું ઝેર ઊતરી જાય અને અંશ સચેતન થઇને પરમદિવ્ય યજન (પરમગુરુની ઉપા-સના) પામે; એટલા જ માટે આ જ પ્રબોધ (જ્ઞાન-ઉપદેશ) વડે વારંવાર પરમગુરુનું યજનભજન કરવું. આ પ્રમાણેના યોગ વડે અનંત કલ્પ સુધી અજ્ઞાન-વિષ ફરીથી આપણને આવીને

સ્પર્શી શકે નહિ; જેથી પરમપદ પામતા સુધી શરીરના અખિલ તત્ત્વભાગ પોતાને આધીન રહે તેવી પ્રવૃત્તિ કરતા રહેવું. આમ જ્યાંસુધી તત્ત્વભાગનું વર્તમાન સ્વાધીન થાય નહિ, ત્યાંસુધી નિજ પરમગતિ પણ અભંગ થઈ નથી એમ જાણવું.

આ પ્રમાણે અભંગ ગતિ કોની થતી નથી એ વિષે સ્પષ્ટ ખુલાસો કરું છું તે સાંભળો. જેને લક્ષબોધનાં વચન શ્રવણ કરવાની પ્રીતિ નથી તેને અનાદિ પદની પ્રાપ્તિ શાની હોય? અહો! હે અંશ! જેને અનાદિ પદની પ્રાપ્તિ ન થઈ તેણે સંસારનો ત્યાગ કરીને નિહંગપણું ધારણ કર્યું હોય, તોપણ પરમપદની પ્રાપ્તિ વિના તેના સર્વ વર્તમાન ઉપલક ઢોંગ સરખાં જાણવાં. અહો!

હે અંશ! કદાચ તેણે દેખાદેખી જોગ લીધો હોય તો માની લેજો કે ધન અને સન્માન લેવાને અર્થે તેમજ જગતમાં મહત્તા દેખાડવા સારુ લીધો છે. અરે! પ્રપંચી સંસારનો ત્યાગ કરીને ઉપયોગ શું કર્યો! જેણે સદ્‌ગુરુનું મન રીઝવ્યું નહિ અને તનમનથી સેવા પણ કરી નથી, તેણે દંભને અર્થે દાંભિક ભજન વૃથા દેખાડ્યું. વળી બીજા લોકોને દેખાડવા અને તેમના દિલને ભમાવવા એકાંતમાં ધ્યાન-ભજન કરીએ છીએ એમ કહીને બેસે છે, પણ તેને નિજરૂપ તથા પોતાના સકર્ત્તાપતિની ગતિ આદિમધ્યાંત નથી એમ જાણજો. વળી તત્ત્વસ્વાદના પ્રવાહને વિષે અતિશય અવિવેકે કરીને દોડતા જાય છે. અહો! જેણે પ્રપંચ

પણ ખોટા કર્યા અને પરમાર્થની જોડી (દોસ્તી) પણ ના કરી, એવા જીવ બન્ને તરફથી લૂંટાઈને અઘોર નરકમાં પડવા જેવા થઈ રહ્યા છે; ત્યારે આ જીવને સમર્થ પરમગુરુ કહે છે, અહો! હે અલ્પજ્ઞ અંશ–જીવ! તમે શું કરવા ભવ–સંસાર છોડીને આ વિટંબણા લીધી? અરે! હે જીવ! આગળ દરેકે દરેક કલ્પમાં હજી પણ આ પ્રમાણે વિટં-બણા થતી જશે! અરે! પ્રપંચને વિષે રહીને અથવા છોડી દઈને ત્યાગને ધારણ કરીને પણ જે કરવાનું હતું તે ન આચરીને ભટકો છો, એથી કરી તમારી નિદાન ગતિ કેમ કરીને થશે! વળી આ જીવને પરમગુરુ શું કહે છે તે સાંભળો. મારાં બોધવચનોનો અભ્યાસ કરીને તે વચનોરૂપ ગ્રંથ હાથમાં પાસે

રાખીને તેમાં જીવને અવળસવળ સમ-
જાવી પકડી પકડીને ગૂંચવી નાખ્યા.
હે જીવ! તમો ગૂંચવનાર અને ગૂંચ-
વાયેલા જીવ, આ બન્ને બંધનવશ
થઈને રહેલા છે, પણ ન કર્યું અને ન
થયું કલ્યાણ આદિ કોઈનું. આ પ્રમાણે
વચન સાંભળીને તમો સદ્ગુરુ પરત્વે
કહેશો કે આપનો અનુગ્રહ–મહદ્ પરમ-
તીવ્ર લક્ષબોધ, નિજ આપરૂપ તથા
પતિપદ સહિત, જે અમોને ઉત્તમ
પ્રકારે કરેલો, છતાં એ અનુગ્રહે અમારું
કલ્યાણ ના થયું, ત્યારે તેનું ફળ શું
રહ્યું? વળી ઉપદેશનો પ્રતાપ વાણી
વડે મહાઅદ્ભુત કહો છો તે વૃથા કે
શું? આ પ્રમાણે સાંભળી પરમગુરુ
વદે છે કે સર્વ જીવ પરત્વે અમો ઉપદેશ
કરીએ છીએ તે કાળે જીવની વૃત્તિ

કિલ્મિષ ( પાપ, અપરાધ ) રહિત હોય છે તથા અંતરમાં ઉત્કંઠા સહિત પ્રેમ હોય છે ત્યારે અમો તે જીવ પરત્વે ઉપદેશ આપીએ છીએ, પણ તે ઉપદેશ, મંત્ર વચન, લક્ષ ગ્રહણ કરીને તેનું સાધન-વર્તમાન તે પ્રમાણે કરી શકતા નથી; એથી કરી જીવને વચન ફળરૂપ થતાં નથી. આમ વચન ફળરૂપ ન થાય તો નિજપદની પ્રાપ્તિ કેમ કરીને થાય ! જેમ સ્ત્રીની ઋતુ જોઈને પુરુષ તેનો ઉપભોગ કરે છે અને બિંદુ-બીજ કમળમાં અર્પણ કરે છે; તે બિંદુ-બીજ કમળને વિષે જ્યારે જામતું નથી ત્યારે તેનો પ્રલય થાય છે, તેમાં પુરુષનો શો અપરાધ છે? તેવી જ રીતે સદ્ગુરુ લક્ષબોધ જીવ પરત્વે કરે છે, પણ તેનો સંગ્રહ જીવ કરી શકતા

નથી; એથી તે જીવને ઉપશ કરેલા તેના દોષ કિંચિત્ માત્ર સદ્‌ગુરુને લાગતો નથી. માટે હે સાધુસંતજનો! તથા હે નરનારી! વિચાર કરીને જુઓ.

વળી જે જીવની વૃત્તિને વિષે અવિનાશી લક્ષનો ઉપદેશ ના ટકયો તે બોધ કરેલા જીવમાં આરતરૂપ ઋતુ કમતી, માટે લક્ષ રહ્યો નહિ. અહો! હે અંશ! પરમપુરુષનો સત્સંગ થયો તોપણ તેના હાથમાં કશુંય આવ્યું નહિ; એટલા માટે આરત તથા અતિ પ્રેહ પોતાની વૃત્તિમાં પરમ પ્રેમથી ધારણ કરીને અતિ ઉતાવળે પરમગુરુનો સત્સંગ કરી લેજો. પછી અનુગ્રહબિંદુ તે કૃપાસિંધુ આપશે, તે હેતુ નિજવૃત્તિરૂપ સજાણ કમળમાં ઠરશે, તેણે કરીને કલ્યાણરૂપ અગાધ ફળ જે છે તે તમોને

અભંગ ફળશે. હવે આ ઉપદેશરૂપ વૃક્ષ પરમગુરુસત્સંગના સિંચન વડે વૃદ્ધિ પામે, તેનો જે અનુભવ તે પ્રત્યક્ષ જાણજો. વળી નિજકર્તાલક્ષનું ફળ પરિપકવપણે તાદૃશ દેખાય છે, એ વિષનો વિચાર કરી જોઈને અક્ષય પ્રતીતિરસફળનું, હે અંશ ! પોતે સેવન કરજો અને પરમગુરુ કૈવલ પુરાતનનું ભજન કરજો. આ પ્રમાણે મારાં વચન શ્રવણ કરીને તમો શ્રોતા એમ કહેશો જે અમે તો તમારો લક્ષ લઇને પોતાનું સ્વરૂપ અને નિજકર્ત્તાને જાણીને ભજન કરીએ છીએ. આ પ્રમાણે જો તમે કહેતા હોય તો તે વિષે ઉત્તર આપું છું તે સાંભળો. મારા લક્ષબોધ પ્રમાણે બતાવેલું યજનભજન કરવા તથા રહેણીકરણી પાળવા જે અંશ વચન

નીતિએ વર્તમાન કરશે તેમજ તે પ્રમાણે સારધાર રહેશે તે સંસારી હોય વા ભેખ લીધેલા સાધુસંત હોય, તે બન્ને પ્રકારના સર્વ અંશો આદિમધ્યાંત સુધી ભવપારંગત થશે. વળી આ લક્ષ જાણ્યા પછી જો વચનમાં વર્તશો નહિ અને અનીતિ-કપટ કરીને જેટલા ચાલશો, તેટલા અંશને પાછળથી જન્માંતરે અનીતિ કરેલી ભોગવવી પડશે અને હાલ અનીતિ છાનીછપની કિંવા ઉઘાડી જેટલી વર્તમાન કરશો, તેટલી કર્ત્તાનો સંકલ્પ પૂરો થતાં સુધી અવધિપર્યંત ભોગવવી પડશે, તે છૂટશે નહિ. આ પ્રમાણે શ્રીમુખે સદ્‌ગુરુ બોલેલા છે.

# અબાધબોધમાંથી

## યજન-ભજન-વિધિનું માહાત્મ્ય

**एही निजबोध अगाधहि,**
**ग्रंथ विलोकहो कोय;**
**तेही परमपद पावही,**
**जो शुध चितसे जोय. ॥१॥**

હે અંશ ! અગાધ જ્ઞાનને આપનાર એવા જે મારા ગ્રંથો તે ગ્રંથો પર તમારૂં લક્ષ્યબિંદુ યથાર્થ શુદ્ધ ચિત્ત વડે ઠેરવશો અને તેનું બારિકીથી નિરીક્ષણ કરશો તો, હું નિશ્ચયપૂર્વક કહું છું કે, તમને પરમપદની પ્રાપ્તિ થશે. (૧)

**मोक्ष मले मनवांच्छित,**
**कर्ता सबंधी ज्ञान;**
**छते पिंड सत् चिद् पर,**
**समझहि पद परमान. ॥२॥**

વળી હે અંશ! એના વડે સચ્ચિદાનંદ બ્રહ્મથી પર એવા સકર્તા સત્કૈવલનું જે પરમ-પદ છે તેનું મનના ધાર્યા પ્રમાણે યથાર્થ જ્ઞાન થશે, અને પરિણામે આ સદેહે મનના ધાર્યા પ્રમાણે મોક્ષપદને પમાશે. માટે તું આ યજન-ભજનવિધિનું નિત્ય પ્રતિ પઠન-પાઠન કરજે અને તેમાં રહેલા જ્ઞાન વડે પરમપદને પ્રાપ્ત કરજે. (૨)

**कोटि यगन तप तीरथही,**
**हये हस्ति गौआद्य;**
**तिनते श्रेष्ठ मिले फल,**
**सुने ग्रंथ अह्लाद. ॥३॥**

હે કાયમપંથી! જો તમે યજન-ભજન-

વિધિરૂપ આ ગ્રંથનું નિત્ય પ્રતિ પઠન-પાઠન, મનન અને એકાગ્રતાપૂર્વક અભ્યાસ કરશો તો કરોડો યજ્ઞ, તપ અને તીર્થ તેમજ કરોડો ઘોડા, કરોડો હાથી તથા કરોડો ગાયોનાં દાન દેવાથી જે ફળ મળે છે તેનાથી પણ વધુ શ્રેષ્ઠ ફળ આ ગ્રંથનું મનન કરવા વડે પ્રાપ્ત કરશો. (૩)

**उदय अस्त अवनि पर,**
**और करही व्रत—दान;**
**तिनको मिले सफल फल,**
**गावही ग्रंथ निदान. ॥४॥**

સૂર્યના ઉદયથી લઈને તેના અસ્ત પામતા સુધી સમસ્ત પૃથ્વી પર જે કંઈ વ્રત-દાન થાય છે અને તે સર્વનું જે કંઈ ફળ મળે છે તે સર્વ ફળના પરિણામરૂપ, નક્કી કહું છું કે, આ ગ્રંથનું ગાન કરનારને પ્રાપ્ત થાય છે. (૪)

इंद्रादिक अज भव लहु,
*जजे जो विष्णु समेत;
तिनके फलको फल मिले,
सुने जो ग्रंथ सहेत. ॥५॥

ઇંદ્રની આદ્ય લઈને દેવો તથા બ્રહ્મા, વિષ્ણુ અને મહેશ જેની યજન-ભજનયુક્ત ઉપાસના કરે છે અને તેમ કરતાં જે ફળ મળે છે, તે ફળના મૂળ ધ્યેયરૂપ જે ફળ-અર્થાત્ સકર્તા સત્કૈવલ્યનું જ્ઞાન, આ ગ્રંથ સાંભળનારને પ્રાપ્ત થાય છે. ( માટે હે અંશ ! તારા હૃદયથી યજન-ભજન વિધિરૂપ આ ગ્રંથને સહેજ પણ દૂર કરીશ નહિ. ) (૫)

ओरु कोइ सुने सुनावहि,
यही ग्रंथके भाव;
सकल सिद्धांत मतंतके,
पावहो दाव सफाव. ॥६॥

અરે અંશ ! તને શું કહું, જે કોઈ મારા

* જજે=યજે=યજન કરે

આ ગ્રંથને સાંભળે અથવા બીજાને સંભળાવે તેને સમસ્ત જગતના સિદ્ધાંતો યથાવત્ દૃષ્ટિ-ગોચર થાય તથા તેમાંથી તરી આવતા તાર-તમ્ય વડે પોતાનો દાવ સરળતાપૂર્વક પાર પાડી શકે એવી અદ્ભુત શક્તિ આ ગ્રંથમાં છે. (૬)

**तबते निर्णित उत इत,**
**दिव्य दृष्ट गति थाय;**
**सार असार नवेरके,**
**बादल देही वहाय.** ॥૭॥

ઉપર પ્રમાણે મર્ત્યલોક આદિ આજુબાજુનાં સઘળાં તત્ત્વોનો નિર્ણય થતાં અને સ્વર્ગલોક આદિ પરતત્ત્વોનો નિશ્ચય થતાં હે અંશ! તારી દિવ્ય દૃષ્ટિ થશે. આથી કરી સાર અને અસારનો તું યથાયોગ્ય નિવેડો લાવી શકીશ, જેથી કરીને એ મહાન પતિની પ્રાપ્તિમાં અંતરાયરૂપ નડતાં એવા બાદલા—અર્ધ-દગ્ધ સિદ્ધાંતરૂપ વિઘ્નોને દૂર કરવા સમર્થ થઈશ. (૭)

जबि उपजे, आरत अति,
ताय नवीन पति चहाय;
तिनु मिले गुरु परमहि,
लखवे निज कोरताय. ॥८॥

આ પ્રમાણે માર્ગમાં આવતાં વિઘ્નોરૂપ અંતરાયોને દૂર કરતાં *નવીન પતિની પ્રાપ્તિ માટેના પ્રયત્નમાં આગળ વધતાં જેમ જેમ વધુ ને વધુ ઉત્કટતા ઉત્પન્ન થતી જશે, તેમ તેમ ગુરૂનું ઓળખાણ થતું જશે. આ પતિ પ્રાપ્તિના પ્રયત્નમાં જે પરમગુરુનો સાથ શોધશે, તેજ સકતી સત્કૈવલનું પરમલક્ષ્ય પ્રાપ્ત કરવાને સમર્થ થશે. (૮)

सुने सुनावन ग्रंथके,
जिनको यही फल सोय;
सुरनर मुनिजन पंडिता,
जहां न पोचत कोय. ॥९॥

* અત્યારસુધી નહિ ઓળખાયેલા.

હે અંશ! અનેક કષ્ટો સહન કર્યા પછી પ્રાપ્ત કરેલી સિદ્ધિઓ વા મહાન સંકટો સહન કરીને મેળવેલા અનુભવો વડે જે સુખની પ્રાપ્તિ થાય છે, તેજ સુખ રૂપ ઉત્તમ ફળની, આ ગ્રંથને સાંભળનાર વા સંભળાવનારને પ્રાપ્તિ થાય છે. અહો! જ્યાં દેવતાઓ મુનિજનો, તથા પંડિતોની પણ ગતિ પહોંચી શકતી નથી તે ગતિ આ ગ્રંથનું અધ્યયન કરનાર વા તેનું પારાયણ કરનાર મેળવી શકે છે. માટે હે અંશ! સદાસર્વદા આ પુસ્તકને હાથમાં રાખી યથાર્થ લક્ષ્યપૂર્વક વારંવાર નિત્ય પ્રતિ તેનું પારાયણ કરજે. (૯)

**पुनहि पुनहि एही ग्रंथके,**
**करही पठन अभ्यास;**
**होहु सरळ सर्वज्ञ ही,**
**पावही परम हुलास. ॥१०॥**

હે ભગવતીજન! હે પરમગુરુને પામવાની

ઈચ્છા રાખનાર ! આ ગ્રંથનું પઠન–પાઠન તેમજ વારંવાર અભ્યાસ કરનાર સરળતા-પૂર્વક સર્વજ્ઞ થાય છે, અને પરિણામે અતિ આનંદ યુક્ત જે પરમ તત્ત્વ તેને પ્રાપ્ત થાય છે. માટે આ ગ્રંથનો મનનપૂર્વક ખૂબ અભ્યાસ કરજે. (૧૦)

**और विविध गतिगम सबे,**
**अगम निगम दरशाय;**
**कोटि प्रश्न परि उत्तर,**
**देवत नहीं अटकाय.** ॥११॥

હે અંશ ! આ પ્રમાણે નિત્યપ્રતિ અભ્યાસ-પૂર્વક પઠન–પાઠન કરનારને સર્વ પ્રકારે વિધવિધ ગતિ પ્રાપ્ત થતી હોઈ અગમનિગમનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. વળી હે અંશ ! આ ગ્રંથના મનનપૂર્વકના અભ્યાસ વડે તને કરોડો પ્રશ્નો પૂછનારને પણ જરાય અટક્યા સિવાયજ ઉત્તરો આપી શકે એવી ગતિને તું પ્રાપ્ત થશે.

**और पारस जिन महीं,**
**रिद्ध सिद्ध रही छपाय;**
**मिले आगु गुरु परमहिं,**
**देवत सब दरसाय. ॥१२॥**

જેમ પારસરૂપ પરબ્રહ્મમાં રિદ્ધિસિદ્ધિઓ ગુપ્તપણે છુપાઈને રહેલી છે, તે જો આગળ-પરમ સ્વસંવેદનો જાણકાર પરમગુરુ મળે તોજ પ્રાપ્ત થાય છે. પરંતુ એવા પરમ-ગુરુ વિના તે પ્રાપ્ત થઈ શકતી નથી. જેને પારસનું ઓળખાણ નથી, તેવાના હાથમાં કદાચ પ્રસંગવશાત્ પારસ જઈ પડે તો પણ શું? પારસ શબ્દનેજ માત્ર જાણનારો ખરા પારસની કિંમત કરી શકતો નથી. તેમ માત્ર શબ્દ વડે ઓળખેલું પરબ્રહ્મ-ઉપરચોટિયું જ્ઞાન-સાચા પરબ્રહ્મને ઓળખાવનારૂં કહી શકાય નહિ. એટલે બ્રહ્મની ખરી લહરિનાં સુખો બ્રહ્મના અંતરપટમાં ગયા સિવાય મેળવી

શકાતાં નથી. માટે હે અંશ! ઉપાસના કરવા યજન-ભજનવિધિનું સેવન કરજે. (૧૦

**ज्यौं कंचन करनन जडी,**
**समल वनस्पति मांह्य;**
**तिनके आगु रसायनो,**
**मिले तो देही दरसाय. ॥१३॥**

જેમ સુવર્ણ બનાવનારી જડીબુટ્ટી વનસ્પતિની અંદર મળીને-ઓતપ્રોત રહેલી છે, તે જો કોઈ જાણકાર રસાયણી મળે તોજ બતાવી શકે. રસ્તે જતાં એ વનસ્પતિને અનેકવાર સ્પર્શ કરવા છતાં તેનાં સ્પર્શ કરનારને ક્યાં ખબર હોય છે કે તેનાથી સોનું બને છે? તેમ તમો તમારા બ્રહ્મરૂપ ક્ષેત્રમાં સદા વસવાટ કરીને રહેલા છો છતાં તમને એ બ્રહ્મની ખબરજ ક્યાં છે?) માટે જેમ વનસ્પતિની એ બુટ્ટીના ખરા જાણકાર સિવાય અન્ય કોઈને તે પ્રાપ્ત થતી નથી, તેમ

ચૈતન્યના જાણકાર સિવાય દેહનાં તત્ત્વોનો સાક્ષાત્કાર થતો નથી. (માટે પરમગુરુના આશ્રિત થાઓ અને તેમણે નિર્ણિત કરેલા સિદ્ધાંતો લક્ષમાં લઈ તેનું નિત્યપ્રતિ મનન–ચિંતન–નિદિધ્યાસન કરો.) (૧૩)

**पुनि सिद्धांत वेदांत के,**
**सत् चित् आनंद सोय;**
**सुने ग्रंथ यही सब मिले,**
**ओरली गतके ओय. ॥१४॥**

વળી પુનઃપુનઃ કહું છું કે, સચ્ચિદાનંદ જે તત્ત્વવસ્તુ છે તેનું વેદે પ્રતિપાદક કરેલું છે. તે સર્વ સિદ્ધાંતથી પર હોઈ પારસરૂપ છે. આ પારસવત્ બ્રહ્મનું વેદે પ્રતિપાદન કરેલું હોઈ આ ગ્રંથનું શ્રવણ–મનન કરનારને તે પ્રાપ્ત થાય છે. જો કે આ સચ્ચિદાનંદરૂપ બ્રહ્મસિદ્ધાંત સકર્તા સત્કૈવલના માર્ગ દરમિયાન આવે છે. (૧૪)

**अब जिनु सुने मिले फल,**
**कोउ न करम पुनि ताय;**
**ज्योंते दाम दीरघामनी,**
**कुन दरवसे पाय. ॥१५॥**

આ પ્રમાણે પરમગુરુની યજન-ભજન વિધિની આદ્ય લઈ ગ્રંથોનું શ્રવણ કરતાં ઉપર પ્રમાણે ફળ પ્રાપ્તિ થાય છે. જેને આ પ્રાપ્ત થયું તેને કોઈ પણ પ્રકારના કર્મની જરૂર નથી. જેમ મહાનમાં મહાન કિંમતી અમૂલ્ય દ્રવ્યનું નામ ચિંતામણિ છે, તેને ખરીદવા માટે તેની તુલનાનું કોઈ દ્રવ્ય નથી. એવી એ અમૂલ્ય વસ્તુને પ્રાપ્ત કરવા માટે કયું દ્રવ્ય આપશો ! ! એને માટે તો આ મહાન ગ્રંથનું પારાયણજ કરવું જોઈએ. એજ અમૂલ્ય વસ્તુ છે. (૧૫)

**महिमा बोध अगाधके,**
**को वरने मुख एक;**

**लहे न सरस्वत अहिपति,**
**जिनके वदन अनेक. ॥१६॥**

હે અંશ! આ મારા એક મુખ વડે અગાધબોધના આ મહિમાનું હું કેમ કરી વર્ણન કરૂં! હજાર મુખવાળા શેષ તેમ જ સરસ્વતી પણ એના પ્રતાપને પૂર્ણ રીતે વર્ણવી શકતાં નથી. (૧૬)

**गुरु शिष्य ज्ञान जथारथ,**
**सुने ग्रंथ पढी पाय;**
**संशे रहित सशोदित,**
**तेही सत् पद दरशाय. ॥१७॥**

હે અંશ! ગુરૂ પાસેથી શિષ્યને આ જ્ઞાન સાંભળવા મળે તોજ તેને યથાર્થ જ્ઞાનની પ્રાપ્તિ થાય, માટે હે શિષ્ય! ગુરુમુખી થઈ, ગુરુના મુખેથી નીકળતા એ ઉત્તમ શબ્દોનું તું મનન કરજે, અને તેમની આજ્ઞાનું પાલન કરજે. તેમ કરવાથી તારા અંતઃકરણનો વિકાસ

થશે-અર્થાત્ અંતરની સમસ્ત સંકુચિતતા નાશ પામી જશે. અને સર્વ સંશયો નષ્ટ થશે. (૧૭)

**अब जीनु संत सकलन मिलि,**
**हरिजन सहित समेत;**
**सुनी ग्रंथमनि कामधेनु,**
**कल्प तरुवत् जेत. ॥१८॥**

હવે ભગવાન પોતે કહે છે કે, તમો સર્વ સંતસમૂહ તેમજ હરિજન સમૂહ મળીને મારી પાસે આવ્યા છો. ( તમને સૌને કહું છું કે, ) હે મારા સર્વ પ્રેમીજનો! આ ગ્રંથ ચિંતા-મણિરૂપ છે. વળી સર્વ અર્થને આપનારી કામધેનુરૂપ છે, તેમજ તેનો મહિમા ઈચ્છિત ફળ આપનાર કલ્પતરુ સરખો છે. જેમ કલ્પ-વૃક્ષ નીચે બેસતાં ગમે તે કલ્પના કરવામાં આવતાં તે પ્રાપ્તજ થાય છે, યા કામધેનુ પાસે જે કંઈ માગીએ કિંવા ચિંતામણિ સમક્ષ જેનું

પણ ચિંતન કરીએ તે તમામ રિદ્ધિસિદ્ધિઓ પ્રાપ્ત થાય છે, તેવીજ રીતે મારી યજન–ભજનવિધિ યુક્ત જે જે ગ્રંથો છે તે ચિંતામણિ, કામધેનુ, અને કલ્પવૃક્ષ સમાન છે એમ માનજો. (૧૮)

**परम कृपाळ परमपति,**
**सकृत धरी सहेत;**
**पठवायेहु तुम कारन,**
**परम गुरु भव खेत. ॥१९॥**

હે અંશો! આપણ સર્વના પરમકૃપાળુ પરમપતિ સકર્તા સત્કૈવલે પરમ દયાયુક્ત હેત લાવીને આ જગતરૂપ ખેતરમાં તમારા કલ્યાણાર્થે ખરા કીરતારને જણાવવા તમને મોક્ષ-સ્થિતિ આપવા મને અહીં મોકલ્યો છે. (૧૯)

**विश्वकाज करनन जिनु,**
**किये दरस तनु भेष;**
**अगम आद्य अनुभव गति,**
**करन बोध उपदेश. ॥२०॥**

હે પરમપદની ઇચ્છાવાળા અંશજનો ! જગતમાત્રનું કલ્યાણ કરવા હું અદૃશ્ય છતાં દૃશ્યરૂપ શરીર ધારણ કરી આ અવનિ પર આવ્યો છું. મારૂં આગમન અહીં શા કારણે થયું છે તેમજ મારે શું કહેવાનું છે તે સાંભળો. હું આદિ અગમ અનુભવની ગતિનો પ્રકાશ-યુક્ત ઉપદેશ આપવા આવ્યો છું. (૨૦)

**संशे हरन मति शुद्ध करन,**
**दहन दीर्घ भवरोग;**
**कृपासिंधु कैवलतणो,**
**देह गये लक्ष अमोघ. ॥२१॥**

હે અંશ ! મારી આ વાણીના શ્રવણથી તમારામાં આદિ અગમ અનુભવ ગતિનો ઉપ-દેશ થશે. એથી કરી તમારૂં અંતઃકરણ ઓજસભર્યું થતાં જ્ઞાન પ્રકાશ ફેલાશે અને તેના પરિણામે તમારા સર્વ સંશયો નિર્મૂળ થઈ જશે. વળી તમારી બુદ્ધિ વિશુદ્ધ બનશે,

તેમજ વારંવાર આ ભવસાગરમાં આવાગમનરૂપ જન્મ-મરણનો જે મહાન રોગ તેનો પણ નાશ થશે. કૃપાસિંધુ ભગવાન કરુણાસાગર સકર્તા સત્‌કૈવલનો એ અણમૂલ પરમ લક્ષ્ય આપી ગયા છે તેનું નિત્યપ્રતિ મનન-કરતા રહો. (૨૧)

**भ्रांतिभंज अनुभव जिनु,**
**सुनेहु सुझही पद्पुंज;**
**पूरन पद परमातमा,**
**मिलही बालगत कुंज. ॥२२॥**

આ અનુભવ જ્ઞાન સાંભળતાંની સાથેજ એ પરમપદની સૂઝ પડે છે અને ભ્રાંતિનો નાશ થાય છે. દાખલા તરીકે કુંજ નામનું પક્ષી પોતાનાં અણસેવાયેલાં ઈંડાંને ત્યજી દઈ ગમે ત્યાં ચારો ચરવા ચાલી જાય છે અને તે ગમે ત્યાં ચારો ચરવા છતાં તેનું લક્ષ્ય તો તેના ઈંડામાંજ ચોંટેલું હોવાથી એ ઈંડું

સેવાય છે. વળી એમાંથી નીકળેલાં બચ્ચાં પણ પોતાની માતાને શોધી કાઢે છે. તેજ પ્રમાણે તમારી દૃષ્ટિ આ ગ્રંથને સાંભળવામાં તન-મન પરોવવાથી જેમ ઇંડાંમાંનાં બચ્ચાંને તેની માતા પ્રાપ્ત થાય છે તેમ, હું તમને પ્રાપ્ત થઈશ.

**अकल पंथ अद्भुत मत,**
**कहेहु कठन कलि मांह्य;**
**जेही जेही जीव सरनन गत,**
**भयेहु तेहुने भये नांह्य. ॥२३॥**

હે અંશ! મારો આ પંથ અકલ્પ્ય હોઈ અદ્દભુત મતવાળો છે; છતાં કઠિન કળિકાળના સમયમાં મેં તેને પ્રકટ કર્યો છે. જે જે જીવ આ અદ્દભુત સિદ્ધાંતવાળા દિવ્ય પંથનું શરણુ શોધશે, તેને જન્મ-મરણનો લેશમાત્ર પણ ભય રહેશે નહિ, એમ નિશ્ચય માનજો. (૨૩)

**निगम चतुर खट मत घटी,**
**कथे ज्ञान अति गूढ.**

**परम मोक्ष समजे नहीं,**
**जीव मंद मति मूढ. ॥२४॥**

વળી ચાર વેદ અને છ શાસ્ત્રના સિદ્ધાંતોને પણ વટાવી જઈ અતિ ગૂઢ જ્ઞાનનું મેં કથન કર્યું છે; પરંતુ મૂઢ મતિવાળા જીવો મારા આ પરમ મોક્ષને સમજી શક્યા નથી.(૨૪)

**पर उपकार परमपद,**
**कहेहु काहु नहीं चिह्न;**
**कहो सतगुरु तब क्या करे,**
**भवकी टळे न भीन. ॥२५॥**

એટલા માટે હે અંશ! પરમપદ આપવારૂપ પરોપકાર કરવા હું આવ્યો છું. આમ છતાં હું કહું છું કે આ મુદ્દાની વસ્તુને કોઈ ઓળખી શક્યા નહિ! તમેજ કહો, હવે સદ્‌ગુરુ શું કરે? તમારી ગતિ ભવરૂપ થઈ ગઈ છે. અર્થાત્ જગતરૂપ થઈ ગઈ છે. એથી તમારી આ ભિન્નતા ટળતી નથી, અને

અભેદ વસ્તુ વિષેની પૂર્ણતા પ્રાપ્ત થતી નથી. (૨૫)

**तद्यपि ताय भवकी भल,**
**अपने कुन परी;**
**पण साचा हरिजन पर,**
**कहनकी दाव खरी. ॥२६॥**

ભલે તેમ હો, એમાં મારે શું? છતાં કોઈ સાચા અધિકારી હરિજન હોય તો તેને આ પરમપદ સમજાવવાનો મારો દાવો છેજ. તે નીચે પ્રમાણે શ્રવણ કરો. (૨૬)

**कहु दावे मम संतको,**
**राखन पेज परम;**
**स्वाचारनपत्री मही,**
**उचरे जेही मरम ॥२७॥**
**यही मरम मेरो तन,**
**जबलगो रखो रखाय;**
**तब न टळु तम पाशथी,**
**रहु अखंड सदाय. ॥२८॥**

હે અંશ ! હું જે દાવો રાખું છું તે વિષેનો મર્મ હે મારા સંતો ! અને ભગવજજનો ! સાંભળો. પરમપદને પ્રાપ્ત કરવાની જે યુક્તિ–પ્રયુક્તિઓ-કળ-કૂંચીઓ છે તેના વિધિનો સઘળો મર્મ સ્વાચારપત્રની અંદર પૂર્ણ રીતે વર્ણવેલો છે.–અર્થાત્ પોતાના સ્વસ્વરૂપ સંબંધી આચારરૂપ જે રહેણી તેનું સ્વતંત્ર એક માત્ર સ્વરૂપ તે હું છું. તેને તમે સ્વાચારપત્રમાં જણાવ્યા મુજબ અનુસરી તદનુસાર વર્તન રાખશો તોજ ઓળખી શકશો. અને ત્યારેજ હું તમારાથી સહેજ પણ અળગો ન રહેતાં તદ્દન નિકટવર્તી રહીશ; બલ્કે સદાકાળ અને હરહમેશ તમારી પાસે ને પાસેજ રહીશ. (૨૭, ૨૮)

सदा रहनकी एही ध्वज,
पावन प्रचा पुरेश;
काय विना कारज करुं,
जिनु निज साच उरेश. ॥२९॥

હે મારાં નિજસ્વરૂપો ! જો તમારે મને પાસે ને પાસે જ રાખવો હોય-તમારાથી મને સહેજ પણ દૂર ન થવા દેવો હોય-તો આ સ્વાચારપત્રિકામાં દર્શાવ્યા મુજબની રહેણીથી રહો. એમાં જ મારો સાચો ધર્મધ્વજ છે. એ સ્વાચારપત્રિકામાં દર્શાવ્યા મુજબ વર્તન કરશો તો તમારાં સઘળાં મનવાંચ્છિત કાર્યો પાર પાડીશ. કદાચ એમ કહો કે " અશરીરી-શરીરથી રહિત એવા તે વળી શું કાર્યકલ્યાણ કરવાના હતા ? " આ વિષે એકજ ઉત્તર છે કે, હરકોઈ સંત વા ભગવજ્જનનાં અંતરનાં સત્યાચરણ હું જોઈ શકું છું. એથી જેમનામાં સત્ કૈવલના જ્ઞાનનો ઉદય થયો હશે તેનું હું હરકોઈ કાર્ય વા કલ્યાણ જરૂર કરીશ. (૨૯)

साच उरेश सदोदित,
रखो जो सत व्रत नेम;
स्वाचारन पत्रीयनसें,
जबी तुम कुशळ-क्षेम ॥३०॥

હે આત્મન્! તમારા ઉરમાં સદા સદોદિત સાચને સાચવી રાખશો અને સત્યવ્રતના નિયમને પાળશો તો સદાને માટે તમારાં યોગક્ષેમ—શ્રેય અને પ્રેમનો ભાર હું ઉપાડી લઈશ. આ બધો જ પ્રતાપ સ્વાચારન પત્રિકાનો છે. (૩૦)

**पण जो कियो मेरो तन,**
**सत् व्रत नेम नरेश;**
**तिनकु जो तुम ना तजो.**
**तोहु अमर भरेश. ॥३१॥**

હે સંતજન! હે ભગવજ્જન! મેં જે જે મારા અંગભૂત શરીર સંબંધી સત્ય વ્રતનો જે નિયમ સ્વાચાર પત્રિકામાં નાયક ગ્રંથમાં વર્ણવ્યો છે તે પ્રમાણે તમે વર્તશો—અર્થાત્ ભૂલે ચૂકે પણ તેનાથી વિમુખ નહિ થાઓ તો અભર વસ્તુરૂપ મૂળ મુદ્દો હું તમારા હૃદયમાં ભરપૂર ભરી દઈશ. (૩૧)

**साधनकु अभरन किये,**
**भरे सो कुन रकम;**
**तिनके मरम लखावहु,**
**मै निज अंश परम. ॥३२॥**

( ઉપર પ્રમાણે અભર વસ્તુ રૂપ મુદ્દો ભરવા વિષે ગુરુદેવે જે કહ્યું તે સાંભળી શિષ્યને શંકા થતાં તે પૂછે છે કે હે ગુરૂદેવ ! ) જે વસ્તુ અભર ભરશો એવું જે આપે કહ્યું તે શું છે ? ( આ પ્રમાણે શિષ્યનું પૂછવું સાંભળી પરમગુરુ વદે છે કે ) હું નિજ સકર્તા સત્કૈવલનો પરમ અંશ છું. આ કારણને લીધે આ વિષયનો મર્મ જણાવું તે તું સાંભળ. (૩૨)

**रहेनी करननकी कम,**
**जप तप ध्यान समेत;**
**पही अभरन निजसंतकु,**
**पुनि चिनु आप सचेत. ॥३३॥**

જપ, તપ અને ધ્યાન સહિતની રહેણી

કરણીની જે કંઈ ત્રુટી-ખામી મારા સંતમાં વા હરિભકતમાં રહી ગઈ હશે અથવા તેનામાં મને નહિ ઓળખી શકવાનું અજ્ઞાન રહી જવા પામ્યું હશે તો તે પણ, તેના અંતરમાં મારા સ્વરૂપનું સ્થાપન કરીને એ બધી જ ત્રુટીઓ દૂર કરી તેને (અંતરને) પરમોજ્જવલ બનાવી દઇશ. અને એ પરમોજ્જવલ અંતર-વાળાને પોતાના ખરા સ્વસ્વરૂપનો યથાર્થ વેત્તા-જાણકાર બનાવી દઇશ. (૩૩)

**अब जेहि भरननकी कहु,**
**सुनियो संत सबेहु;**
**भागे क्षुधा फरन भव,**
**जो चित चखो त्तबेह. ॥३४॥**

હવે ભગવજજનના ઉરમાં જે રકમ ભર-વાની છે તે હે સંતજનો! સાંભળો. આ રકમ જો ભરવામાં આવે તો ભવના ફેરા ફર-વાની જે ભાવટ છે તે હમેશને માટે ભાગી

જશે. પરંતુ તે માટે એક ખાસ શરત છે અને તે એ કે, એના માટે તમને ઉત્કટ ઉત્કંઠા જાગવી જોઈએ-એના પ્રત્યે તમારા અંતરમાં અનુરાગ ઉત્પન્ન થવો જોઈએ. (૩૪)

**जोग जुगत सुभ संजम,**
**शुध गुरुवचन सलोक;**
**पावन प्रणव करीत हठ,**
**सो निज रकम अलोक.** ॥३५॥

વળી શુદ્ધ સંયમપૂર્વક જો ગુરુવચનોનું આલોચન કરવામાં આવે અને યથાર્થ રૂપમાં જોગ જોગવી શકાય તો અમૂલ્ય એવી જે મારી રકમ તે-પ્રણય-સોહંસ્વરૂપનો પરમસ્વાદ ચાખવા મળશે. કારણ કે મન-ઇંદ્રિયોની ચેષ્ટા એજ પ્રણવને અળગાં કરનાર છે, જ્યારે સ્વાચાર પત્રિકાના નિયમ મુજબ વર્તનાર જે પુરુષો હોય તેમનો ક્રમશઃ મારી સાથે સંયોગ થાય છે. આ સંયોગ એજ ખરો યોગ છે.

અને આ પ્રકારનો યોગ તે પાતંજલશાસ્ત્રના નિયમ મુજબના અષ્ટાંગ યોગથી પર છે. એ યોગ અનુસાર વર્તનાર જ ખરો યોગી છે.(૩૫)

पुनहि वदे गुरु परमही;
सीखके जेरी वचंनः
हृदे पात्र भरो राखीय,
तनमन करी सचंन. ॥३६॥

માટે પરમગુરુ પુનઃ પુનઃ શિખામણનાં જે જે વચનો વદે છે તે તે સર્વ, હે ભગવજ્જનો? હૃદયરૂપ પાત્રમાં સંપૂર્ણ તન મનને સચેત રાખી-કાળજીપૂર્વક ભરી લેજો. (૩૬)

तेही वचन स्वाचार ज,
पत्रमें लखे सकोय;
रहेणी करणी करांमल,
कही सकल विधि मोय. ॥३७॥

આ રહેણી-કરણીની કરામતનાં વચનો સ્વાચારપત્રિકામાં જણાવેલાં છે. એમાં દર્શાવેલો સર્વ વિધિ મારો કહેલો છે. (૩૭)

**पथपालनके सोइ सद,**
**ज्यों सरोवरकु पाल**
**नीर न जात वहीत तबे,**
**रखे जदपिसे ख्याल. ॥३८॥**

જેમ સરોવરનું પાણી વહી ન જાય તે માટે પાળ બાંધવામાં આવે છે, તેજ પ્રમાણે આવા મહાન પરમપદની પ્રાપ્તિ માટે આ પથ્યનું પાલન કરવાનો જો પુરો ખ્યાલ રખાય તોજ તે સદે છે–પથ્ય આવે છે. (૩૮)

**त्यों साधन प्रणवरहेणी अप,**
**समदम जोग समेत;**
**तिनकी पाल पथनहुसे,**
**भर्या रहत तन खेत. ॥३९॥**

આજ રીતે પ્રણવરૂપ પાણીને શમદમ યોગની રહેણીથી રહેવા વડે જે ભગવજ્જન વા મારા સંત આ પથ્યનું પાલન કરતા હશે તેમનાં શરીરરૂપ ખેતરો સંપૂર્ણ ભરેલાં જાણજો. (૩૯)

**तबते पथ मेरो तंन,**
**जीवन अंश लक्ष ज्ञान;**
**सो मम सरूप रहु सदा,**
**तुम्हारी पास निदान. ॥४०॥**

હે અંશ! ઉપર હું જે કહી ગયો છું—અર્થાત્ પથ્ય પાળવારૂપ જે આજ્ઞા આપી છે તેજ મારૂં તન છે. એટલે કે એ અંશનાં પથ્ય જીવન, અંશ અને લક્ષ્યજ્ઞાન—એ ત્રણે રૂપ હું છું. મારાં આ ત્રણ સ્વરૂપે હું મુખ્યત્વે હમેશાં તમારી સમીપજ રહીશ. (અર્થાત્ પરમ લક્ષ્યરૂપે મારૂં સદા કાળ રટણ કરજો, જીવનરૂપે પણ મને જોજો અને શુદ્ધ ચૈતન્યના સ્વરૂપરૂપે પણ મને જ ઓળખજો. (૪૦)

**पण जेहि जेहि मम वचनकु,**
**पाली शके नर लोइ;**
**तंत सहित मेरो रूप.**
**पास रखन जिनु सोइ. ॥४१॥**

હે સંતજનો ! હે ભગવજ્જનો ! તત્ત્વ-યુક્ત એવા મારા સ્વરૂપની નિકટતાને જે કોઈ ઇચ્છતા હોય તેઓ સઘળાંએ મારાં ઉપર જણાવેલાં વચનોને પાળવાં જોઈશે. (૪૧)

**तब ते ते अब लग रहु,**
**जेहि जेहि किये उच्चार:**
**सत् सत् करी मानजो,**
**कहे कुवेर पोकार. ॥४२॥**

પ્રથમથી અત્યાસુધીમાં મેં જે જે ઉચ્ચાર કર્યાં છે—જે કંઈ કહ્યું છે તે સઘળા ઉચ્ચારો સમર્થ કુબેર સ્વામી પોકાર કરીને કહે છે કે, સાચા કરી માનજો. (૪૨)

**ओरु जेही करुणासागर,**
**तेही पण नाम हमार;**
**जिनने किये सुपत्रिका,**
**करीके लियो विचार. ॥४३॥**

વળી કરુણાસાગર એવું જે નામ છે તે

પણ મારૂં પોતાનું જ નામ છે જેણે સ્વાચાર-પત્રિકા રચી છે તેનો સંપૂર્ણ વિચાર કરજો.(૪૩)

**बरज बांधके वचनकुं,**
**आग्रह कियो कबूल;**
**जो तरननको खप करो,**
**कबहु न जइओ भूल. ॥४४॥**

આ ઉપરાત, મારાં વચનરૂપી બુરજ બાંધીને આ આગ્રહયુક્ત-ખાત્રી પૂર્વકજ કબૂલત આપું છું કે, જો તરવાની ઇચ્છા હોય તો આ માર્ગને કદાપિ ભૂલશો નહિ. (૪૪)

**अब धीरज धरियो तुम,**
**हरिजन संत समेत;**
**मेरे वदन वचंन पर,**
**राखी सकल सब हेत. ॥४५॥**

હવે સઘળા સંતસમાજ સહિત તમે સૌ હરિજનો મારા મુખથી નીકળેલાં વચનો પર હેતપૂર્વક દૃઢતા ધારણ કરો. (૪૫)

**वारंवार किये जेही,**
**तेही रखियो तुम ज्ञान;**
**अब हम धाम सधावहु,**
**पुनि धरियो मम ध्यान. ॥४६॥**

જે જ્ઞાન મેં તમને વારંવાર સમજાવેલું છે તેને યુક્તિપૂર્વક તમારા અંતરમાં ધારણ કરજો. હવે હું મારે ધામ સિધાવું છું. માટે તમે મારૂં ધ્યાન ધરજો. (૪૬)

**समाचार लेइ सबनके,**
**कहु यही भवके भाव;**
**चौद तबक चर अचर ल्यों,**
**जेहि जिनु चाह सभाव. ॥४७॥**

વળી આ જગતના સઘળા સમાચાર-સર્વ પરિસ્થિતિનો વિચાર કરીને, લોકોનો જે કોઈ પ્રકારનો ભાવ છે તે બધુંજ મેં મારા ગ્રંથોને વિષે કહ્યું છે. તેમજ સ્થાવર-જંગમ પર્યંત ચર-અચર ચૌદ તબક્કાઓમાં જેની જેવી ચાહનાયુક્ત ભાવના છે તેનું મારા ગ્રંથ સ્વસં-

વેદમાં વર્ણન કર્યું છે. (૪૭)

**सिख हमेरी सबनकु,**
**छेवट देही सुनाय;**
**फेर नसीबे देखसो,**
**कायम कुबेर पुनाय. ॥४८॥**

હવે હું સૌને મારી અંતિમ શિખામણ કહી સંભળાવું છું કે જેને કુબેર કહેવામાં આવે છે એવું કાયમ સ્વરૂપ ( અત્યારે તો પ્રત્યક્ષ છે પરંતુ પછી તો ) નસીબ હશે તોજ ભાગ્યયોગે પ્રાપ્ત કરી શકાશે. (૪૮)

**यही छेल्ले दिनकी तमु,**
**देइ आशिष सबेह;**
**सत्‌कैवल करीके भमे,**
**कायम कुवेर विदेह. ॥४९॥**

એટલે હું તમો સર્વને આ છેલ્લા દિવસે સત્ કૈવલનો આશીર્વાદ આપી મારા કુવેર સ્વરૂપને કાયમને માટે વિદેહ કરૂં છું. (૪૯)

**निज कैवल कर्तातणुं,**
**धाम अलौकिक ज्हांय;**
**बिराजे पुरुष पुरंजन,**
**गये कुबेर तेही ठांय. ॥५०॥**

જે સ્થળે નિજ કૈવલ એવા સકર્તા સ્વામીનું અલૌકિક રહેઠાણ છે, કે જ્યાં પુરુષ પુરંજન બિરાજે છે તે સ્થળે કુબેરસ્વામી પહોંચી ગયા. (૫૦)

**परम पुरुष हरखी कियो**
**अहो अंश मम आय;**
**सहादर करी उरमां लिये,**
**करी करुणेश सहाय. ॥५१॥**

ભગવાન કુબેર સ્વામી નિજ સ્થાન એવા પરમ ધામમાં પહોંચતાં જ પરમ પુરુષરૂપ સકર્તા સત્કૈવલને અત્યંત હર્ષ ઉત્પન્ન થયો. તેમણે સહાયપૂર્વક આદરસહિત તેમને પોતાના અંતરમાં સ્થાપ્યા. તથા ખૂબજ ખુશ થયા કે, અહો! મારો અંશ–મારૂં સ્વરૂપ આવ્યું! (૫૧)

**अति सन्मान सहेतर,**
**जेहि जनके अधिकार;**
**फेरी दिये जांही आसन,**
**आनी दृष्ट मोझार. ॥८२॥**

વળી ( નિજધામમાં ) કૃપાસાગર ભગવાનને એ પરમ પુરૂષે એમને યોગ્ય એવું–એમના અધિકારને અનુરૂપ–અત્યંત સન્માન આપ્યું; તેમજ તેમને પોતાની નજરમાં લાવીને કાયમનું એવું નિવાસસ્થાન આપ્યું કે જે સ્થળ એમનું ચિરકાળનું નિવાસસ્થાન હતું. (૫૨)

**तेही सन्मानकी संतकु,**
**सूझ परो सब कोय;**
**चकित हुते मम बिछरन,**
**तेही दृष्टिनसे जोय. ॥८३॥**

એ પરમ પુરુષ ભગવાન કરુણાસાગરનું સકર્તા સત્કૈવલ્યે જે સન્માન કર્યું તે સૌ સંતોમાંથી અત્યંત વિયોગપૂર્વક છૂટા પડીને જેમણે

આંતરલક્ષ વડે—આંતરિક જ્ઞાનપૂર્વક આશ્ચર્ય પામતાં જોયું તેમને જણાયું. (૫૩)

पीछे संत हरिजन जे,
करन लगे अस्तुत;
रोइ रोइ हियो ठगोरत.
मिली मिली जूथ संजुत. ॥૫૪॥

(આ પ્રમાણે ભગવાન કરુણાસાગરના વિદેહ થયા પછી) જે જે સંતો અને હરિજનો હતા તેઓ સૌ પ્રાર્થનાપૂર્વક અનેક પ્રકારે કલ્પાંત કરવા લાગ્યા અને ટોળે વળી રોકકળ કરવા લાગ્યા. આ રીતે રડી રડીને તેમણે તેમનાં હૈયાંનો ભાર હલકો કર્યો. (૫૪)

यों कलपंत कलप कर,
सबकी गइ सधीर;
परम गुरु बिछरनकी,
कुन मिटावही पीर. ॥૫૫॥

આ પ્રમાણે કલ્પાંત કરતાં કરતાં સૌની

ધીરજ છૂટી ગઈ. અને બેભાન બની ગયા. પરંતુ પરમ ગુરુના આ વિયોગની પીડાને મટાડી શકે તેવું કોણ હતું? (૫૫)

**तब जेहि संतशिरोमणी,**
**उचरे धरी सधीरः**
**छांने रखे सबनहीकु,**
**रखी गुपत उर पीर. ॥५६॥**

આ બધા સંતોમાં જે અગ્રગણ્ય–સંતોના શિરોમણિરૂપ હતા તેઓ ધીરજ ધારણ કરી, પોતાના અંતરની વ્યથાને છુપાવતા–સહેજ પણ દેખાવ દીધા સિવાય–સૌ કોઈને છાના રાખવા લાગ્યા. (૫૬)

**अब सुनियो जन संतहि,**
**मेरो बचन विलोक;**
**परम गुरु आयेहुते,**
**जेही निज पुरुष अलोक. ॥५७॥**
**तीनुकु जेही तुम किम रुवो,**
**कहु दृष्टांत अचंब;**

ज्यों खेलत शशिकु शिशु,
पात्रनके प्रतिबिंब. ॥५८॥
बेरबेर प्रतिबिंबकु,
ग्रही कर करे विलास;
पथ न मिले शशि बालकु,
पात्रनके होय नाश. ॥५९॥

(તેમણે કહ્યું:) હે સંતજનો! મારૂં
[વ]ચન સાંભળો અને તેનું આલોચન કરો કે,
[પ]રમ ગુરુ જે પોતાના અલૌકિક મૂળસ્વરૂપમાં-
[થ]ી અંશાવતારરૂપે અહીં આવ્યા હતા તેઓ
[તે]મના પોતાના અસલ સ્વરૂપને પ્રાપ્ત થતાં
[તમ]ે શા માટે રૂવો છો? આ વિષે હું એક
[આ]શ્ચર્યકારક દૃષ્ટાંત કહું છું. જેમ એકાદ
[પ]ાત્રની અંદરના પાણીમાં ચંદ્રના પ્રતિબિંબને
[લ]ેઇ કોઈ એક નાનું બાળક રમતું હોય અને
[તે] પ્રતિબિંબને જોઈ જોઈ તેને પકડવાનો
[આ]નંદ માને, છતાં ખરી રીતે એ પાત્રનો

નાશ થતાં એ બાળકને ચંદ્રમા મળતો નથી. ( ૫૭–૫૯ )

**तिनकु रुवे जो बालक,**
**भरी भरी श्वास सहुर;**
**तोहु मिले नहीं तेहनकु,**
**चंद्रभुवन बड दूर. ॥६०॥**

( આ પ્રમાણે પાત્રનો નાશ થતાં ચંદ્રમા નહિ મળવાથી ) એ બાળક જો શ્વાસ ભરી ભરીને–નિઃશ્વાસ નાખીને રૂવે તોપણ તેને તે ચંદ્રમા મળવાનો નથી; કારણકે તેનું સ્થાન ચંદ્રભુવન તો કરોડો જોજન દૂર છે. (૬૦)

**तेही परकार परमगुरु,**
**अति अपरंपर ताय;**
**बरस गये तन पात्रमें,**
**अबकोउ कितसे पाय. ॥६१॥**

એજ પ્રમાણે આપણા પરમ ગુરુ પોતાનું અપરંપાર સ્વરૂપ કુવેરસ્વામીના પંચભૌતિક

શરીરરૂપી પાત્રમાં આપણને દર્શન દઈ ગયા. હવે એ શરીરને કયા ઉપાય વડે મેળવી શકાય તેમ છે?—અર્થાત્ હરકોઈ ઉપાયે પ્રાપ્ત કરી શકાશે નહિ. (૬૧)

**अपने काज करंन धन,**
**आयेहु भवतनुधार;**
**अजर अमर अविगत गति,**
**तेही तन जुओ निहार. ॥६२॥**

તેઓ તો પોતાનું પરમ કાર્ય કરવાને શરીર ધારણ કરી આ સંસારમાં આવ્યા હતા. પરંતુ એઓ તો અજર, અમર અને અગમ્ય ગતિવાળા હતા. તમે તેમના અસલ સ્વરૂપનું નિરીક્ષણ કરો. (એટલે તમને એ સમજાશે.) (૬૨)

**तब न रुचो तुम तेहीनकु,**
**जेहो अखंड उद्योत;**
**पंचतत्त्वकी तेहुनकु,**
**ज्यां न लागत कछु छोत. ॥६३॥**

માટે હે ભગવજ્જનો ! તમે રુદન ન કરો. એઓ તો અખંડ અસ્ખલિત પ્રકાશવાળા છે, તેઓ કંઈ પંચતત્ત્વથી બનેલા શરીરવાળા નહોતા; એટલે કે પંચ તત્ત્વો પૈકી કોઈ પણ તત્ત્વ તેમના સ્વરૂપને સ્પર્શ કરી શકે તેમ નથી. તેમને તો કંઈજ લાગતું વળગતું નથી-અર્થાત્ તેઓ તો તદ્દન નિર્લેપ હતા. (૬૩)

**तेही तन जुओ सबे जंन,**
**रखो निरंतर ध्यान;**
**बोहोरु वचन तिनु उर घरो,**
**पावो परम विराम ॥६४॥**

માટે હે સંતો ! તમો સૌ સજ્જનો એ મૂળસ્વરૂપનું નિરીક્ષણ કરો અને તેનુંજ તમારા અંતઃકરણમાં ધ્યાન રાખ્યા કરો. વળી તેમનાં વચનોને તમારા દિલમાં કોરી રાખો. એટલે તમે પણ પરમ વિરામ-પરમ ધામને પ્રાપ્ત થશો.(૬૪)

**સ્થાંતિ करी सरळचिते,**
**दिव्य दृष्टि कर जोय;**
**कह्यो आपनकु आगम,**
**तेहो तनसे चित प्रोय. ॥६५॥**

એકાગ્ર એવી દૃષ્ટિ વડે મેં જે જોયું તે તમને તમારા ચિત્તને શાંત પમાડવા માટે ખુલાસાવાર કહ્યું. તમે એ સ્વાચારપત્રિકારૂપ શાસ્ત્રમાં ચિત્ત પરોવો-સરળતા પૂર્વક તમારા ચિત્તને એકાગ્રતા પૂર્વક શાંત કરી દિવ્ય દૃષ્ટિ વડે જોજો-અર્થાત્ એમાં કહ્યા મુજબ તમે વર્તન કરો. (૬૫)

**तबते स्थूल तनुको जेही,**
**छूटे मोह महाज;**
**परम गुरु पति परमके,**
**धामे रह्यो बिराज. ॥६६॥**

આ પ્રમાણે વર્તશો એટલે આ સ્થૂળ શરીર પરનો મહાન મોહ છૂટી જશે અને તે

પરમ ગુરુ પોતાના મહાન પતિના ધામ બિરાજેલા જણાશે. (માટે હે સંતજનો ! ભગવજ્જનો ! તમો એ મહાન ગ્રંથ-સ્વાચ્ય પત્રિકાનું અધ્યયન મનન કરીને તેમાં કહ્યા મુજ વર્તતા થાઓ.) (૬૬)

**तबते मत दिलगीर रहो,**
**दृष्ट दरश जोइ नाश;**
**गमे पाव ना आपनसे,**
**निजघर किये निवास. ॥६७**

એટલા માટે હે હરિજનો ! તમારી નજ દેખાતું આ નાશવાન દૃશ્ય શરીર જોઈ હવે જરાપણ દિલગીર થશો નહિ. તેમણે પોતાના ધામમાં નિત્યનિવાસ કર્યો છે. હ તેમના એ સ્થૂળ શરીરને પામી શકા નહિ. (૬૭)

**तिनके धोखा क्यों धरो,**
**वसे जो अपने ग्राम;**

**तुम जावन तांहां चहा करो**
**तजो जो तनकी हराम. ॥६८॥**

આથી કરીને હે પ્રભુના પ્યારાઓ! જેઓ પોતાના નિજસ્થાને જઇને બિરાજમાન થયા છે તેમના માટે શોક શું કામ કરો છો? અર્થાત્ શોકનો ત્યાગ કરો. જો તમો પણ એ સ્થાનમાં-પરમ ગુરુના એ મહાન ધામમાં જવા ઇચ્છતા હો તો તમે પણ આ શરીરમાં રહેલી ઇંદ્રિયોની હરામખોરીનો ત્યાગ કરો. (૬૮)

**अब रोवन जो उर धरो,**
**गुरु परमके हेत;**
**तो पालो तिनु वचनकु,**
**जीवन मरन समेत. ॥६९॥**

આપણા પરમ ગુરુ પ્રત્યેના પ્રેમને લીધે જો તમે રોતા હો તો તમે તેમના વચનનું-તેમણે આપેલા અનુપમ આદેશોથી ભરપૂર સ્વાચાર પત્રિકામાં જે રહેણીકરણી કહેલી છે તેનું પાલન કરો. (૬૯)

नहितर मचलो क्यों करो,
हरदे हेत बिनु साच;
यही देखावन ओरकु,
उपले रोइ सराच. ॥७

બાકી, હૃદયના આંતરિક હેત વિના ખ
આંખો શામાટે મચમચાવો છો ? આ પ્ર
ઉપર ઉપરથી રોઇને-ઉપલક દેખાવ કરી રો
બીજાઓ પ્રત્યે દેખાવ શામાટે કરો છો ? (

तबते जो रुवो साचके;
तो पथ करो परोज;
नहीं तो मिथ्या रोइ क्यों,
कमलो नैन सरोज. ॥१

માટે જો સાચેસાચ-ખરેખરા અંત
રુદન કરતા હો તો પરમ ગુરુએ દર્શા
પરમપંથે-માર્ગે પ્રયાણ કરો; નહિ તો
મિથ્યા રોઈ રોઈને આંખો શા માટે ખ
કરો છો ? (૭૧)

**निजगुरु परमके उपर,**
**वार्युं होय तन मन;**
**और परमपद पावन,**
**जो होय भाव समंत. ॥७२॥**
**तो हम तुमकु तेही पथ,**
**करथा बहु करम;**
**परम गुरु जेही कही गये,**
**वारमवार धरम. ॥७३॥**

જો તમો સૌ પોતાના પરમ ગુરુ પર તમારાં તન-મન વારી જતા હો તેમજ ભાવપૂર્વક-ખરા અંતઃકરણથી પવિત્ર એવા પરમ પદના ઇચ્છુક હો તો પરમ ગુરુએ પોતાના ધામમાં જતી વખતે જે ઉપદેશ આપ્યો છે તેનું વારંવાર અનુસરણ કરો-કરુણાસાગરે બતાવેલા એ મહાન માર્ગે ચાલો. (૭૨, ૭૩)

**तेही धरम तुम दृढ चिते,**
**रहो वचन चितलाय;**

**तो गुरु परम गये जहां,**
**तेही परमपद पाय. ॥७४॥**

તેમનાં વચનોને ચિત્તમાં દઢતાપૂર્વક ધારણ કરી એજ ધર્મને અનુસરો. તોજ પરમગુ જે માર્ગે ગયા તે માર્ગે પરમપદને પ્રા થશો. (૭૪)

**अति *आग्र करिके किये,**
**परम गुरु सत् नेम;**
**स्वाचारन पत्रियनमें,**
**धरी सकल जेही फ्रेम. ॥७५**

પરમ ગુરૂએ સત્ નિયમપૂર્ણ જે આદેશ આપ્યા છે તેનું અતિ આગ્રહપૂર્વક કાળજી રાખીને પાલન કરો. એ આદેશ તેમણે સ્વા ચારપત્રિકામાં સંપૂર્ણ રીતે દર્શાવ્યા છે. (૭૫

**संत हरिजन सबनकु,**
**पहो परकारकी यह;**

* આગ્રહ.

**छांने रखे सबनहोकु,**
**निज गुरु कही सदेह. ॥७६॥**

સર્વ સંતો અને હરિજનોને આ પ્રમાણે સાંત્વના આપીને છાના રાખ્યા-શાંત પાડયા તથા પોતાના ગુરુનું પરમ સ્વરૂપ સમજાવ્યું. (૭૬)

**आरतीदास गोवर्धन,**
**ज्ञानदेव लालदास;**
**रामदास आदि सबे,**
**सनमुख रखी समास. ॥७७॥**
**ओरु हरिजन सहीतम,**
**तीनु पण करो समोह;**
**नारणदास तेही सबनकु,**
**निजगुरु किये अमोह. ॥७८॥**

આ પ્રસંગે સંત નારણદાસે આરતીદાસ, ગોવર્ધન, જ્ઞાનદેવ, લાલદાસ તેમજ રામદાસ વગેરે સૌ સંતજનો તેમજ અન્ય હરિજન સમૂહને પોતાની સન્મુખ રાખી, પોતાના પરમ ગુરુના શરીર પરનો મોહ છોડાવ્યો. (૭૭, ૭૮)

**गुरु अमोह अचल अज,**
**आद्य मध्य अंत सोह;**
**तीनु करी उर चितवन,**
**होहु सकल नरदोह. ॥७९॥**

આ પ્રમાણે તેઓ સૌને ગુરુનુ અચલાયમાનપણું, અજન્માપણું, તેમજ આદિ, મધ્ય અને અંતમાં પણ મોહ-રહિત એકધારૂં અસ્તિત્વ સમજાવી, પરમગુરુના શુદ્ધ સ્વરૂપનો સાચો ખ્યાલ તેઓ સૌના અંતરને વિષે દઢ કરાવ્યો; અને નિર્દોષતાનો સાચો ખ્યાલ આપ્યો. (૭૯)

**नरदोषित होहु सबे,**
**हरिजन संत समेत;**
**कहे नारण स्वांति रहो,**
**निज गुरु करी सहेत. ॥८०॥**

વળી સંત નારણદાસે સૌ હરિજનો તેમજ સંતસમૂહ જે નિર્દોષ થયા હતા તેમને પરમગુરુ પ્રત્યેના હેતપૂર્વક શાંત રહેવા જણાવ્યું.(૮૦)

